








# સમ્યગ્દર્શન

## ભાગ-૨




ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે.

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ—૪૧

ૐ

માનવજીવનનું મહાકર્તવ્ય

# સમ્યગ્દર્શન

[ભાગ—૨]

(પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોમાંથી
સમ્યગ્દર્શન સંબંધી વિવિધ લેખોનો સંગ્રહ)

સંકલન : બ્ર. હરિલાલ જૈન, સોનગઢ

'સમ્યક્ત્વ સિદ્ધિકર અહો સ્વપ્નેય નહીં દૂષિત છે,
તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂરવીર ને પંડિત છે.'

જીવને ત્રણકાળ-ત્રણલોકમાં સમ્યગ્દર્શન સમાન મહાન ઉપકારી બીજું કોઈ નથી. એક સેકંડના સમ્યગ્દર્શનમાં એવી તાકાત છે કે અનંત સંસારને છેદીને અલ્પકાળમાં સિદ્ધપદ પમાડે. માટે હે આત્માર્થી જીવો! તમે સૌથી પહેલાં સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કરો.

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત ૨૭૫૦ | વીર સં. ૨૪૮૬ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત ૧૫૦૦ | વીર સં. ૨૫૩૪ |


સમ્યગ્દર્શન (ભાગ–૨)નાં

❀ **સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા** ❀

શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,
પાર્લા–સાંતાક્રુઝ (મુંબઈ)
હ. બીપીનભાઈ દામજીભાઈ સાવલા

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૨૫=૫૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૨૪=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૧૨=૦૦ રાખવામાં આવી છે.


**કિંમત રૂા. ૧૨=૦૦**

❀

મુદ્રક

**કહાન મુદ્રણાલય**
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
✆ (02846) 244081

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# નિવેદન

'સ...મ્ય...ગ્દ...ર્શ...ન!' અહા! એનું નામ સાંભળતાં પણ આમાર્થી જીવનું હૃદય ઉત્કંઠાથી ઉલ્લસિત થઈ જાય છે,---જેમ નજીક આવી રહેલ મેઘની ગર્જના સાંભળતાં જ મયૂરની ડોક ઉત્કંઠાથી ઊંચી થઈ જાય છે. આવા સમ્યગ્દર્શનનું સ્વરૂપ તથા તેનો મહિમા દર્શાવનારા વિધવિધ લેખોનો આ બીજો સંગ્રહ તૈયાર કરીને જિજ્ઞાસુઓના હાથમાં મુકતાં આનંદ થાય છે.

માનવજીવનમાં સમ્યગ્દર્શન કેટલું જરૂરી કર્તવ્ય છે તે સમજાય અને તે સમ્યગ્દર્શનનો પ્રયત્ન કરવાની પ્રેરણા જાગે....તે આ પુસ્તકનો ઉદ્દેશ છે. તે હેતુથી સમ્યગ્દર્શન સંબંધી વિધવિધ લેખોનું આમાં સંકલન કર્યું છે. લેખોની પસંદગી વિવિધ કોટિના જીવોને લક્ષમાં રાખીને કરવામાં આવી છે.

આ કાળમાં આ ભરતક્ષેત્રે સમ્યગ્દર્શનધારક મહાત્માઓની જો કે ઘણી જ વિરલતા છે છતાં પણ મુમુક્ષુ જીવોના સદ્‌ભાગ્યે તેનો અભાવ નથી. અત્યારે પણ ખારા સમુદ્રમાં મીઠા પાણીની વીરડીની માફક, કોઈ કોઈ ધર્માત્માઓ આ ભરતભૂમિમાં વિચરે છે. એવા એક પવિત્ર ધર્માત્મા પરમકૃપાળુ પૂજ્ય શ્રી કહાન ગુરુદેવ પોતાના સ્વાનુભવપૂર્વક ભવ્ય જીવોને સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવી રહ્યા છે. તેઓશ્રીની મંગલકારી ચરણછાયામાં રહીને સમ્યગ્દર્શનના પરમ મહિમાનું અને તેની પ્રાપ્તિના ઉપાયનું શ્રવણ કરવું તે માનવજીવનની કૃતાર્થતા છે. પરમ પૂજ્ય ગુરુદેવ પોતાના કલ્યાણકારી ઉપદેશવડે સમ્યદર્શનનું જે સ્વરૂપસમજાવી રહ્યા છે તેના જ એક અલ્પઅંશનો આ પુસ્તકમાં સંગ્રહ કર્યો છે.

સંસારમાં મનુષ્યપણું દુર્લભ છે. પરંતુ સમ્યગ્દર્શન તો એનાથીયે અનંતુ દુર્લભ છે. મનુષ્યપણું પામીને પણ સમ્યક્ત્વ હીન જીવ પાછો સંસારમાં જ રખડે છે....પરંતુ સમ્યગ્દર્શન તો એવી ચીજ છે કે એક વાર તેની પ્રાપ્તિ કરનાર જીવ જરૂર મોક્ષ પામે છે. માટે, આવા સમ્યગ્દર્શનની

પ્રાપ્તિનો પ્રયત્ન કરવો તે જ આ દુર્લભ માનવજીવનનું મહાકર્તવ્ય છે....અને તેને માટે જ્ઞાની ધર્માત્માઓનો સીધો સત્સમાગમ સૌથી મોટું સાધન છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરીને આ અસાર સંસારના જન્મ-મરણથી છૂટવું હોય....ને ફરીથી નવી માતાના પેટે ન પુરાવું હોય તેઓ સત્સમાગમના સેવનપૂર્વક આત્મરસથી સમ્યગ્દર્શનનો અભ્યાસ કરો.

પોષ સુદ પૂર્ણિમા : વીર સં. ૨૪૮૬
સોનગઢ

—બ્ર. હરિલાલ જૈન

## પ્રકાશકીય નિવેદન (દ્વિતીય આવૃત્તિ)

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ખપી જવાથી તથા આ પુસ્તક મુમુક્ષુઓને લાભદાયક જણાવાથી તેની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે.

આ પુસ્તકનાં પઠન-પાઠનથી મુમુક્ષુ જીવ આત્મલક્ષી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માર્થને વિશેષ પુષ્ટ કરે એજ ભાવના.

પૂજ્ય બહેનશ્રીની
૭૬મી સમ્યક્ત્વજયંતી
ફાગણ વદ ૧૦
તા. ૧-૪-૨૦૦૮

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

# વિષયસૂચી


| લેખ | પૃષ્ઠ |
|---|---|
| બેસતા વર્ષનો મંગલ સંદેશ અને સંતોના આશીર્વાદ | ૧ |
| શુદ્ધાત્માની ધગશવાળા જિજ્ઞાસુ શિષ્યને | ૨ |
| જ્ઞાનીનો ઉપદેશ આત્માની ઓળખાણ કરવાનો છે | ૩ |
| સુખ વિષે વિચાર | ૫ |
| સમ્યગ્દર્શનની દુર્લભતા અને અપૂર્વતા | ૭ |
| શુદ્ધસ્વભાવનો આદર કરવાથી સમ્યગ્દર્શન થાય છે | ૯ |
| ભવરહિત થવું હોય તેઓ અનુભવનો અભ્યાસ કરો | ૧૫ |
| રે ભવ્ય! તું તત્ત્વનો કૌતૂહલી થઈ આત્માનો અનુભવ કર | ૧૬ |
| ભેદવિજ્ઞાનનો મહિમા | ૨૦ |
| વિરલા જીવો જ આત્માને જાણે છે | ૨૧ |
| હે જીવ! શરીરથી જુદા ચૈતન્યનું શરણ કર | ૨૫ |
| સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવાની રીત, અને તેનું ફળ | ૨૭ |
| કામ એક આત્માર્થનું...બીજો નહીં મન રોગ | ૩૧ |
| આત્માને રાજી કરવાની ધગશ | ૩૨ |
| શ્રાવકો તેમજ શ્રમણોનું કર્તવ્ય | ૩૩ |
| ઉલ્લાસ અને વિશ્વાસ | ૪૩ |
| સંતોના અનુભવનો સાર | ૪૪ |
| અહો, રત્નત્રય-મહિમા! | ૪૬ |
| ભરતજી સાથે તત્ત્વચર્ચા | ૪૭ |
| જ્ઞાનજ્યોતિનો ઝણેણાટ | ૫૪ |
| આત્મજ્ઞ તે શાસ્ત્રજ્ઞ | ૫૫ |
| શુદ્ધાત્મા પ્રત્યેની અપાર હોંશ! (‘‘દર્શાવું તો કરજો પ્રમાણ’’) | ૫૬ |
| ધન્ય જીવન | ૫૯ |
| ‘સમયસાર’ના શ્રોતાનું કર્તવ્ય | ૬૪ |
| સમ્યક્ત્વનાં નિમિત્તો (—અંતરંગ અને બહિરંગ) | ૬૬ |

વિરલા ---------------------------------------- ૭૨
પરમાત્માનું પ્રતિબિંબ ---------------------------------------- ૭૩
જેનાથી અવતારની સફળતા થાય એવું સાચું ઇનામ ---------------------------------------- ૭૪
અહો, શુદ્ધાત્મ-પ્રાપ્તિની દુર્લભતા ---------------------------------------- ૭૮
શ્રેણિકરાજા તીર્થંકર થશે, —એ કોનો પ્રતાપ? ---------------------------------------- ૮૩
મોક્ષાર્થીને મુક્તિનો ઉલ્લાસ (૧) ---------------------------------------- ૮૪
મોક્ષાર્થીને મુક્તિનો ઉલ્લાસ (૨) ---------------------------------------- ૮૬
મોંઘું માનવજીવન ---------------------------------------- ૮૮
ભવભ્રમણનો ભય ---------------------------------------- ૯૮
જ્ઞાનીનાં વચનો પુરુષાર્થ-ઉત્તેજક હોય છે ---------------------------------------- ૧૦૨
પરમાત્મભાવના ---------------------------------------- ૧૦૫
ધર્મની ધીકતી ધારા ---------------------------------------- ૧૦૭
રત્નત્રયનો ભક્ત ---------------------------------------- ૧૦૯
મુમુક્ષુઓએ સેવવા યોગ્ય બે સાધનો ---------------------------------------- ૧૧૯
શ્રીમદ્ રાજચંદ્રનો એક પત્ર ---------------------------------------- ૧૨૦
જ્ઞાનીઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું ---------------------------------------- ૧૨૧
વિકલ્પના અભાવરૂપ પરિણમન ક્યારે થાય? ---------------------------------------- ૧૨૮
શુદ્ધાત્માના નિર્વિકલ્પ અનુભવ માટે ઝંખતો શિષ્ય ---------------------------------------- ૧૩૦
આત્માર્થી જીવનો ઉત્સાહ અને આત્મ-લગની (૧) ---------------------------------------- ૧૩૨
આત્માર્થી જીવનો ઉત્સાહ અને આત્મ-લગની (૨) ---------------------------------------- ૧૪૧
આત્માર્થી જીવનો ઉત્સાહ અને આત્મ-લગની (૩) ---------------------------------------- ૧૪૯

# બેસતા વર્ષનો મંગલ સંદેશ અને સંતોના આશીર્વાદ

વીર સંવત ૨૪૭૮ના બેસતા વર્ષના સુપ્રભાતે મંગલ સંદેશમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું હતું કે : જગતનો મહિમા છૂટીને અંતરમાં આત્માના ચિદાનંદસ્વભાવનો મહિમા બેસવો તે આત્માનું મંગલ બેસતું વર્ષ છે....તે સ્વભાવમાંથી જ બધી નિર્મળ પર્યાયો આવે છે. આત્માના પરમ પારિણામિક સ્વભાવનો મહિમા કરીને તેમાં ઊંડા ઊતરતાં ઊતરતાં સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની બધી નિર્મળપર્યાયો પ્રગટી જાય છે; તે જ આનંદમય બેસતું વર્ષ છે. આવું આનંદમય બેસતું વર્ષ પ્રગટ કરવા માટે આત્મસ્વભાવનો પરમ મહિમા...તેની રુચિ... અને તેમાં સન્મુખ થઈને લીનતા....એ જ આત્માર્થી જીવોનું કર્તવ્ય છે...ને એને માટે જ સંતોના આશીર્વાદ છે.

# શુદ્ધાત્માની ધગશવાળા જિજ્ઞાસુ શિષ્યને

જેને શુદ્ધ આત્મા સમજવાની ધગશ જાગી છે એવા જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન ઊઠે છે કે 'એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? અનંત અનંત કાળથી આત્માના શુદ્ધ સ્વભાવની વાત સાંભળી નથી, રુચિ નથી, જાણી નથી, અનુભવી નથી, પણ હવે તેની જિજ્ઞાસા જાગી છે, તેથી શિષ્ય પ્રશ્ન કરે છે કે આત્માનો શુદ્ધ સ્વભાવ કેવો છે?—આવા જિજ્ઞાસુ શિષ્યને આચાર્યદેવ શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવે છે.

જેમ રણમાં કોઈને પાણીની તૃષા લાગી છે, પાણી પીવાની ઝંખના થઈ છે, તે પાણીની નિશાની સાંભળે ત્યારે તેને કેવી તાલાવેલી થાય! ને પછી પાણી પીને કેટલો તૃપ્ત થાય? તેમ જેને આત્મસ્વરૂપ જાણવાની ઝંખના થઈ છે તે શુદ્ધ આત્માની વાત સાંભળતાં કેટલો આનંદિત થાય! ને પછી સમ્યક્ પુરુષાર્થ કરી આત્મસ્વરૂપ પામી કેટલો તૃપ્ત થાય! શુદ્ધ આત્મસ્વરૂપને જાણવાની જેને તીવ્ર જિજ્ઞાસા થઈ છે તેને સમયસાર સંભળાવવામાં આવે છે. આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહિ.

## જ્ઞાનીનો ઉપદેશ આત્માની ઓળખાણ કરવાનો છે માનવજીવનમાં આત્માની સમજણ કરવા જેવી છે

જ્ઞાનીનો ઉપદેશ આત્માની ઓળખાણ કરવાનો છે. સત્સમાગમે તેની ઓળખાણ કરવી જોઈએ. અનંત અનંત કાળથી આ આત્મા છે, તો તે કેવો છે? તે ઓળખવાની દરકાર કરવી જોઈએ. મનુષ્યદેહ અનંત કાળે મળે છે, તેમાં આત્માને સમજવાની દરકાર કરવી જોઈએ, સત્સમાગમે વારંવાર તેનો પરિચય કરીને સમજવું જોઈએ. તેની ઓળખાણ કરવી તે જ મનુષ્યદેહમાં આવ્યાનું ખરૂં ફળ છે. બાકી પુણ્ય કરીને સ્વર્ગમાં જાય કે પાપ કરીને નર્કમાં જાય—તે કાંઈ નવું નથી.

અહો, આવો મનુષ્યદેહ મળ્યો ને જો આત્માને ન જાણે તો અવતાર નકામો છે. જેમ સર્વવ્યાપી આકાશને હૃદયમાં સમાવી દેવાનું કઠણ છે, તેમ આત્મસ્વભાવનું વર્ણન વાણી દ્વારા કરવું કઠણ છે, છતાં જે જીવ દરકાર કરીને તેને સમજવા માંગે તે જીવને સત્સમાગમે જ્ઞાનમાં સમજાય છે. અનંતા જીવો તે સમજીને મુક્ત થયા છે. અત્યારે પણ આત્માને સમજનારા છે, ને ભવિષ્યમાં અનંતા થશે. પુણ્ય અને પાપ તો આખી દુનિયા કરે છે, પણ આત્માની સમજણ કરનારા કોઈક વિરલા જ હોય છે. પરમાં સુખ માને ને સુખ માટે પરની ઓશિયાળ માને તે તો માગણ છે, કોઈ લાખો રૂપિયા માગે, કોઈ હજાર માગે, કોઈ સો માગે; ઝાઝું માગે તે મોટો માગણ છે ને થોડું માગે તે નાનો માગણ છે. અને એમ સમજે કે અહો! હું આત્મા છું, મારે કાંઈ જોઈતું નથી, મારું સુખ મારામાં છે, મારે તો હવે આત્મા સમજવો છે—એમ જે ભાવના કરે છે તે મોટો બાદશાહ છે. ભલે ગૃહસ્થદશામાં હોય છતાં અંતરમાં આત્માનું ભાન કરે તે ધર્માત્મા છે, ને તેને જન્મ-મરણનો અંત થઈ જશે. જેમ પર્વત પર વીજળી પડે ને બે કટકા થઈ જાય, પછી તે ફરીથી સંધાતા નથી, તેમ જે જીવ એક સેકંડ પણ આત્માની સમજણ કરે છે તેનો સંસાર તૂટી જાય છે. જેમ કોઈ પારકા

ઘેર લક્ષ્મીનો ઢગલો જોઈને ''આ લક્ષ્મી મારી'' એમ ડાહ્યા લોકો માનતા નથી તેમ ધર્મી જીવ આ શરીરાદિને કે પુણ્ય-પાપના ભાવોને પોતાનું સ્વરૂપ માનતા નથી.

આવા આત્માને જાણ્યા વિના કોઈ રીતે કલ્યાણ નથી. જેણે આત્માને જાણ્યો નથી ને પૈસાનો ઓશિયાળો થઈ રહ્યો છે તે મોટો ભિખારી છે.

જૈન દર્શનમાં સાત તત્ત્વો છે—જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ.

જે જાણે છે તે જીવ છે.

શરીર વગેરે અજીવ છે, તેનામાં જ્ઞાન નથી.

મિથ્યાત્વ, પુણ્ય-પાપ વગેરે આસ્રવ છે.

પુણ્ય-પાપ વગેરે વિકારમાં અટકવું તે બંધન છે.

તે પુણ્ય-પાપ રહિત ચૈતન્યમૂર્તિ આત્માની ઓળખાણ કરીને તેમાં ઠરવું તે સંવર-નિર્જરારૂપ ધર્મ છે.

અને પૂરી શુદ્ધ દશા પ્રગટી જાય તે મોક્ષ છે.

આ સાત તત્ત્વોને જાણીને આત્માનો વિશ્વાસ અને આદર કરવો જોઈએ. ઘણા વિવેકથી, ઘણા સત્સમાગમથી, ઘણી પાત્રતાથી અને ઘણી રુચિથી આત્મા સમજાય છે. આત્મા એવો નથી કે સમજાય નહિ. જો આત્મા સમજી ન શકાય તો તો ધર્મ જ ક્યાંથી થાય? આ જગતમાં લાખો રૂપિયા મળે કે સ્વર્ગ મળે—તે દુર્લભ નથી. આત્માની સમજણ જ દુર્લભ છે. આ માનવજીવનમાં એવા આત્માની સમજણ કરવા જેવી છે.

વન-જંગલમાં વસનારા ને ચૈતન્યને સાધનારા મુનિવરોના અંતરમાંથી આનંદમાં ઝૂલતાં ઝૂલતાં એવા રણકાર ઊઠ્યા કે આ આત્મસ્વભાવનો મહિમા જગતમાં જયવંત વર્તો ને જગતના જીવો તેને ઓળખો. જગતના જીવોને આ એક ચૈતન્યતત્ત્વ જ શરણરૂપ છે.

❁

# સુખ વિષે વિચાર

હે ભાઈ, તારે સુખી તો થવું છે ને! તો સુખના સ્વરૂપ વિષે તેં કદી વિચાર કર્યો છે? તું એટલો વિચાર કરી જો, કે તેં જે જે પર વિષયમાં સુખ માન્યું છે તે તે વિષયમાં આગળ ને આગળ જતાં છેવટે શું પરિણામ આવે છે? ખાવા-પીવા વગેરે કોઈ પણ વિષયમાં છેવટે તો કંટાળો જ આવે છે, ને તે છોડીને બીજા વિષય તરફ ઉપયોગ જાય છે. એ રીતે, જો વિષયોના ભોગવટામાં અણગમો જ આવી જાય છે તો તું સમજી લે કે તેમાં ખરેખર તારું સુખ હતું જ નહિ, પણ તેં માત્ર કલ્પનાથી જ સુખ માન્યું હતું. જો ખરેખર સુખ હોય તો તે ભોગવતાં ભોગવતાં કદી કોઈને કંટાળો આવે જ નહીં. જુઓ, સિદ્ધ ભગવંતોને આત્માનું સાચું સુખ છે, તો તેમને તે સુખ ભોગવતાં ભોગવતાં અનંતકાળે પણ કંટાળો આવતો નથી.

હે આત્માર્થી! આત્મા સિવાય કોઈપણ બાહ્ય વિષયમાં સુખ નથી, એ વાત જો તું જરાક વિચાર કરીને જો તો તને પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય તેવી છે. જેમ કે—લાડવા ખાવામાં તેં સુખ માન્યું, —એક લાડવો ખાધો...બે ખાધા, ત્રણ...ચાર...ખાધા...છેવટે એમ થાય છે કે હવે બસ, હવે લાડવા ખાવામાં સુખ લાગતું નથી. તો સમજી લે કે પાછળથી જેમાં સુખનો અભાવ ભાસ્યો તેમાં પહેલેથી જ સુખનો અભાવ છે. એ રીતે લાડવાના સ્થાને કોઈ પણ પર વિષય લઈને વિચાર કરતાં નક્કી થશે કે એ વિષયોમાં સુખ નથી પણ આત્મસ્વભાવમાં જ સુખ છે. એ સ્વભાવસુખ નક્કી કરીને તેની હા પાડ, ને વિષયોમાં સુખની બુદ્ધિ છોડ.

જેમાં ખરેખર સુખ હોય તેમાં ગમે તેટલું આગળ ને આગળ જતાં ક્યારેય પણ કંટાળો ન આવે; સ્વભાવમાં સુખ છે તો તેમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ સુખ વધે છે....તેમ કંટાળો આવતો નથી, ને વિષયસુખોમાં કંટાળો આવ્યા વિના રહેતો નથી.

પર વિષયો બે પ્રકારના છે—શુભ, અશુભ : પાપના ભાવમાં તો કંટાળે છે ને મંદિર, ભક્તિ, દયા વગેરે શુભના ભાવમાં પણ લંબાતા લંબાતા છેવટે થાકે છે, ને ત્યાંથી ખસવાનું મન થાય છે. જો તે શુભમાં સુખ હોય તો ત્યાંથી ખસવાનું મન કેમ થાય? અજ્ઞાની જીવ શુભથી ખસીને શુદ્ધમાં જતો નથી પણ શુભથી ખસીને પાછો અશુભમાં જાય છે, એટલે પરતરફના વિષયમાં જ રહીને શુભ ને અશુભમાં જ બદલે છે; પણ, 'અત્યાર સુધી પરવલણમાં રહ્યો પણ ક્યાંયથી સુખ અનુભવમાં આવ્યું નહિ, માટે પર તરફના વલણમાં સુખ નથી એટલે ઈન્દ્રિય-વિષયોમાં સુખ નથી, પણ સ્વ તરફના અંતર્મુખ અવલોકનમાં જ સુખ છે—અતીન્દ્રિય જ્ઞાનમાં જ સુખ છે'—એમ નિર્ણય કરીને જો સ્વ તરફ વળે તો સિદ્ધ ભગવાન જેવા આત્માના સુખનો અનુભવ પ્રગટે, ને વિષયોમાંથી રુચિ ટળી જાય. —આ દશાનું નામ ધર્મ છે.

હે ભાઈ! છેવટે લાંબે કાળે પણ તારે વિષયોમાં (—શુભ કે અશુભમાં) કંટાળીને તેમાં સુખની ના પાડવી પડે છે, તો વર્તમાનમાં જ સ્વભાવના સુખની હા પાડીને વિષયોમાં સુખની ના પાડ ને! વિષયોના લક્ષે વિષયોના સુખની ના પાડે છે તેથી તે 'ના' ટકતી નથી, ને પાછો બીજા ઈન્દ્રિયવિષયોમાં જ તું લીન થાય છે. જો સ્વભાવના અતીન્દ્રિય સુખની રુચિથી હા પાડીને તે વિષયસુખની ના પાડે તો તે 'હા' અને 'ના' બંને યથાર્થ ટકશે, ને આગળ જતાં પૂર્ણ અતીન્દ્રિય કેવળ સુખ પ્રગટશે. એ રીતે આત્માર્થીને પહેલેથી જ સ્વલક્ષે ઈન્દ્રિય તરફના વલણમાંથી આદરબુદ્ધિ ટળી જવી જોઈએ, ને અતીન્દ્રિય સુખની પરમ આદરપૂર્વક શ્રદ્ધા થવી જોઈએ, તે જ અતીન્દ્રિય સુખ પ્રગટાવવાનો ઉપાય છે.

# સમ્યગ્દર્શનની દુર્લભતા અને અપૂર્વતા

અનંત અનંત કાળમાં મનુષ્યપણું મળવું મોંઘું છે. મનુષ્યપણામાં આવી સત્યધર્મની વાત સાંભળવા કોઈક જ વાર મળે છે. અત્યારે તો આ વાત લોકોને તદ્દન નવી છે. આવી સત્ય વાત સાંભળવા મળવી મહાદુર્લભ છે, સાંભળ્યા પછી બુદ્ધિમાં તેનું ગ્રહણ થવું દુર્લભ છે—'આ શું સ્વભાવ કહેવા માગે છે' એમ જ્ઞાનમાં પકડવું તે દુર્લભ છે, ગ્રહણ થયા પછી તેની ધારણા થવી દુર્લભ છે. સાંભળતી વખતે સારું લાગે ને બહાર નીકળે તો બધું ભૂલી જાય તો તેને આત્મામાં ક્યાંથી લાભ થાય? શ્રવણ, ગ્રહણ અને ધારણા કરીને પછી એકાંતમાં પોતે પોતાના અંતરમાં મંથન કરીને સત્યનો નિર્ણય કરે એ દુર્લભ છે. પણ સાચી વાત જ સાંભળી ન હોય તે ગ્રહણ શું કરે? ને ધારણા શેની કરે? અને અંતરમાં શું વિચારે? અંતરમાં યથાર્થ નિર્ણય કરીને તેને રુચિમાં પરિણમાવીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે મહાન દુર્લભ અપૂર્વ છે, એ સમ્યગ્દર્શન વગર કોઈ રીતે જીવનું કલ્યાણ થાય નહિ. જુઓ, આમાં શરૂઆતનો ઉપાય કહ્યો. પહેલાં તો સંસારની લોલુપતા ઘટાડીને તત્ત્વ શ્રવણ કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. શ્રવણ, ગ્રહણ, ધારણા, નિર્ણય અને રુચિમાં પરિણમન—આટલા બોલ આવ્યા. તે દરેક એકેક કરતાં દુર્લભ છે. શ્રવણ કરીને વિચારે કે મેં આજે શું શ્રવણ કર્યું? નવું શું સમજ્યો? એમ અંતરમાં પ્રયત્ન કરીને સમજે તો આત્માની રુચિ જાગે ને તત્ત્વ સમજાય. પણ જેને તત્ત્વના શ્રવણ, ગ્રહણ ને ધારણાનો જ અભાવ છે તેને તો સત્ સ્વભાવની રુચિ હોતી નથી, અને રુચિ વગર તેનું પરિણમન ક્યાંથી થાય? રુચિ વગર સત્ય સમજાય નહિ ને ધર્મ થાય નહિ.

ભગવાને કહ્યું છે અથવા જ્ઞાનીઓ કહે છે માટે આ વાત સાચી છે —એમ પરના લક્ષે સત્‌ને માને તો તે શુભભાવ છે, તે પણ સાચું જ્ઞાન નથી; પહેલાં દેવ-ગુરુના લક્ષે તેવો રાગ હોય પણ દેવ-ગુરુનું લક્ષ છોડીને પોતે પોતાના અંતર્‌સ્વભાવમાં વળીને રાગરહિત નિર્ણય કરે કે મારો આત્મસ્વભાવ જ આવો છે, તો તેના આત્મામાં સાચું જ્ઞાન થયું છે. એથી

**સત્સમાગમ કે શ્રવણ વગેરેનો નિષેધ નથી, સત્સમાગમે સત્ધર્મનું શ્રવણ કર્યા વગર કોઈ જીવ આગળ વધી શકે નહીં, પણ તે શ્રવણાદિ પછી આગળ વધવા માટેની આ વાત છે, માત્ર શ્રવણ કરવામાં ધર્મ ન માનતાં, ગ્રહણ, ધારણા અને નિર્ણય કરીને આત્મામાં રુચિથી પરિણમાવવું જોઈએ.**

*—"ભેદવિજ્ઞાનસાર"માંથી*

❐

## આત્મકલ્યાણની અપૂર્વ વાત

આત્મકલ્યાણની વાત અપૂર્વ છે; ઝટ ન સમજાય તો તેમાં અરુચિ કે કંટાળો લાવવો નહિ પણ વિશેષ અભ્યાસ કરવો, 'આ મારા આત્માની અપૂર્વ વાત છે, આ સમજવાથી જ કલ્યાણ છે'—એમ અંતરમાં તેનો મહિમા લાવીને રુચિથી શ્રવણ-મનન કરવું. બધા આત્મામાં આ સમજવાની તાકાત છે. હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું વૃદ્ધ છું, હું બાળક છું—એવી શરીરબુદ્ધિને છોડીને અંતરમાં એમ લક્ષ કરવું કે હું આત્મા છું, શરીરથી જુદો જ્ઞાનસ્વરૂપ છું. દરેક આત્મા ભગવાન છે–જ્ઞાનસ્વરૂપી છે, તેનામાં પૂરેપુરું સમજવાની તાકાત ભરી છે. માટે 'મને ન સમજાય' એવું શલ્ય કાઢી નાખીને 'મને બધું સમજાય' એવી મારી તાકાત છે અને આ સમજ્યે જ મારું હિત છે, એમ દૃઢ નિર્ણય કરીને સમજવાનો પ્રયત્ન કરવો. રુચિપૂર્વક પ્રયત્ન કરે તેને ન સમજાય એમ બને નહીં. આમાં બુદ્ધિના ઉઘાડની બહુ જરૂર નથી પણ રુચિની જરૂર છે. *"ભેદવિજ્ઞાનસાર"*

# શુદ્ધ સ્વભાવનો આદર કરવાથી સમ્યગ્દર્શન થાય છે

આત્માનો સ્વભાવ એ જ 'શુદ્ધભાવ' છે ને તે જ આદરણીય છે; અંતર્મુખ થઈને એ શુદ્ધસ્વભાવને માનવો તે સમ્યગ્દર્શન છે. આત્માનો શુદ્ધસ્વભાવ પરથી જુદો ને વિકારથી રહિત શી રીતે છે તે જાણીને, એની રુચિ કરવી, શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. સ્વભાવ શું અને પરભાવ શું —એ જાણ્યા વગર સ્વભાવની રુચિ થાય નહિ, ને પરનો મહિમા ટળે નહિ. અને ત્યાં સુધી જીવને ધર્મ થાય નહિ.

જીવ પોતાના સ્વભાવને ભૂલીને પરની ગમે તેવી રુચિ કરે ને કર્તાપણાના થનગનાટ કરે, પણ તેથી પરચીજ કાંઈ પોતાની થઈ જતી નથી, ને પોતે પર ચીજનું કાંઈ કરી શકતો નથી. પોતાના સ્વભાવની પૂર્ણતાનો મહિમા જાણ્યો નથી તેથી વિકારથી ને પરથી પોતાનો મહિમા માની રહ્યો છે. શુભભાવ કરે ત્યાં તો મેં ઘણું કર્યું એમ માની લે છે, અને ધાર્યા પ્રમાણે બહારમાં અનુકૂળતા દેખે ત્યાં તો જાણે કે હું આનાથી ભરપૂર છું પણ તે અજ્ઞાનીને ખબર નથી કે જ્ઞાન-સુખથી ભરપૂર તો પોતાનો સ્વભાવ જ છે, ને તે જ પોતાને શરણભૂત છે, બહારની કોઈ વસ્તુ જરાય શરણભૂત નથી અને વિકાર પણ શરણભૂત નથી. જેને પોતાના સ્વભાવની, વિકારથી ને પરથી ભિન્નતા નથી ભાસતી, ને વિકારમાં તથા પરમાં જ એકાકારપણું માની રહ્યો છે, તે પોતાના શુદ્ધ ભાવને ઉપાદેય જાણતો નથી; તે મિથ્યાદૃષ્ટિ છે. અને જે જીવ પોતાના શુદ્ધ ભાવને, વિકારથી ને પરથી જુદો જાણીને ઉપાદેય માને છે તે ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ છે.

આ જીવને પર વસ્તુઓ જરા પણ શરણભૂત નથી. પરંતુ "મને પર વસ્તુઓ શરણભૂત નથી, ને તેમાં મારું સુખ નથી" એમ અજ્ઞાનીને મૂઢબુદ્ધિથી દેખાતું નથી, પોતે સદાય પરિપૂર્ણ ભગવાનસ્વરૂપે અંતરમાં સ્થિત છે, એને તો ભૂલી જ જાય છે અને વર્તમાનમાં અશુભ છોડીને શુભ

પરિણામ કરે ત્યાં તો પોતે ભરપૂર હોય એમ અજ્ઞાનીને લાગે છે. પણ શ્રીગુરુ કહે છે કે—ભાઈ, પુણ્ય તારું સ્વરૂપ નથી. પુણ્ય કર્યાં તેથી તારા આત્માની મોટાઈ નથી. તારો આત્મા તો પુણ્ય-પાપ રહિત અત્યારે જ એકરૂપ જ્ઞાનભાવે ભરપૂર છે, એમાં જ તારું સુખ છે, એ જ તારે ઉપાદેય છે. તું એને ભૂલીને, પુણ્ય-પાપમાં તારું એકત્વ માની રહ્યો છે અને તેમાં સુખ માને છે, પણ ભાઈ! એ ઊંધી માન્યતાથી તો કરોડો કાળા વીંછીના ડંખની વેદના કરતાંય વધારે દુઃખની વેદના તું ભોગવી રહ્યો છે, માટે શુદ્ધ સ્વભાવના અભ્યાસ વડે તે માન્યતા છોડ, તો સમ્યગ્દર્શન થતાં તને પરમ સુખનું વેદન થશે.

જે શુભ કે અશુભ પરિણામ થાય છે તે આત્માના મૂળ સ્વરૂપમાં નથી, પણ પર્યાયમાં ઉપર ટપકે થનારા વિકાર ભાવો છે, તે ઉપર ટપકે થનારા ભાવો જેટલો આત્માને ન માનતાં, તું અંતરના મૂળ સ્વરૂપને જો. જેમ સમુદ્રના પાણીમાં ક્યાંક મેલું મોજું દેખાય, પણ કાંઈ આખો સમુદ્ર મેલો નથી. ક્ષણિક મેલું મોજું આખા સમુદ્રને મેલો કરવા સમર્થ નથી. મેલાં મોજાં વખતે પણ સમુદ્ર તો નિર્મળ છે. તેમ આ આત્મા ચૈતન્ય સમુદ્ર છે. તેની વર્તમાન દશામાં જે મલિનતા દેખાય છે તે ક્ષણિક છે. આખું આત્મસ્વરૂપ મેલું નથી, આત્મસ્વરૂપ શુદ્ધ એકરૂપ છે. ક્ષણિક વિકાર થાય છે તે ભાવ આખા શુદ્ધ સ્વરૂપને મલિન કરવા સમર્થ નથી. વિકાર જેટલો જ આત્મા માનવો તે અજ્ઞાન છે; ને વિકારથી ભિન્ન શુદ્ધ આત્મસ્વરૂપને જાણવું તે સમ્યગ્જ્ઞાન છે.

મીઠા જળથી ભરેલા સમુદ્રના મોજામાં જે મલિનતા દેખાય છે તેટલો જ કાંઈ આખો સમુદ્ર નથી. મૂળ સ્વરૂપે સમુદ્રને જુઓ તો તે સમુદ્ર અને તેનું પાણી એકરૂપ ચોખ્ખાં છે. મોજાંની મલિનતા તો બહારની ઉપાધિ છે, તેમ આ આત્મા સહજ ચૈતન્યરૂપ આનંદસમુદ્ર છે, તેમાં વર્તમાન જે વિકારભાવ રૂપ મલિનતરંગ દેખાય છે તે તેના મૂળ સ્વરૂપમાં નથી. જો એકલા આત્માને મૂળ સ્વરૂપે જુઓ તો, તેના દ્રવ્યમાં, ગુણમાં કે વર્તમાન વર્તતા ભાવમાં પણ વિકાર નથી. આત્માનું મૂળ સ્વરૂપ શુદ્ધ છે તે ઉપાદેય

છે. જેમ સમુદ્રનો એવો સ્વભાવ છે કે મલને પોતામાં રહેવા દે નહિ પણ ઉછાળીને બહાર ફેંકી દે. તેમ આત્મસ્વરૂપમાં વિકાર ભાવોનો પ્રવેશ થઈ શકતો નથી. આત્મા અંતર્તત્ત્વ છે ને વિકાર બહિર્તત્ત્વ છે, અંતર્તત્ત્વમાં બહિર્તત્ત્વનો પ્રવેશ નથી. આત્માનો સ્વભાવ વિકારનો નાશ કરવાનો છે. આવો આત્મસ્વભાવ જ અમૃતરૂપ છે, એની ઓળખાણ સિવાય બીજા જેટલા ભાવો કરે તે બધાય ઝેરરૂપ સંસારસ્વરૂપ છે.

પુણ્ય-પાપ પરિણામમાં કે તેના ફળને ભોગવવામાં આનંદ માનવો તે મૂઢતા છે. પુણ્ય પરિણામ કરીને એમ માનવું કે 'મેં બહુ સારા ભાવો કર્યા, તે અગ્નિના લ્હાવા ભોગવવા જેવું છે જેમ કોઈ ગાંડો માણસ અગ્નિથી ઝગમગતા કોલસાને હાથમાં લઈને એમ માને કે હું અગ્નિના લ્હાવા લઉં છું, મને બહુ આનંદ આવે છે, પણ અગ્નિથી પોતાનો હાથ બળી જાય છે તેનું ભાન નથી. તેમ પુણ્ય પરિણામના વેદનથી તો આકુળતારૂપી અગ્નિમાં આત્મા બળી રહ્યો છે, પણ અજ્ઞાની તેમાં શાંતિ માને છે.

આત્મા પોતાના સ્વભાવથી ભરપૂર છે, પણ અજ્ઞાની જીવ સ્વભાવનો મહિમા સમજતો નથી તેથી સ્વભાવનું શરણ કરતો નથી; તેની દૃષ્ટિ નિમિત્તો ઉપર છે તેથી નિમિત્તોની હાજરીમાં તેને પોતાનું શરણ લાગે છે. બહારના પદાર્થોથી તો પોતે ખાલી છે, ને અંતરમાં શુદ્ધ આનંદઘન સ્વભાવથી ભરેલો છે, તે ઉપાદેય ને શરણભૂત છે. પણ એના ભાન વિના, બહારની ક્ષણિક વસ્તુઓથી પોતાને ભરેલો માને છે, પોતાને માલ વગરનો માને છે. પણ બહારના પદાર્થોમાંથી કદી જીવની શાંતિ આવે તેમ નથી. વળી કંઈક પુણ્ય-પરિણામ કરે તેનાથી પોતાને ભરપૂર માને છે. ક્ષણિક પરિણામમાં જ અર્પાઈ જઈને તેમાં જ આત્માનું સર્વસ્વ માની બેઠો છે; પણ ક્ષણિક પુણ્ય પરિણામ રહિત આખી વસ્તુ જ્ઞાનકંદ છે તે જાણતો નથી.

જીવનો શ્રદ્ધાગુણ એવો છે કે જ્યાં તેની દૃષ્ટિ પડે ત્યાં તે પોતાને પૂરો માને છે. પોતાનો મૂળ સ્વભાવ પૂરો છે તેની શ્રદ્ધા છોડીને અજ્ઞાનીએ વિકારમાં ને પરમાં પોતાપણું માન્યું છે, તેથી વિકારથી ને પરથી જ પોતાને

ભરપૂર—પૂરો માને છે, પણ તેનાથી જુદું સ્વરૂપ છે તેને માનતો નથી. જ્યાં જ્યાં દૃષ્ટિ મૂકે ત્યાં ત્યાં ભર્યો ને પૂરો જ માને છે, અધૂરો માનતો નથી. અંતરમાં પોતાનો સ્વભાવ પૂરો છે તેથી ઊંધો પડીને બહારમાં પણ પોતાની પૂર્ણતા માને છે. પોતે પૂરો છે પણ દૃષ્ટિમાં ગૂલાંટ મારી છે તેથી બહારમાં પૂર્ણતા માની બેઠો છે. બહારમાં પૂર્ણતા માનનારો પોતે જ પૂરો છે, પણ જ્યાં પૂર્ણતા છે ત્યાં ન માનતાં, જ્યાં નથી ત્યાં પોતાપણું માન્યું છે. શ્રી આચાર્યદેવ કહે છે કે તારો શુદ્ધ સ્વભાવ જ ઉપાદેય છે, તેની જ તું માન્યતા કર, એ સિવાય બીજું કાંઈ તારે ગ્રહણ કરવા જેવું નથી, પર્યાયમાં રાગાદિ હોવા છતાં તે ગ્રહણ કરવા જેવા નથી. આવી શ્રદ્ધા કરવી તે ધર્મ છે. રાગાદિમાં આત્મા નથી, છતાં ત્યાં ખોટી કલ્પના કરીને પોતાપણું માની રહ્યો છે, તે અસત્ માન્યતા જ અધર્મ છે, અને જે પોતાનો સ્વભાવ સત્ છે તેને જ માન્યતામાં સ્વીકારવો તે સત્‌ની માન્યતા છે, ને તે ધર્મ છે.

અજ્ઞાની જીવ પૈસા, બંગલો, સ્ત્રી વગેરેને શરણભૂત માને છે, પણ જ્યારે વીંછી બરાબરનો ડંખ મારે ત્યારે રાડેરાડ પાડે છે; તે વખતે પૈસા, બંગલો ને સ્ત્રી વગેરે વસ્તુઓ એની એ જ હોવા છતાં કેમ શરણભૂત થતી નથી? પહેલાં તેમાં સુખ માનતો હતો ને? ક્યાં ગઈ તારી સુખની કલ્પના? માટે હે અજ્ઞાની, તું સમજ કે એ કોઈ પણ બહારના પદાર્થો તને શરણભૂત નથી; તેમ જે સુખની કલ્પના કરી હતી તે કલ્પના પણ શરણભૂત નથી, અને જેના ફળમાં તે સંયોગ મળ્યા છે તે પુણ્ય પણ તને શરણભૂત નથી, એ બધાય તારાથી બાહ્યતત્ત્વો છે, ને તારો એકરૂપ ચૈતન્યસ્વભાવ તે અંતર્‌તત્ત્વ છે ને તે જ શરણભૂત છે, એ સ્વભાવની ઓળખાણ આચાર્યદેવ કરાવે છે.

આ આત્મા પોતાના સ્વભાવથી પૂરો છે, વર્તમાન પર્યાયમાં જે અધૂરાશ દેખાય છે તેટલો તે નથી. પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્ય સ્વભાવના લક્ષે જે એકરૂપ સ્વભાવ જણાય છે તે જ આત્મતત્ત્વ છે, ને તે જ ઉપાદેય છે. જ્યાં સુધી તેનો અનુભવ ન થાય ત્યાં સુધી તેના લક્ષે વારંવાર તેનું શ્રવણ મનન કરવું જોઈએ, ને તેના મહિમાનું વારંવાર ચિંતવન કરવું

જોઈએ. અનાદિથી પર્યાય જેટલો માનીને પોતે તેના મહિમામાં અટક્યો છે ને વિકારનો જ અનુભવ કર્યો છે, તેને બદલે સ્વભાવનો મહિમા કરે તો વિકાર રહિત શુદ્ધભાવનો અનુભવ થાય છે, ને વિકારનો મહિમા છૂટી જાય છે. સુખી થવાનો માર્ગ આ જ છે.

આત્મા એકરૂપ દ્રવ્ય છે. તેના પર્યાયમાં સાત તત્ત્વોના વિકલ્પરૂપી મોજું ઊઠે તે આત્મા નથી. તેમજ નવ પદાર્થના રાગમિશ્રિત વિચાર આવે તે પણ આત્મા નથી. 'હું જીવ છું' એવા વિકલ્પમાં અટકવું તે અજ્ઞાનબુદ્ધિ છે, કેમ કે 'હું જીવ છું, અજીવ નથી' એવા વિકલ્પો તે આત્મા નથી. વિકલ્પ તો મલિન તરંગ છે, શુભરાગ છે. તેને આત્મા માનવો તે તો એક મલિન તરંગને જ આખો દરિયો માની લેવા જેવું છે. તે વિકલ્પને બાદ કરતાં જે એકલું ચૈતન્યદળ રહી જાય છે તે આત્મસ્વભાવ છે. ડાહ્યો માણસ એક મેલા મોજાંને દેખીને આખા દરિયાને મલિન માની લેતો નથી, પણ તે જાણે છે કે આખો દરિયો સ્વચ્છ છે, આ મલિન મોજું તેનું સ્વરૂપ નથી. દરિયો તે મલિનતાને ઊછાળીને બહાર ફેંકી દેશે. તેમ જીવ–અજીવના જે વિકલ્પ ઊઠે છે તે મલિન મોજાં સમાન ક્ષણિક વિકાર છે, આખો આત્મા વિકારવાળો નથી. આત્માનો સ્વભાવ તે વિકારરૂપ થઈ ગયો નથી–એમ જ્ઞાની જાણે છે. 'હું જીવ છું ને પ્રયત્ન વડે મારી મોક્ષદશા પ્રગટ કરું' એવા વિકલ્પ ઉઠે તે વિકાર છે, જ્ઞાની તેને સ્વભાવમાં પ્રવેશવા દેતા નથી. પણ ભેદજ્ઞાનના બળે તેને જુદા ને જુદા જ રાખે છે; તેથી ચૈતન્યસ્વભાવના જોરે તે વિકારને ઊછાળીને બહાર ફેંકી દે છે. પણ અજ્ઞાની તો વિકારને અને આત્માને એકમેક જ જાણે છે તેથી તે વિકારથી કદી મુક્ત થતો નથી.

પર્યાયમાં ગમે તેવા મલિન ભાવો હોય, તે એક સમય પૂરતા જ છે, ને સ્વભાવની બહાર જ રહે છે, સ્વભાવમાં પ્રવેશતા નથી. જેમ કોઈ માણસ લાકડી વડે મેલાં મોજાંને દરિયામાં ખોસવા પ્રયત્ન કરે, પણ તે મલિનતા દરિયામાં પેસી શકે નહિ, કેમ કે દરિયાનો સ્વભાવ એવો છે કે તે મેલને પોતામાં પેસવા દે નહિ; તેમ આ આત્મા પરમ પારિણામિકભાવરૂપ ચૈતન્યસમુદ્ર છે, વિકારી અવસ્થા તે મેલાં મોજાં

સમાન છે. મેલી અવસ્થા એક જ સમય પૂરતી છે, તે મલિનતા આત્માના સ્વભાવમાં ભેગી થતી નથી. આત્માનો સ્વભાવ કદી વિકારી થઈ જતો નથી. આત્માનો સ્વભાવ વિકારથી છૂટા રહેવાનો છે. જ્ઞાની જાણે છે કે શુભરાગના બધા વિકલ્પો મારા સ્વભાવની ચીજ નથી, પણ અંતરમાં જે સદા એકરૂપ જ્ઞાયકભાવ છે તે જ હું છું, ને તે જ મારે આદરણીય છે; તેની શ્રદ્ધા કરીને તેમાં જ એકાગ્ર થવા જેવું છે. આમ પોતાના અંતર્સ્વભાવની પ્રતીતિ વડે તેમાં જ આદરબુદ્ધિ થાય તેનું નામ શુદ્ધ ભાવનું ગ્રહણ છે ને તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, તે જ 'નિયમસાર' છે જેણે એવા શુદ્ધાત્માનું ગ્રહણ કર્યું છે તે સમ્યગ્દૃષ્ટિ છે, ને તેને બંધન થતું નથી. કેમ કે તે જીવ બંધને અને આત્માના સ્વરૂપને જુદા જુદા જાણીને બંધને છોડે છે ને આત્મસ્વભાવને જ ગ્રહણ કરે છે. એ વાત સમયસારના મોક્ષ અધિકારમાં છે. અત્યારે એવું સમ્યગ્દર્શન કઈ રીતે થાય તે વાત ચાલે છે.

આત્મા કોઈ પરનો કર્તા કે હર્તા નથી, તેમ જ આત્માનો કર્તા કે હર્તા કોઈ નથી. આત્મા પોતે પરના અવલંબન રહિત છે. પરની અપેક્ષા વગરના પોતાના સહજ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ તે જ સમ્યગ્દર્શન છે. વિકલ્પ વડે આત્મા ગ્રહણ થતો નથી, વિકલ્પ આત્માની ચીજ નથી. વિકલ્પ રહિત આત્મસ્વભાવ છે તે જ ગ્રહણ કરવા યોગ્ય છે. આત્માનો જે સ્વભાવ છે તેને શ્રદ્ધામાં માનવો, જ્ઞાનમાં જાણવો ને તેમાં એકાગ્ર થવું તેનું નામ શુદ્ધાત્માનું ગ્રહણ છે. *(શ્રી નિયમસાર ગા. ૩૮ ઉપરના પ્રવચનોમાંથી)*

❑

### ❀ અર્ધશ્લોકમાં મુક્તિનો ઉપદેશ ❀

**चिद्रूपः केवलः शुद्धः आनंदात्मेत्यहं स्मरे।**
**मुक्त्यै सर्वज्ञोपदेशः श्लोकार्धेन निरूपितः॥२२॥**

'હું ચિદ્રૂપ, કેવળ, શુદ્ધ, આનંદસ્વરૂપ છું' એમ સ્મરણ કરું છું; મુક્તિ માટેનો સર્વજ્ઞનો ઉપદેશ આ અર્ધ શ્લોકથી નિરૂપિત છે.

*(તત્ત્વજ્ઞાન-તરંગિણી અ. ૩)*

# ભવરહિત થવું હોય તેઓ અનુભવનો અભ્યાસ કરો

શ્રી મુનિરાજ નિસ્પૃહ કરુણાબુદ્ધિથી કહે છે કે–અરે! પ્રાણીઓ! આત્માનો શુદ્ધ સ્વભાવ સમજ્યા વગર અનંતકાળમાં બીજા બધા ભાવો કર્યા છે, એ કોઈ ભાવો ઉપાદેય નથી. આત્માનો નિશ્ચય સ્વભાવ જ ઉપાદેય છે, એમ તમે શ્રદ્ધા કરો.

આ દુર્લભ મનુષ્યભવમાં પણ જીવ જો પોતાના સ્વભાવને જાણીને તેનો આદર કરે નહિ તો પછી ફરીથી ક્યારે આવો અવસર મળવાનો છે? પોતાનો જેવો પૂરો સ્વભાવ છે તેવો ઓળખીને તેનો જ આદર કરવો —શ્રદ્ધા કરવી, તે જ આ મનુષ્યપણામાં જીવનું કર્તવ્ય છે.

અલ્પકાળમાં જેમને ભવરહિત થવું છે એવા નિકટ ભવ્ય જીવો આ શુદ્ધ આત્માનો આદર કરો, તેની ઓળખાણ કરો, તેના અનુભવનો અભ્યાસ કરો.

❋

## ❀ સિદ્ધ સમાન સદા પદ મેરો ❀

શ્રી આચાર્યદેવ કહે છે કે–'હું પ્રભુ છું, પૂર્ણ છું'—એમ નક્કી કરીને તમે પ્રભુત્વ માનજો. સર્વજ્ઞ ભગવાન અને અનંત જ્ઞાની–આચાર્યોએ બધા આત્માને પૂર્ણપણે જોયા છે. તું પણ પૂર્ણ છે, પરમાત્મા જેવો છે. જ્ઞાનીઓ સ્વભાવ જોઈને કહે છે કે તું પ્રભુ છે, કારણ કે ભૂલ અને અશુદ્ધતા તારું સ્વરૂપ નથી. અવસ્થામાં ક્ષણિક ભૂલ છે તેને અમે ગૌણ કરીએ છીએ. ભૂલને અમે ન જોઈએ, કારણ કે અમે ભૂલ રહિત આત્મસ્વભાવને મુખ્યપણે જોનારા છીએ. અને એવા પૂર્ણ સ્વભાવને કબૂલ કરીને તેમાં સ્થિરતા વડે અનંત જીવો પરમાત્મદશારૂપ થયા છે. તેથી તારાથી થઈ શકે તે જ કહેવાય છે.....'હું સિદ્ધ સમાન પ્રભુ છું' એવો વિશ્વાસ તને તારાથી ન આવે ત્યાં સુધી સર્વજ્ઞ પરમાત્માએ કહેલી વાતો તારા અંતરમાં બેસે નહિ.

# રે ભવ્ય! તું તત્ત્વનો કૌતૂહલી થઈ આત્માનો અનુભવ કર

ભેદજ્ઞાન માટેની પ્રેરણાનો આ શ્લોક છે :

अयि! कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभवभवमूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसंतं स्वं समालोक्य येन
त्यजसि झटिति मूर्त्या साकमेकत्वमोहम्॥

(સમયસાર કળશ-૨૩)

શ્રી આચાર્યદેવ કોમળ સંબોધનથી કહે છે કે ભાઈ! તું કોઈ પણ રીતે મહાકષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિ મૂર્તિક પુદ્ગલ દ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે.

મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વનો નાશ કેમ થાય? અને ઊંધી માન્યતા ને ઊંધા પાપ અનાદિનાં કેમ ટળે? તેનો ઉપાય બતાવે છે.

આચાર્યદેવ કડક સંબોધન કરીને કહેતા નથી પણ કોમળ સંબોધન કરીને કહે છે કે હે ભાઈ! આ તને શોભે છે! કોમળ સંબોધન કરીને જગાડે છે કે રે જીવ, તું કોઈ પણ રીતે મહાકષ્ટે અથવા મરીને પણ—મરણ જેટલા કષ્ટ આવે તોપણ તે બધું સહન કરીને તત્ત્વનો કૌતૂહલી થા.

જેમ કૂવામાં કોશિયો મારી તાગ લાવે છે તેમ જ્ઞાનથી ભરેલા ચૈતન્યકૂવામાં પુરુષાર્થરૂપ ઊંડો કોશિયો મારી તાગ લાવ, વિસ્મયતા લાવ, દુનિયાની દરકાર છોડ. દુનિયા એક વાર તને ગાંડો કહેશે, ભંગડાભૂત પણ કહેશે. દુનિયાની અનેક પ્રકારની પ્રતિકૂળતા આવે તોપણ તેને સહન કરીને,

તેની ઉપેક્ષા કરીને, ચૈતન્ય ભગવાન કેવા છે તેને જોવાને એકવાર કૌતૂહલ તો કર! જો દુનિયાની અનુકૂળતા કે પ્રતિકૂળતામાં રોકાઈશ તો તારા ચૈતન્ય ભગવાનને તું જોઈ શકીશ નહિ, માટે દુનિયાનું લક્ષ છોડી દઈ અને તેનાથી એકલો પડી એક વાર મહાન કષ્ટે પણ તત્ત્વનો કૌતૂહલી થા!

જેમ સૂતર અને નેતરને મેળ ખાય નહિ તેમ જેને આત્માની ઓળખાણ કરવી હોય તેને અને જગને મેળ નહિ ખાય. સમ્યક્દ્રષ્ટિરૂપ સૂતર અને મિથ્યાદ્રષ્ટિરૂપ નેતરને મેળ નહિ ખાય. આચાર્યદેવ કહે છે કે હે બંધુ! તું ચોરાશીના કૂવામાં પડ્યો છે, તેમાંથી પાર પામવા માટે ગમે તેટલા પરીષહો કે ઉપસર્ગો આવે, મરણ જેટલાં કષ્ટો આવે તોપણ તેની દરકાર છોડીને, પુણ્ય-પાપરૂપ વિકાર ભાવનો બે ઘડી પાડોશી થા, તો ચૈતન્યદળ તને જુદું જણાશે. 'શરીરાદિ તથા શુભાશુભ ભાવ એ બધું મારાથી જુદું છે ને હું એનાથી જુદો છું, પાડોશી છું' એમ એક વાર પાડોશી થઈ આત્માનો અનુભવ કર.

સાચી સમજણ કરીને નજીકમાં રહેલા પદાર્થોથી હું જુદો, જાણનાર -દેખનાર છું; શરીર, વાણી, મન તે બધાં બહારનાં નાટક છે, તેને નાટક સ્વરૂપે જો. તું તેનો સાક્ષી છો, સ્વાભાવિક અંતર્જ્યોતિથી જ્ઞાન ભૂમિકાની સત્તામાં બધું જે જણાય છે તે હું નહિ પણ તેને જાણનારો તેટલો હું— એમ સ્વતત્ત્વને જાણ તો ખરો! અને તેને જાણીને તેમાં લીન થા! આત્મામાં શ્રદ્ધા જ્ઞાન અને લીનતા પ્રગટ થાય છે તેનું આશ્ચર્ય લાવી એકવાર પરદ્રવ્યોનો પાડોશી થા.

જેમ મુસલમાનનું ઘર અને વાણિયાનું ઘર નજીક નજીક હોય તો વાણિયો તેનો પાડોશી થઈ રહે છે પણ તે મુસલમાનનું ઘર પોતાનું માનતો નથી; તેમ તું પણ ચૈતન્યસ્વભાવમાં ઠરી પર પદાર્થોનો બે ઘડી પાડોશી થા, આત્માનો અનુભવ કર.

શરીર, મન, વાણીની ક્રિયા તથા પુણ્ય-પાપના પરિણામ તે બધું પર છે, ઊંધા પુરુષાર્થ વડે પરનું માલિકીપણું માન્યું છે, વિકારીભાવ તરફ તારું બાહરનું લક્ષ છે, તે બધું છોડી, સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા કરી,

એક અંતર્મુહૂર્ત એટલે બે ઘડી છૂટો પડી ચૈતન્યમૂર્તિને છૂટો જો. તે મોજને અંદરમાં દેખતાં શરીરાદિના મોહને તું તરત જ છોડી શકશે. 'झटिति' એટલે ઝટ દઈને છોડી શકીશ. આ વાત સહેલી છે કેમ કે તારા સ્વભાવની છે. કેવળજ્ઞાન-લક્ષ્મીને સ્વરૂપસત્તાભૂમિમાં ઠરીને જો, તો પર સાથેના મોહને ઝટ દઈને છોડી શકીશ.

ત્રણ કાળ, ત્રણ લોકની પ્રતિકૂળતાના ગંજ એક સાથે સામા આવીને ઊભા રહે તો માત્ર જ્ઞાતાપણે રહીને તે બધું સહન કરવાની શક્તિ આત્માના જ્ઞાયક સ્વભાવની એક સમયનની પર્યાયમાં રહેલી છે. શરીરાદિથી ભિન્નપણે આત્માને જાણ્યો તેને એ પરિષહોના ગંજ જરા પણ અસર કરી શકે નહિ એટલે કે ચૈતન્ય પોતાના વેપારથી જરા પણ ડગે નહિ.

કોઈ જીવતા રાજકુમારને—કે જેનું શરીર કોમળ છે તેને જમશેદપુરની અગ્નિની ભઠ્ઠીમાં એકદમ નાખી દે અને તેને જે દુઃખ થાય તેના કરતાં અનંતગણું દુઃખ પહેલી નરકે છે, અને પહેલી નરક કરતાં બીજી ત્રીજી આદિ સાતમી નરકે એક એકથી અનંતગણું દુઃખ છે. એવા અનંતા દુઃખની પ્રતિકૂળતાની વેદનામાં પડેલો, મહાઆકરાં પાપ કરીને ત્યાં ગયેલો, તીવ્ર વેદનાના ગંજમાં પડેલો, છતાં તેમાં કોઈ વાર કોઈ જીવને એવો વિચાર આવે કે અરેરે! આવી વેદના! આવી પીડા! એવા વિચારો કરતાં સ્વસન્મુખ વેગ વળતાં સમ્યગ્દર્શન થઈ જાય છે; ત્યાં સત્સમાગમ નથી પણ પૂર્વે એકવાર સત્સમાગમ કર્યો હતો, સત્નું શ્રવણ કર્યું હતું અને વર્તમાન સમ્યક્ વિચારના બળથી, સાતમી નરકની મહાતીવ્ર પીડામાં પડેલો છતાં, પીડાનું લક્ષ ચૂકી જઈને સમ્યક્દર્શન થાય છે. આત્માનું વેદન થાય છે. સાતમી નરકમાં રહેલા સમ્યગ્દર્શન પામેલા જીવને નરકની પીડા અસર કરી શકતી નથી. કારણ કે તેને ભાન છે કે મારા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યને કોઈ પર પદાર્થ અસર કરી શકતો નથી. એવી અનંતી વેદનામાં પડેલા પણ આત્માનો અનુભવ પામ્યા છે, તો સાતમી નરક જેટલી પીડા તો અહીં નથી ને? મનુષ્યપણું પામીને રોદણાં શું રોયાં કરે છે? હવે સત્સમાગમે

આત્માની પિછાણ કરી, આત્માનુભવ કર. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે કે પરિષહ આવ્યે પણ ડગે નહિ ને બે ઘડી સ્વરૂપમાં લીન થાય તો પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરે, જીવનમુક્ત દશા થાય અને મોક્ષદશા થાય; તો પછી મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે તો સુગમ છે.

*(પૂ. બેનશ્રીબેનલિખિત સમયસાર–પ્રવચનો ભાગ ત્રીજામાંથી)*

**❀ સમુદ્રમંથનમાંથી મળેલું રત્ન ❀**

**तदेवैकं परं रत्नं सर्वशास्त्रमहोदधेः।**
**रमणीयेषु सर्वेषु तदेकं पुरतः स्थितम्।।४३।।**

તે એક ચૈતન્યસ્વરૂપ આત્મા જ સમસ્ત શાસ્ત્રરૂપી મહાસમુદ્રનું પરમ રત્ન છે (અર્થાત્ તે ચૈતન્યરત્નની પ્રાપ્તિ માટે જ સર્વ શાસ્ત્રનું અધ્યયન કરવામાં આવે છે), સર્વે રમણીય પદાર્થોમાં તે ચૈતન્યસ્વરૂપ આત્મા જ એક રમણીય તથા ઉત્કૃષ્ટ છે. *(પદ્મનંદી પચ્ચીસી)*

# ભેદવિજ્ઞાનનો મહિમા

એક માત્ર ભેદવિજ્ઞાન સિવાય જીવ અનંતકાળમાં બધું કરી ચૂક્યો છે, પણ ભેદજ્ઞાન એક સેકન્ડ માત્ર પણ પ્રગટ કર્યું નથી. એક સેકન્ડ માત્રનું ભેદવિજ્ઞાન અનંત જન્મ-મરણનો નાશ કરનાર છે. જેમ ડુંગર ઉપર વીજળી પડે અને તેના સેંકડો કટકા થઈ જાય, તે ફરીથી રેણ દીધે સંધાય નહિ, તેમ એક વાર પણ જીવ જો ભેદવિજ્ઞાન પ્રગટ કરે તો તેની મુક્તિ થાય અને તેને ફરીથી અવતાર રહે નહીં, માટે તે ભેદવિજ્ઞાન નિરંતર ભાવવા યોગ્ય છે.

ભેદવિજ્ઞાન પ્રગટ કરવાની તૈયારીવાળા જીવને દેશનાલબ્ધિ અવશ્ય હોય છે. સત્સમાગમ વગર માત્ર શાસ્ત્રના અભ્યાસથી એ દેશનાલબ્ધિ થઈ શકતી નથી. કોઈ આત્માનુભવી ધર્માત્મા પાસેથી ધર્મદેશનાનું સીધું શ્રવણ કર્યા વગર કોઈપણ જીવ શાસ્ત્ર વાંચીને ભેદવિજ્ઞાન પ્રગટ કરી શકે નહીં; માટે જે આત્માર્થીને અતિ મહિમાવંત ભેદવિજ્ઞાન પ્રગટ કરીને આ સંસાર—દુઃખોથી પરિમુક્ત થવું હોય તેણે સત્સમાગમે ઉપદેશનું શ્રવણ કરીને તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ. ભેદવિજ્ઞાન તે જ આ જગતમાં સારભૂત છે. ભેદવિજ્ઞાન વગરનું જે કાંઈ છે તે બધું અસાર છે, માટે આત્માર્થી જીવોએ પળે પળે એ ભેદવિજ્ઞાનની ભાવના કરવા યોગ્ય છે.

*(—ભેદવિજ્ઞાનસાર)*

# વિરલા જીવો જ આત્માને જાણે છે

## હે જીવો! ભાવમરણથી બચવા માટે આત્માને ઓળખો

“સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તે સંજીવની.”

*(સમયસાર સ્તુતિ)*

પોતાના જ્ઞાન-આનંદમય જીવનને ભૂલીને અજ્ઞાનને લીધે અનાદિકાળથી જીવ સંસારપરિભ્રમણ કરી રહ્યો છે અને ક્ષણે ક્ષણે ભાવમરણે મરી રહ્યો છે. તે ભાવમરણ કેમ ટળે તેની આ વાત છે. આત્મા પોતે સુખસ્વરૂપ છે, આત્મામાં શાંતિ છે, તેની જેને ખબર નથી તે બહારમાં શાંતિ માને છે, પણ તેમાં શાંતિ નથી. શરીર-પૈસા-કુટુંબ વગેરે વસ્તુઓમાં સુખ નથી, તે તો પર ચીજ છે, તે પડી રહે છે ને આત્મા ક્યાંક ચાલ્યો જાય છે, માટે તેમાં સુખ નથી. પણ અજ્ઞાનથી તેમાં સુખ માને છે ને તે શરીર વગેરેમાં પોતાપણું માને છે તે સંસાર છે, ને તેનું દુઃખ છે; તે દુઃખ કેમ ટળે તેનો ઉપાય જ્ઞાની કહે છે. સાચું સુખ તો જ્ઞાનમાં છે. તે સમજે તો શાંતિ થાય. પણ તેની રુચિ થવી જોઈએ કે અરેરે! હું કોણ છું? મારું શું સ્વરૂપ છે? અનંતકાળે મોંઘો મનુષ્યભવ મળ્યો તેમાં આત્માનું સ્વરૂપ શું છે, તે જાણે તો દુઃખ ટળે. સંસારી જીવોના ભાવમરણો કેમ ટળે તે માટે કરુણા કરીને જ્ઞાનીનો ઉપદેશ છે.

આત્મામાં ચૈતન્યખજાનો છે, આનંદ અને શાંતિ અંદરમાં છે, પણ જેમ કસ્તૂરીમૃગ બહારમાં સુગંધ માને છે તેમ અજ્ઞાની જીવ બહારમાં સુખ ગોતે છે, પણ અંદરમાં સુખ છે, એવા આત્માનું જ્ઞાન થાય તો સદ્‌બોધરૂપી ચંદ્રમા ઊગે, ને પછી જેમ બીજમાંથી પૂર્ણિમા થાય છે તેમ તે સમ્યગ્જ્ઞાનમાંથી કેવળજ્ઞાન થાય.

આ આત્મા સુખનો ભંડાર છે, તેમાંથી જ સુખ પ્રગટે છે. જેમ કાચા

ચણાને શેકો તો તેમાં મીઠાશ પ્રગટે છે, તે મીઠાશ બહારથી પ્રગટી નથી, પણ ચણામાં જ ભરી હતી તે પ્રગટી છે, તેમ સાચી ઓળખાણ કરતાં આત્મામાં સુખ પ્રગટે છે, તે બહારથી આવતું નથી પણ અંદર ભર્યું છે તેમાંથી જ આવે છે. આત્માનું સાચું જ્ઞાન કરવું તે આ મનુષ્યભવનું કર્તવ્ય છે. મનુષ્ય અવતાર પામીને જો આત્માની ઓળખાણ ન કરે તો તે અવતારની કાંઈ વિશેષતા નથી. જેમ કાચો ચણો તૂરો લાગે ને વાવો તો ઊગે પણ તેને શેકો તો મીઠાશ આવે ને ફરી ઊગે નહિ. તેમ આત્મા અજ્ઞાનભાવથી દુઃખી છે, ને નવા નવા ભવ ધારણ કરે છે. પણ આત્માની સાચી ઓળખાણ કરતાં તેને સુખ પ્રગટે ને ફરીથી ભવ ધારણ કરે નહિ. આ આત્મા આબાળગોપાળ બધાયને ખ્યાલમાં આવે તેવો છે. મોક્ષસુખનો દેવાવાળો આત્મા છે. એવા આત્માને અનુભવથી જાણી શકે, પણ મોટા વિદ્વાનો પણ વાણીથી તેનું પૂરું વર્ણન કરી શકે નહિ. જ્ઞાનમાં આવે પણ વાણીમાં આવે નહિ. જેમ ઘી ખાતાં તેના સ્વાદનું જ્ઞાન થાય છે પણ વાણીમાં તે પૂરું કહેવાતું નથી, તેમ આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં જણાય છે પણ વાણીમાં કહી શકાતું નથી. આત્માને જાણનાર જ્ઞાની પણ તેને વાણીથી પૂરો કહેવા સમર્થ નથી, તો પછી અજ્ઞાની તો તેને ક્યાંથી કહી શકે?

આ મનુષ્યદેહ દુર્લભ છે, ને તેમાંય આત્માનું ભાન કરવું તે મહાદુર્લભ છે. ઘણા જીવો મનુષ્યપણું પામીને આત્માને જાણતા નથી ને તીવ્ર લોલુપતાથી કાગડા-કીડા જેવું જીવન ગાળે છે. અહીં કહે છે કે હે ભાઈ! મનુષ્યપણું પામીને તું તારા આત્માને જાણ. આત્મસ્વભાવ એવો છે કે જ્ઞાનથી અનુભવી શકાય છે પણ વાણીમાં આવી શકતો નથી. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે—

“જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,<br>
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો;<br>
તેહ સ્વરૂપને અન્ય વાણી તો શું કહે?<br>
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.”

એવા આત્માનું ભાન આઠ આઠ વર્ષના રાજકુમારો પણ અત્યારે

વિદેહક્ષેત્રમાં કરે છે. હું જ્ઞાનાનંદસ્વરૂપ છું–એવો અનુભવ આઠ વરસના બાળકો પણ કરી શકે છે. ચૈતન્યના મહિમાનો વિસ્તાર એટલો બધો છે કે વાણીથી પૂરો ન પડે, પણ જ્ઞાનના અનુભવથી જ પૂરો પડે છે. ઘીનું વર્ણન લખીને ગમે તેટલા ચોપડા ભરે કે ગમે તેટલું કથન કરે, પણ તેનાથી સામા જીવમાં ઘીનો સ્વાદ આવી શકે નહિ, તેમ ચૈતન્યનું ગમે તેટલું કથન કરવામાં આવે પણ અનુભવ વિના તેનો પાર પડે નહિ. આત્માને જાણ્યા વિના જન્મ-મરણનો અંત આવે નહિ. આત્મા જાણનાર–દેખનાર પદાર્થ છે. મહિમાવાળો ભગવાન છે, વાણી જડ–અચેતન છે, તેના વડે આત્મા જણાતો નથી તો તેને જાણવાનો ઉપાય શું? કે સ્વાનુભવ વડે તે જણાય છે. લાખો -કરોડો પ્રાણીમાં કોઈ વિરલા પ્રાણીઓ અંતરમાં અનુભવ વડે તેને જાણે છે. પુણ્યથી આત્મસ્વરૂપ ઓળખાતું નથી, કેમ કે તે તો આત્મસ્વરૂપથી બહિર્ભાવ છે. અંતર્મુખ સ્વાનુભવ વડે જ આત્મતત્ત્વ જણાય છે. કરોડોમાં વિરલા જીવો જ સ્વાનુભવથી જે આત્માને જાણે છે તે આત્મસ્વભાવ આ જગતમાં જયવંત વર્તો! એમ કહીને અહીં માંગળિક કર્યું છે.

આત્મસ્વરૂપ અંતરમાં દરેકને છે પણ સ્વાનુભવ વડે કરોડોમાં વિરલા જીવો જ તેને જાણે છે. છે તો અંતરમાં, પણ બહાર ભમે છે. એક શિષ્યને જ્ઞાન જોઈતું હતું ને કોઈ પાસે જઈને કહ્યું કે મને જ્ઞાન આપો. ત્યારે તેણે કહ્યું કે અમુક સરોવરનાં માછલાં પાસે જઈને કહેજે તે તને બતાવશે. તે માણસ માછલાં પાસે જઈને કહે–“મારે જ્ઞાન જોઈએ છે” ત્યારે માછલાંએ કહ્યું–“પહેલાં મને તૃષા લાગી છે માટે પાણી આપો, પછી જ્ઞાન બતાવું.” ત્યારે તે માણસે આશ્ચર્યથી કહ્યું કે–“અરે, તું આ મીઠા પાણીના સરોવરમાં પડ્યો છે, તારી પાસે પાણી ભર્યું છે ને મારી પાસે કેમ માગ્યું?” ત્યારે માછલાંએ કહ્યું–“હે ભાઈ, તારું જ્ઞાન તારા અંતરમાં પૂરું છે, તેમાંથી જ્ઞાન કાઢને, બહારમાંથી જ્ઞાન આવે તેમ નથી. પોતામાં જ્ઞાન ભર્યું છે તેને જાણતો નથી, ને બહારમાં જ્ઞાન ગોતે છે, તે ક્યાંથી મળે?” અંતરસ્વભાવમાં જ્ઞાન ભર્યું છે તેને ઓળખે તો સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્ર પ્રગટે ને આત્માની મુક્તિ થાય.

ખરા જિજ્ઞાસુને ગૃહસ્થાશ્રમમાં પણ આત્માનું ભાન થાય છે, રાજ-પાટ, બાયડી-છોકરાં હોવા છતાં આત્માને સમજી શકે છે, ને કલ્યાણ થાય છે. અને આત્માને સમજ્યા વગર તે બાયડી-છોકરાં, ઘરબાર છોડીને જંગલમાં રહે તોય તેને કલ્યાણ થતું નથી.

આત્મસ્વભાવ મહિમાવંત છે, તે મોક્ષસુખનો દેનાર છે, તે સ્વાનુભવથી જણાય છે, પણ વાણીના વિસ્તારથી જણાતો નથી; લાખો-કરોડોમાં તેને જાણનારા કોઈક વિરલા જ હોય છે. આવો આત્મા જયવંત વર્તે છે, અને આત્માને જાણનારા પણ સદાય હોય છે. જોકે આત્માને જાણનારા વિરલા જ હોય છે, પણ તેનો કદી વિરહ પડતો નથી—પૂર્વે આત્માને જાણનારા હતા, અત્યારે છે, ને ભવિષ્યમાં થશે.

—એવા આત્માને જાણે તો મુક્તિ પ્રગટે, ને સંસારમાં જન્મ-મરણ રહે નહિ, માટે એવા આત્માને જાણવો તે મનુષ્યભવનું કર્તવ્ય છે.

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ,
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ.

*—શ્રી યોગીન્દ્રદેવ.*

# હે જીવ!
# શરીરથી જુદા ચૈતન્યનું શરણ કર

આચાર્યદેવ કહે છે કે—હે ભાઈ! તું સમજ રે સમજ! અંતરમાં જો. તારો સ્વભાવ શરીરથી ને તેના તરફથી ઈચ્છાથી જુદો છે, માટે તેમનો આશ્રય છોડ અને તારા કાયમી ચૈતન્યસ્વભાવનો આશ્રય કર. તેનું શરણ લે.

જે શરીરને તું તારું માની રહ્યો છે તે શરીરમાં પણ તારો અધિકાર ચાલતો નથી, તો પછી જે પદાર્થો પ્રત્યક્ષપણે દૂર છે તેમાં તારું ક્યાંથી ચાલે? તું પરનું કાંઈ કરી શકતો નથી; પર પદાર્થો તારાથી જુદા છે માટે તે પદાર્થોના આશ્રયે જે મોહદિ ભાવો થાય છે તે પણ તારા સ્વરૂપથી જુદા છે. એ બધાથી જુદા તારા ચૈતન્યતત્ત્વને ઓળખીને તેનું શરણ લે તો તને ધર્મ અને શાંતિ પ્રગટે.

વર્તમાન અધૂરી દશામાં રાગ થતો હોવા છતાં હે ભાઈ! તું તારા જ્ઞાનમાં એવો નિર્ણય અને શ્રદ્ધા તો કર કે રાગ અને અધૂરાશ હું નથી, હું તો તે રાગ અને અધૂરાશ રહિત પૂરા જ્ઞાનસ્વભાવરૂપે છું. જો તું એવો નિર્ણય કરીશ તો તને અંતરમાં મોકળાશ રહેશે, —રાગ અને શરીરથી જુદાપણાનું ભાન જાગૃત રહેશે. જીવનમાં જ શરીરથી છૂટા ચૈતન્યનું ભાન કર્યું હશે તો, શરીરથી છૂટવાના પ્રસંગે (—મૃત્યુ વખતે) શરીરમાં મૂર્ચ્છાઈશ નહિ, ને શરીરથી ભિન્ન ચૈતન્યની જાગૃતિ રહેશે ને આત્માના આનંદપૂર્વક સમાધિ થશે. અહો! હું ચૈતન્ય ભગવાન છું, શરીરથી જુદો છું એમ જેણે ભાન કર્યું છે તેને શરીરથી મૂકાવાનો (જન્મ-મરણરહિત થવાનો) મોકો —અવસર આવશે. શરીરમાં જ જે એકતા માની બેઠો તે તો શરીરમાં જ મૂર્ચ્છાઈ જશે ને ફરીફરી નવા શરીર ધારણ કરીને અનંત જન્મ-મરણમાં રખડશે. મારા ચૈતન્યતત્ત્વને શરીરનો સંબંધ જ નથી—એવી શ્રદ્ધા કરનાર જીવ અલ્પકાળે અશરીરી સિદ્ધ થશે. ચૈતન્યજાતને શરીરથી અને વિકારથી

ભિન્ન જાણીને, ત્રણકાળના સર્વ પદાર્થોથી હું જુદો છું એમ જાણીને, પોતાના જ્ઞાનને સ્વભાવમાં એકાગ્ર કરીને જે આત્માની શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ કરે છે તેને અપૂર્વ ધર્મ પ્રગટ થાય છે.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય! આરાધ્ય! પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

*

### ❁ એકવાર તો જ્ઞાનસમુદ્રમાં ડૂબકી માર! ❁

પુણ્ય-પાપ તે પરસમય છે, અનાત્મા છે, તેનું જ હોવાપણું જેને ભાસે છે ને તેનાથી ભિન્ન ચૈતન્યનું હોવાપણું નથી ભાસતું તે મિથ્યાદ્રષ્ટિ છે. પુણ્ય-પાપ વખતે જ ચૈતન્યસ્વભાવમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા જેને ભાસે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે. સમ્યગ્દર્શનના પ્રભાવે પર્યાયે પર્યાયે સ્વભાવમાં એકતા જ થતી જાય છે, માટે આચાર્યભગવાન કહે છે કે હે ભાઈ! એકવાર તું એમ તો માન કે જ્ઞાનસ્વરૂપ જ હું છું, રાગાદિ મારામાં છે જ નહિ. પર્યાયમાં રાગાદિ થાય તે મારા સ્વરૂપમાં નથી, ને મારું જ્ઞાન તે રાગમાં એકમેક થઈ જતું નથી. આમ રાગ અને જ્ઞાનની ભિન્નતાને જાણીને એક વાર તો રાગથી જુદો પડીને આત્માના જ્ઞાનનો અનુભવ કર! તારા જ્ઞાનસમુદ્રમાં એક વાર તો ડૂબકી માર.

# वंदित्तु सव्वसिद्धे.......

## સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવાની રીત, અને તેનું ફળ

શ્રી કુંદકુંદાચાર્યદેવે 'वंदित्तु सव्वसिद्धे....' એમ કહીને જ્યારે સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા ત્યારે સિદ્ધોની જે સંખ્યા હતી તેના કરતાં અત્યારે લાખો સિદ્ધોની સંખ્યા વધી ગઈ છે... અને તે સદાય વૃદ્ધિગત જ રહેશે, જેમ જગતમાં સિદ્ધો નિરંતર વૃદ્ધિગત જ છે, તેમ આત્મામાં સિદ્ધોનું સ્થાપન કરનારા સાધકની પરિણતિ પણ નિરંતર વૃદ્ધિગત જ છે...તેની પરિણતિમાં વૃદ્ધિ થતાં થતાં તે પણ સિદ્ધોની વસ્તીમાં ભળી જશે.

'वंदित्तु सव्वसिद्धे....' એમ કહીને શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયસારની શરૂઆતમાં માંગલિક તરીકે સર્વ સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે....જેમને પૂર્ણ જ્ઞાન અને આનંદ ખીલી ગયા છે ને રાગાદિનો અભાવ થયો છે એવા સર્વ સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો!

સિદ્ધને નમસ્કાર કરનાર જીવ કેવો હોય? નમસ્કાર કરનારને પોતાને તો પૂર્ણ જ્ઞાન ખીલ્યું નથી ને અપૂર્ણ જ્ઞાન છે, કેમ કે પૂર્ણ જ્ઞાન ખીલી ગયા પછી કોઈને નમસ્કાર કરવાનું રહે નહિ. પોતાને વર્તમાનમાં અપૂર્ણ જ્ઞાન હોવા છતાં પૂર્ણ જ્ઞાનીને નમસ્કાર કરે છે તો તે કોની સન્મુખ રહીને નમસ્કાર કરશે? અપૂર્ણ જ્ઞાનની સન્મુખ રહીને પૂર્ણ જ્ઞાનનો સ્વીકાર કરી શકાય નહિ. જ્યાં પૂર્ણ જ્ઞાન પ્રગટવાની તાકાત ભરી હોય તેની સન્મુખતા કરે તો જ પૂર્ણ જ્ઞાનનો સ્વીકાર થઈ શકે. હું અલ્પજ્ઞ હોવા છતાં સર્વજ્ઞનો આદર કરું છું—તેમને નમું છું–મારા જ્ઞાનમાં તેમને સ્થાપું છું, આમ નમસ્કાર કરનારને પોતાને 'પૂર્ણ જ્ઞાન પ્રગટવાનો આધાર કોણ છે'

તેની દૃષ્ટિ થયા વિના ખરેખર પૂર્ણ જ્ઞાનને નમસ્કાર ન થઈ શકે, તેથી સર્વજ્ઞને નમસ્કાર કરવામાં ખરેખર તો પોતાના જ્ઞાનસ્વભાવમાં જ નમવાનું–ઢળવાનું આવ્યું.

સિદ્ધ ભગવાનને નમસ્કાર કરે તેણે એમ જાણવું જોઈએ કે, તેમનું પરિપૂર્ણ જ્ઞાન ઈન્દ્રિયોના કે પુણ્ય-પાપના આધારે ખીલ્યું નથી પણ અંતરના અનાદિઅનંત જ્ઞાનસ્વભાવના આધારે જ તે જ્ઞાન ખીલ્યું છે, માટે મારા જ્ઞાનનો આધાર પણ મારો જ્ઞાનસ્વભાવ જ છે. કોઈ વિકાર કે નિમિત્ત મારા જ્ઞાનનો આધાર નથી. જો શુભ ભાવના આધારે જ્ઞાન ખીલ્યું એમ માને તો પૂર્ણ થયા પછી તે જ્ઞાન ટકી શકે નહિ કેમ કે ત્યાં શુભરાગનો તો અભાવ છે. જો રાગ કે ઈન્દ્રિયોના આધારે જ્ઞાન થતું હોય તો તો તેમનો અભાવ થતાં સિદ્ધને જ્ઞાનનો ય અભાવ થઈ જાય! માટે જે જીવ રાગ કે ઈન્દ્રિયોના આધારે જ્ઞાન માને તે પૂર્ણ જ્ઞાની એવા સિદ્ધ ભગવાનને ખરેખર નમસ્કાર કરી શકે નહિ એટલે કે પોતાના સ્વભાવ તરફ તે વળી શકે નહિ. આત્માની ત્રિકાળી જ્ઞાનશક્તિના આધારે જ કેવળજ્ઞાન પ્રગટે છે એમ સમજીને, દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને જે પ્રતીત કરે તેણે જ અનંત સિદ્ધ ભગવંતોને ખરું વંદન કર્યું છે.

આ ગાથામાં '**वंदित्तु सव्वसिद्धे**' દ્વારા કુંદકુંદાચાર્યદેવે સર્વ સિદ્ધોને નમસ્કાર કર્યા છે, તેને આજે લગભગ બે હજાર વર્ષ વીતી ગયાં; તે દરમિયાન પણ દરેક છ મહિના ને આઠ સમયે છસો ને આઠ (૬૦૮) સિદ્ધ નવા નવા થયા જ કર્યા છે; એટલે શ્રી કુંદકુંદાચાર્યદેવે સિદ્ધોને વંદન કર્યું ત્યારે સિદ્ધોની જે સંખ્યા હતી તેના કરતાં અત્યારે તેમાં લાખો સિદ્ધોની સંખ્યા વધી ગઈ છે. જગતમાં સિદ્ધો નિરંતર વૃદ્ધિંગત જ છે, તેમ આત્મામાં જેણે સિદ્ધોને સ્થાપ્યા તેની પરિણતિ પણ નિરંતર વૃદ્ધિંગત જ છે. તે સિદ્ધ ભગવંતોને પુણ્ય-પાપ નથી છતાં સર્વજ્ઞપણું ટકી રહ્યું છે તે તો સર્વજ્ઞપણું વસ્તુસ્વભાવના આધારે જ પ્રગટ્યું છે ને ટક્યું છે. આવા સિદ્ધ ભગવંતોને વંદન કરનાર જીવ પોતાના પુણ્ય-પાપ રહિત સ્વભાવનો આદર અને વિશ્વાસ કર્યા વિના સિદ્ધોને ખરું વંદન કરી શકતો નથી. 'હું સિદ્ધોને વંદન

કરું છું' એટલે કે મારી પર્યાયમાં અલ્પજ્ઞતા ને રાગ-દ્વેષ હોવા છતાં તેનો આદર ન કરતાં, હું પૂર્ણ વસ્તુસ્વભાવની સન્મુખ જાઉં છું....વસ્તુસ્વભાવમાં પરિણમું છું.—આનું નામ સ્વભાવદૃષ્ટિ–દ્રવ્યદૃષ્ટિ છે અને આનું જ નામ સિદ્ધને વંદન છે.

સર્વજ્ઞ ભગવાનને વર્તમાન પરસન્મુખતાનો કોઈ વિકલ્પ ન હોવા છતાં સર્વજ્ઞતા ટકી છે તો તે સર્વજ્ઞતા તેમને સ્વસન્મુખતાથી જ પ્રગટી ને ટકી છે–એમ સમજીને જે પોતે સ્વભાવની સન્મુખ થયો તેણે સર્વજ્ઞને ભાવ-નમસ્કાર કર્યા છે. આવા નમસ્કાર તે મોક્ષનું કારણ છે. જુઓ, આ નમસ્કારનો મહિમા!! પૂર્વે કદી જીવે આવા નમસ્કાર કર્યા નથી.

એક વાર વંદે જો કોઈ,<br>
ભવભ્રમણ તાકો નહીં હોઈ.

અહીં, કહ્યું તે રીતે ઓળખીને જો એક વાર પણ ભગવાનને નમસ્કાર કરે તો તેને અલ્પકાળે મુક્તિ થયા વિના રહે નહીં, ને પછી તેને ચારગતિમાં ભ્રમણ થાય નહિ.

જેને એક વાર પણ આત્માના સ્વભાવની આ વાત રુચી જાય પછી તેને, જો આત્મા ચૈતન્ય મટીને જડ થઈ જાય તો તેની રુચિ ફરે! અર્થાત્ આત્માનો ચૈતન્યસ્વભાવ મટીને કદી જડ થાય નહિ ને તેની રુચિ ફરે નહિ. ધ્રુવ સ્વભાવના આધારે થયેલી રુચિ સ્વભાવ સાથે કાયમ ટકી રહે છે ને અલ્પકાળે તેની મુક્તિ થઈ જાય છે. આવી રુચિ પ્રગટવા માટે સ્વભાવ સિવાય બીજું કોઈ કારણ છે જ નહિ.

અહીં, જેમને પૂર્ણ જ્ઞાન પ્રગટી ગયું છે એવા સિદ્ધોને નમસ્કાર કઈ રીતે થાય તે વાત ચાલે છે. પૂર્ણ કેવળજ્ઞાન પર્યાય પોતાને વર્તમાનમાં વર્તતી નથી અને જેમને તે દશા પ્રગટ વર્તે છે તેમને પોતાના જ્ઞાનમાં કબૂલ કરવા છે, તો જ્ઞાન કોના તરફ વળીને તે સ્વીકારશે? પરની સામે જોઈને પૂર્ણ જ્ઞાનની યથાર્થ કબૂલાત નહિ આવે. પૂર્ણ જ્ઞાનના આધારરૂપ જે ગુણી એટલે કે આત્મસ્વભાવ, તેની સન્મુખ થયા વિના તે પૂર્ણ જ્ઞાનને સ્વીકારી શકાશે

નહિ. સ્વભાવની સન્મુખ થઈને અતીન્દ્રિય જ્ઞાનનો અંશ પોતામાં પ્રગટ કરે ત્યારે જ પૂર્ણ અતીન્દ્રિય એવા કેવળજ્ઞાનની કબૂલાત થાય અને ત્યારે જ સિદ્ધ ભગવાનને સાચા નમસ્કાર કર્યા કહેવાય. એટલે સિદ્ધને નમસ્કાર કરનારો જીવ સ્વભાવસન્મુખ સાધક થઈ ગયો, ને અલ્પકાળે તે સિદ્ધ થશે. આ રીતે સાધકભાવની શરૂઆત થઈ જાય એવા માંગળિકથી આચાર્યભગવાને આ સમયસારની શરૂઆત કરી છે. તે આજે ફરીથી —નવમી વખત—પ્રવચનમાં વંચાય છે.

*(શ્રી સમયસાર ગા. ૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)*

❊

## ❀ નાનકડા સિદ્ધ ❀

સમ્યગ્દર્શન પ્રગટ થતાં આત્માનો અનુભવ થાય છે. જેવો સિદ્ધ ભગવાનને હોય છે તેવો ચોથે ગુણસ્થાને સમકિતી જીવને અનુભવ હોય છે; સિદ્ધને પૂર્ણ અનુભવ હોય છે ને સમકિતીને અંશે અનુભવ હોય છે, પણ જાત તો તે જ. સમકિતી આનંદસાગરના અમૃતનો અપૂર્વ સ્વાદ લઈ રહ્યો છે, આનંદના ઝરણામાં મોજ માણી રહ્યો છે.

*—સમયસાર બંધ અધિકારના પ્રવચનોમાંથી*

# કામ એક આત્માર્થનું.... ....બીજો નહિ મનોરોગ

'સમયસાર'નું શ્રવણ કરનાર પાત્ર શિષ્ય કેવો હોય? શ્રી આચાર્યદેવે આત્મસ્વભાવનું જે એકત્વસ્વરૂપ સમયસારમાં સમજાવ્યું છે તે સદ્‌ગુરુગમે શ્રવણ કરવામાં તેને અપૂર્વ ઉત્સાહ છે...હોંશ છે...રુચિ છે. અનંત–પૂર્વકાળે નહોતું સાંભળ્યું એવા અપૂર્વભાવે તે આત્માના એકત્વ સ્વભાવનું શ્રવણ...પરિચય...મંથન કરે છે; તેથી, ચોથી ગાથામાં કહેલ 'એકત્વસ્વભાવની વાત જીવોએ કદી સાંભળી નથી....'એવા પ્રકારમાંથી હવે તે બહાર નીકળી ગયો છે....અને હવે તો 'દર્શાવું તો કરજો પ્રમાણ' એ કથન અનુસાર તે પોતાના સ્વાનુભવથી પ્રમાણ કરવા તૈયાર થયો છે. તેણે જ્ઞાનીની ઉપાસનાપૂર્વક એકત્વ સ્વભાવનું 'શ્રવણ' કર્યું છે...તેની રુચિથી હા પાડીને વારંવાર 'પરિચય' કર્યો છે...અને છટ્ઠી ગાથામાં દર્શાવેલ, 'ભગવાન જ્ઞાયકસ્વભાવ'નો 'અનુભવ' પ્રગટ કરવા તે કટિબદ્ધ થયો છે.

આવો સુપાત્ર જીવ સમયસારનો શ્રોતા છે, અને તે અલ્પકાળમાં જ શુદ્ધાત્માને પ્રાપ્ત કરે છે. અહો! સંતોની કૃપાએ, જે દુર્લભ, તે તેને સુલભ થયું છે. *–શ્રી સમયસાર ગા. ૪-૫-૬ ઉપરના પ્રવચનો ઉપરથી*

# આત્માને રાજી કરવાની ધગશ

અજ્ઞાની જીવોની બાહ્યદૃષ્ટિ હોવાથી તે એમ માને છે કે હું પરનો આશ્રય લઉં તો ધર્મ થાય; પણ જ્ઞાની કહે છે કે ભાઈ! તે બધાનો આશ્રય છોડીને તું અંતરમાં તારા આત્માની શ્રદ્ધા કર, આત્માને પ્રગટાવવાનો આધાર અંતરમાં છે. આત્માની પવિત્રતા અને આત્માનો આનંદ તે આત્મામાંથી જ પ્રગટે છે, બહારથી કોઈ કાળે પણ પ્રગટતો નથી

જીવોને આ વાત મોંઘી પડે છે એટલે બીજો રસ્તો લેવાથી જાણે ધર્મ થઈ જશે! એમ તેમને ઊંધું શલ્ય પેઠું છે. પણ ભાઈ ! અનંત વરસ સુધી તું બહારમાં જોયા કર તોપણ આત્મધર્મ ન પ્રગટે, માટે પરનો આશ્રય છોડીને સ્વતત્ત્વની રુચિ કરવી—પ્રેમ કરવો....મનન કરવું તે જ સત્ સ્વભાવને પ્રગટાવવાનો ઉપાય છે, માટે તે પોતાનું હિત ચાહે તે આવું કરો—એમ આચાર્યદેવ કહે છે.

જેને પોતાનું હિત કરવું હોય તેને આવી ગરજ થશે. જેને ગરજ નથી તેની તો વાત જ નથી; કારણ કે જગતના જીવોએ દુનિયા રાજી કેમ થાય અને દુનિયાને ગમતું કેમ થાય—એવું તો અનંતવાર કર્યું છે પણ હું આત્મા વાસ્તવિક રીતે રાજી થાઉં ને મારા આત્માને ખરેખર ગમતું શું છે—એનો કોઈ વાર વિચાર પણ નથી કર્યો, એની કોઈ વાર દરકાર પણ કરી નથી. જેને આત્માને ખરેખર રાજી કરવાની ધગશ જાગી તે આત્માને રાજી કર્યે જ છૂટકો કરશે અને તેને રાજી એટલે આનંદધામમાં પહોંચ્યે જ છૂટકો છે. અહીં જગતના જીવોને રાજી કરવાની વાત નથી પણ જે પોતાનું હિત ચાહતો હોય તેણે શું કરવું તેની વાત છે. પોતાનો સ્વભાવ જ્ઞાન-આનંદથી ભરેલો છે તેની શ્રદ્ધા કરે તો તેમાંથી કલ્યાણ થાય, તે સિવાય બીજેથી કલ્યાણ ત્રણ કાળ—ત્રણ લોકમાં થાય જ નહિ.

*—સમયસાર—બંધઅધિકારના પ્રવચનોમાંથી*

❁

# શ્રાવકો તેમજ શ્રમણોનું કર્તવ્ય

[પરમ ભાગવત શ્રી નિયમસારના પરમભક્તિ અધિકારની ૧૩૪મી ગાથા ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન : વીર સં. ૨૪૭૮ : માહ સુદ ૪]

મુનિઓને તેમજ શ્રાવકોને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રત્યે કેવી ભક્તિ હોય, તેમ જ તેઓ તે રત્નત્રયની આરાધના કઈ રીતે કરે તેનું સુંદર ભાવવાહી વિવેચન આ પ્રવચનમાં છે.

આ નિયમસારનો ભક્તિ અધિકાર વંચાય છે. ભગવાન આત્માનું ભજન કરવું તેનું નામ ભક્તિ છે. અંતરમાં અખંડ ચિદાનંદી ભગવાન આત્માનું ભજન કરવું એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાં તે જ સાચી ભક્તિ છે; અને ત્યાં બહારના ભગવાનની ભક્તિનો શુભ રાગ તે વ્યવહાર ભક્તિ છે.

જુઓ, આ અધિકારમાં મુનિઓ તેમજ શ્રાવકો બંનેની વાત લીધી છે. કોઈ એમ સમજે કે મુનિઓનો ધર્મ બીજો હશે અને શ્રાવકોનો ધર્મ બીજો હશે–તો તેમ નથી. મુનિ હો કે શ્રાવક હો, જેટલી શુદ્ધ રત્નત્રયની આરાધના તેટલો ધર્મ છે, શ્રાવકને પણ રાગથી ધર્મ થતો નથી. જેટલો સ્વભાવનો આશ્રયભાવ તેટલી રત્નત્રયની ભક્તિ છે અને તે જ ધર્મ છે. અહીં આચાર્યદેવ આવી ભક્તિનું ઘણું સરસ વર્ણન કરે છે—

**શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચરિત્રની ભક્તિ કરે,**
**નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.**

જે શ્રાવક અથવા શ્રમણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ભક્તિ કરે છે તેને નિર્વાણની ભક્તિ છે, એમ જિનેન્દ્ર ભગવંતોએ કહ્યું છે.

સ્વભાવના આશ્રયે રત્નત્રયનો ભાવ તે જ ભક્તિ છે, રાગ તે ખરેખર ભક્તિ નથી. શ્રાવકને પણ પોતાને ત્રિકાળી ચૈતન્ય ભગવાનના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ હોય છે; આવી રત્નત્રયની ભક્તિ તે જ મોક્ષના કારણરૂપ ભક્તિ છે. પરની ભક્તિ કરવાથી શુભ રાગ થાય છે ને સ્વભાવની ભક્તિ કરવાથી મુક્તિ થાય છે. સ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં લીન થવું તેનું નામ સ્વભાવની ભક્તિ છે અને તે જ રત્નત્રયની આરાધના છે.

ભક્તિ એટલે ભજન કરવું; ધર્મી જીવ કોનું ભજન કરે? ધર્મી શ્રાવકો અને શ્રમણો પોતાના આશ્રયે શુદ્ધ રત્નત્રયનું ભજન કરે છે, તેઓ જ ખરા ભક્ત છે.

ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત જે તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિ તેનાથી પ્રતિપક્ષ નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-અવબોધ -આચરણસ્વરૂપ શુદ્ધ રત્નત્રય પરિણામોનું ભજન તે ભક્તિ છે. અહીં શુદ્ધ રત્નત્રય બતાવવા છે તેથી પોતાના પરમાત્મતત્ત્વની શ્રદ્ધા-જ્ઞાન-રમણતાની જ વાત લીધી છે; દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વગેરેમાં તો શુભ રાગ છે, તેથી તેની વાત નથી લીધી. જે જીવ ચૈતન્યમૂર્તિ પરમાત્માની ભક્તિ નથી કરતો —તેનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા નથી કરતો, તે જ મિથ્યાત્વપ્રકૃતિમાં જોડાયો થકો ચાર ગતિમાં રખડે છે. અહીં તો ચારે ગતિમાં પરિભ્રમણનું મૂળ કારણ મિથ્યાત્વને જ ગણ્યું છે, સમ્યગ્દર્શન થયા પછી એકાદ બે ભવ હોય તેની કાંઈ ગણતરી નથી. સ્વભાવને ભૂલીને મિથ્યાત્વમાં જોડાવું તે ચાર ગતિમાં ભ્રમણનું મૂળ છે, અને તે મિથ્યાત્વકર્મથી વિરુદ્ધ એવો આત્માનો પરમાનંદ સ્વભાવ છે, ચાર ગતિના મૂળને ઊખેડી નાંખનાર છે; આવા નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-આચરણ તે શુદ્ધ રત્નત્રય છે. એવા શુદ્ધ રત્નત્રયનું ભજન—આરાધના તે ભક્તિ છે. અહીં વ્યવહાર રત્નત્રયના ભજનની વાત ન લીધી, કેમ કે વ્યવહાર રત્નત્રયમાં શુભરાગ છે તે ખરેખર મોક્ષનું કારણ નથી; અંતરમાં નિજ પરમાત્મતત્ત્વનાં શ્રદ્ધા-જ્ઞાન-આચરણરૂપ નિશ્ચય રત્નત્રયની આરાધના-ભક્તિ તે જ મોક્ષનું કારણ છે.

ભક્તિ એટલે આરાધના; શુદ્ધ રત્નત્રયની ભક્તિ એટલે કે શુદ્ધ રત્નત્રયની આરાધના. મુનિવરો શુદ્ધ રત્નત્રયને આરાધે છે, અને શ્રાવકોને પણ રત્નત્રયની અમુક આરાધના હોય છે, નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન અને અંશે વીતરાગી ચારિત્ર તેને પણ હોય છે. સ્વભાવના ધ્યાન વડે જે નિર્મળ પર્યાય પરિણમી તેનું નામ રત્નત્રયની આરાધના અને ભક્તિ છે—આવી ભક્તિથી મુક્તિ થાય છે.

✯ ✯ ✯

સાચા શ્રાવક કોને કહેવાય અને તે શ્રાવક કોની ભક્તિ કરે? તે વાત ચાલે છે. ચૈતન્યમૂર્તિ નિજ પરમાત્મતત્ત્વ દેહાદિથી ભિન્ન છે, એક સમયમાં પરિપૂર્ણ જ્ઞાન-શાંતિનો પિંડ છે, આવા અંતર્તત્ત્વની નિર્વિકલ્પ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે અને તે શ્રાવકોનું પહેલું લક્ષણ છે. વળી તે નિજપરમાત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે, તથા તેમાં લીનતા તે સમ્યક્ચારિત્ર છે ; આવા શુદ્ધ રત્નત્રય પરિણામોનું ભજન તે ભક્તિ છે. આવી ભક્તિ શ્રાવકો તેમ જ શ્રમણોને હોય છે. આ રત્નત્રયનું ભજન એટલે કે વીતરાગી પરિણતિ તે જ સાચી ભક્તિ છે, પોતાથી ભિન્ન બહારના ભગવાનની શુભ રાગરૂપ ભક્તિ તે તો વ્યવહાર છે, પણ અંદર જો શુદ્ધ રત્નત્રયરૂપ નિશ્ચય ભક્તિ હોય તો તે શુભ રાગને વ્યવહાર ભક્તિ કહેવાય. નિજ પરમાત્માની નિશ્ચય ભક્તિ હોય ત્યાં પર પરમાત્માની ભક્તિને વ્યવહાર કહેવાય; પણ પોતાને ભૂલીને એકલા પરની ભક્તિમાં જ ધર્મ માને તેને તો તે વ્યવહાર પણ ન કહેવાય. શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરવી એટલે કે તેની આરાધના કરવી તે મોક્ષનો માર્ગ છે. ચૈતન્ય સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ પરિણતિ તે જ આરાધના અને ભક્તિ છે.

શ્રાવકની અગિયાર પડિમાઓ છે; તેમાં છ પડિમા સુધીના શ્રાવકો જઘન્ય છે, સાતથી નવ પડિમાવાળા મધ્યમ છે અને દસથી અગિયાર પડિમાવાળા ઉત્તમ છે;—પણ આ બધા શ્રાવકો શું કરે? તે બધા શ્રાવકો સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધ રત્નત્રયની આરાધના કરે છે; અગિયારે પડિમામાં શુદ્ધ રત્નત્રયની ભક્તિ છે. આ સિવાય રાગની આરાધના કરે એટલે કે

રાગથી ધર્મ થાય એમ માને તેને શ્રાવકપણું હોતું જ નથી. જડની ક્રિયા જડથી થાય છે, તેનો કર્તા પોતાને માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. તેમ જ પૂજા -ભક્તિ-શુદ્ધ આહાર વગેરેના શુભ રાગને ધર્મ માની લ્યે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. શુદ્ધ આહાર તથા વ્રતાદિના શુભ રાગને વ્યવહાર કહેવાય,—પણ ક્યારે? કે જ્યારે અંતરમાં શુદ્ધ રત્નત્રયની આરાધના પ્રગટી હોય ત્યારે; સ્વભાવના આશ્રયે જેને શુદ્ધ રત્નત્રયની આરાધના નથી પ્રગટી તેને તો નિશ્ચય પડિમા વગેરે નથી, તેથી વ્યવહાર પણ તેને હોતો નથી. અહો! એક જ અબાધિત માર્ગ છે કે જેટલું અંતર્સ્વભાવનું અવલંબન તેટલો ધર્મ; બહિર્મુખ વલણથી જે ભાવ થાય તે ધર્મ નહિ.

જે અગિયાર પડિમાવાળા શ્રાવકો છે તે બધાય અંતર્મુખ સ્વભાવના અવલંબને શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે; તેમને ચિદાનંદ જ્ઞાતાસ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન કરીને તેનું અવલંબન લેતાં પર્યાયે પર્યાયે વીતરાગભાવની વૃદ્ધિ થતી જાય છે; તેનું નામ પડિમા છે. દ્રવ્યસ્વભાવના આશ્રયે જ રત્નત્રય પર્યાય થાય છે, રાગથી કે નિમિત્તના આશ્રયથી સમ્યગ્દર્શનાદિ થતાં નથી;—આવું જેને ભાન પણ નથી ને પરાશ્રયભાવથી ધર્મ માને છે તે તો અજ્ઞાની છે. તેને પડિમા કેવી? ત્રિકાળી ચિદાનંદ દ્રવ્યના આશ્રયે નિર્મળ રત્નત્રય પર્યાય પ્રગટી તેનું નામ ભગવાનનું ભજન છે.

ધર્મીને, જિજ્ઞાસુને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિનો ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ પણ તે સમજે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરની ભક્તિનો ભાવ તે શુભરાગ છે, ને પોતાનો આત્મા જ પરમાત્મા છે તેને ઓળખીને રત્નત્રય વડે તેની ભક્તિ-આરાધના-ઉપાસના કરવી તે ધર્મ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એમ જ કહે છે કે તું અમારા ઉપરનું લક્ષ છોડીને તારા આત્માનું ભજન કર, તારો આત્મા જ પૂર્ણ શક્તિમાન પરમાત્મા છે તેને ઓળખીને તેનું ભજન કર. જે જીવ એ પ્રમાણે કરે તે જ પોતાના આત્માનો ખરો ભક્ત છે અને તે જ વ્યવહારથી દેવ-ગુરુનો ખરો ભક્ત છે.

પરિણતિને અંતરમાં વાળીને ભગવાન આત્માના આનંદમાં લીનતા કરવી તે ભગવાનની ભક્તિ છે. વચ્ચે શુભ રાગ હોય, પણ જો તે શુભ

રાગને આરાધના માને તો તે જૈન નથી; જે જીવ સ્વભાવના ભાન વડે રાગાદિને જીતે તે જૈન છે. જેણે રાગને જ ધર્મ માન્યો તે રાગને ક્યાંથી જીતી શકશે? હું જ્ઞાનસ્વરૂપ છું, રાગ તે મારું સ્વરૂપ નથી—એવું ભાન કરે તો તેના આશ્રયે રાગને જીતી શકે. 'રાગને જીતવો' તે પણ નાસ્તિથી કથન છે. ખરેખર કાંઈ રાગ થાય છે અને તેને જીતે છે—એમ નથી; પરંતુ અંતરમાં જ્ઞાન-સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં ઠરતાં રાગાદિની ઉત્પત્તિ જ નથી થતી, ત્યાં 'રાગને જીત્યો' એમ કહેવામાં આવે છે, જેને શુદ્ધ આત્માનું ભાન નથી તેને તેનું ભજન નથી અને તેને પડિમા વગેરે હોતું નથી.

હજી જેને ઉપાદાન-નિમિત્તની ભિન્નતાનું પણ ભાન નથી, અને નિમિત્તને લીધે કાર્ય થાય, કર્મને લીધે વિકાર થાય. એમ માને છે, તેને તો બે દ્રવ્યની એકતાની તીવ્ર મિથ્યાબુદ્ધિ છે. પહેલાં સ્વ-પરની ભિન્નતાનું ભાન કરીને, ચિદાનંદ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શનરૂપી ધર્મક્રિયાનો કર્તા આત્મા જ છે. કેમ કે—

**करता परिणामी दरव करम रूप परिणाम।**
**किरिया परजयकी फिरनी, वस्तु एक त्रय नाम॥**

*—નાટક સમયસાર પૃ. ૮૨*

—એટલે કે જે દ્રવ્ય પરિણમે છે તે જ કર્તા છે, અને જે પરિણામ થાય છે તે જ કર્મ છે; તથા પર્યાયનું પલટવું તે ક્રિયા છે. આ કર્તા, કર્મ અને ક્રિયા ત્રણે એક જ વસ્તુ છે. આત્માની સમ્યગ્દર્શનરૂપ ક્રિયાનો કર્તા આત્મા જ છે. આત્માથી ભિન્ન કોઈ વસ્તુ સમ્યગ્દર્શન વગેરેનું સાધન નથી. આત્માની ક્રિયાને કોઈ પર કરતું નથી ને પરની ક્રિયાને આત્મા કરતો નથી. આત્મા પોતે સ્વદ્રવ્યના આશ્રયે પરિણમતાં સમ્યગ્દર્શનાદિ કાર્યનો કર્તા થાય છે. પહેલાં જ્ઞાનીના સમાગમે આવી વસ્તુની ઓળખાણ –વિચાર–પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન માટેની પાત્રતા છે. ત્યાર પછી શ્રાવકપણું અને પડિમા હોય.

પડિમાધારી શ્રાવકોને પણ ભૂમિકાનુસાર શુદ્ધ આત્માના રત્નત્રયની ઉપાસના હોય છે, અને તે જ મોક્ષમાર્ગ છે. મોક્ષની ભક્તિ કોને હોય?

કે જે શ્રાવક તથા શ્રમણ શુદ્ધ રત્નત્રયને ભજે છે તેને જ મોક્ષની ભક્તિ છે, શુદ્ધ રત્નત્રયને જે આરાધે તે જ મોક્ષનો આરાધક છે. દ્રવ્યના આશ્રયે વીતરાગી આચરણ થાય તેનું નામ ભક્તિ છે, જેને આવી ભક્તિ છે તે જ શ્રમણ કે શ્રાવક છે. જે જીવને આવું ભાન નથી અને એકલા શુભરાગરૂપ વ્યવહારને જ નિશ્ચયથી મોક્ષમાર્ગ માની લ્યે છે તે તો ઉપદેશના શ્રવણને પણ પાત્ર નથી.

શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહે છે કે—

**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति॥**
**माणवक एव सिंहो यथा भवत्यनवगीतसिंहस्य।**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य॥**

અજ્ઞાનીને સમજાવવા અર્થે અસત્યાર્થ એવા વ્યવહારનયને મુનિરાજ ઉપદેશે છે; પરંતુ જે કેવળ વ્યવહારને જ જાણે છે તેને તો ઉપદેશ આપવો જ યોગ્ય નથી. શાસ્ત્રમાં વ્યવહારનું કથન આવે ત્યાં તેને જ પકડી બેસે, પણ તેનો આશય શું છે તે ન સમજે, તેવા જીવો દેશનાયોગ્ય નથી. જેમ કોઈ સાચા સિંહને ન જાણતો હોય તેને કોઈ બિલાડું બતાવીને કહે કે 'જો સિંહ આવો હોય', ત્યાં તે બિલાડાને જ સિંહ માની બેસે; તેમ જે નિશ્ચયને જાણતો નથી એવો અજ્ઞાની તો વ્યવહારને જ નિશ્ચયપણે માની લ્યે છે. મોક્ષમાર્ગની સાથે રાગ વર્તતો હોય તેનું જ્ઞાન કરાવવા માટે રાગને વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો, ત્યાં તે રાગને જ ખરેખર મોક્ષમાર્ગ માની લ્યે તો તેવો જીવ દેશનાને અપાત્ર છે, એટલે કે તે જીવ યથાર્થ વસ્તુસ્વરૂપ સમજી શકશે નહિ; હજી સમ્યક્ત્વ અને શ્રાવકપણું કે મુનિપણું તો ક્યાંય દૂર રહ્યું! ચૈતન્યદ્રવ્યમાં ડૂબવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે, —એમ નિર્ણય કરીને દ્રવ્યના આશ્રયે જેટલા ગુણ પ્રગટે તે અનુસાર પડિમા વગેરે હોય છે. શ્રાવકપણું અને પડિમા તેમ જ મુનિપણું તે બધું અખંડ દ્રવ્યના આશ્રયે જ પ્રગટે છે. બધા શ્રાવકો શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે. રત્નત્રય અને રત્નત્રયની ભક્તિ એ બે જુદી ચીજ નથી, દ્રવ્યના આશ્રયે જેટલાં રત્નત્રય

પ્રગટ્યા તેટલી રત્નત્રયની ભક્તિ છે. ચૈતન્યના આશ્રયે રત્નત્રયના ગુણ અનુસાર શ્રાવકના અગિયાર પદો હોય છે, અને વિશેષ ઉગ્રપણે ચૈતન્યનો આશ્રય કરતાં મુનિદશા તથા કેવળજ્ઞાન પ્રગટે છે. ધર્મની શરૂઆતથી પૂર્ણતા સુધી એક માત્ર ચૈતન્યસ્વરૂપ સિવાય બીજા કોઈનો આશ્રય નથી.

વ્યવહારના આશ્રયથી જે લાભ માને છે તે તો અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ છે; ને નિશ્ચયમાં અનારૂઢ છે. નિશ્ચય વિનાનો એકલો વ્યવહાર તો અનાદિથી કરતો આવ્યો છે તેથી અજ્ઞાનીનો વ્યવહાર તો અનાદિરૂઢ છે. અજ્ઞાની અને અભવ્ય પણ અનાદિકાળથી શુભરાગ તો કરતો જ આવ્યો છે, તેને 'પ્રથમ વ્યવહાર' કઈ રીતે કહેવો? તે તો ખરેખર વ્યવહાર જ નથી. સ્વભાવના આશ્રયે નિશ્ચય પ્રગટ કરીને રાગનો નિષેધ કરે ત્યારે તે નિશ્ચય સહિતના રાગને વ્યવહાર કહેવાય છે. અંતરમાં સ્વભાવનું ભાન કરીને તેના આશ્રયે વીતરાગી નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ કર્યો ત્યારે રાગને ઉપચારથી–વ્યવહારથી મોક્ષમાર્ગ કહેવાય છે. પણ 'ઉપચાર'નો અર્થ જ 'ખરેખર તે મોક્ષમાર્ગ નથી', પરંતુ બિલાડાને સિંહ કહેવા જેવું તે કથન છે–એમ સમજવું જોઈએ. અજ્ઞાનીઓ નિશ્ચય વગરનો એકલો વ્યવહાર માને છે એટલે કે 'પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય' એમ માને છે તે મિથ્યા છે; વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટી જશે અથવા તો વ્યવહારના આશ્રયથી લાભ થશે–એ માન્યતા પણ મિથ્યા છે; અને જેને એવી માન્યતા છે તેને શુદ્ધ રત્નત્રયની ભક્તિ કે પડિમા હોતી નથી. દ્રવ્યસ્વભાવની નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક તેમાં લીન થઈને શુદ્ધ રત્નત્રયની આરાધના કરનાર શ્રાવકને પરમાર્થ ભક્તિ છે. જેટલી ચૈતન્યમાં લીનતા થાય તેટલી ભક્તિ છે, વચ્ચે રાગ આવે તે ખરેખર ભક્તિ કે ધર્મ નથી. શ્રાવકને પણ શુદ્ધ રત્નત્રયની જેટલી આરાધના છે તેટલી પરમાર્થભક્તિ છે.

આ રીતે શ્રાવકોની ભક્તિની વાત કરી, કે અગિયારે ભૂમિકાવાળા શ્રાવકો શુદ્ધ રત્નત્રયનું ભજન કરે છે તે જ ભક્તિ છે.

હવે મુનિઓને કેવી ભક્તિ હોય તે વાત કરે છે. મુનિવરોને પણ

અંતર્સ્વભાવના આશ્રયે શુદ્ધ રત્નત્રયની જ ભક્તિ હોય છે. મુનિઓની દશા મહા અલૌકિક છે; શ્રાવક કરતાં તેમને રત્નત્રયની ઘણી ઉગ્ર આરાધના હોય છે, ક્ષણે ક્ષણે વિકલ્પથી છૂટીને ચૈતન્યબિંબમાં જામી જાય છે, હમણાં કેવળજ્ઞાન લીધું...કે...લેશે....એવી તેમની દશા છે. અહો! સંત મુનિઓ આત્માના અતીન્દ્રિય આનંદકુંડમાં ઝૂલતા હોય છે, એકદમ વીતરાગતા વધી ગઈ છે ને રાગ ઘણો જ છૂટી ગયો છે, ત્યાં બાહ્યમાં વસ્ત્રાદિ પણ સ્વયં છૂટી ગયા છે ને શરીરની સહજ દિગંબર નિર્વિકાર દશા થઈ ગઈ છે. આવા ભવભયભીરુ પરમ નિષ્કર્મ પરિણતિવાળા પરમ તપોધનો પણ શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.

કોઈને એમ લાગતું હોય કે, શ્રાવકો કે મુનિઓ બાહ્ય ક્રિયાકાંડમાં રોકાતા હશે, —તો કહે છે કે ના; શ્રાવકો તેમ જ મુનિઓ તો શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરનારા છે. આ ભક્તિમાં રાગ નથી પણ શુદ્ધ આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરવાં તે જ ભક્તિ છે. આવી વીતરાગી ભક્તિ જ મુક્તિનું કારણ છે.

મુનિ હો કે શ્રાવક હો,—પણ તેમણે સ્વભાવના આશ્રયે જેટલી રત્નત્રયની આરાધના કરી તેટલી જ વીતરાગી ભક્તિ છે ને તે જ મુક્તિનું કારણ છે. મુનિઓ શું કરતા હશે? કે ચૈતન્ય પરમાત્મામાં અંદર ઊતરીને શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે. પાંચ પરમેષ્ઠી પદમાં ભળનારા ને ભવભયથી ડરનારા એવા વીતરાગી મુનિઓને સ્વર્ગનો ભવ કરવો પડે તેની તેને ભાવના નથી; હું તો ચિદાનંદ-ચૈતન્યબિંબ જ્ઞાયકમૂર્તિ છું, રાગ મારું કાર્ય નથી—એવા ભાવ સહિત તેમાં ઘણી લીનતા થઈ છે—એવી ભાવલિંગી સંતોની દશા છે; તેમાં હઠ નથી પણ સ્વભાવના આશ્રયે તેવી સહજ દશા થઈ ગઈ છે; તેઓ પરમ નૈષ્કર્મવૃત્તિવાળા છે એટલે કે સ્વરૂપના આનંદમાં એટલા બધા ઠર્યા છે કે અશુભ કે શુભ કર્મથી ઉદાસીન થઈ ગયા છે, રાગથી ખસીને પરિણતિ અંદરમાં વળી ગઈ છે—આવા પરમ વીતરાગી સંતો પણ શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે, તેને ભગવાન મોક્ષની ભક્તિ કહે છે.

શ્રી સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે, તેઓ તીર્થંકરપણે વિચરે છે, ૫૦૦ ધનુષનો તેમનો દેહ છે. તેમના સમવસરણમાં ગણધરો બિરાજે છે; ભગવાનની દિવ્યવાણી ઝીલીને બે ઘડીમાં બાર અંગની રચના કરે એવું અપાર તેમનું સામર્થ્ય છે. તીર્થંકર ભગવાન એટલે ધર્મના રાજા, અને ગણધરદેવ એટલે ધર્મના દીવાન, —એવા ગણધરદેવ પણ જ્યારે નમસ્કારમંત્ર બોલીને પંચપરમેષ્ઠીને ભાવથી નમસ્કાર કરે ત્યારે વીતરાગી આનંદમાં ઝૂલતા બધા મુનિઓ તેમાં આવી જાય છે. અહો! ગણધરદેવ જેને નમસ્કાર કરે તે સંતની દશા કેવી? તે મુનિપદનો મહિમા કેટલો!! મુનિઓ પણ પરમેષ્ઠી છે. આવા સંત-મુનિઓ અત્યંત ભવભીરુ છે, અને રાગ રહિત નૈષ્કર્મ્ય પરિણતિવાળા છે, બહારના કોઈ કામનો બોજો માથે રાખતા નથી, અંતરના આનંદના અનુભવમાં જ તેમની પરિણતિ લીન છે.—આવા સંતો શુદ્ધ રત્નત્રયની ભક્તિ-આરાધના કરે છે. અંતરમાં શુદ્ધ રત્નત્રયની આરાધના હોય ને બાહ્યમાં નિષ્પરિગ્રહી વીતરાગી મુદ્રા હોય એવી મુનિની દશા છે.

આ રીતે શ્રાવકો તેમજ શ્રમણો બન્ને શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે. શુદ્ધ રત્નત્રયની ભક્તિમાં સ્વભાવનો જ આશ્રય છે, પરનો કે રાગનો આશ્રય નથી. શ્રાવકને પણ સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક અંશે વીતરાગી ચારિત્ર પ્રગટ્યું છે તેટલી રત્નત્રયની ભક્તિ છે. મુનિને પંચ મહાવ્રત વગેરે જે શુભરાગ છે તે તો આસ્રવ છે, તે કાંઈ મુનિપદ નથી. મુનિપદ તો સંવર-નિર્જરારૂપ દશા છે અને તે દશા ચૈતન્ય સ્વભાવના આશ્રયથી જ પ્રગટે છે. તેને જ અહીં આચાર્યદેવે નિર્વાણની ભક્તિ કહી છે ને એવી ભક્તિથી જ મુક્તિ થાય છે.

અહો! નિયમસારમાં તો સંતોએ અમૃતના દરિયાને ઊછાળ્યો છે.

શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરનારા તે પરમ શ્રાવકોને તેમ જ પરમ તપોધનોને જિનવરોએ કહેલી નિર્વાણભક્તિ એટલે કે અપુનર્ભવરૂપી સ્ત્રીની સેવા વર્તે છે; અપુનર્ભવ એટલે મોક્ષ તેની આરાધના તેમને વર્તે છે. આવું તત્ત્વ સમજ્યા વિના 'બહારમાં છોડો છોડો' એમ કરે તેથી કાંઈ શ્રાવકપણું

કે મુનિપણું આવી જાય નહિ. આત્મામાં અંતર્મુખ થઈને જે શુદ્ધ રત્નત્રયની આરાધના કરે તેને જ શ્રાવકપણું અને મુનિપણું હોય છે, તથા તે જ મોક્ષની ખરી ક્રિયા છે. શરીરની ક્રિયા તો જડની છે અને રાગની ક્રિયા તે આસ્રવ છે, આત્મસ્વભાવના આશ્રયે પર્યાય પલટીને વીતરાગી પર્યાય પ્રગટી જાય તે ધર્મક્રિયા છે. શ્રમણો તેમ જ શ્રાવકો આવી ક્રિયા કરે છે; વચ્ચે રાગ હોય તેને ધર્મની ક્રિયા માનતા નથી, તેમજ બાહ્યમાં દેહાદિની ક્રિયાને તેઓ પોતાની માનતા નથી.

અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન વગેરે વીસ તીર્થંકરો વિચરે છે, તેમજ કેવળી ભગવંતોના ટોળેટોળાં ત્યાં બિરાજે છે, ત્યાં તીર્થંકરોનો અને કેવળી ભગવંતોનો કદી વિરહ નથી; આત્માના અસંખ્ય પ્રદેશે તેમને અનંત ચૈતન્ય દીવડા પ્રગટી ગયા છે એવા અનંત અનંત જિનેશ્વરોએ આવી શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરનારા શ્રમણો તથા શ્રાવકોને નિર્વાણ-ભક્તિ કહી છે. સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતારૂપ શુદ્ધ રત્નત્રયની આરાધના તે જ મુક્તિની ભક્તિ છે એટલે તે તેના વડે જ મુક્તિ થાય છે એમ જિનદેવો કહે છે. આવા શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરનારા શ્રમણો તેમ જ શ્રાવકો ખરેખર ભક્ત છે.

**अहो! चिदात्माना भक्त ते श्रमणो अने श्रावकोनो जय हो......**
**तेमने भक्तिथी वंदन हो!**



# ઉલ્લાસ અને વિશ્વાસ

જે જીવ ખરેખરો જિજ્ઞાસુ હોય, અને અંતરમાં આત્મપ્રતીત વડે સમ્યગ્દર્શન પ્રગટ કરવા ઉદ્યમી થયો હોય તે જીવને કેવો ઉલ્લાસ અને વિશ્વાસ હોવો જોઈએ, —એ વાત એક વાર પૂજ્ય ગુરુદેવે નીચે મુજબના ભાવભીના ઉદ્ગારોથી અલૌકિક રીતે સમજાવી હતી.

“મારી પરમાત્મદશા મારા આત્મામાંથી જ પ્રગટવાની છે; મારા આત્મામાં જ મારી પરમાત્મશક્તિ ભરી છે તેમાંથી હું પરમાત્મદશા પ્રગટ કરીને અલ્પકાળે મોક્ષ પામવાનો છું—આમ પોતાને પોતાની પરમાત્મશક્તિનો વિશ્વાસ અને આત્મવીર્યનો ઉલ્લાસ આવવો જોઈએ.”

જેને આવો પરમાત્મશક્તિનો વિશ્વાસ અને આત્મવીર્યનો ઉલ્લાસ હોય તેને અંતરમાં છૂટકારાનો માર્ગ થયા વિના રહે નહિ.

❄

## ❀ કોણ પ્રશંસનીય છે? ❀

આ જગતમાં જે આત્મા નિર્મળ સમ્યગ્દર્શનમાં પોતાની બુદ્ધિ નિશ્ચળ રાખે છે તે, કદાચિત્ પાપકર્મના ઉદયથી દુઃખિત પણ હોય અને એકલો પણ હોય તો પણ, ખરેખર પ્રશંસનીય હોય છે. અને એથી ઉલટું, જે જીવ અત્યંત આનંદને દેનાર એવા સમ્યગ્દર્શનાદિ રત્નત્રયથી બાહ્ય છે અને મિથ્યામાર્ગમાં સ્થિત છે એવા મિથ્યાદૃષ્ટિ મનુષ્યો ભલે ઘણા હોય અને વર્તમાનમાં શુભ કર્મના ઉદયથી પ્રસન્ન હોય તોપણ તેઓ પ્રશંસનીય નથી, માટે ભવ્ય જીવોએ સમ્યગ્દર્શન ધારણ કરવાનો નિરંતર પ્રયત્ન કરવો જોઈએ. *પદ્મનંદી–દેશવ્રતોદ્યોતન અધિકાર–૨*

# સંતોના અનુભવનો સાર

**હે ભવ્ય જીવો! આ પરમાત્મતત્ત્વનો આશ્રય કરીને તમે શુદ્ધ રત્નત્રય પ્રગટ કરો. એટલું ન કરી શકો તો સમ્યગ્દર્શન તો અવશ્ય કરો જ. એ દશા પણ અભૂતપૂર્વ અને અલૌકિક છે.**

શાસ્ત્રકાર આચાર્યભગવંતોએ અને ટીકાકાર મુનિવરોએ પરમાગમના પાને પાને જે અનુભવસિદ્ધ પરમ સત્ય પોકાર્યું છે તેનો સાર આ પ્રમાણે છે.

હે જગતના જીવો! તમારા સુખનો એકમાત્ર ઉપાય પરમાત્મતત્ત્વનો આશ્રય છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધિ સુધીની સર્વ ભૂમિકાઓ તેમાં સમાય છે. પરમાત્મતત્ત્વનો જઘન્ય આશ્રય સમ્યગ્‌દર્શન છે; તે આશ્રય મધ્યમ કોટિની ઉગ્રતા ધારણ કરતા જીવને દેશચારિત્ર, સકલચારિત્ર વગેરે દશાઓ પ્રગટ થાય છે અને પૂર્ણ આશ્રય થતાં કેવળજ્ઞાન અને સિદ્ધત્વ પામી જીવ સર્વથા કૃતાર્થ થાય છે. આ રીતે પરમાત્મતત્ત્વનો આશ્રય જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ સમ્યક્ચારિત્ર છે, તે જ સત્યાર્થ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત્ત સામાયિક, ભક્તિ, આવશ્યક, સમિતિ, ગુપ્તિ, સંયમ, તપ, સંવર, નિર્જરા, ધર્મ-શુક્લધ્યાન વગેરે બધુંય છે. એવો એક પણ મોક્ષના કારણરૂપ ભાવ નથી જે પરમાત્મતત્ત્વના આશ્રયથી અન્ય હોય. પરમાત્મતત્ત્વના આશ્રયથી અન્ય એવા ભાવોને (—વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રત્યાખ્યાન વગેરે શુભ વિકલ્પરૂપ ભાવોને—) મોક્ષમાર્ગ કહેવામાં આવે છે તે તો કેવળ ઉપચારથી કહેવામાં આવે છે.

પરમાત્મતત્ત્વના મધ્યમ કોટિના અપરિપક્વ આશ્રય વખતે તે અપરિપક્વતાને લીધે સાથેસાથે જે અશુદ્ધિરૂપ અંશ વિદ્યમાન હોય છે તે અશુદ્ધિરૂપ અંશ જ વ્યવહાર પ્રતિક્રમણાદિ અનેક અનેક શુભ વિકલ્પાત્મક ભાવોરૂપે દેખાવ દે છે. તે અશુદ્ધિ—અંશ ખરેખર મોક્ષમાર્ગ કેમ હોઈ શકે?

તે તો ખરેખર મોક્ષમાર્ગથી વિરુદ્ધ ભાવ જ છે, બંધભાવ જ છે—એમ તમે સમજો.

વળી, દ્રવ્યલિંગી મુનિને જે પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન વગેરે શુભ ભાવો હોય છે તે ભાવો તો દરેક જીવ અનંતવાર કરી ચૂક્યો છે, પરંતુ તે ભાવો તેને કેવળ પરિભ્રમણનું જ કારણ થયા છે, કારણ કે પરમાત્મતત્ત્વના આશ્રય વિના આત્માનું સ્વભાવપરિણમન અંશે પણ નહિ થતું હોવાથી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ અંશમાત્ર પણ હોતી નથી. સર્વ જિનેન્દ્રોના દિવ્યધ્વનિનો સંક્ષેપ અને અમારા સ્વસંવેદનનો સાર એ છે કે ભયંકર સંસારરોગનું એકમાત્ર ઔષધ પરમાત્મતત્ત્વનો આશ્રય જ છે. જ્યાં સુધી જીવની દૃષ્ટિ ધ્રુવ અચળ પરમાત્મતત્ત્વ ઉપર ન પડતાં ક્ષણિક ભાવો ઉપર રહે છે ત્યાં સુધી અનંત ઉપાયે પણ તેના કૃતક ઔપાધિક ઉછાળા—શુભાશુભ વિકલ્પો—શમતા નથી. પરંતુ જ્યાં તે દૃષ્ટિને પરમાત્મતત્ત્વરૂપ ધ્રુવ આલંબન હાથ લાગે છે ત્યાં તે જ ક્ષણે તે જીવ (દૃષ્ટિ-અપેક્ષાએ) કૃતકૃત્યતા અનુભવે છે, (દૃષ્ટિ-અપેક્ષાએ) વિધિનિષેધ વિલય પામે છે, અપૂર્વ સમરસ ભાવનું વેદન થાય છે, નિજસ્વભાવરૂપ પરિણમનનો પ્રારંભ થાય છે અને કૃતક ઔપાધિક ઉછાળા ક્રમેક્રમે વિરામ પામતા જાય છે. આ નિરંજન નિજ પરમાત્મતત્ત્વના આશ્રયરૂપ માર્ગે જ સર્વે મુમુક્ષુઓ ભૂતકાળે પંચમગતિને પામ્યા છે, વર્તમાનકાળે પામે છે, અને ભાવીકાળે પામશે. આ પરમાત્મતત્ત્વ સર્વ તત્ત્વોમાં સાર છે, ત્રિકાળ–નિરાવરણ, નિત્યાનંદ -એકસ્વરૂપ છે, સ્વભાવ-અનંત-ચતુષ્ટયથી સનાથ છે, સુખસાગરનું પૂર છે, ક્લેશોદધિનો કિનારો છે, ચારિત્રનું મૂળ છે, મુક્તિનું કારણ છે. સર્વ ભૂમિકાના સાધકોને તે જ એક ઉપાદેય છે. હે ભવ્ય જીવો! આ પરમાત્મતત્ત્વનો આશ્રય કરી તમે શુદ્ધ રત્નત્રય પ્રગટ કરો. એટલું ન કરી શકો તો સમ્યગ્દર્શન તો અવશ્ય કરો જ. એ દશા પણ અભૂતપૂર્વ અને અલૌકિક છે. —*નિયમસારના ઉપોદ્ઘાતમાંથી*

*

# અહો, રત્નત્રય–મહિમા!

(ત્રિભુવનપૂજ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય તે જ સિદ્ધાંતનું સર્વસ્વ છે, અને તે જ ત્રણે કાળના મોક્ષગામી જીવોને મુક્તિનું કારણ છે, એ વાત જ્ઞાનાર્ણવમાં શ્રી શુભચંદ્રાચાર્ય કહે છે :)

**एतत्समयसर्वस्वं मुक्तेश्चेतन्निबन्धनम्।**
**हितमेतद्धि जीवानामेतदेवाग्रिमं पदं॥२२॥**

આ રત્નત્રય જ સિદ્ધાંતનું સર્વસ્વ છે તથા તે જ મુક્તિનું કારણ છે; વળી જીવોનું હિત તે જ છે અને પ્રધાનપદ તે જ છે.

**ये याता यान्ति यास्यन्ति यमिनः पदमव्ययम्।**
**समाराध्यैव ते नूनं रत्नत्रयमखण्डितम्॥२३॥**

જે સંયમી મુનિઓ પૂર્વે મોક્ષ ગયા છે, વર્તમાનમાં જાય છે, ને ભવિષ્યમાં જશે તેઓ ખરેખર આ અખંડિત રત્નત્રયને સમ્યક્પ્રકારે આરાધીને જ ગયા છે, જાય છે અને જશે.

**साक्षादिदमनासाद्य जन्मकोटिशतैरपि।**
**दृश्यते न हि केनापि मुक्तिश्रीमुखपङ्कजम्॥२४॥**

આ સમ્યક્ રત્નત્રયને પ્રાપ્ત કર્યા વગર કરોડો–અબજો જન્મ ધારણ કરવા છતાં પણ કોઈ જીવ મોક્ષલક્ષ્મીના મુખકમળને સાક્ષાત્ દેખી શકતા નથી.

# ભરતજી સાથે તત્ત્વચર્ચા

ગૃહસ્થાશ્રમમાં પણ ધર્માત્માઓ પરસ્પર કેવી તત્ત્વચર્ચા કરે છે તેનો એક આદર્શ નમૂનો.

અભેદભક્તિ જ મુક્તિનું કારણ છે....ને.....
ભેદભક્તિ બંધનું કારણ છે....

—આ વાત ભવ્ય સજ્જન પુરુષો ઉલ્લાસથી સ્વીકારે છે, પણ જેનું હોનહાર ખરાબ છે એવો અભવ્ય જીવ તેને સ્વીકારતો નથી.

શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર શ્રી ભરત ચક્રવર્તી એકવાર ઉપવાસ કરીને બેઠા છે અને રાણીઓ સાથે તત્ત્વચર્ચા કરે છે. ત્યાં રાણી પૂછે છે કે હે સ્વામી! સંસારમાં દુઃખ છે, ને અવિનાશી સિદ્ધપદમાં સુખ છે, તે સુખનો ઉપાય શું છે? આ પ્રશ્ન પૂછવામાં રાણીઓને એટલું ભાન છે કે આત્મા સિવાય શરીરાદિમાં ક્યાંય સુખ નથી. અને એવું અવિનાશી સુખ મેળવવાની રુચિ થઈ છે, તેથી પ્રેમથી પ્રશ્ન કરે છે. અહીં પતિ-પત્ની તરીકેનો પ્રેમ નથી, પણ ધર્માત્મા તરીકેનો પ્રેમ છે.

ભરતજી જવાબ આપે છે કે, આત્મામાંથી આવરણોનો નાશ કરવાથી તે સુખ પ્રગટ થાય છે. આત્મામાં રાગ-દ્વેષ-મોહરૂપ જે ભાવ આવરણ છે, તેનો નાશ કરતાં સિદ્ધસુખ પ્રગટ થાય છે.

વળી , રાણી પૂછે છે કે—સ્વામી! એ આવરણનો નાશ કરવાનો શું ઉપાય છે તે પણ અમને બતાવો.

ભરતજી જવાબ આપે છે કે, પરમાત્માની ભક્તિથી આવરણનો ક્ષય થાય છે. પરમાત્માની ભક્તિ બે પ્રકારની છે : એક ભેદભક્તિ ને બીજી અભેદભક્તિ. તેમાં અભેદભક્તિ તે આવરણના નાશનું મૂળ કારણ છે.

રાગ-દ્વેષ રહિત પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ પરમાત્માનું સ્વરૂપ જાણીને તેમની ભક્તિ-બહુમાન કરવું તે ભેદભક્તિ છે. ને પોતાના આત્માને પરિપૂર્ણ નિર્મળ પરમાત્મસ્વરૂપે જાણીને તેની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં લીન થવું તે અભેદભક્તિ છે. અભેદભક્તિ તે નિશ્ચય ભક્તિ છે, તે પરમાર્થભક્તિ છે, તે ખરી ભક્તિ છે, તે પોતાના આત્માની ભક્તિ છે.

પહેલાં તો ભેદભક્તિ હોય છે. પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવો તે ભેદભક્તિ છે; એવી ભેદભક્તિને જાણીને પછી, 'એવો જ પરમાત્મા હું છું, આત્મામાં જ પરમાત્મા થવાની તાકાત છે'—એમ પોતાના આત્માને ઓળખીને ઠરે તેનું નામ પરમાર્થભક્તિ અથવા અભેદભક્તિ છે. અભેદ આત્મા તરફ વળવાના લક્ષપૂર્વક ભેદશક્તિ હોય તો તેને વ્યવહાર કહેવાય છે.

વિકાર અને આવરણોનો નાશ કરવા માટે આત્મામાં અભેદભક્તિપૂર્વક આરાધનાની જરૂરિયાત છે. અભેદભક્તિથી સિદ્ધપદ પમાય છે.

જુઓ, ગૃહસ્થાશ્રમમાં પણ ધર્માત્માઓ વચ્ચે આવી તત્ત્વચર્ચા ચાલે છે. સ્ત્રી છે છતાં તત્ત્વની ચર્ચા કરે છે. 'હું સ્ત્રી છું, માટે મને નહિ સમજાય' એવી માન્યતા નથી. પત્ની પોતાના પતિને આવા ધર્મપ્રશ્નો પૂછે છે. અમે સ્ત્રી નથી પણ અમે તો આત્મા છીએ એવું ભાન છે.

વળી, બીજી રાણી પૂછે છે કે : સ્વામી! પરમાત્માની ભેદભક્તિનો તો અમને અભ્યાસ છે, પણ અંતરમાં અભેદભક્તિમાં ચિત્ત લાગતું નથી! વ્યવહારનો અભ્યાસ છે, પણ અંતરમાં આત્મા જ્ઞાનદર્શનનો સાગર છે તેની શ્રદ્ધા-જ્ઞાનમાં ચિત્ત ચોંટતું નથી, તો આત્માની અભેદભક્તિ કેમ થાય? તેનો ઉપાય કહો.

ભરતજી તેનો ઉત્તર આપે છે : જેમ તમે વીતરાગ ચૈતન્યમૂર્તિ ભગવાનના પ્રતિબિંબને સામે રાખીને તેની ભક્તિ કરો છો, તેવી રીતે આત્માને જ તનુવાતવલયમાં બિરાજમાન સિદ્ધ સમાન ચિંતવશો તો અભેદ

આત્માની ભક્તિમાં ચિત્ત લાગશે. વાતવલયમાં જેવા સિદ્ધ પ્રભુ બિરાજે છે, તેવો જ આ આત્મા અત્યારે શરીર પ્રમાણ બિરાજે છે. ભરત અને તેની રાણીઓને રાગ છે ને ગૃહસ્થપણામાં છે, પણ અંદરમાં રટણ તો આ જ છે, એટલે ધર્મપૂર્વક અધ્યાત્મની ચર્ચા કરે છે.

આત્માની ભક્તિથી મુક્તિ થાય છે, તે ભક્તિનું વર્ણન ચાલે છે. શરીરમાં રહેલો હોવા છતાં આત્મા શરીરથી જુદો છે. આમ સમજે તો શરીરાદિ પરમાં એકત્વબુદ્ધિ છૂટે ને આત્માની શ્રદ્ધા-જ્ઞાન થાય, તે અભેદભક્તિ છે. ભેદભક્તિનું વર્ણન ટૂંકું કરી નાખ્યું, ને અભેદભક્તિનું વર્ણન વિશેષ કરે છે. ભેદભક્તિને તો જગત જાણે છે પણ આત્માની અભેદભક્તિને જાણતા નથી. ધર્મ આત્માથી કરવો છે, તો આત્મા કેવો છે તે જાણ્યા વગર ધર્મ થાય નહિ.

આત્મા જ્ઞાનમૂર્તિ, સિદ્ધ જેવો છે. શરીરથી જુદો, અરૂપી પુરુષાકાર છે અને ચિન્મય છે; ચિન્મય એટલે જ્ઞાનમય છે.—આવા આત્માને જાણીને તેમાં ઠરવું તે અભેદભક્તિ છે.

જિનબિંબ વગેરેની ભક્તિ તે ભેદભક્તિ છે, તેમાં શુભ રાગ છે. અને આત્માને ઉપર કહ્યો તેવો જાણે તો અંતરમાં પોતાના આત્માનું જ પરમાત્મા તરીકે દર્શન થાય છે. સંસારમાં–ગૃહસ્થપણે પણ આવું આત્મદર્શન થઈ શકે છે. એનું નામ અભેદભક્તિ છે.

ભરત મહારાજા ચક્રવર્તી છે, ઋષભદેવ ભગવાનના પુત્ર છે, આ ભવે મોક્ષ જવાના છે, છ ખંડના રાજમાં રહ્યા હોવા છતાં ક્યારેક ક્યારેક અંતરમાં આત્માનો અનુભવ કરી લ્યે છે. તે ભરતજી અત્યારે પોતાની રાણીઓને આત્માના અનુભવનો ઉપાય સમજાવી રહ્યા છે.

આત્મા જ્ઞાનમય છે, પરનું કાંઈ કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી, અને રાગ-દ્વેષ કરવાનો પણ જ્ઞાનનો સ્વભાવ નથી. એવા સ્વભાવને ઓળખે તો અંદરમાં આત્માનું દર્શન થાય. જુઓ, સ્ત્રીને પણ આત્મદર્શન થાય છે.

એક મૂર્ખ દરબાર એવો હતો કે કોઈએ તેને પૂછ્યું કે 'દરબાર!

તમારે રાણીઓ કેટલી!' દરબારે કહ્યું કે–'કામદારને પૂછો, મને ખબર નથી.' તેમ અજ્ઞાની મૂર્ખ જીવ કહે છે કે આત્માનું સ્વરૂપ કેવું છે તેની આપણને ખબર નથી, શાસ્ત્રને પૂછો. અહીં કહે છે કે આત્મા રાગરહિત જ્ઞાનમય છે–એમ જાણીને અંતરમાં જુએ તો આત્માનો અનુભવ થાય, ને પોતાના અનુભવની પોતાને ખબર પડે છે.

જેમ સ્ફટિકની શુદ્ધ પ્રતિમા ઉપર ધૂળ હોવા છતાં તે દેખાય છે, તેમ ચૈતન્યમૂર્તિ આત્મા સ્ફટિક જેવો નિર્મળ છે, ઉપર કર્મની ધૂળ હોવા છતાં તે દેખાય છે. આત્મા જાણનાર સ્વભાવરૂપી ચૈતન્યની પ્રતિમા છે, અને કર્મ તથા શરીરની ધૂળથી તે જુદો રહેલો છે–એમ જાણીને જો અનુભવ કરે તો સ્ફટિકપ્રતિમાની જેમ શુદ્ધ આત્માનો અનુભવ થાય છે. આત્મા બહારની ક્રિયા તો કરી શકતો નથી પણ રાગ-દ્વેષ થાય તે કરવાનો પણ આત્માનો સ્વભાવ નથી. પુરુષાકાર જ્ઞાનમૂર્તિ આત્મા છે, તેને ઓળખે તો આત્માની અભેદભક્તિ થાય છે.

સ્ફટિકની પ્રતિમાની ચારે તરફ ધૂળ હોવા છતાં તે ધૂળ સ્ફટિકમાં ગરી જતી નથી, તેમ શરીર અને કર્મોરૂપી ધૂળની વચ્ચે જ્ઞાનમૂર્તિ આત્મા રહ્યો હોવા છતાં આત્મામાં તે કોઈ પ્રવેશી ગયા નથી. જો એવા આત્માને જાણીને અંતરમાં તેને દેખવાનો પ્રયત્ન કરે તો તે દેખાય છે. સ્ફટિકની પ્રતિમા તો આંખથી દેખાય છે, હાથથી સ્પર્શાય છે—એ રીતે ઈન્દ્રિયો દ્વારા તે જણાય છે, પણ આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે તે ઈન્દ્રિયો દ્વારા દેખાતો નથી પણ અતીન્દ્રિય જ્ઞાનદર્શનરૂપી ચક્ષુથી તે જણાય છે. શરીર અને આત્માને એક માને તો શરીરથી ભિન્ન આત્મા દેખાય નહિ ને ધર્મ થાય નહિ. જોનારો તો આત્મા છે, પણ જો તે ઈન્દ્રિયો દ્વારા જુએ તો બહારના જડ પદાર્થો દેખાય છે, આત્મા જણાતો નથી. અંતરમાં જ્ઞાનચક્ષુથી અર્થાત્ ભાવશ્રુતથી આત્માને જોવાનો પ્રયત્ન કરે તો તે દેખાય છે. અને એવા આત્માને દેખવો ને અનુભવવો તે અભેદભક્તિ છે, તે વડે જ આત્મામાંથી આવરણનો ક્ષય થઈને સિદ્ધસુખ પ્રાપ્ત થાય છે. આમ ભરત મહારાજા પોતાની રાણીઓને સમજાવે છે.

સ્ફટિક તો જડ છે, આ ચૈતન્યમૂર્તિ આત્મા તેનાથી તદ્દન વિલક્ષણ છે, તે બહારની આંખથી દેખાશે નહિ; જ્ઞાનચક્ષુથી તેને જોવો પડશે. નિર્મળ આકાશની જેમ આત્માને જ્ઞાનની મૂર્તિ સમજીને અંતરમાં તેનું ધ્યાન કરો. સંસારનો મોહ ઘણો ખરાબ છે, પરપદાર્થો ઉપરના મોહને લીધે જ આત્મા પરમાત્માની અભેદભક્તિથી ભ્રષ્ટ થયો છે. તેથી સૌથી પહેલાં પરવસ્તુની મમતારૂપ આશાના બંધનને છોડો, પરવસ્તુની તીવ્ર આસક્તિ છોડીને પછી એકાંતવાસમાં જઈને, અંતરમાં ચૈતન્યમૂર્તિ આત્માનું ધ્યાન કરો. એમ કરવાથી અભેદભક્તિ થશે, ને મુક્તિ થશે. આમ ભરતજીએ પોતાની રાણીને ઉત્તર આપ્યો.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત ચક્રવર્તી સંસારમાં રહ્યા છતાં ધર્માત્મા હતા; તેમને ૯૬૦૦૦ રાણીઓ હતી. તે રાણીઓ ભરતજીને ધર્મના પ્રશ્નો પૂછે છે ને ભરતજી તેના જવાબ આપે છે.

રાણીએ પ્રશ્ન પૂછ્યો છે કે આત્માનો અનુભવ કેવી રીતે થાય? તેને ભરતજી ઉત્તર આપે છે કે આત્મા શરીરથી ભિન્ન છે, આત્માને ભૂલીને પર પદાર્થોમાં મમતા કરીને જે તીવ્ર લોભ કરે છે તે બૂરો છે, તે લોભને મંદ પાડીને એકાંતમાં જઈને આત્માનું ચિંતવન કરવું જોઈએ. પહેલાં જગતની તીવ્ર મમતા ઘટાડીને સત્સમાગમે આત્માનું સ્વરૂપ સાંભળે, પછી એકાંતમાં જઈને અંતરમાં તેના ધ્યાનનો પ્રયત્ન કરવો જોઈએ. અનંતકાળથી આત્માના જ્ઞાનનો પ્રયત્ન કર્યો નથી, તેથી એક જ દિવસના પ્રયત્નથી તે ન જણાય તો તેને માટે તીવ્ર પ્રયત્નપૂર્વક વારંવાર અભ્યાસ કરવો જોઈએ. બહારમાં પૈસા વગેરેની પ્રાપ્તિ થવામાં આત્માનો પુરુષાર્થ નથી, પણ આત્માનું સ્વરૂપ શું છે તે ઓળખવામાં આત્માનો પુરુષાર્થ છે. ખરી જિજ્ઞાસાથી અભ્યાસ કરતાં કરતાં ક્રમે ક્રમે આત્માનો અનુભવ થાય છે.

આગળ જતાં રાણી પૂછે છે કે, આત્માના અનુભવ માટે કાંઈક પુણ્ય કરવાનું કહોને? શું ભગવાનની ભક્તિ, દાન વગેરે શુભરાગ કરતાં કરતાં

આત્માનો અનુભવ ન થાય? ત્યારે ભરતજી ઉત્તર આપે છે કે, જેમ અરીસા ઉપર ચંદનનો લેપ કરો તો તે પણ અરીસાને આવરણનું જ કારણ છે, તેમ આત્મામાં શુભરાગથી પણ આવરણ થાય છે. પહેલાં ભેદભક્તિનો શુભરાગ થાય છે પણ તે શુભ તેમજ અશુભ બંને રહિત આત્માનું સ્વરૂપ છે, તેની ઓળખાણનો નિરંતર પ્રયત્ન કરવો જોઈએ.

ભરતજી પોતાની સ્ત્રી પ્રત્યે કહે છે કે—હે સુખકાંક્ષિણી! ભેદભક્તિથી પુણ્ય થાય છે ને તેનાથી સ્વર્ગાદિ પદ મળે છે, પણ આત્માનું સુખ તેનાથી મળતું નથી. રાગરહિત જ્ઞાનસ્વરૂપી આત્માની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેના ધ્યાનમાં એકાગ્ર થવું તે અભેદભક્તિ છે, ને તે અભેદભક્તિ જ મોક્ષસુખનું કારણ છે. અભેદભક્તિ જ મુક્તિનું કારણ છે ને ભેદભક્તિ બંધનું કારણ છે—એ વાત ભવ્ય સજ્જન પુરુષો ઉલ્લાસથી સ્વીકારે છે, પણ જેનું હોનહાર ખરાબ છે એવો અભવ્ય જીવ તેને સ્વીકારતો નથી.

અહો, આ દેહ તો જડ અને નાશવાન છે, ને હું ચૈતન્યમૂર્તિ અવિનાશી છું—એમ આત્માની ઓળખાણ અને ધ્યાનની રુચિ ભવ્ય જીવોને જ થાય છે, અભવ્ય જીવને આત્માના ધ્યાનની રુચિ થતી નથી. સંસારમાં રહેલા ધર્માત્મા પતિ-પત્ની પણ આવી ધર્મચર્ચા વારંવાર કરે છે.

વિદ્યામણિ નામની સ્ત્રી ભક્તિપૂર્વક ભરતજીને પૂછે છે કે— સ્વામીનાથ! શરીર અને રાગથી જુદા આત્મસ્વભાવનું જ્ઞાન-ધ્યાન કરવારૂપ અભેદભક્તિ પુરુષોને જ થઈ શકે કે અમને સ્ત્રીઓને પણ થાય?

ત્યારે ભરત મહારાજા ઉત્તર આપે છે : તે અભેદભક્તિના બે પ્રકાર છે—(૧) શુક્લધ્યાન, (૨) ધર્મધ્યાન. જોકે કહેવામાં તો આ બંને જુદા લાગે છે, પણ તે બંનેના અવલંબનરૂપ આત્મા એક જ છે તેથી તે એક જ જાતના છે. આત્મસ્વભાવના ભાન વડે ધર્મધ્યાન સ્ત્રીને પણ થઈ શકે છે. સ્ત્રીને શુક્લધ્યાન થઈ શકતું નથી. ધર્મધ્યાન કરતાં શુક્લધ્યાન વિશેષ નિર્મળ છે.

સ્ત્રી કે પુરુષ એ બંનેનો આત્મા તો એક જ પ્રકારનો છે, બહારના દેહના ફેરે અંદરના આત્મામાં ફેર પડતો નથી. ધ્યાનનું

અવલંબન તો દેહથી ભિન્ન આત્મા છે. શરીરના અવલંબને ધ્યાન થતું નથી. સ્રીને પણ આત્માના અવલંબને ધર્મધ્યાન થાય છે આત્મા શરીરથી જુદો છે, ને અંદરમાં પુણ્ય-પાપની લાગણી થાય. તેનાથી પણ આત્મા જુદો છે. બધા જીવોને ધર્મ માટે તો આત્માનું જ અવલંબન છે. એવા આત્માનું અવલંબન કરીને ધ્યાન કરે તો સ્રીને પણ આત્માનો અનુભવ થાય છે. આત્મા આનંદસ્વરૂપ છે તેની ઓળખાણ કરીને તેના ધ્યાનમાં એકાગ્ર થતાં પરનો વિચાર છૂટી જવો તેનું નામ ભલું ધ્યાન છે, અને પરના વિચારમાં એકાગ્ર થતાં આનંદમૂર્તિ આત્માને ભૂલી જવો તે ભૂંડું ધ્યાન છે. હું શરીરથી જુદો છું, પુણ્ય અને પાપની શુભ-અશુભ લાગણી પણ કૃત્રિમ છે, તે નવી નવી થાય છે, ને તેનો જાણનાર-દેખનાર જ્ઞાનસ્વરૂપ હું ત્રિકાળ છું એમ આત્માના મહિમામાં એકાગ્ર થતાં પરવસ્તુના વિચાર છૂટી જવા તે ભલું ધ્યાન છે. ને આત્માનો મહિમા ભૂલીને પરના વિચારમાં એકાગ્ર થવું તે ભૂંડું ધ્યાન છે. આત્માને ઓળખીને તેમાં એકાગ્ર થાય તેટલી શાંતિ પ્રગટે છે. સત્સમાગમે આત્માની ઓળખાણ અને ધ્યાન કરવાનો સતત પ્રયત્ન કરે તો આ કાળે પણ આત્માનું ધ્યાન થાય છે. આવું ધ્યાન તે અભેદભક્તિ છે, ને તે અભેદભક્તિથી જ મુક્તિ થાય છે.

શ્રી ભરત મહારાજાના મુખથી અભેદભક્તિની આવી સુંદર ચર્ચા સાંભળીને તે રાણીઓ ઘણી પ્રસન્ન થઈ અને અંતરમાં ઉલ્લાસપૂર્વક તે અભેદભક્તિનો પ્રયત્ન કરવા લાગી.

# જ્ઞાનજ્યોતિનો ઝણેણાટ

જીવ અજ્ઞાનભાવે સ્વર્ગમાં પણ અનંતવાર ગયો અને નરકમાં પણ અનંતવાર ગયો, પુણ્ય-પાપને આત્મા સાથે અભેદભાવની માન્યતાથી ચારે ગતિમાં અનંતકાળથી રખડ્યો; પણ જ્યાં આ જ્ઞાનજ્યોતિ ઝણેણાટ કરતી જાગી ને ચારે ગતિના કારણને મૂળમાંથી ઉખેડતી પ્રગટ થઈ ત્યાં પરિભ્રમણ ટળી ગયું ને અંશે મુક્તિની પર્યાય પ્રગટ થઈ. સાચી સમજણને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે. મારો આત્મા જ્ઞાતા-દ્રષ્ટા વીતરાગી સ્વભાવ જ છે એમ જ્ઞાનમાં સ્વીકારતી જ્ઞાનજ્યોતિ સારી રીતે સજ્જ થઈ છે.

જેમ તલવારને સજ્જ કરે છે તેમ જ્ઞાનજ્યોતિ સારી રીતે સજ્જ થઈ છે એટલે કે તૈયાર થઈ છે, —એવી તૈયાર થઈ છે કે જે પ્રગટ થઈને કેવળજ્ઞાન લીધે જ છૂટકો, કેવળજ્ઞાન લેવામાં વચ્ચે વિઘ્ન કાંઈ આવવાનું જ નહિ; જ્ઞાનજ્યોતિ પ્રગટી તે પ્રગટી; હવે અખંડધારાએ કેવળજ્ઞાન સુધી પહોંચી જ જવાની; જ્ઞાનજ્યોતિ એવી સજ્જ થઈ કે જ્ઞાન-આનંદ કરતી કેવળજ્ઞાન-સમુદ્રમાં ભળી જવાની—એવો તેનો ફેલાવ તેને કોઈ આવરી શકે નહિ, રોકી શકે નહિ; ચૈતન્યની જ્ઞાનજ્યોતિ જાગી તેને રોકવાને —આવરવાને સમર્થ આ જગતમાં કોઈ પદાર્થ નથી, કોઈ પદાર્થનો એવો ગુણ નથી કે કોઈ પદાર્થની એવી પર્યાય નથી. જાગનાર જાગે તેને આવરણ કરનાર ત્રણકાળ, ત્રણલોકમાં કોઈની શક્તિ નથી.

—માટે આચાર્યદેવ કહે છે કે :

અરે આત્મા! તું જાગ...તું જાગીને જો તો તારા સ્વભાવમાં બંધન છે જ નહિ.—એમ ભાન થતાં દ્રવ્યબંધ પણ તૂટી જ જશે, રહેશે નહિ. જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે રાગાદિક રહેતા નથી ને તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી, ત્યાર પછી જ્ઞાનને આવરણ કરનારું કોઈ રહેતું નથી, તે જ્ઞાન સદા પ્રકાશમાન જ રહે છે.

*—સમયસાર, બંધ—અધિકારના પ્રવચનોમાંથી*

❁

# આત્મજ્ઞ તે શાસ્ત્રજ્ઞ

यः आत्मानं जानाति अशुचिशरीरात् तत्त्वतः भिन्नं।
ज्ञायकरूपस्वरूपं सः शास्त्रं जानाति सर्वं।।४६३।।

**અર્થ** :–જે મુનિ (અર્થાત્ જે જીવ) પોતાના આત્માને આ અપવિત્ર શરીરથી તત્ત્વતઃ ભિન્ન, જ્ઞાયકસ્વરૂપ જાણે છે તે સર્વ શાસ્ત્રને જાણે છે.

**ભાવાર્થ** :–જે મુનિ (જે જીવ) શાસ્ત્રાભ્યાસ તો અલ્પ જ કરે છે પણ પોતાના આત્માનું રૂપ જ્ઞાયક દેખણ-જાણનહાર, આ અશુચિ શરીરથી ભિન્ન છે એમ, શુદ્ધોપયોગરૂપ થઈને જાણે છે તો તે બધા જ શાસ્ત્રોને જાણે છે. જો પોતાનું સ્વરૂપ ન જાણ્યું અને ઘણા શાસ્ત્રો ભણ્યો તો તેથી શું સાધ્ય છે?

यः न अपि जानाति आत्मानं ज्ञानस्वरूपं शरीरतः भिन्नं।
सः न जानाति शास्त्रं आगमपाठं कुर्वन् अपि।।४६४।।

**અર્થ** :–જે મુનિ (અર્થાત્ જે જીવ) પોતાના આત્માને જ્ઞાનસ્વરૂપ, અને શરીરથી ભિન્ન નથી જાણતો તે આગમનો પાઠ કરતો હોવા છતાં શાસ્ત્રને નથી જાણતો.

**ભાવાર્થ** :–જે મુનિ (જે જીવ) શરીરથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માને નથી જાણતો, તે ઘણા શાસ્ત્રો ભણ્યો હોય તોપણ વગર ભણ્યો જ છે. શાસ્ત્ર પઢવાનો સાર તો પોતાનું સ્વરૂપ જાણી રાગ-દ્વેષ રહિત થવું–તે હતો; જો શાસ્ત્ર ભણીને પણ તેવો ન થયો તો તે શું ભણ્યો? પોતાનું સ્વરૂપ જાણીને તેમાં સ્થિર થવું તે નિશ્ચય સ્વાધ્યાયતપ છે, અને વાંચવું–પૂછવું–અનુપ્રેક્ષા –આમ્નાય–ધર્મોપદેશ એવા પાંચ પ્રકાર વ્યવહારસ્વાધ્યાયના છે. જો તે વ્યવહાર નિશ્ચયના અર્થે હોય તો તે વ્યવહાર પણ સત્યાર્થ છે; નિશ્ચય વિના તો વ્યવહાર થોથાં છે. *—સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા*

❀

# શુદ્ધ આત્મા પ્રત્યેની અપાર હોંશ! "દર્શાવું તો કરજો પ્રમાણ....."

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વ–વિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ ભાગ્યશાળી છે.

(ગુરુદેવના હસ્તાક્ષરોમાંથી)

શ્રી આચાર્ય ભગવાન કહે છે કે આ સમયસાર દ્વારા હું મારા આત્માના સ્વવૈભવથી એકત્વ–વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દર્શાવું છું. તેનું શ્રવણ કરનાર હે શ્રોતાઓ! શ્રવણ કરતાં તમે પણ એકત્વ–વિભક્ત શુદ્ધ આત્મા સિવાય બીજી વાત તમારામાં વચ્ચે લાવશો નહીં, અને મારામાં પણ તે જોશો નહીં. એકત્વ–વિભક્ત શુદ્ધ આત્મા જ કહેવા માંગું છું, તો તે સાંભળતાં તમે પણ તેનું જ લક્ષ રાખજો.

આત્માના એકત્વ–વિભક્ત સ્વરૂપનું કથન કરતાં વચ્ચે ક્યાંક વિભક્તિ વગેરેનો દોષ આવી જાય તો તે દોષને જોવામાં અટકશો નહિ, અને તમને વ્યાકરણાદિ ન આવડે તો તમારામાં પણ તે દોષને જોશો નહિ; કેમ કે મારા લક્ષનું જોર ભાષા ઉપર નથી પણ શુદ્ધ આત્મા ઉપર જ છે, તેમાં તો મારી ભૂલ નહિ જ થાય, માટે તમે પણ હું જેવો શુદ્ધ આત્મા દર્શાવવા માંગું છું તેવા શુદ્ધ આત્માને જ લક્ષમાં રાખીને ઉપાદાન-નિમિત્તના ભાવની સંધિ કરજો. એટલે હું મારા સ્વાનુભવથી જેવો શુદ્ધાત્મા કહેવા માંગું છું તેવો શુદ્ધાત્મા તમે પણ સ્વાનુભવથી સમજી જશો.

અહીં, વ્યાકરણ વગેરે જાણપણાનો મહિમા નથી પણ જે આત્મસ્વભાવ તરફ વળીને શુદ્ધ આત્માનો અનુભવ કરે તે જ્ઞાનનો જ મહિમા છે, માટે આચાર્યદેવ કહે છે કે હે જીવ! તું શુદ્ધાત્માને જ પ્રમાણ

કરજે; અમારી વાણીના લક્ષે નહિ પણ તારા સ્વાનુભવથી તું પ્રમાણ કરજે; વાણીના લક્ષે તો વિકલ્પ થશે, તેની મુખ્યતા કરીશ નહિ, બીજા કોઈ જાણપણાની મુખ્યતા કરીશ નહિ પણ શુદ્ધ આત્માની મુખ્યતા કરીને તેનો સ્વાનુભવ કરજે. કોઈ કહે કે આ સમયસાર સાંભળીને શું કરવું?—તો આચાર્ય કુંદકુંદ પ્રભુ કહે છે કે સ્વાનુભવથી શુદ્ધ આત્માને પ્રમાણ કરવો.

આચાર્યદેવ કહે છે કે મારા આત્માનો જેટલો નિજવૈભવ છે તે સર્વથી હું આ એકત્વ–વિભક્ત આત્માને દર્શાવીશ. હું જે રીતે દર્શાવું તે જ રીતે શ્રોતાએ સ્વયમેવ પોતાના અનુભવપ્રત્યક્ષથી પરીક્ષા કરીને પ્રમાણ કરવું. બહારના જાણપણાના બોલમાં ક્યાંય ચૂકી જાઉં તો તે ગ્રહણ કરવામાં સાવધાન ન થવું. સાવધાની તો શુદ્ધ આત્માની જ રાખવી.

હે જીવ! જો તું એકત્વ–વિભક્ત આત્મા સિવાય મારામાં બીજું લક્ષ કરીને અટકીશ તો તારામાં જ દોષની ઉત્પત્તિ થશે. પર તરફ લક્ષ કરીને અટક્યો તે જ દોષ છે. પ્રથમ તો તું તારામાં દોષ કરીને અટકીશ ત્યારે બીજાના દોષ તરફ તારું લક્ષ જશે ને? પણ તું એકત્વ–વિભક્ત શુદ્ધાત્મા સિવાય બીજે ક્યાંય લક્ષ કરીને અટકીશ નહિ એટલે બીજામાં પણ તને દોષ જોવાનો વિકલ્પ ઊભો નહિ થાય. હું શુદ્ધાત્મા કહું છું અને તું તેની હા જ પાડજે. હું જે બતાવવા નથી માગતો તેના ઉપર તું પણ વજન આપીશ નહિ, હું જે એકત્વ–વિભક્ત આત્માને દર્શાવવા માગું છું તે લક્ષમાં લઈને તેની હા પાડજે.

શ્રી આચાર્યદેવ નિર્માનતાપૂર્વક કહે છે કે હું હજી છદ્મસ્થ છું; શ્રી તીર્થંકર ભગવાનના દિવ્યધ્વનિમાં કે ગણધરદેવની રચનામાં તો કોઈ પ્રકારની ભૂલ ન આવે, પણ મારું એટલું સામર્થ્ય નથી એટલે ક્યાંક વ્યાકરણ વગેરેમાં દોષ આવી જવાનો સંભવ છે. સ્વાનુભવમાં તો હું નિ:શંક છું, મારા સ્વાનુભવથી હું શુદ્ધાત્માનું જે કથન કરીશ તેમાં તો ક્યાંય ચૂક નહિ જ પડે. અહો! આચાર્યદેવને જેટલી નિ:શંકતા છે તેટલી જ નિર્માનતા છે. તેથી કહે છે કે હું સર્વજ્ઞ નથી પણ છદ્મસ્થ છું, છતાં મને શુદ્ધાત્માનું પ્રચુર સ્વસંવેદન વર્તે છે એટલે હું મારા સ્વાનુભવથી શુદ્ધાત્માનું

જે વર્ણન કરીશ તેમાં તો ક્યાંય દોષ નહિ જ આવે. પણ વ્યાકરણની વિભક્તિ વગેરેમાં કદાચ કંઈ દોષ આવી જાય અને તારા જ્ઞાનના ક્ષયોપશમમાં તે જણાઈ જાય તો તું તે જાણપણા ઉપર કે દોષ ઉપર મુખ્યપણે જોઈશ નહિ, પણ તેને ગૌણ કરીને એકત્વ સ્વભાવને જ મુખ્યપણે જોજે, તે સ્વભાવ તરફ જ વળજે.

જુઓ, આચાર્ય ભગવંતને શુદ્ધાત્મા દર્શાવવાનો વિકલ્પ ઊઠ્યો છે તે સામા શિષ્યની પણ શુદ્ધાત્માનો અનુભવ કરવાની પાત્રતા સૂચવે છે. 'હું દર્શાવું છું અને તમે તે પ્રમાણ કરજો' એમ આચાર્યદેવે કહ્યું તો સામે તે શુદ્ધાત્માને પ્રમાણ કરનારા જીવો ન હોય એમ બને જ નહિ. 'દર્શાવું તો કરજો પ્રમાણ' એમ કહેવામાં આચાર્યદેવને ખાતરી છે કે શિષ્યે પૂર્વે અનંતકાળમાં જે રીતે શુદ્ધાત્માનું યથાર્થ શ્રવણ નથી કર્યું, તે ભાવ ટાળીને હવે જુદી જ રીતે અપૂર્વપણે શુદ્ધાત્માનું યથાર્થ શ્રવણ કરીને તે શુદ્ધાત્માને સમજી જશે. પૂર્વે તેં કદી જેને નથી જાણ્યો એવો શુદ્ધાત્મા હું તને અત્યારે દર્શાવું છું, માટે તું અપૂર્વભાવે તે પ્રમાણે કરીને સ્વાનુભવ કરજે.

આ રીતે આ સમયસારના સાંભળનાર અને કહેનાર બંનેને શુદ્ધાત્મા પ્રત્યેની અપાર હોંશ છે. 'હું શુદ્ધ આત્મા બતાવું છું અને તું તેની હા જ પાડીને તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે'—આમ કહીને પછી તરત છટ્ઠી ગાથામાં શ્રી આચાર્યદેવ આત્માનો એકત્વ–વિભક્ત જ્ઞાયકસ્વભાવ દર્શાવે છે. *—શ્રી સમયસાર ગા. ૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી.*

# ધન્યજીવન

અહો! જે ચૈતન્યલક્ષી જીવન છે તે જ પ્રશંસનીય છે... ચૈતન્યલક્ષ વગરનું જીવન તો મડદાં સમાન છે. ચૈતન્યનું ભાન કરીને તેના અનુભવમાં જે ઠર્યા...તેમની ધન્યતાની તો વાત જ શી!-પરંતુ જગતની જંજાળની ચિંતા છોડીને જેના અંતરમાં દિન-રાત આત્માના હિતની ચિંતા જાગી છે તેનું જીવન પણ પ્રશંસનીય છે.

જીવ અનાદિકાળથી સંસારમાં રખડે છે. અનાદિથી સંસારમાં રખડતાં તેણે આત્માને ચૂકીને શરીરાદિ પરની જ ચિંતા કરી છે, પણ આત્માનો સ્વભાવ શું છે અને તેનું સંસારપરિભ્રમણ કેમ ટળે?–તેની ચિંતા કદી કરી નથી. તેથી અહીં આચાર્યભગવાન કહે છે કે અહો! ચૈતન્યસ્વરૂપમાં જે સ્થિત થયા છે તેમની તો શી વાત! પણ જેણે આત્માની ચિંતા માત્રનો પરિગ્રહ કર્યો છે તેનું જીવન પણ પ્રશંસનીય છે.

अस्तां तत्र स्थितो यस्तु चिंतामात्रपरिग्रहः।
तस्यात्र जीवितं श्लाध्यं, देवैरपि स पूज्यते॥

જે પુરુષ આ શુદ્ધાત્માને ઓળખીને તેના ધ્યાનમાં સ્થિર રહે છે તેની વાત તો દૂર રહો; પરંતુ જે પુરુષ શુદ્ધાત્માની ચિન્તાનો પરિગ્રહ કરવાવાળો છે તેનું પણ જીવન આ સંસારમાં પ્રશંસનીય છે; તથા દેવો દ્વારા પણ તે પૂજાય છે, માટે ભવ્ય જીવોએ સદા શુદ્ધાત્માનું ચિંતન કરવું જોઈએ.

શ્રી પદ્મનંદી મુનિરાજ મહાન સંત દિગંબર મુનિ હતા. તેઓ જંગલમાં આત્માની રમણતામાં રમતા હતા. જંગલમાં તેમણે આ શાસ્ત્ર રચ્યું છે; તેમાં તેઓ કહે છે કે–અહો, જે જીવો દેહથી અને વિકારથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને તેના ધ્યાનમાં સ્થિર થાય તેમની વાત તો દૂર રહો, તેમની તો શી વાત! પરંતુ જેને શુદ્ધ આત્માની ચિન્તાનો માત્ર

પરિગ્રહ વર્તે છે એટલે કે બીજી બધી ચિન્તા છોડીને માત્ર આત્માના ચિંતનમાં જે સદાય રત રહે છે તેનું જીવ્યું પણ ધન્ય છે. લક્ષ્મી વગેરે પરિગ્રહની પકડ તે તો મમતા અને સંસારનું કારણ છે; તેથી તેવા જીવનને ધન્ય કહેતા નથી, પણ ચૈતન્ય તત્ત્વની ચિન્તાની જેણે પકડ કરી છે તેના જીવનને સંતો પ્રશંસનીય કહે છે. અહીં ચિન્તા કહેતાં રાગ ન સમજવો પણ જ્ઞાનમાં ચૈતન્યના મહિમાનું ઘોલન સમજવું.

સંસારમાં રખડતાં રખડતાં અનંતવાર મનુષ્યદેહ પામીને આત્માના ભાન વિના મર્યો, પણ આત્મા શું છે તેની વાત જાણી નથી, તેથી અહીં તેનો મહિમા બતાવતાં કહે છે કે બહારની ચિંતા ટાળીને જેઓ આત્મસ્વરૂપમાં ઠર્યા છે તેઓ તો કરવાયોગ્ય કાર્ય જ કરી બેઠા છે, તેમની શી વાત! પણ જેને જગતની ચિન્તા છોડીને આત્માની ચિન્તાની પકડ થઈ કે અહો, મારા આત્માને મેં અનંતકાળથી ઓળખ્યો નથી, અનંતકાળમાં કદી આત્માનું ધ્યાન કર્યું નથી, આત્માને ભૂલીને બાહ્ય પદાર્થોની ચિન્તામાં જ રખડ્યો છું, હવે સત્સમાગમે આત્માને જાણીને તેનું જ ધ્યાન કરવા યોગ્ય છે, —આવી આત્માની ચિન્તાનો પરિગ્રહ કરે—પકડ કરે—તેનું જીવન પણ પ્રશંસનીય છે.

શ્રીમદ્ રાજચંદ્રજી આ પદ્મનંદી–પચ્ચીસી શાસ્ત્રને 'વનશાસ્ત્ર' કહે છે. આ શાસ્ત્ર વનમાં રચાયેલું છે. અને વનમાં રહીને જ્ઞાનધ્યાન કરવા માટેનું આ શાસ્ત્ર છે, તેથી તેને વનશાસ્ત્ર કહ્યું છે. આત્માનું ભાન કરીને તેના ધ્યાનમાં જે ઠર્યા છે તેને તો બધે વન જ છે, તેનો આત્મા જ તેનું વન છે.

અહા, મારો સ્વભાવ જગતનો સાક્ષી જ્ઞાતા છે, ક્ષણિક વિકાર કે દેહ તે મારું સ્વરૂપ નથી—એમ જેના અંતરમાં ચૈતન્યની ચિન્તા જાગી છે તેની આચાર્યદેવ પ્રશંસા કરે છે. અહો! જે ચૈતન્યલક્ષી જીવન જીવે છે તે જ પ્રશંસનીય છે, બાકી બધા ચૈતન્યના લક્ષ વગરનું જીવન જીવે છે તે તો મડદાં સમાન છે. આ શરીર તો સંયોગી અનિત્ય છે, તે તો અનંત આવ્યાં ને ગયાં, પણ મારો આત્મા અનાદિઅનંત એકરૂપ છે, તેનો કદી

નાશ થતો નથી—એમ જેને દિવસ અને રાત આત્માની ચિન્તા જાગી છે, આત્મા શું છે તેનું ભાન કરવા, તેનું ધ્યાન કરવા, તેની ભાવના કરવા જેને સદાય અંતરમાં રટણ ચાલ્યું છે, તેનું જીવન પ્રશંસનીય છે. જગતની જંજાળની ચિન્તા આડે જેને આત્માના વિચારનો પણ અવકાશ નથી, તેનું તો જીવન નકામું ચાલ્યું જાય છે. જગતની જંજાળની ચિન્તાનો વળગાડ છૂટીને જેને આત્માની ચિન્તા જાગી છે તેનું જીવન ધન્ય છે.

અમેરિકામાં એવા મશીન થાય છે કે તેમાં પૈસા નાખતાં એની મેળે ફોટો પડીને બહાર આવે. લોકોને એવા મશીનનો વિશ્વાસ આવે, પણ આનંદકંદ આત્મામાં જેટલી પુરુષાર્થની એકાગ્રતા મૂકે તેટલી નિર્મળ પર્યાય પ્રગટે એટલે જેવી પુરુષાર્થની એકાગ્રતા કરે તેવો જ ફોટો પર્યાયમાં પડી જાય, —આવી ચૈતન્યશક્તિનો વિશ્વાસ જગતને બેસતો નથી. ચૈતન્યશક્તિને ઓળખીને તેના સંચામાં જેટલી પુરુષાર્થની એકાગ્રતારૂપ કિંમત નાખે તેટલી નિર્મળ દશા અંદરની શક્તિમાંથી પ્રગટ થયા વિના રહે નહીં. વળી, એક અણુબોમ્બ પડે તો આખા નગરનો નાશ કરી નાખે—એમ અણુબોમ્બની શક્તિનો વિશ્વાસ અને મહિમા કરે છે, પણ આત્માની શ્રદ્ધારૂપી અણુબોમ્બમાં એવી તાકાત છે કે અનંત કર્મોને એક ક્ષણમાં ભસ્મ કરી નાખે—તેનો વિશ્વાસ અને મહિમા આવવો જોઈએ. પહેલાં અંતરમાં આત્માની જિજ્ઞાસા અને મંથન જાગવું જોઈએ. અંતરના ચૈતન્યતત્ત્વને શોધવા, તેનો અનુભવ કરવા, તેનો સાક્ષાત્કાર કરવા અને તેના ધ્યાનમાં સ્થિર થવા જેને રાત અને દિવસ, સ્વપ્નમાં કે જાગતાં, હાલતાં ને ચાલતાં સદાય રટણ ચાલે છે તેનું જીવન ધન્ય છે. જેમ માતાથી વિખૂટા પડી ગયેલા બાળકને 'મારી બા, મારી બા'—એમ પોતાની માતાનું જ રટણ થયા કરે છે, કોઈ તેને પૂછે કે તારું નામ શું? તો કહેશે કે 'મારી બા.' કોઈ ખાવાનું પૂછે તો કહેશે કે 'મારી બા.' એમ તે માતાનું જ રટણ કરે છે. તેમ જે ભવ્ય જીવોને અંતરમાં આત્માની દરકાર જાગે, આત્માનું જ રટણ અને આત્માની જ ચિન્તા જે પ્રગટ કરે, આત્મા સિવાય બીજાની રુચિ અંતરમાં થવા ન દે તેનું જીવન ધન્ય છે. અહો, પૂર્ણ ચિદાનંદસ્વરૂપ મારો આત્મા છે, તેનું ભાન અને પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી યથાર્થ

શાંતિ કે સુખ થાય નહીં; અત્યાર સુધીનો અનંતકાળ એના ભાન વગર ભ્રાંતિમાં ગુમાવ્યો, હવે એક ક્ષણ પણ ગુમાવવી નથી—એમ આત્માની ચિન્તાવાળો જીવ બીજા કોઈની રુચિ કરતો નથી. જેઓ એ ચૈતન્યસ્વભાવનું ભાન પ્રગટ કરીને તેને ધ્યાનમાં ધ્યાવે છે તેમના મહિમાની વાત શું કરવી? તેમણે તો કાર્ય પ્રગટ કરી લીધું છે, તેથી તેઓ કૃતકૃત્ય જ છે. પણ જેણે તેના કારણરૂપ રુચિ પ્રગટ કરી છે, એટલે કે 'અહો, મારું કાર્ય કેમ પ્રગટે? આનંદકંદ આત્માનો અનુભવ અંદરથી કેમ પ્રગટે?' આવી જેને ચિન્તા પ્રગટી છે તે આત્માનું જીવન પણ, સંત—આચાર્ય કહે છે કે ધન્ય છે, સંસારમાં તેનું જીવન પ્રશંસનીય છે. જગત્‌માં પૈસા, સ્ત્રી, શરીર વગેરેની ચિન્તા વધારી તેનું જીવન પ્રશંસનીય અમે નથી કહેતા. પણ જેણે બીજા પરિગ્રહની ચિન્તા છોડીને ચૈતન્યની ચિન્તાનો જ પરિગ્રહ કર્યો છે તેનું જીવન શાંતિ અને સમાધિ આપવાના કારણરૂપ છે, મનોહર છે, રમણીય છે, પ્રશંસવા યોગ્ય છે; દેહ છૂટવા ટાણે તેને અંતરમાં આત્માની શાંતિ અને સમાધિ પ્રગટ થશે, તેથી તેનું જીવન ધન્ય છે; મોટા મોટા દેવો પણ આવીને એવા ભવ્ય જીવોની સેવા અને આદર કરે છે. આ દુર્લભ મનુષ્યભવ પામીને કરોડો રૂપિયા મેળવે કે માન—આબરૂ વગેરે મેળવવામાં જીવન વીતાવે તેને અહીં ધન્ય નથી કહેતા, પણ અંતરમાં જે ચૈતન્યની ભાવના કરે છે તેનું જીવન ધન્ય છે.

આ જડ શરીરથી હું ભિન્ન છું, અહો! મારા આત્માનું શું થશે? આ જડ શરીર તો અહીં પડ્યું રહેશે, અને હું તો એકલો જઈશ, શરીર પણ મારી સાથે રહેવાનું નથી તો પછી બીજા સ્ત્રી—કુટુંબ—લક્ષ્મી વગેરેની તો શું વાત? વિકાર પણ મારું સ્વરૂપ નથી, મારો આત્મા કાયમી શુદ્ધ ચિદાનંદ છે, સિદ્ધ ભગવાન જેટલું પરિપૂર્ણ સામર્થ્ય મારામાં ભર્યું છે તેને હું ઓળખું—એમ ચોવીસે કલાક અંતરમાં રટણ ચાલે છે તેવા ધર્મની ચિન્તાવાળા ભવ્યાત્માઓને ધન્ય છે. પવિત્રતાવાળા જીવોને પુણ્યવંત દેવો પણ આદરે છે. આત્મસ્વભાવના લક્ષવાળું જીવન જ આદરણીય છે, એ સિવાય બીજા જીવનને આદરણીય ગણવામાં આવ્યું નથી, માટે ભવ્યાત્માઓએ વારંવાર શુદ્ધાત્માની ચિન્તામાં ને તેના જ રટણમાં રહ્યા

**કરવું—એવો શ્રી આચાર્યદેવનો ઉપદેશ છે. શરીર–પૈસા–કુટુંબ કે દેશ વગેરેનું જે થવું હોય તે થાય, તેને સંયોગરૂપે રહેવું હોય તો રહે ને જવું હોય તો જાય, મારા આત્માથી તે બધા ભિન્ન છે, હું નિત્ય રહેનાર ચૈતન્યબિંબ છું, તેને ઓળખીને તેમાં ઠરું—એ જ મારું કર્તવ્ય છે. આવી જેને રુચિ અને ઝંખના પ્રગટી તેને તે નિત્ય શાંતિ અને આનંદ આપે છે, તેનું જીવન ધન્ય છે. કરવા યોગ્ય હોય તો આ જ છે.**

*—પદ્મનંદીપચ્ચીસી, એકત્વ અધિકાર ગા. ૬૫ ઉપરના પ્રવચનમાંથી*

❁

## ❁ અપૂર્વ ચીજ—આત્માની સમજણ ❁

જુઓ ભાઈ, આત્મસ્વભાવની સમજણ કરવી તે જ અપૂર્વ ચીજ છે; અનંતકાળમાં બધુંય કર્યું છે પણ પોતાનો આત્મસ્વભાવ શું છે તે સમજ્યો નથી. આ જીવનમાં એ જ કરવા જેવું છે, એના વિના જીવનમાં જે કાંઈ કરે તે બધું થોથાં છે, આત્માને સંસારનું કારણ છે. અનંતકાળથી આત્માની સમજણ કરી નથી, તેથી તેને માટે અનંતી દરકાર અને રુચિ જોઈએ.

## ❁ જીવનનું કર્તવ્ય ❁

અહો, ધર્માત્મા જીવને જીવનમાં કરવાનું જો કાંઈ હોય તો આત્મા અને જ્ઞાનની સંપૂર્ણ એકતા જ કરવી, તે જ કરવાનું છે. પહેલાં રાગથી ભિન્નતા ને જ્ઞાન સાથે આત્માની એકતાની શ્રદ્ધા કરવી ને પછી જ્ઞાનને સ્વરૂપમાં સ્થિર કરીને વીતરાગભાવ પ્રગટ કરીને સંપૂર્ણ એકતા કરવી, એ સિવાય બીજું કાંઈ કરવા જેવું નથી. આમાં જ મોક્ષમાર્ગ અથવા ધર્મ જે કહો તે આવી જાય છે. કોઈપણ પરને લીધે જ્ઞાન ખીલે એમ જેણે માન્યું છે તેણે રાગ સાથે જ જ્ઞાનની એકતા કરી છે, એવો અજ્ઞાની જીવ દરેક સંયોગ વખતે જ્ઞાન અને આત્માની એકતાને તોડે છે, તે અધર્મ છે. જ્ઞાન સાથે આત્માની એકતાની અને રાગાદિથી ભિન્નતાની શ્રદ્ધાથી જ્ઞાની જીવને ગમે તેવા પ્રસંગ વખતે પણ સયમે સમયે સ્વભાવમાં જ્ઞાનની એકતા વધતી જાય છે ને રાગ તૂટતો જાય છે, તે ધર્મ છે. *—ભેદવિજ્ઞાનસાર*

# ‘સમયસાર’ના શ્રોતાનું કર્તવ્ય

શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે હું ‘સમયસાર’ની ટીકા કરું છું; સમયસાર એટલે શુદ્ધ આત્મા, તેનું વર્ણન કરવાનો મારો હેતુ છે, એટલે આ ટીકાનું ધ્યેય તો શુદ્ધ આત્મા જ છે. ભલે વચમાં વિકારનું વર્ણન આવશે ખરૂં પણ મારું પ્રયોજન તો તે વિકારથી ભિન્ન શુદ્ધ આત્મા દેખાડવાનું જ છે. વિકારને હેયરૂપ બતાવવા તેનું વર્ણન આવશે ને શુદ્ધ આત્માને ઉપાદેયરૂપ બતાવવા તેનું વર્ણન આવશે. ટીકા કરતાં મારું લક્ષ વિકાર ઉપર નથી પણ શુદ્ધાત્મા ઉપર જ છે. ટીકા દ્વારા હું શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવવા માગું છું, માટે સમયસારનું શ્રવણ કરનાર શ્રોતાઓને પણ તે જ લક્ષ હોવું જોઈએ. શુભ ભાવને જ પ્રયોજન માની અટકી જાય તો તેણે ‘સમયસાર’નું શ્રવણ ન કર્યું કહેવાય. વિકાર વગરનો જ્ઞાયક શુદ્ધ આત્મા છે તે બતાવવાનું પ્રયોજન છે, તેથી શ્રોતાઓએ પણ તે જ પ્રયોજન રાખીને શ્રવણ કરવું જોઈએ. આચાર્યદેવ કહે છે કે તું સિદ્ધ છો, તારા આત્મામાં અમે સિદ્ધપણું સ્થાપીએ છીએ; તારા સિદ્ધ સ્વભાવના લક્ષે શ્રવણ કરજે. વચ્ચે વિકલ્પ આવે તે વિકલ્પ કે નિમિત્ત ઉપર લક્ષનું જોર આપીશ નહિ. લક્ષનું જોર તો શુદ્ધ આત્મા ઉપર જ રાખજે. મારો આત્મા વિકારરહિત શુદ્ધ જ્ઞાતા છે તેના ઉપર જ મારું લક્ષ છે, ને શ્રોતાઓને આ ટીકા દ્વારા હું તેનું લક્ષ કરાવવા માગું છું; માટે શ્રોતાઓએ પણ પોતાનો આત્મા વિકાર વગરનો છે—એવા સ્વભાવના લક્ષે સાંભળવું. આ રીતે આચાર્યદેવ વિકારના અંશ ઉપરની દૃષ્ટિ છોડાવીને શુદ્ધાત્માની રુચિ કરાવે છે. શાસ્ત્રના શબ્દ ઉપર કે તેના લક્ષે થતા વિકલ્પ ઉપર રુચિનું જોર ન આપતાં, શાસ્ત્રના વાચ્યભૂત શુદ્ધ આત્મસ્વભાવની રુચિ કરીને તેનો અનુભવ કરવાનું આચાર્યદેવ કહે છે.

હું સમયસારની ટીકા કરું છું, એટલે ખરેખર તો ટીકાના

**વાચ્યભૂત શુદ્ધાત્માનું ઘોલન કરું છું; તે શુદ્ધાત્માના ઘોલનથી મારી પરિણતિ નિર્મળ-નિર્મળ થતી જાય છે. ને જે શ્રોતાજનો એવા શુદ્ધાત્માને સ્વાનુભવથી સમજશે તેને પણ મોહનો ક્ષય થઈને પરિણતિ નિર્મળ થશે.**

❀

## ❀ દુનિયામાં મહિમાવંત કોણ? ❀

માહાત્મ્ય કરવા યોગ્ય દુનિયામાં કાંઈ હોય તો તે સર્વજ્ઞપ્રણીત ધર્મ અને ધર્માત્મા જ છે. વર્તમાનમાં તે ધર્માત્મા ભલે કદાચ નિર્ધન સ્થિતિમાં હોય પણ અલ્પકાળમાં તે જગતને વંદ્ય ત્રણ લોકના નાથ થવાના છે. લૌકિકમાં તો પુણ્યે મોટો તે મોટો કહેવાય છે; વકીલ, ડોક્ટર વગેરે દિવસમાં કેટલા રૂપિયા પેદા કરે છે તે ઉપરથી તેની કિંમત થાય છે, પણ ખાનદાની કેવી છે, આત્મજ્ઞાન–શ્રદ્ધા કેવાં છે તે ઉપર લોકો જોતા નથી, –બહારમાં જુએ છે. પરંતુ ધર્મમાં તો ધર્માત્માને બાહ્ય સામગ્રી કેવી છે તે જોવાતું નથી, પણ સ્વતંત્ર આત્મગુણની સમૃદ્ધિ કટેલી છે તે જોવાય છે. જેનામાં સમ્યગ્દર્શનાદિ પ્રગટ્યાં છે તે જીવ આ જગતમાં મહિમાવંત છે.

# સમ્યક્ત્વનાં નિમિત્તો

## ઉપદેશક જ્ઞાનીનો આત્મા અંતરંગનિમિત્ત અને જ્ઞાનીની વાણી અર્થાત્ જિનસૂત્ર બહિરંગ નિમિત્ત

સમ્યગ્દર્શન પ્રગટ કરનાર જીવને દેશનાલબ્ધિ જરૂર હોય છે; અને તે દેશનાલબ્ધિ, સમ્યક્ત્વરૂપે પરિણમેલા એવા સાક્ષાત્ જ્ઞાનીના નિમિત્તે જ પમાય છે, એકલા શાસ્ત્રથી કે કોઈ મિથ્યાદૃષ્ટિના નિમિત્તથી દેશનાલબ્ધિ પમાતી નથી, જે પોતે મિથ્યાદૃષ્ટિ છે એવા જીવને જે પોતાની દેશનાલબ્ધિના નિમિત્ત તરીકે સ્વીકારે તે જીવમાં તો સમ્યગ્દર્શન, પામવાની પાત્રતા પણ હોતી નથી. સમ્યક્ત્વની પાત્રતાવાળો જીવ સામે પણ સમ્યગ્દૃષ્ટિના ભાવને ઓળખીને તેને પોતાનું અંતરંગ નિમિત્ત બનાવે છે. આ સંબંધમાં જિજ્ઞાસુઓને જરૂરનું પ્રવચન અહીં આપ્યું છે.

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દૃગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.

**અર્થ** :—સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે, જિનસૂત્રના જાણનારા પુરુષોને (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.

**ટીકા** :—આ સમ્યક્ત્વ પરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખ કમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે, જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી

પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વ પરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.

પોતાના શુદ્ધ કારણ-પરમાત્માની શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરનાર જીવને નિમિત્તો કેવાં હોય તે અહીં બતાવે છે. સમ્યગ્દર્શન તો પોતાના આત્મસ્વભાવના આશ્રયે જ થાય છે, કાંઈ નિમિત્તના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. પણ જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે, તેથી સમ્યગ્દર્શનમાં નિમિત્તો કેવાં હોય તે પણ જાણવું જોઈએ. નિજ કારણપરમાત્માની સન્મુખ થઈને અપૂર્વ સમ્યક્ત્વ પ્રગટ કરનાર જીવને શુદ્ધ કારણપરમાત્માનું સ્વરૂપ બતાવનારાં જિનસૂત્ર તે બાહ્ય નિમિત્ત છે. અને તે જિનસૂત્રનો આશય સમજાવનારા જ્ઞાની પુરુષ વગર એકલા જિનસૂત્ર સમ્યક્ત્વનું નિમિત્ત થતાં નથી.—એમ બતાવવા માટે સાથે સાથે એ વાત પણ કરી કે જિનસૂત્રને જાણનારા જ્ઞાની પુરુષો સમ્યક્ત્વનું અંતરંગ નિમિત્ત છે. નિમિત્ત તરીકે શાસ્ત્ર કરતાં જ્ઞાનીની મુખ્યતા બતાવવા માટે શાસ્ત્રને બાહ્ય નિમિત્ત કહ્યા છે અને જ્ઞાનીને અંતરંગ નિમિત્ત કહ્યા છે, અંતરંગ નિમિત્ત પણ પોતાથી પર છે તેથી તે ઉપચાર છે.

વીતરાગની વાણી શુદ્ધ કારણપરમાત્માને ઉપાદેય બતાવનારી છે, તે જિનસૂત્ર છે. તે જિનસૂત્ર સમ્યગ્દર્શનનું બહિરંગ નિમિત્ત છે. તે પોતે અંતર્મુખ થઈને શુદ્ધ કારણપરમાત્માને ઉપાદેયપણે અંગીકાર કરે તેને તે વાણી બાહ્યનિમિત્ત છે. જુઓ, જિનસૂત્ર કેવાં હોય તે વાત પણ આમાં આવી ગઈ, કે પોતાના શુદ્ધ આત્માને જ જે ઉપાદેય બતાવતાં હોય, પોતાના શુદ્ધ કારણપરમાત્માના આશ્રયે જ જે લાભ કહેતાં હોય તે જ જિનસૂત્ર છે; અને એવા જિનસૂત્ર જ સમ્યક્ત્વમાં બાહ્યનિમિત્ત છે. એ સિવાય જે શાસ્ત્રો પરાશ્રયભાવથી લાભ થવાનું કહેતાં હોય તે ખરેખર જિનસૂત્ર નથી અને તે સમ્યક્ત્વમાં નિમિત્ત પણ નથી. શાસ્ત્રોનું તાત્પર્ય તો વીતરાગતા છે, અને તે વીતરાગતા અંતરના શુદ્ધ આત્માના અવલંબને પ્રગટે છે; તેથી તેવા શુદ્ધ આત્માનું અવલંબન કરવાનું બતાવનારી જિનવાણી તે જ સમ્યક્ત્વમાં નિમિત્ત છે.

સમ્યગ્દર્શન અંતર્સ્વભાવના અવલંબને જ પ્રગટે છે, અને જિનસૂત્ર પણ તે સ્વભાવનું જ અવલંબન કરવાનું બતાવે છે, તેથી સમ્યગ્દર્શનનું બાહ્ય નિમિત્ત જિનસૂત્ર છે. અને તે જિનસૂત્રે કહેલા શુદ્ધ કારણપરમાત્માનું સ્વરૂપ જાણનારા અન્ય મુમુક્ષુઓ તે સમ્યક્ત્વના અંતરંગ હેતુ છે. જિનસૂત્ર જેવો શુદ્ધ આત્મા કહેવા માગે છે તેવા શુદ્ધ આત્માને જે જાણે તેણે જ ખરેખર જિનસૂત્રને જાણ્યા કહેવાય. માત્ર શાસ્ત્રના શબ્દને જાણે પણ તેમાં કહેલા શુદ્ધ આત્માને ન જાણે તો તે જીવે ખરેખર જિનસૂત્રને જાણ્યા ન કહેવાય. એ રીતે જિનસૂત્રના જાણનારા એવા સમ્યગ્દષ્ટિ જીવો જ બીજા જીવને સમ્યક્ત્વપરિણામના અંતરંગ હેતુ છે, અને ત્યાં જિનસૂત્ર તે બહિરંગ હેતુ છે.

અહીં, નિમિત્તમાં અંતરંગ અને બાહ્ય એવા બે પ્રકાર પાડીને સમજાવ્યું છે. અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટ કરનાર જીવને એકલા શાસ્ત્રના શબ્દો જ નિમિત્ત નથી હોતા, પરંતુ તે શાસ્ત્રનો આશય બતાવનારા સમ્યગ્દષ્ટિ જીવ પણ નિમિત્ત તરીકે હોય જ છે એમ અહીં બતાવ્યું છે. જોકે અન્ય સમ્યગ્દષ્ટિ પુરુષ પણ ખરેખર તો પોતાથી બાહ્ય છે, પણ તે જીવનો અંતરંગ અભિપ્રાય પકડવો તે પોતાને સમ્યગ્દર્શનનું કારણ છે તેથી ઉપચારથી તે જીવને પણ સમ્યગ્દર્શનના અંતરંગ હેતુ કહ્યા છે. શાસ્ત્રના શબ્દો તો અચેતન છે અને આ સમ્યગ્દષ્ટિ જીવ તો પોતે સમ્યક્ત્વપરિણામે પરિણમેલો છે, તેથી શાસ્ત્ર કરતાં તે નિમિત્તની વિશેષતા બતાવવા માટે ‘અંતરંગ’ શબ્દ વાપર્યો છે. તેના વિના એકલા પુસ્તકના નિમિત્તથી કોઈ જીવ અપૂર્વ સમ્યક્ત્વ પામી જાય—એમ બને નહિ.—આ દેશનાલબ્ધિનો અબાધિત નિયમ છે.

અહીં, તો જે જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેવા જીવને કેવું નિમિત્ત હોય તે ઓળખાવ્યું છે. અજ્ઞાનીને પૂર્વે અનંતવાર જે દેશનાલબ્ધિ મળી તે દેશનાલબ્ધિની અહીં વાત નથી. કેમ કે ઉપાદાન વગર નિમિત્ત કોનું?

સત્ સમજનારા જીવને સામે સત્રૂપે પરિણમેલા સમ્યગ્દષ્ટિ જ નિમિત્ત હોય છે. અજ્ઞાનીની વાણી સમ્યગ્દર્શનનું નિમિત્ત થતી નથી, કેમ

કે તે જીવ પોતે સમ્યક્ત્વરૂપે પરિણમ્યો નથી. જ્ઞાનીને તો પોતાને દર્શનમોહના ક્ષયાદિક થયા છે, તેથી તે સામા જીવને સમ્યક્ત્વપરિણામમાં નિમિત્ત થઈ શકે છે. એ રીતે સમ્યગ્દર્શન પરિણામમાં બાહ્ય નિમિત્ત વીતરાગની વાણી અને અંતરંગ નિમિત્ત જેમને દર્શનમોહનો અભાવ થયો છે એવા જિનસૂત્રના જ્ઞાતા પુરુષો છે.

જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. પરમ શુદ્ધ આત્મતત્ત્વની શ્રદ્ધા અને જ્ઞાન થતાં જ્યાં સ્વ-પરપ્રકાશક જ્ઞાનસામર્થ્ય ખીલ્યું ત્યાં તે જ્ઞાન એમ જાણે છે કે જીવને સમ્યક્ત્વપરિણમનમાં સામે નિમિત્ત તરીકે પણ સમ્યગ્દષ્ટિ જ હોય. જોકે સમ્યક્ત્વપરિણામ પ્રગટ કરનાર જીવને તો જિનસૂત્ર તેમજ જ્ઞાની એ બંને નિમિત્તો પોતાથી બાહ્ય જ છે. પણ નિમિત્ત તરીકે તેમાં બાહ્ય અને અંતરંગ એવા બે ભેદ છે. જ્ઞાનીનો આત્મા અંતરંગ નિમિત્ત છે અને જ્ઞાનીની વાણી તે બાહ્ય નિમિત્ત છે. એકવાર સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ જ્ઞાની મળ્યા વગર શાસ્ત્રના કથનનો આશય શું છે તે સમજાય નહિ. શાસ્ત્ર પોતે કાંઈ પોતાના આશયને સમજાવતું નથી, માટે તે બાહ્ય નિમિત્ત છે. શાસ્ત્રનો આશય તો જ્ઞાનીના જ્ઞાનમાં છે. જેઓ સમ્યગ્દષ્ટિ છે તેમને અંતરંગમાં દર્શનમોહનો ક્ષય વગેરે છે, તેથી તે જ અંતરંગ નિમિત્ત છે.

જે પાત્ર જીવમાં સ્વભાવનું અવલંબન લેવાની યોગ્યતા થઈ છે...શુદ્ધ કારણ પરમાત્માનું અવલંબન લઈને સમ્યક્ત્વ પ્રગટ કરવાની તૈયારી થઈ છે...તેવા જીવને સામે અંતરંગ નિમિત્ત તરીકે પણ જેને દર્શનમોહના ક્ષયાદિક થયા હોય તેવા જિનસૂત્રના જ્ઞાયક પુરુષો જ હોય છે, અને બાહ્ય નિમિત્ત તરીકે જિનસૂત્ર હોય છે. આમાં દેશનાલબ્ધિનો એ નિયમ આવી જાય છે કે પ્રથમ જ્ઞાની પુરુષની દેશના જ નિમિત્ત તરીકે હોય; એકલા શાસ્ત્ર કે ગમે તેવા પુરુષની વાણી દેશનાલબ્ધિમાં નિમિત્ત ન થાય. દેશનાલબ્ધિ માટે એકવાર તો ચૈતન્યમૂર્તિ જ્ઞાની સાક્ષાત્ મળવા જોઈએ.

આ નિયમસાર શાસ્ત્ર ઘણું અલૌકિક છે, અને તેની ટીકામાં પણ ઘણા અદ્‌ભુત ભાવો ખુલ્લા કર્યા છે. આ શુદ્ધભાવ-અધિકારની છેલ્લી પાંચ

ગાથાઓમાં રત્નત્રયનું સ્વરૂપ બતાવ્યું છે. પોતાનો સ્વભાવ અનંત ચૈતન્યશક્તિસંપન્ન ભગવાન કારણપરમાત્મા છે, તેના આશ્રયે જે સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ પ્રગટે તે મુક્તિનું કારણ છે.

અંતરંગ શુદ્ધ કારણતત્ત્વ એવો મારો આત્મા જ મારે ઉપાદેય છે —એવી નિર્વિકલ્પ શ્રદ્ધા તે નિશ્ચયસમ્યક્ત્વ છે. તે સમ્યક્ત્વ પરિણામનું બાહ્ય સહકારી કારણ જિનસૂત્ર છે. વીતરાગ-સર્વજ્ઞદેવના મુખકમળમાંથી નીકળેલી અને સમસ્ત પદાર્થોનું સ્વરૂપ કહેવામાં સમર્થ એવી વાણી તે સમ્યક્ત્વપરિણામનું બાહ્ય નિમિત્ત છે.—પણ તે વાણી કોની પાસેથી સાંભળેલી હોવી જોઈએ?—જ્ઞાની પાસેથી જ તે વાણી સાંભળેલી હોવી જોઈએ. તે બતાવવા માટે અહીં અંતરંગ નિમિત્તની ખાસ વાત મૂકી છે કે જે મુમુક્ષુઓ છે એવા ધર્મી જીવો પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુ હોવાને લીધે સમ્યક્ત્વના અંતરંગ નિમિત્ત છે, કેમ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે. શાસ્ત્ર કરતાં ધર્મી જીવનો આત્મા મુખ્ય નિમિત્ત છે તે બતાવવા માટે અહીં તેમને અંતરંગ હેતુ કહ્યા છે. સમ્યગ્દર્શનમાં ધર્મી જીવની વાણી તે બાહ્ય નિમિત્તકારણ છે, અને સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમેલો તેમનો આત્મા તે અંતરંગ નિમિત્ત કારણ છે.

શુદ્ધ આત્મસ્વભાવની રુચિથી અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટ કરનાર જીવને એકલી વીતરાગની વાણી જ નિમિત્ત નથી હોતી પરંતુ સમ્યગ્દર્શન -જ્ઞાનાદિરૂપે પરિણમેલા ધર્મી જીવ પણ નિમિત્તરૂપે હોય જ છે; તેથી નિમિત્ત તરીકે તે અંતરંગ હેતુ છે. પણ આ આત્માની અપેક્ષાએ તો તે પણ બાહ્ય કારણ જ છે. વાણી કરતાં આત્મા ઉપર વધારે વજન આપવા માટે જ તેને અંતરંગ હેતુ કહ્યા છે. સમ્યક્ત્વનું ખરું (પરમાર્થ) અંતરંગ કારણ તો પોતાનો શુદ્ધ કારણપરમાત્મા જ છે, તેની અપેક્ષાએ તો જ્ઞાની તેમ જ વાણી એ બંને બાહ્ય હેતુઓ છે. સમ્યક્ત્વના પરમાર્થકારણનું તો પૂર્વે ખૂબ વર્ણન કર્યું, અત્યારે તો તેના નિમિત્તની વાત ચાલે છે; નિમિત્તમાં અંતરંગ અને બાહ્ય એવા બે પ્રકાર કહીને અહીં જ્ઞાનીના આત્માને મુખ્ય હેતુ તરીકે બતાવ્યો છે.

અહીં, અંતરંગ હેતુઓ તરીકે 'મુમુક્ષુઓ' લીધા છે. કેમ કે અત્યારે કહેનાર તરીકે સાક્ષાત્ કેવળી ભગવાન અહીં નથી; વીતરાગની વાણી અત્યારે તો મુમુક્ષુઓ એટલે કે ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને વર્તતા ધર્માત્માઓ પાસેથી મળે છે, તેથી ઉપચારથી તે મુમુક્ષુઓને અંતરંગ હેતુઓ કહ્યા છે. તે મુમુક્ષુઓને પોતાને અંતરમાં દર્શનમોહના ક્ષય વગેરે વર્તે છે તેથી તે સમ્યક્ત્વના અંતરંગ હેતુઓ છે. જેને દર્શનમોહ ટળ્યો ન હોય એવો મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વનું નિમિત્ત થાય નહિ.

સામા જ્ઞાની પણ આ આત્માથી બાહ્ય છે તેથી તે ઉપચારથી હેતુ છે; અને વાણી કરતાં તેમના આત્માનો અભિપ્રાય તે મુખ્ય નિમિત્ત છે એમ બતાવવા તેને ઉપચારથી અંતરંગ હેતુઓ કહ્યા છે. ધર્મી જીવનો અંતર્ અભિપ્રાય શું છે તે સમજીને પોતે પોતામાં તેવો અભિપ્રાય પ્રગટ કરીને સમ્યગ્દર્શન પામે તેમાં જ્ઞાની અંતરંગ નિમિત્ત કારણ છે. અને વાણી તે બાહ્ય કારણ છે, આ બંને કારણ વ્યવહારથી જ છે. નિશ્ચય કારણ તો પોતાનો શુદ્ધ કારણપરમાત્મા જ છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે નિમિત્ત કેવું હોય તે અહીં ઓળખાવ્યું છે.

કોઈ જીવ સમ્યક્ત્વમાં માત્ર બાહ્ય નિમિત્તને (શાસ્ત્રને) જ સ્વીકારે ને અંતરંગ નિમિત્ત તરીકે જ્ઞાનીને ન સ્વીકારે તો તેણે ખરેખર સમ્યક્ત્વને જ જાણ્યું નથી. સમ્યક્ત્વપણે પરિણમીને જેમણે દર્શનમોહનો ક્ષયાદિક કર્યા છે એવા સમ્યગ્દૃષ્ટિને જ સમ્યક્ત્વના નિમિત્ત તરીકે ન સ્વીકારતાં, જે જીવ એકલા શાસ્ત્રથી કે કોઈ પણ મિથ્યાદૃષ્ટિના નિમિત્તથી પણ સમ્યગ્દર્શન થઈ જવાનું માને તેને તો સમ્યક્ત્વના સાચા નિમિત્તનું પણ ભાન નથી. આ ગાથામાં સમ્યક્ત્વના અંતરંગ તેમ જ બાહ્ય બંને નિમિત્તોનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું છે.

જયવંત વર્તો...તે પરમ કલ્યાણકારી સમ્યક્ત્વ, અને
તેના અંતર–બાહ્ય નિમિત્તો!

❀

# વિરલા

विरलाः निश्रृण्वन्ति तत्त्वं विरलाः जानन्ति तत्त्वतः तत्त्वं।
विरलाः भावयन्ति तत्त्वं विरलानां धारणा भवति॥२७९॥

तत्त्वं कथ्यमानं निश्चलभावेन गृह्णाति यः हि।
तत् एव भावयति सदा अपि च तत्त्वं विजानाति॥२८०॥

જગતમાં તત્ત્વને વિરલા પુરુષો જ સાંભળે છે; સાંભળીને પણ તત્ત્વને યથાર્થપણે વિરલા જ જાણે છે; વળી જાણીને પણ વિરલા જ તત્ત્વની ભાવના એટલે કે વારંવાર અભ્યાસ કરે છે; અને અભ્યાસ કરીને પણ તત્ત્વની ધારણા તો વિરલાઓને જ થાય છે.

**ભાવાર્થ** :—તત્ત્વનું યથાર્થ સ્વરૂપ સાંભળવું—જાણવું—ભાવવું અને ધારવું તે ઉત્તરોત્તર દુર્લભ છે. આ પંચમ કાળમાં તત્ત્વને યથાર્થ કહેવાવાળા દુર્લભ છે અને ધારવાવાળા પણ દુર્લભ છે.

જે પુરુષ ગુરુઓ વડે કહેવામાં આવેલું જે તત્ત્વનું સ્વરૂપ તેને નિશ્ચલભાવથી ગ્રહણ કરે છે, તેમ જ અન્ય ભાવના છોડીને તેને જ નિરંતર ભાવે છે તે પુરુષ તત્ત્વને જાણે છે. —*સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા*

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ.

—*યોગસાર, ૬૬*

# પરમાત્માનું પ્રતિબિંબ

ભગવાનની પરમ શાંત વીતરાગી પ્રતિમા પાસે સમકિતી એકાવતારી ઈન્દ્ર-ઈન્દ્રાણી પણ ભક્તિથી નાચી ઊઠે છે. નંદીશ્વર નામના આઠમા દ્વીપમાં રત્નના શાશ્વત જિનબિંબો છે, ત્યાં કારતક, ફાગણ અને અષાઢ મહિનામાં સુદ ૮ થી ૧૫ સુધી દેવો ભક્તિ કરવા જાય છે. જેમ આત્મામાં પરમાત્મપણાની શક્તિ સદાય છે અને તે શક્તિ પ્રગટેલા સર્વજ્ઞ પરમાત્મા પણ જગતમાં સદાય એક પછી એક થયા જ કરે છે એટલે પરમાત્મદશાને પામેલા આત્માઓ અનાદિથી છે, તેમ તે પરમાત્મપણાના પ્રતિબિંબ તરીકે જિનપ્રતિમા પણ અનાદિથી શાશ્વત છે. તેમની પાસે જઈને ઈન્દ્ર-ઈન્દ્રાણી જેવા એકાવતારી જીવો પણ ભક્તિથી થનગન કરતા નાચી ઊઠે છે.

—તે વખતે અંદર તેમને ભાન છે કે આ મૂર્તિનું અસ્તિત્વ તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, શરીરની ઊંચુ-નીચું થવાની ક્રિયાનું અસ્તિત્વ તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, મૂર્તિમાં કે દેહની ક્રિયામાં મારું અસ્તિત્વ નથી, મારું અસ્તિત્વ મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. આવા સમ્યક્ ભાનમાં સ્વાશ્રયે પોતાનો સ્વકાળ અંશ તો નિર્મળ થયો છે ને અલ્પકાળમાં દ્રવ્યની પરમાત્મશક્તિનો પૂરો આશ્રય કરતાં પૂર્ણ નિર્મળ સ્વકાળ પ્રગટી જશે, એટલે પોતે પરમાનંદમય પરમાત્મા થઈ જશે.

*—પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી*

જેનાથી અવતારની સફળતા થાય એવું

## સાચું ઇનામ

ધર્મથી એટલે કે આત્માની સાચી સમજણથી જ મનુષ્ય અવતારની સફળતા છે. ધર્મનું માહાત્મ્ય સમજવા માટે તેનું જ્ઞાન કરવું જોઈએ. આ જીવને સંસારમાં ઢોર, કાગડા વગેરેના દેહ અનંતવાર મળે છે, પણ મનુષ્યદેહ મોંઘો છે તે મનુષ્યદેહમાં પણ જો આત્માની સમજણ ન કરે તો તેની કાંઈ કિંમત નથી. વિષય-ભોગમાં તો કાગડા, કૂતરાં ય જીવન ગાળે છે, મનુષ્ય થઈને પણ ધર્મ ન સમજે અને રળવામાં ને ભોગમાં જ જીવન ગાળે તો પશુ કરતાં તેની શી વિશેષતા થઈ? આ શરીરની તો રાખ થવાની છે, આત્મા તેનાથી જુદો છે. એવા આત્માને પોતે ભૂલીને જીવ રખડે છે, ને પોતે ઓળખે તો મુક્તિ પામે છે. પણ કોઈ બીજાની અકૃપાથી રખડતો નથી કે બીજાની કૃપાથી તરતો નથી.

જેમ સરોવરમાં રહેનારો હંસ, કમળ ઉપરની પ્રીતિ છોડીને હંસલી ઉપર પ્રીતિ કરે છે, તેમ શરીરરૂપી સરોવરમાં રહેલો જે ચૈતન્યહંસ શરીરાદિની પ્રીતિ છોડીને પોતાના આત્માની પ્રીતિ કરે છે તે આ જગતમાં ધન્ય છે! સરોવરમાં કમળો ખીલેલાં હોવા છતાં હંસલો પોતાની હંસલી ઉપરની પ્રીતિ છોડીને તેના ઉપર પ્રીતિ કરતો નથી, તેમ આ ચૈતન્યરૂપ હંસલો છે, ને તેને પૈસા—મકાન વગેરે બહારની ચીજો છે તે પૂર્વના પ્રારબ્ધનું ફળ છે, તેની પ્રીતિ છોડીને પોતાના આત્માની પ્રીતિ કરે તો નિર્મળ આનંદપરિણતિ પ્રગટે તે આત્માની હંસલી છે.

અરે ભાઈ, બે ઘડી—ચાર ઘડી તું તારા આત્માનો વિચાર તો કર. તારી તને કિંમત નહિ ને તું બીજાની કિંમત કરે! તે શોભતું નથી. બહારની ચીજો તારી નથી, તે તારી સાથે નહિ આવે, માટે તેનાથી જુદો આત્મા છે તેની પ્રીતિ કર. ધર્મી જીવને આત્માની પ્રીતિ અને ધ્યાન કરતાં કરતાં વચ્ચે અણિમા-મહિમા વગેરે રિદ્ધિ સહેજે પ્રગટે છે, પણ તેઓ તેની પ્રીતિ

છોડીને આત્માની પ્રીતિ કરે છે. શરીરનું રૂપ મેરુ જેવડું મોટું કરી નાંખે ને કંથવા જેવડું નાનું પણ કરી શકે, એક લાડવામાં કરોડો માણસોને જમાડે, શરીરનું વજન કરોડો મણ કરી શકે, ઉપરથી દેવને ઉતારવો હોય તો ઉતારે–આવી સિદ્ધિઓ ધર્માત્માને પ્રગટી હોય, પણ તેની પ્રીતિ તો સંસારમાં રખડવાનું કારણ છે. ધર્મીજીવ તેની પ્રીત કરતા નથી પણ આત્માની પ્રીતિ કરે છે.–મૂર્ખ બ્રાહ્મણની જેમ તેઓ ચૈતન્ય–ચિંતામણિને બાહ્ય વિષયોમાં વેડફી દેતા નથી.

એક હતો બ્રાહ્મણ. એકવાર જંગલમાં તેના હાથમાં ચિંતામણિ આવી પડ્યો. ત્યાં જે–તે વસ્તુને તે ચિંતવવા માંડ્યો; ખાવાનું, મકાન, પલંગ વગેરે માંગવા જ માંડ્યું. તે તેને મળી ગયું. ત્યાં એક કાગડો આવ્યો તેને ઉડાડવા એ મૂરખે ચિંતામણિનો ઘા કર્યો. બસ ખલાસ! તરત જ મકાન, પલંગ વગેરે બધું વીંખાઈ ગયું, ને હતો તેવો થઈ ગયો. તેમ આ મનુષ્યદેહ અનંતકાળે જીવને મળ્યો છે, તે ચિંતામણિ જેવો છે; તેને જે રળવામાં ને ભોગમાં જ વેડફી દે છે પણ આત્માની સમજણ કરતો નથી તે પરમાર્થે મૂરખ છે. અરે જીવ! આવો મનુષ્ય અવતાર પામીને તું બીજે બધે ઠેકાણે ડહાપણ બતાવે છે પણ આત્માની સમજણ તો કરતો નથી, ને ધર્મની પરીક્ષા પણ કરતો નથી, તો તારું ડહાપણ શા કામનું? થોડો વખત રહ્યો, ભાઈ! હવે તું આત્માની સમજણ કર, નિવૃત્તિ લે, પ્રવૃત્તિ ઘટાડ, 'અહો, મારી મુક્તિ કેમ થાય? મારે હવે જન્મ-મરણ જોઈતાં નથી'—એમ જેને અંતરમાં ભવભ્રમણનો ત્રાસ લાગ્યો હોય, તેણે આત્માની સમજણ કરવી. હે જીવ! તેં અનંત કાળમાં બધું પરખ્યું પણ આત્માને ન ઓળખ્યો.

"પરખ્યાં માણેક મોતીયાં,
પરખ્યાં હેમ–કપૂર;
પણ આત્મા પરખ્યો નહિ,
ત્યાં રહ્યો દિગ્મૂઢ."

એક હતો ઝવેરી; તે ઘણો વૃદ્ધ થયો હતો. હીરાની પરીક્ષા કરવામાં તે ઘણો હોશિયાર હતો. એકવાર રાજા પાસે ઘણો કિંમતી હીરો આવ્યો,

ને બધા પાસે કિંમત કરાવી. છેવટે તે ઝવેરી પાસે કિંમત કરાવી, તેની કળાથી રાજા પ્રસન્ન થયો અને તેને ઈનામ આપવાનું નક્કી કર્યું.

તે રાજાનો દીવાન ધર્માત્મા હતો. સાંજે તેણે ઝવેરીને બોલાવીને પૂછ્યું : ભાઈ, તમે હીરા પારખતાં તો જાણો છો, પણ ચૈતન્યરત્ન એવા આત્માને પરખ્યો? જિંદગીમાં કાંઈ ધર્મની સમજણ કરી? ઝવેરીને ધર્મની કાંઈ ખબર ન હતી તેથી તેણે ના કહી.

બીજે દિવસે સવારે રાજાએ ઝવેરીને બોલાવ્યો, અને ધર્મી દીવાનને પૂછ્યું : દીવાનજી! બોલો, આ ઝવેરીને શું ઈનામ આપશું? દીવાને ગંભીરતાથી કહ્યું—મહારાજા, એને સાત ખાસડાનું ઈનામ આપવું જોઈએ. રાજાને આશ્ચર્ય થયું તેથી ફરી પૂછ્યું—અરે, દીવાનજી! સાત ખાસડાનું ઈનામ હોય? કાંઈક રૂપિયા વગેરે આપવું જોઈએ ને? ત્યારે દીવાને ફરીથી કહ્યું—એને સાત નહિ પણ ચૌદ ખાસડાં મારવાં જોઈએ. રાજાએ કહ્યું—એમ કેમ? દીવાન કહે—મહારાજ! એને ૮૦ વર્ષ થયાં, અને દીકરાને ઘેર દીકરા થયા તોય હજી ધર્મ સમજવાની દરકાર કરતો નથી. અહીંથી મરીને ક્યાં જઈશ? તેની એને દરકાર નથી. હીરા પારખવામાં જીવન ગાળ્યું પણ આત્માને પારખવાની દરકાર ન કરી; જીવન પૂરું થવા આવ્યું છતાં ધર્મની ઓળખાણ કરતો નથી, માટે તેને ખાસડાં મારવા જોઈએ.

ઝવેરીનો આત્મા પાત્ર હતો એટલે ધર્માત્મા દીવાનની વાત સાંભળીને તે બહુ રાજી થયો, ને રાજાને કહ્યું—મહારાજ! મારે તમારું રૂપિયાનું ઈનામ નથી જોઈતું. દીવાનજીએ જે કહ્યું તે યોગ્ય છે; તેમણે શિખામણ આપીને મારા ઉપર ઉપકાર કર્યો છે, તે જ ખરું ઈનામ છે. જે આત્મવેત્તા હોય કે આત્મવેત્તાની ભક્તિ કરીને આત્મવેત્તા થવાનો કામી હોય, તેનું જ જીવન કૃતાર્થ છે, બાકીના જીવનો અવતાર તો ખાસડાં મારવા જેવો છે.—એમ સમજીને ઝવેરી આત્માની સમજણ કરવા લાગ્યો, ને તેણે પોતાના અવતારની સફળતા કરી.

ચૈતન્ય સ્વભાવ સિવાય બહારમાં ક્યાંય સુખ નથી. જો સંસારમાં સુખ હોય તો ધર્માત્મા તેને છોડે શું કામ? જો પરમાં સુખ હોય તો

**ધર્માત્મા તેને છોડીને આત્માનું ધ્યાન કેમ કરે? માટે કલ્પનાતીત અને ઇન્દ્રિયાતીત આત્મામાં જ સુખ છે, તેના સુખની પ્રતીતિ કર, ને પરની મમતા છોડ. જેઓ આત્માને સમજે ને તેની પ્રીતિ કરે એવા ચૈતન્ય–હંસને અમે નમસ્કાર કરીએ છીએ. એના અવતારની સફળતા છે.**

❁

## ❀ સત્પુરુષોનું વચનામૃત ❀

'અનંતકાળ થયાં જીવને પરિભ્રમણ કરતાં છતાં તેની નિવૃત્તિ કેમ થતી નથી?' અને 'તે શું કરવાથી થાય?'

——એ વાક્યમાં અનેક અર્થ સમાયેલા છે. તેને વિચાર્યા વિના કે દ્રઢ વિશ્વાસથી ઝૂર્યા વિના માર્ગના અંશનું અલ્પભાન થતું નથી. બીજા બધા વિકલ્પો દૂર કરી આ એક ઉપર લખેલું સત્પુરુષોનું વચનામૃત વારંવાર વિચારી લેશો. *(શ્રીમદ્ રાજચંદ્ર)*

*

## ❀ આત્મામાં સિદ્ધને સ્થાપીને અપૂર્વ શરૂઆત ❀

શ્રી સમયસારની શરૂઆતમાં જ આચાર્યદેવ આત્મામાં સિદ્ધપણું સ્થાપે છે. અહો! સિદ્ધ ભગવંતો! મારા હૃદયસ્થાનમાં બિરાજો. હું સિદ્ધોનો આદર કરું છું...મારામાં સિદ્ધ થવાનું સામર્થ્ય છે તેનો વિશ્વાસ કરીને હું મારા આત્મામાં સિદ્ધોને સ્થાપું છું. મારો આત્મા સિદ્ધના સ્વભાવ જેવો છે એમ સ્વીકારીને હું સિદ્ધોનો આદર કરું છું—ભાવનમસ્કાર કરું છું.——આમ પોતાના આત્મામાં સિદ્ધપણું સ્થાપવું તે ધર્મની અપૂર્વ મંગલ શરૂઆત છે.

*—શ્રી સમયસાર ગાથા. ૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી.*

સહજ સિદ્ધાનંદ

# અહો, શુદ્ધાત્મ–પ્રાપ્તિની દુર્લભતા !

હે જીવ! શુદ્ધાત્માની
રુચિ પ્રગટ કરીને એક વાર સાચો શ્રોતા બન!

અનંતકાળથી સંસારમાં રખડતા જીવોને શુદ્ધ આત્માની સમજણ દુર્લભ છે. એમ બતાવતાં શ્રી આચાર્યદેવ સમયસારની ચોથી ગાથામાં કહે છે કે (૧) કામ-ભોગ–બંધનની કથા તો સર્વ જીવોને સાંભળવામાં આવી ગઈ છે; પણ (૨) ભિન્ન આત્માના એકત્વની વાત જીવે કદી સાંભળી નથી. તેમાંથી ન્યાય :

(૧) નિગોદમાં એવા અનંત જીવો છે કે જેમણે કદી મનુષ્યભવ કર્યો જ નથી, જેઓ કદી નિગોદમાંથી નીકળ્યા જ નથી, જેમને કદી શ્રવણેન્દ્રિય મળી જ નથી, તો તેમણે કઈ રીતે કામ-ભોગની કથા સાંભળી? શ્રી આચાર્યદેવ કહે છે કે તે જીવોએ શબ્દો ભલે ન સાંભળ્યા હોય, પરંતુ કામ-ભોગની કથાના શ્રવણનું જે કાર્ય છે તેને તો તેઓ કરી જ રહ્યા છે, શબ્દો ન સાંભળવા છતાં તેના ભાવ પ્રમાણે ઊંધું વર્તન તો તેઓ કરી જ રહ્યા છે; કામ-ભોગની કથા સાંભળનારા અજ્ઞાની જીવો જે (વિકારનો અનુભવ) કરી રહ્યા છે અને કહી રહ્યા છે તેવું તે જીવો કથા સાંભળ્યા વગર પણ કરી જ રહ્યા છે, માટે તેમણે પણ કામ-ભોગ-બંધનની કથા સાંભળી છે એમ આચાર્યદેવે કહ્યું. શુદ્ધાત્માના ભાન વગર અનંતવાર નવમી ગ્રૈવેયકના ભવ કરનારો જીવ, અને બીજો નિત્ય નિગોદનો જીવ–એ બંને એક જ જાતના છે, બંને અશુદ્ધ આત્માનો જ અનુભવ કરી રહ્યા છે. નિગોદના જીવને શ્રવણનું નિમિત્ત મળ્યું નથી અને નવમી ગ્રૈવેયક જનાર જીવને શ્રવણનું નિમિત્ત મળવા છતાં તેનું ઉપાદાન સુધર્યું નથી, માટે તેણે શુદ્ધાત્માની વાત સાંભળી એમ અહીં અધ્યાત્મશાસ્ત્રમાં ગણતા

નથી. કામ-ભોગની કથા તો નિમિત્ત છે, તે સાંભળવાનું ફળ શું?–કે વિકારનો અનુભવ; તે વિકારનો અનુભવ તો નિગોદમાં જીવ કરી જ રહ્યો છે, માટે તે જીવે કામ-ભોગની કથા સાંભળી છે.

(૨) બીજી વાત : અજ્ઞાની જીવે અનંતવાર તીર્થંકર ભગવાનના સમવસરણમાં જઈને તેમના દિવ્યધ્વનિમાં શુદ્ધાત્માની વાત સાંભળી છતાં અહીં આચાર્યભગવાન કહે છે કે આત્માના શુદ્ધ સ્વભાવની વાર્તા તે જીવોએ કદી સાંભળી નથી. કેમ કે અંતરની રુચિથી તેનું પરિણમન કર્યું નથી, શુદ્ધાત્માનો અનુભવ કર્યો નથી માટે તેણે શુદ્ધાત્માની વાત સાંભળી પણ નથી. શુદ્ધાત્માનું શ્રવણ કર્યું એમ તો ત્યારે કહેવાય કે જો તેનો આશય સમજીને તે અનુસાર પરિણમે! એટલે ભાવપૂર્વકના શ્રવણને જ અહીં શ્રવણમાં ગણ્યું છે. નિમિત્ત સાથે ઉપાદાનના ભાવનો મેળ થાય તો જ તે નિમિત્ત કહેવાય. અનાદિથી કામ-ભોગ-બંધનની કથાના નિમિત્તો સાથે જીવના ઉપાદાનનો મેળ થયો છે, પરંતુ શુદ્ધ–જ્ઞાયક–એકત્વ–વિભક્ત આત્મસ્વરૂપને બતાવનાર નિમિત્ત સાથે તેના ઉપાદાનનો મેળ થયો નથી માટે તેણે શુદ્ધ આત્માની વાત સાંભળી પણ નથી. અહીં તો ઉપાદાન-નિમિત્તની સંધિપૂર્વક કથન છે; નિમિત્ત તરીકે એવા અપૂર્વ શ્રવણને સ્વીકાર્યું છે કે જેનું શ્રવણ કર્યું તેની રુચિ અને અનુભવ પણ કરે જ.

ભલે ભગવાનની સભામાં દિવ્યધ્વનિ સાંભળતો હોય, પણ જો અંતરમાં વ્યવહારના પક્ષનો આશય રાખે તો તેણે ખરેખર શુદ્ધાત્માનું શ્રવણ નથી કર્યું, તેને માટે તો તે વિકથાનું જ શ્રવણ છે. માત્ર આત્માના શબ્દો કાને પડ્યા તે કાંઈ શુદ્ધાત્માનું શ્રવણ નથી પણ શ્રવણ, પરિચય અને અનુભવ ત્રણેની એકતા એટલે કે જેવો શુદ્ધાત્મા સાંભળ્યો તેવો જ પરિચયમાં–રુચિમાં લઈને તેનો અનુભવ કરે તેનું નામ શુદ્ધાત્માનું શ્રવણ છે, એવું શ્રવણ જીવે પૂર્વે કદી કર્યું નથી માટે હવે તું શુદ્ધાત્માની રુચિના અપૂર્વભાવે આ સમયસારનું શ્રવણ કરજે, એમ આચાર્યદેવ કહે છે.

ધર્મકથા કે વિકથા માત્ર શબ્દોમાં નથી પણ ભાવ ઉપર તેનો આધાર છે. લડાઈનું કે શરીરના રૂપ વગેરેનું વર્ણન આવે ત્યાં તે સાંભળનાર જો પોતાના વૈરાગ્યભાવને પોષતો હોય તો તેને માટે તે વૈરાગ્ય–કથા છે, અને તે જ શબ્દો સાંભળીને જે જીવ પોતાના વિષય કષાયના ભાવને પોષતો હોય તેને માટે તે વિકથા છે. તેમ અહીં જે જીવ શુદ્ધાત્માની રુચિ કરે તેણે જ શુદ્ધાત્માની વાત શ્રવણ કરી કહેવાય. શુદ્ધાત્માના શબ્દો કાને પડવા છતાં જો વિકારની રુચિ ન છોડે તો તેણે શુદ્ધાત્માની વાત સાંભળી જ નથી. એટલે નિમિત્ત ઉપર કાંઈ વજન ન રહ્યું પણ પોતાના ઉપાદાનમાં રુચિના ભાવ ઉપર વજન આવ્યું.

જેમ કોઈ પિતા પોતાના પુત્રને કહે કે બજારમાંથી સાકર લઈ આવ! તેનો પુત્ર સાકરને બદલે જો અફીણ લઈ આવે તો તેણે તેના બાપની વાતને સાંભળી ન કહેવાય. તેમ સર્વજ્ઞ ભગવાન અને સંતો શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવીને તેનો અનુભવ કરવાનું કહે છે. જે જીવ શુદ્ધ આત્માનો તો અનુભવ ન કરે ને વિકારની રુચિ કરીને તેનો જ અનુભવ કરે તો તે જીવે ખરેખર શુદ્ધ આત્માની વાત સાંભળી જ નથી.

ભગવાનની દિવ્ય વાણીમાં તો એક સાથે નિશ્ચય, વ્યવહાર વગેરે બધું વર્ણન આવે છે. તે સાંભળતાં 'વ્યવહાર છે ને! રાગ છે ને! નિમિત્ત છે ને!' એમ જે જીવ વ્યવહાર ઉપર જોર દે છે, પણ 'આત્માનો સ્વભાવ શુદ્ધ જ્ઞાયક છે' એમ શુદ્ધાત્માના અસ્તિત્વ ઉપર જોર દેતો નથી—એટલે કે પોતાની રુચિને શુદ્ધાત્મા તરફ નથી વાળતો— તે જીવે ભગવાનની વાણી સાંભળી નથી; કેમ કે ભગવાનની વાણી સાંભળ્યા પહેલાં તેનો જેવો ભાવ હતો તેવા જ ભાવને ભગવાનની વાણી સાંભળ્યા પછી પણ તે સેવી રહ્યો છે. જેટલા જીવો શુદ્ધ આત્માની રુચિ તરફ નથી વળતા ને અશુદ્ધ આત્માની (—વ્યવહારની, રાગની, નિમિત્તની, પરાશ્રયની) રુચિ કરે છે તે બધાય જીવોએ કામ-ભોગ-બંધનની જ કથા સાંભળી છે, પણ શુદ્ધ આત્માની વાત સાંભળી

નથી. જેવું કાર્ય તે જીવો કરે છે તેવું જ કાર્ય નિત્યનિગોદના જીવો પણ કરી જ રહ્યા છે. અનાદિથી વાણી નહોતી સાંભળી ત્યારે જે દશા હતી તેમાં વાણી સાંભળ્યા પછી કાંઈ ફેર ન પડ્યો ને તેવી જ દશા રહી, તો તેણે આત્મસ્વભાવની વાત સાંભળી–એમ જ્ઞાની સ્વીકારતા નથી.

જો આત્માના શુદ્ધ સ્વભાવની વાત પ્રીતિપૂર્વક એકવાર પણ સાંભળે તો અલ્પકાળમાં જ તેની મુક્તિ થયા વિના રહે નહીં.

## ❀ સત્‌ના નિમિત્તની પણ અપૂર્વતા ❀

જીવે પોતાના એકત્વસ્વભાવનું કદી સાચા નિમિત્ત પાસે શ્રવણ કર્યું નથી, સાચા લક્ષપૂર્વક તેનો પરિચય કર્યો નથી, અને વિકલ્પ તોડીને અનુભવ કર્યો નથી. અહીં તો એવા જ શ્રવણને ‘શ્રવણ’ તરીકે લીધું છે કે જે શ્રવણના ફળમાં યથાર્થ આત્મસ્વરૂપનો પરિચય અને અનુભવ પણ હોય; પરિચય અને અનુભવ વગરનું શ્રવણ તે ખરેખર શ્રવણ નથી.

સમયસાર શ્રવણ કરનાર શિષ્ય પણ એવો સુપાત્ર છે કે સમયસારમાં બતાવેલું આત્માનું એકત્વસ્વરૂપ સાંભળવામાં તેને ઉત્સાહ આવે છે ને તેમાં તેને અપૂર્વતા ભાસે છે. વર્તમાન જે ભાવે હું શ્રવણ કરું છું એવા ભાવે મેં પૂર્વે કદી સાંભળ્યું જ નથી–આમ પોતાના ભાવમાં અપૂર્વતા લાવીને તે સાંભળે છે, તેથી નિમિત્તમાં પણ અપૂર્વતાનો આરોપ આવે છે. પૂર્વે શુદ્ધ આત્માનું શ્રવણ–પરિચય ને અનુભવ નહોતો કર્યો પણ હવે અપૂર્વ રુચિ પ્રગટ કરીને આત્માનું શ્રવણ–મંથન ને સ્વાનુભવ કરવા તે શિષ્ય તૈયાર થયો છે.

અહીં, આચાર્યદેવ પૂર્વના શ્રવણને નિમિત્ત તરીકે સ્વીકારતા નથી. કેમ કે તે વખતે જીવમાં નૈમિત્તિકભાવ ન હતો; નૈમિત્તિકભાવ પ્રગટ્યા વગર નિમિત્ત કોનું? ‘શુદ્ધ આત્માની વાત પૂર્વે કદી સાંભળી નથી’ એમ કહીને શ્રી આચાર્યદેવે એકત્વ-સ્વભાવના શ્રવણને ‘અપૂર્વ’ તરીકે

સ્વીકારે છે; નિમિત્તની અપૂર્વતા છે તે એમ પ્રસિદ્ધ કરે છે કે અહીં નૈમિત્તિકભાવમાં પણ અપૂર્વતાની શરૂઆત પ્રગટી છે. જો ઉપાદાનમાં અપૂર્વતા શરૂ ન થઈ હોય તો નિમિત્તની અપૂર્વતાને સ્વીકારશે કોણ? નિમિત્ત-નૈમિત્તિક બંનેના મેળપૂર્વક એકત્વ-સ્વભાવનું શ્રવણ પૂર્વે કદી કર્યું નથી. નિમિત્ત-નૈમિત્તિકભાવના મેળવાળું શ્રવણ તે અપૂર્વ છે; તેમાં જીવનો નૈમિત્તિકભાવ પણ અપૂર્વ છે, અને તે અપૂર્વ ભાવનું નિમિત્ત હોવાથી તે નિમિત્ત પણ અપૂર્વ છે.

*—શ્રી સમયસાર ગા. ૪ ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી*

❋

## ❀ —તો મનુષ્યપણું શું કામનું? ❀

કોઈ કહે—'આત્માની ઝીણી વાત અમને ન સમજાય.' પણ ભાઈ! આત્માની વાત ન સમજાય એમ કહે તો અનંતકાળે મહાદુર્લભ મનુષ્યપણું મળ્યું તે શું કામનું? આત્માના ભાન વિના જગતમાં કૈંક કૂતરાં, અળસિયાં જન્મે–મરે છે, તેનો મહિમા નથી. તેમ અનંતકાળે મહાન દુર્લભ મનુષ્યપણું પામી અપૂર્વ આત્મસ્વભાવને સત્સમાગમ વડે ન જાણે તો તેની કાંઈ કિંમત નથી; અને જો પાત્રતા વડે આત્મસ્વભાવને જાણે તો જ્ઞાનનો મહિમા અપાર છે.

જેટલો કાળ પરને માટે ગાળે છે તેટલો કાળ જો સ્વને માટે ગાળે તો કલ્યાણ થયા વિના રહે નહીં. ભાઈ રે! અનંતકાળે મહાદુર્લભ મનુષ્યપણું મળ્યું, તેમાં કલ્યાણ ન કર્યું તો ક્યારે કરીશ?

# શ્રેણિકરાજા તીર્થંકર થશે એ કોનો પ્રતાપ?

શ્રેણિકરાજાને કોઈ વ્રત કે ચારિત્ર ન હતું, છતાં 'હું પરનો કર્તા નથી, જ્ઞાતા જ છું' એવી સમ્યક્ શ્રદ્ધાના જોરે તેઓ એકાવતારી થયા, આવતી ચોવીસીમાં આ ભરતક્ષેત્રના પહેલા તીર્થંકર ભગવાન થશે. તેમને અંતરમાં નિશ્ચય સ્વરૂપનું યથાર્થ ભાન હતું, પરનું સ્વામિત્વ ન હતું. તેથી જ એકાવતારીપણું થયું. મુનિપણું કે વ્રતાદિ ન હોવા છતાં શ્રેણિકરાજા એકાવતારી થયા અને તીર્થંકર થશે—એ કોનો પ્રતાપ? એ માત્ર સમ્યગ્દર્શનનો જ મહિમા છે. તેના વિના અનંતવાર ધર્મના નામે વ્રતાદિ ક્રિયાઓ કરી, શરીરે કાંટા વીંટી બાળી નાખે તો પણ ક્રોધ ન કરે એવી ક્ષમા રાખી, છતાં ધર્મ ન થયો, માત્ર શુભભાવ થયો. આટલું કર્યા છતાં આત્મા મન-વાણી-દેહથી પર છે, પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત છે—એવી શ્રદ્ધા બેઠી નહિ; તેથી જીવ સંસારમાં રખડ્યો. માટે ભવભ્રમણથી છૂટવાના અભિલાષી જીવોએ સમ્યગ્દર્શનનો પ્રયત્ન કરવો જોઈએ.

સહજ ચિદાનંદ.

# મોક્ષાર્થીને મુક્તિનો ઉલ્લાસ

[૧]

**આત્માર્થીનાં પરિણામ ઉલ્લાસિત હોય છે; કેમ કે આત્મસ્વભાવને સાધીને અલ્પકાળમાં સંસારથી મુક્ત થઈને સિદ્ધ થવું છે, તેથી પોતાની મુક્તિનો તેને નિરંતર ઉલ્લાસ હોય છે અને તેથી તે ઉલ્લાસિત વીર્યવાન હોય છે.**

શ્રી પરમાત્મ-પ્રકાશમાં પશુનો દાખલો આપીને કહે છે કે મોક્ષમાં જો ઉત્તમ સુખ ન હોત તો પશુ પણ બંધનમાંથી છૂટકારાની ઈચ્છા કેમ કરત? જુઓ, બંધનમાં બંધાયેલા વાછરડાને પાણી પાવા માટે બંધનથી છૂટો કરવા માંડે ત્યાં તો છૂટવાના હરખમાં કૂદાકૂદ કરવા માંડે છે; અહા! છૂટવાના ટાણે ઢોરનું બચ્ચું પણ હોંશથી કૂદકા મારે છે—નાચે છે, તો અરે જીવ! તું અનાદિ-અનાદિકાળથી અજ્ઞાનભાવે આ સંસારબંધનમાં બંધાયેલો છે, અને હવે આ મનુષ્યભવમાં સત્સમાગમે એ સંસારબંધન છૂટવાના ટાણાં આવ્યા છે. શ્રી આચાર્યદેવ કહે છે કે અમે સંસારથી છૂટીને મોક્ષ થાય તેવી વાત સંભળાવીએ...અને તે સાંભળતાં જો તને સંસારથી છૂટકારાની હોંશ ન આવે તો તું પેલા વાછરડામાંથી પણ જાય તેવો છે! બંધનથી છૂટીને ખુલ્લી હવામાં ફરવાનું ને છૂટા પાણી પીવાનું ટાણું મળતાં છૂટાપણાની મોજ માણવામાં વાછરડાને પણ કેવી હોંશ આવે છે!! તો જે સમજવાથી અનાદિના સંસારબંધન છૂટીને મોક્ષના પરમ આનંદની પ્રાપ્તિ થાય—એવી ચૈતન્યસ્વભાવની વાત જ્ઞાની પાસેથી સાંભળતાં ક્યા આત્માર્થી જીવને અંતરમાં હોંશ ને ઉલ્લાસ ન આવે? અને જેને અંતરમાં સત્ સમજવાનો ઉલ્લાસ છે તેને અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહે નહીં.

પહેલાં તો જીવને સંસારભ્રમણમાં મનુષ્યભવ અને સત્‌નું શ્રવણ જ મળવું બહુ મોંઘું છે. અને ક્વચિત્ સત્‌નું શ્રવણ મળ્યું ત્યારે પણ જીવે

અંતરમાં બેસાડ્યું નહિ, તેથી સંસારમાં જ રખડ્યો ભાઈ! આ તને નથી શોભતું....આવા મોંઘા અવસરે પણ તું આત્મસ્વભાવને નહિ સમજે તો પછી ક્યારે સમજીશ? અને એ સમજ્યા વગર તારા ભવભ્રમણનો છેડો ક્યાંથી આવશે? માટે અંદરથી ઉલ્લાસ લાવીને સત્સમાગમે આત્માની સાચી સમજણ કરી લે.

### ❀ સંસારભ્રમણનું કારણ અને તેનાથી છૂટવાનો ઉપાય ❀

**एवं अनादिकालं पञ्चप्रकारे भ्रमति संसारे।**
**नानादुःखनिधाने जीवः मिथ्यात्वदोषेण॥७२॥**

**इति संसारं ज्ञात्वा मोहं सर्वादरेण त्यक्त्वा।**
**तं ध्यायत स्वस्वभावं संसरण येन विनश्यति॥७३॥**

એ રીતે પાંચ પ્રકારના સંસારમાં આ જીવ અનાદિ કાળથી મિથ્યાત્વદોષને લીધે ભમે છે, કેવો છે સંસાર?—અનેક પ્રકારના દુઃખોનું નિધાન છે.

એ રીતે પૂર્વોક્ત પ્રકારના સંસારને જાણીને, હે ભવ્ય જીવો! સર્વ પ્રકારના ઉદ્યમ વડે મોહને છોડીને તે આત્મસ્વભાવને ધ્યાવો–કે જેનાથી સંસારના ભ્રમણનો નાશ થાય. —*સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા*

# મોક્ષાર્થીને મુક્તિનો ઉલ્લાસ

[૨]

**આત્માર્થીનાં પરિણામ ઉલ્લાસિત હોય છે; કેમ કે આત્મસ્વભાવને સાધીને અલ્પકાળમાં સંસારથી મુક્ત થઈને સિદ્ધ થવું છે, તેથી પોતાની મુક્તિનો તેને નિરંતર ઉલ્લાસ હોય છે. અને તેથી તે ઉલ્લસિત વીર્યવાન હોય છે.**

આ આત્મા જ્ઞાનસ્વભાવી છે, પરંતુ તેણે અનાદિકાળમાં એક સેકંડ પણ પોતાના સ્વભાવને લક્ષમાં લીધો નથી, તેથી તેની સમજણ કઠણ લાગે છે ને શરીરાદિ બાહ્ય ક્રિયામાં ધર્મ માનીને મનુષ્યભવ મફતમાં ગુમાવે છે. જો આત્મ-સ્વભાવની રુચિથી અભ્યાસ કરે તો તેની સમજણ સહેલી છે. સ્વભાવની વાત મોંઘી ન હોય. દરેક આત્મામાં સમજવાનું સામર્થ્ય છે.....પણ પોતાની મુક્તિની વાત સાંભળીને અંદરથી ઉલ્લાસ આવવો જોઈએ...તો ઝટ સમજાય. જેમ—બળદને જ્યારે ઘરેથી છોડીને ખેતરમાં કામ કરવા લઈ જાય ત્યારે તો ધીમે ધીમે જાય ને વાર લગાડે; પણ ખેતરના કામથી છૂટીને ઘર તરફ પાછા વળે ત્યારે તો દોડતા દોડતા આવે....કેમ કે તેને ખબર છે કે કામના બંધનથી છૂટીને ઘરે ચાર પહોર સુધી શાંતિથી ઘાસ ખાવાનું છે. તેથી તેને હોંશ આવે છે, ને તેની ગતિમાં વેગ આવે છે. જુઓ, બળદ જેવા પ્રાણીને પણ છૂટકારાની હોંશ આવે છે. તેમ—આત્મા અનાદિકાળથી સ્વભાવઘરથી છૂટીને સંસારમાં બળદની જેમ રખડે છે...શ્રી ગુરુ તેને સ્વભાવઘરમાં પાછો વાળવાની વાત સંભળાવે છે. પોતાની મુક્તિનો માર્ગ સાંભળીને જીવને જો હોંશ ન આવે તો તે પહેલા બળદમાંથી યે જાય! પાત્ર જીવને તો પોતાના સ્વભાવની વાત સાંભળતાં જ અંતરથી મુક્તિનો ઉલ્લાસ આવે છે અને તેનું

**પરિણમન સ્વભાવ સન્મુખ વેગથી વળે છે. જેટલો કાળ સંસારમાં રખડ્યો તેટલો કાળ મોક્ષનો ઉપાય કરવામાં ન લાગે, કેમ કે વિકાર કરતાં સ્વભાવ તરફનું વીર્ય અનંતુ છે, તેથી તે અલ્પકાળમાં જ મોક્ષને સાધી લ્યે છે.... પણ તે માટે જીવને અંતરમાં યથાર્થ ઉલ્લાસ આવવો જોઈએ.**

*(—પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)*

### ❀ સાધક સંતોની ધૂન ❀

આત્માની રમણતાની ધૂનમાં અતીન્દ્રિય આનંદનો ભોગવટો લેતા, સહજાનંદનો અનુભવ લેતા...જેવી સિદ્ધ ભગવાનની દશા છે તેવી દશાનો અનુભવ કરતા.....મુનિ ચાલ્યા આવતા હોય....

સાધક સંતો આત્માના આનંદરસમાં લીન રહે છે. આત્મસ્થિરતા કેમ વધતી જાય તેની જ તેમને ધૂન છે, આહાર કેમ નથી મળતો તેની તેમને જરાપણ ધૂન નથી. ***સમયસાર–બંધ અધિકારના પ્રવચનોમાંથી***

# મોંઘું માનવજીવન

હે જીવ! મહાપુણ્યયોગે તું આ મનુષ્ય અવતાર પામ્યો...સંસારના બીજા અવતારો કરતાં મનુષ્ય અવતાર ઉત્તમ ગણવામાં આવ્યો છે...આવા મોંઘા માનવજીવનમાં શું કરવા જેવું છે? ક્યા ઉપાયથી સાચા સુખની પ્રાપ્તિ થાય છે? જિજ્ઞાસુએ ક્યા પ્રકારના તત્ત્વવિચાર કરવા? વગેરેનું સુંદર વિવેચન અહીં એકદમ સરળશૈલીથી કરવામાં આવ્યું છે.

શ્રીમદ્ રાજચંદ્રજીને માત્ર સાત વર્ષની વયે પૂર્વના ભવોનું જ્ઞાન થયું હતું. તેમને જ્ઞાનનો ઉઘાડ ઘણો હતો. સોળ વર્ષની નાની વયમાં ફક્ત ત્રણ દિવસમાં તેમણે આ મોક્ષમાળાના ૧૦૮ પાઠની રચના કરી છે. તેમાં આ ચોથા પાઠમાં માનવદેહની દુર્લભતા બતાવે છે અને તે માનવદેહની ઉત્તમતા કઈ રીતે છે તે સમજાવે છે.

'તમે સાંભળ્યું હશે તો કે વિદ્વાનો માનવદેહને બીજા સઘળા દેહ કરતાં ઉત્તમ કહે છે; પણ ઉત્તમ કહેવાનું કારણ તમારા જાણવામાં નહિ હોય, માટે લ્યો હું કહું.'

આ મનુષ્યદેહ અનંતકાળે મળે છે; તેમાં પૈસા વગેરે મળે તે કાંઈ અપૂર્વ નથી, અને એનાથી કાંઈ આત્માની મહત્તા નથી. આત્મા અંતરમાં જ્ઞાન-આનંદથી ભરેલો પદાર્થ છે તેની સમજણ કરવી તે અપૂર્વ છે અને એને લીધે જ માનવદેહની ઉત્તમતા છે.

વિદ્વાનો માનવદેહને બીજા બધા દેહ કરતાં ઉત્તમ કહે છે, પણ તે શા માટે ઉત્તમ છે? તે અહીં સમજાવે છે. અમૂલ્ય તત્ત્વવિચારમાં પોતે કહે છે કે—

બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો.....

આ માનવદેહ તો જડ છે; પણ માનવપણામાં જીવ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પવિત્ર ભાવ પ્રગટ કરી શકે છે, તેથી દેહને પણ ઉપચારથી ‘શુભદેહ’ કહેવાય છે. અનંતકાળે આ માનવદેહ મળ્યો છે, તેમાં જો આત્માની સમજણ પ્રગટ કરે તો તેને ઉત્તમ કહેવાય છે; એ સિવાય લક્ષ્મીના ઢગલા કે મોટા અધિકાર મળે તેનાથી કાંઈ માનવદેહની ઉત્તમતા જ્ઞાનીઓએ કહી નથી. તેથી કહ્યું છે કે—

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો?
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો.

બહારમાં લક્ષ્મી વગેરે સંયોગ વધ્યા તેથી આત્મામાં શું વધ્યું? તે તો વિચારો. કાંઈ બાહ્ય સંયોગથી આત્માની મોટપ નથી. જીવ માનવદેહ પામીને જો શરીરથી જુદા આત્માની ઓળખાણ ન કરે તો આ મનુષ્યદેહની કિંમત કોડીની પણ નથી. તે જીવ આત્માના ભાન વગર બાહ્ય સંયોગની મીઠાશ કરીને સંસાર વધારીને મનુષ્યભવ હારી જાય છે.

આત્માની જે અંતરની ચીજ હોય તે કદી આત્માથી જુદી ન પડે. શરીર, પૈસા, સ્ત્રી, પુત્ર વગેરે વસ્તુઓ આત્માની નથી, તેથી તે વસ્તુઓ પરભવમાં આત્માની સાથે નથી જતી. લાખો રૂપિયા મળે તેથી કાંઈ જીવની મહત્તા નથી. રૂપિયા મળવા તેમાં કાંઈ વર્તમાન ડહાપણ નથી. જીવોને બહારના સંયોગ તો પૂર્વના પ્રારબ્ધ અનુસાર થયા કરે છે; કાંઈ ભગવાન કોઈને સુખી-દુઃખી કરતા નથી, તેમજ સંયોગનું પણ સુખ કે દુઃખ નથી, જીવ પોતે પોતાની ભૂલથી પરાશ્રયે દુઃખી થાય છે, અને જો આત્માની ઓળખાણ કરીને સ્વાશ્રયભાવ પ્રગટ કરે તો તેને પોતાથી પોતાનું કલ્યાણ થાય છે. હે જીવ! અનંતકાળે મહામોંઘો આ મનુષ્યદેહ અને સત્સમાગમ

મળ્યો છે, હવે તું તારા આત્માની સમજણ કર. આત્માની સમજણ વગર અનંત અનંતકાળ નિગોદ અને કીડી વગેરેના ભવમાં કાઢ્યો, ત્યાં તો સત્‌ના શ્રવણનો અવકાશ નથી. હવે આ દુર્લભ મનુષ્યપણું પામીને આત્માની સમજણના રસ્તા લે ભાઈ! અંતરમાં આત્માનો મહિમા આવવો જોઈએ. પૈસા, સ્ત્રી વગેરેનો જે મહિમા છે તે ટળીને અંતરમાં ચૈતન્યસ્વરૂપના મહિમાનો ભાસ થવો જોઈએ. જેમ પોતાની ડૂંટીમાં રહેલી સુગંધી કસ્તૂરીનો વિશ્વાસ હરણીયાંને આવતો નથી એટલે બહારમાં તે સુગંધ માનીને રખડે છે, તેમ આ જીવમાં પોતામાં જ પોતાની પ્રભુતા ભરી છે, ત્રણ લોકનો નાથ પરમાત્મા થવાની તાકાત તેમાં ભરી છે, પણ પામરને પોતાની પ્રભુતાનો વિશ્વાસ બેસતો નથી, એટલે પોતાની પ્રભુતાનો મહિમા ચૂકીને બહારના પદાર્થોને મહત્તા આપે છે, તેથી બહારના આશ્રયે સંસારમાં રખડે છે. આત્માની સમજણ કરવાનો અવકાશ મુખ્યપણે આ મનુષ્યદેહમાં છે. જ્યાં સુધી આત્મતત્ત્વના મહિમાને જાણ્યો નથી ત્યાં સુધી વ્રત-તપ-દાન કે જાત્રા વગેરે કરવાથી શું થયું? આત્માની ઓળખાણ વગરના મનુષ્યદેહની કે વ્રતાદિની પરમાર્થ માર્ગમાં કાંઈ ગણતરી નથી. આત્માની ઓળખાણને લીધે જ મનુષ્યદેહની ઉત્તમતા કહેવામાં આવી છે.

‘આ સંસાર બહુ દુ:ખથી ભરેલો છે. એમાંથી જે જ્ઞાનીઓ તરીને પાર પામવા પુરુષાર્થ કરે છે, તેઓ મોક્ષને સાધી અનંત સુખમાં બિરાજમાન થાય છે. એ મોક્ષ બીજા કોઈ દેહથી મળનાર નથી. દેવ, તિર્યંચ કે નરક એ એક્કે ગતિથી મોક્ષ નથી, માત્ર માનવદેહથી મોક્ષ છે.’

આ સંસાર બહુ દુ:ખથી ભરેલો છે, અજ્ઞાનભાવને લીધે જીવ ચાર ગતિમાં રખડે છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચાર ગતિ છે. તેમાં મનુષ્યદેહ અનંતકાળે મળે છે અને મનુષ્યદેહમાં પણ સત્સમાગમ મળવો તો મહામોંઘો છે, મનુષ્યભવ પામીને પણ જીવે પોતાના આત્માની દરકાર કરી નહિ અને બહારમાં દેહ—કુટુંબ વગેરે પરની વાતમાં રોકાણો, અને માનવજીવન વ્યર્થ ગુમાવ્યું. ‘ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો’ એની જેમ પોતાના આત્માને સમજવાની દરકાર કરી નહિ અને પાડોશી

એટલે કે પરવસ્તુ તેને જાણવામાં તથા તેનું અભિમાન કરવામાં રોકાણો. પોતાના આત્માની તો સમજણ કરતો નથી અને પરનું ભલું હું કરી દઉં —એમ માને છે. અરે ભાઈ! પરવસ્તુમાં આત્માનો અધિકાર ચાલતો જ નથી. શરીરમાં રોગ થાય તેને ટાળવાની ઈચ્છા હોવા છતાં તે ટળતો નથી. રોગ લાવવાની ઈચ્છા ન હોવા છતાં રોગ થાય છે. માટે આત્માની ઈચ્છા પરમાં કામ આવતી નથી, પરથી આત્મા જુદો છે, એટલે આત્મા કોઈ બીજાનું ભલું કે બૂરું કરી શકતો નથી. છતાં પોતાનું માની તેની મમતા કરે છે તેથી જીવ દુઃખી છે.

જુઓ, શ્રીમદ્ રાજચંદ્ર સોળ વર્ષની યુવાન વયમાં તો આખા સંસારને દુઃખમય વર્ણવે છે. આ સંસાર બહુ દુઃખથી ભરેલો છે, કોઈ મોટા રાજા હો કે શેઠિયા હોય, તેથી તેને સુખી કહ્યા નથી. શરીરથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્માનું જેને ભાન નથી અને પરની મમતા કરે છે તે બધાં જીવો આ સંસારમાં બહુ દુઃખી છે, રાજ્ય, લક્ષ્મી, સ્ત્રી, પુત્ર, આબરૂ વગેરે હોવા છતાં પરની મમતાને લીધે તે જીવ દુઃખી જ છે. રોગ કે નિર્ધનતાનું દુઃખ જીવને નથી, પણ અંતરમાં પોતાનો આત્મા સુખથી ભરેલો છે તેનો મહિમા કરતો નથી, ને પરનો મહિમા કરીને તેની મમતા કરે છે તેથી જ દુઃખ છે. જીવનો મમત્વભાવ જ સંસાર છે અને તેનું જ દુઃખ છે, પરવસ્તુમાં સુખ કે દુઃખ નથી. જીવ પરભવમાં જાય ત્યારે શરીરાદિ પરવસ્તુઓ તો અહીં જ પડી રહે છે, તે જીવની સાથે જતી નથી, જીવ પોતાના મમતાભાવને સાથે લઈને જાય છે, તે મમતાભાવ સંસાર છે.

જ્ઞાની સંતો આત્માને ઓળખીને આ દુઃખમય સંસારથી તરીને પાર થવાનું પ્રયોજન સાધે છે અને મોક્ષદશા પ્રગટ કરે છે. આત્માનું પરિપૂર્ણ સુખ મોક્ષદશામાં પ્રગટે છે. આત્માના સ્વભાવમાં સુખ ભર્યું છે, , તેને ઓળખીને તેમાં એકાગ્ર થતાં મોક્ષદશામાં તે સુખ પરિપૂર્ણ પ્રગટ થાય છે. જેમ ચણામાં સ્વાદ ભર્યો છે તેથી તેને શેકતાં તે સ્વાદ પ્રગટે છે, ને પછી તેને વાવો તો તે ઊગતો નથી. તેમ ચૈતન્યપિંડ આત્મામાં સુખ–સ્વભાવ ભર્યો છે, તેની શ્રદ્ધા અને એકાગ્રતાના જોરે મોક્ષદશામાં તે સુખ પ્રગટે

છે, અને પછી તે આત્માને અવતાર હોતો નથી. આવી મોક્ષદશા પ્રગટવાનો અવસર આ મનુષ્યપણામાં જ છે. પહેલાં તો મનુષ્યદેહમાં આત્માની રુચિથી સત્સમાગમે આત્મસ્વભાવની ઓળખાણ કરે કે હું શુદ્ધ છું, પવિત્ર છું, જ્ઞાન—આનંદથી ભરપૂર છું, વિકારી ભાવો થાય છે તે દુઃખ છે, તે મારું સ્વરૂપ નથી. કોઈ સંયોગથી મને સુખ-દુઃખ નથી—એ પ્રમાણે ભાન કરીને પછી આત્મામાં ઠરતાં રાગ-દ્વેષનો અભાવ થઈને મોક્ષદશાનું સુખ પ્રગટે છે. મોક્ષ થવાની તાકાત આ આત્મામાં જ ભરી છે. શક્તિપણે આ આત્મા જ પરમાત્મા છે. 'अप्पा सो परमप्पा' આત્મા જ સ્વભાવથી પરમાત્મા છે. તેનું ભાન કરીને આત્મા પોતે જ પ્રગટરૂપ પરમાત્મા થઈ જાય છે. તે આ મનુષ્યભવમાં જ થઈ શકે છે અને એટલા માટે જ જ્ઞાનીઓએ માનવદેહને ઉત્તમ કહ્યો છે.

દરેક આત્મા, પરમાત્મા જેવો સચ્ચિદાનંદની મૂર્તિ છે, બહારના દેહમાં ફેરફાર છે તથા વર્તમાન હાલતમાં ફેરફાર છે, પણ સ્વભાવે તો બધા આત્મા પ્રભુ છે. અપૂર્ણતા કોઈ આત્માનું ખરું સ્વરૂપ નથી. જેમ સોનાના ૧૦૦ લાટા ઉપર જુદી જુદી જાતના વસ્ત્ર વીંટ્યા હોય પણ અંદર સોનું તો બધામાં સરખું જ છે. તેમ દરેક આત્મા ભિન્ન ભિન્ન ચૈતન્યધાતુનો પિંડ છે. બાહ્યમાં નાનું-મોટું શરીર અને વર્તમાન ક્ષણિક અવસ્થામાં અધૂરાશ છે તેને લક્ષમાં ન લેતાં ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો દરેક આત્માનો સ્વભાવ પરિપૂર્ણ છે. જેટલી તાકાત સિદ્ધ પરમાત્મામાં છે તેટલી જ તાકાત એકેક આત્મામાં છે. પણ અજ્ઞાની જીવ તેને ભૂલીને શરીર અને વિકારભાવ જેટલો જ પોતાને માને છે, તેથી સંસારમાં રખડે છે. જ્ઞાનીઓ તો પોતાના પરિપૂર્ણ આત્મસ્વભાવની ઓળખાણ કરીને તેના આશ્રયે મોક્ષ પામવાનું સાધન કરે છે, ને સંસારનો પાર પામી જાય છે.

આત્માની ઓળખાણ કરીને મોક્ષ પામવાનું સાધન આ મનુષ્યદેહમાં જ છે. એ સિવાય બીજી ગતિમાં આત્માનું ભાન થઈ શકે છે, પણ મોક્ષદશાનું પૂરું સાધન થઈ શકતું નથી. પુણ્ય કરે તો સ્વર્ગમાં જાય, ને પાપ કરે તો નરકમાં જાય તથા માયા—કપટના ભાવ કરે તો તિર્યંચમાં

જાય, ત્યાં કોઈ કોઈ જીવો આત્માનું ભાન પ્રગટ કરે છે પણ મોક્ષદશા પ્રાપ્ત થાય એવો પૂર્ણ પુરુષાર્થ ત્યાં થઈ શકતો નથી. શરીરના કારણે મોક્ષદશા નથી અટકતી, પણ ત્યાં જીવની પોતાની લાયકાત જ તેવા પ્રકારની હોય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો ઉપાય છે, તેનો પરિપૂર્ણ પ્રયત્ન આ મનુષ્યભવમાં જ થાય છે. એટલે મોક્ષદશાની પ્રાપ્તિ આ મનુષ્યભવમાં જ થાય છે. આવો મનુષ્યદેહ પામીને પણ મતિહીન અજ્ઞાની જીવ તેને વિષયભોગમાં વ્યર્થ ગાળે છે. આ બાબતમાં પં. શ્રી બનારસીદાસજી કહે છે કે—

જ્યાં મતિહીન વિવેક વિના નર, સાજિ મતંગજ ઈંધન ઢોવૈ;
કંચન ભાજન ધૂલ ભરે શઠ, મૂઢ સુધારસ સોં પગ ધોવૈ.
બાહિન કાગ ઉડાવન કારણ, ડાર મહામણિ મૂરખ રોવૈ;
ત્યોં યહ દુર્લભ દેહ ‘બનારસી’, પાય અજાન અકારથ ખોવૈ.

*(—બનારસીવિલાસ, પૃ. ૧૯)*

જેમ કોઈ મતિહીન અને વિવેક વગરનો માણસ હાથીને અંબાડી વગેરેથી શણગારીને તેની પાસે લાકડા ઉપડાવે, તથા મૂર્ખ માણસ સોનાના ભાજનમાં ધૂળ ભરે અને મૂઢ જીવ સુધારસને પીવાને બદલે તેનાથી પગ ધૂએ, તેમ અજ્ઞાની જીવ આ દુર્લભ મનુષ્યદેહ પામીને વ્યર્થ ગુમાવે છે.

કોઈ માણસ ઉપર રાજા પ્રસન્ન થયો અને તેને એક સોનાની અંબાડીથી શણગારેલો હાથી ઈનામમાં આપ્યો. પણ મૂર્ખ જીવે તે હાથીનો ઉપયોગ લાકડાના ભારા ઉપડાવવામાં કર્યો. હાથી ઉપર પોતે બેસતો નથી પણ ભારા ઉપડાવે છે, તેમ મૂઢ અજ્ઞાની જીવો આ દુર્લભ મનુષ્યદેહ પામીને આત્માર્થ સાધવાને બદલે તેને વ્યર્થ ખોવે છે. ઉત્તમ માનવભવ પામીને મૂઢ જીવો પોતાનું આત્મહિત સાધતા નથી અને હું પરનું કલ્યાણ કરી દઉં—એમ વ્યર્થ અભિમાન કરીને મનુષ્યભવ હારી જાય છે.

મનુષ્યપણું પામીને ઘણું ધન ભેગું થાય તેનાથી કાંઈ આત્માની મહત્તા વધી જતી નથી અને નિર્ધનપણું હોય તેથી કાંઈ આત્માની મહત્તા

ઘટી જતી નથી; જેમ નિર્ધન કે સધનને જન્મ અને મરણનો એક જ માર્ગ છે, તેમ ધર્મનો અને મોક્ષનો માર્ગ પણ બધા જીવોને માટે એક જ પ્રકારનો છે. સધનને ધર્મ થાય અને નિર્ધનને ન થાય—એમ નથી કેમ કે સધનપણાથી કે નિર્ધનપણાથી ધર્મ થતો નથી, પણ આત્માનું ભાન કરે તો ધર્મ થાય છે. નિર્ધન હોય કે સધન પણ જે આત્માનું ભાન કરે તેને જ ધર્મ થાય છે. માત્ર માનવદેહથી મોક્ષ થાય છે તેથી તે માનવદેહને ઉત્તમ કહેવાય છે.

'ત્યારે તમે પૂછશો કે સઘળાં માનવીનો મોક્ષ કેમ થતો નથી?' એનો ઉત્તર પણ હું કહી દઉં છું. જેઓ માનવપણું સમજે છે તેઓ સંસાર શોકને તરી જાય છે. માનવપણું વિદ્વાનો એને કહે છે કે જેનામાં વિવેકબુદ્ધિ ઉદય પામી હોય; તે વડે સત્યાસત્યનો નિર્ણય સમજીને પરમતત્ત્વ, ઉત્તમ આચાર અને સત્‌ધર્મનું સેવન કરીને તેઓ અનુપમ મોક્ષને પામે છે.

મોક્ષનું સાધન આ માનવભવમાં જ થાય છે, પરંતુ બધા માનવોનો મોક્ષ થઈ જતો નથી. મનુષ્યપણામાં જેઓ વિવેકબુદ્ધિ (એટલે કે સ્વ-પરનું યથાર્થ જ્ઞાન) પ્રગટ કરીને આત્માને સમજે છે તેઓનો જ મોક્ષ થાય છે. સત્ય અને અસત્યનો નિર્ણય કરીને જેઓ પરમ તત્ત્વને—એટલે કે આત્માના શુદ્ધ સ્વભાવને સમજે છે. તથા રાગ-દ્વેષ રહિત આત્માના નિર્દોષ સ્વભાવમાં એકાગ્રતારૂપ જે ઉત્તમ આચાર તેનું પાલન કરે છે તેઓ જ મોક્ષ પામે છે.

'મનુષ્ય શરીરના દેખાવ ઉપરથી વિદ્વાનો તેને મનુષ્ય કહેતા નથી, પરંતુ તેના વિવેકને લઈને કહે છે.' આત્માનો નિર્દોષ સ્વભાવ શું અને વિકાર શું? તેનો જે વિવેક કરે છે તે જ ખરેખર મનુષ્ય છે. પણ હાથ—પગ વગેરેની આકૃતિ ઉપરથી ખરેખર જ્ઞાની મનુષ્યપણું કહેતા નથી. જેને સ્વ-પરનો વિવેક નથી તેવા માનવપણાને જ્ઞાની ઉત્તમ કહેતા નથી. જેણે સ્વ-પરનો વિવેક પ્રગટ કર્યો છે તે જ ખરેખર મનુષ્ય છે, અને એને જ જ્ઞાનીઓ ઉત્તમ કહે છે. હું કોણ ને મારું સ્વરૂપ શું? તથા મારાથી ભિન્ન પદાર્થો શું? તેનો જેને વિવેક નથી તેને ધર્મ થતો નથી.

અંતરમાં સ્વ-પરનો વિવેક પ્રગટ કર્યા વગર, માત્ર બે હાથ, બે પગ, મોઢું વગેરે આકૃતિ ઉપરથી જ મનુષ્યપણું ન સમજવું; કેમ કે જો એમ ગણો તો તો વાંદરાને પણ તે બધું છે તેથી તેને માણસ કહેવો પડે. 'બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, એક મુખ, બે હોઠ અને એક નાક એ જેને હોય તેને મનુષ્ય કહેવો'—એમ આપણે સમજવું નહીં. જો એમ સમજીએ તો પછી વાંદરાને પણ મનુષ્ય ગણવો જોઈએ, એણે પણ એ પ્રમાણે સઘળું પ્રાપ્ત કર્યું છે. વિશેષમાં એક પૂંછડું પણ છે; ત્યારે શું એને મહા મનુષ્ય કહેવો? ના નહીં. માનવપણું સમજે તે જ માનવ કહેવાય.' દેહથી ભિન્ન આત્માનું યથાર્થ સ્વરૂપ સમજીને અંતરમાં વિવેક પ્રગટ કરે તે જ માનવ છે. અમૂલ્ય તત્ત્વવિચારમાં પણ 'વિવેક' સંબંધી શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે—

'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં.'

હું આ દેહ નથી પણ હું આત્મા છું, હું નવો થયો નથી પણ અનાદિનો છું, હું જ્ઞાનસ્વરૂપ છું, રાગાદિ ભાવો મારું ખરું સ્વરૂપ નથી, દેહાદિ પરવસ્તુ સાથે મારે કાંઈ સંબંધ નથી—એ પ્રમાણે અંતરમાં આત્માનો વિચાર અને વિવેક પ્રગટ કરે તે જીવ આત્મિક જ્ઞાનનાં સર્વ તત્ત્વોને અનુભવે છે.

'જ્ઞાનીઓ કહે છે કે એ માનવભવ બહુ દુર્લભ છે; અતિ પુણ્યના પ્રભાવથી એ દેહ સાંપડે છે.'–'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો'–'માટે એથી ઉતાવળે આત્મસાર્થક કરી લેવું...ગજસુકુમાર જેવાં નાનાં બાળકો પણ માનવપણાને સમજવાથી મોક્ષ પામ્યા. મનુષ્યમાં જે શક્તિ વધારે છે તે શક્તિ વડે કરીને મદોન્મત્ત હાથી જેવા પ્રાણીને પણ વશ કરી લે છે; એ જ શક્તિ વડે

જો તેઓ પોતાના મનરૂપી હાથીને વશ કરી લે તો કેટલું કલ્યાણ થાય!'

જગતમાં એકેન્દ્રિય તથા કીડી વગેરેની સંખ્યા ઘણી છે, તથા નારકી અને દેવોની સંખ્યા પણ ઘણી છે, પણ મનુષ્યો ઘણા થોડા છે. મનુષ્યદેહ મળવો મહામોંઘો છે. માટે એવો દુર્લભ મનુષ્યદેહ પામીને ઉતાવળે આત્મ -કલ્યાણ કરી લેવું. શરીરથી જુદા જ્ઞાનમૂર્તિ આત્માનું ભાન કરી લેવું તેમાં જ માનવજીવનની સાર્થકતા છે. શ્રીમદે પોતે નાની ઉંમરમાં આ રચના કરી છે અને તેમાં વૈરાગ્યના દાખલા પણ નાની ઉંમરના રાજકુમારોના આપ્યા છે. ગજસુકુમાર વગેરે રાજકુમારો નાની ઉંમરમાં આત્મભાન કરીને અને સંસારથી વૈરાગ્ય પામીને મોક્ષ પામ્યા છે.

'કોઈ પણ અન્ય દેહમાં પૂર્ણ સદ્‌વિવેકનો ઉદય થતો નથી, અને મોક્ષના રાજમાર્ગમાં પ્રવેશ થઈ શકતો નથી. એથી આપણને મળેલો એ બહુ દુર્લભ માનવદેહ સફળ કરી લેવો અવશ્યનો છે.' અન્ય ત્રણ ગતિમાં સમ્યગ્જ્ઞાન થઈ શકે છે પરંતુ પૂર્ણ સદ્‌વિવેક એટલે કે કેવળજ્ઞાન તો મનુષ્યપણામાં જ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો રાજમાર્ગ છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન પણ મોક્ષનાં કારણ છે અને તે ચારે ગતિમાં થાય છે, પરંતુ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક સમ્યક્‌ચારિત્ર તે મોક્ષનો રાજમાર્ગ છે, એટલે કે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે, અને તે મનુષ્યભવમાં જ થાય છે. એવો દુર્લભ મનુષ્ય અવતાર પ્રાપ્ત થયો છે માટે જેમ બને તેમ ત્વરાથી આત્માની ઓળખાણ કરીને વીતરાગમાર્ગમાં સાવધાન થવું.

'કેટલાક મૂર્ખો દુરાચારમાં, અજ્ઞાનમાં, વિષયમાં અને અનેક પ્રકારના મદમાં, મળેલો માનવદેહ વૃથા ગુમાવે છે, અમૂલ્ય કૌસ્તુભ હારી બેસે છે. એ નામના માનવ ગણાય, બાકી તો વાનરરૂપ જ છે.' આ અમૂલ્ય ચિંતામણિ જેવો મનુષ્યદેહ પામીને આત્માર્થ સાધવાને બદલે કેટલાક મૂર્ખ જીવો વિષય-કષાયમાં ગુમાવી દે છે, તથા કેટલાક જીવો આત્માને સમજ્યા વિના ક્રિયાકાંડમાં રોકાઈને અજ્ઞાનમાં ને અજ્ઞાનમાં મનુષ્યભવ હારી જાય છે. જો આત્માનું ભાન ન કરે તો, વાનરના જીવનમાં ને માનવના જીવનમાં

**અહીં કાંઈ ફેર ગણ્યો નથી, માટે જેમ બને તેમ જલ્દી સત્સમાગમે આત્માની ઓળખાણ કરવી, અને આ મનુષ્યભવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન -ચારિત્રરૂપ ધર્મનું સેવન કરવું–એ જરૂરનું છે. આ જ આત્મહિતનો ઉપાય છે.**

*(—શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા પાઠ ચોથો, માનવદેહ)*

## ❀ આત્માર્થી જીવોને માટે આત્મસ્વભાવની વાત ❀

આ વાત આત્મસ્વભાવની છે, તે અન્યત્ર જ્યાં–ત્યાંથી મળે તેમ નથી. અને જેને આત્મકલ્યાણની દરકાર છે, ભવભ્રમણનો ડર છે એવા આત્માર્થી સિવાય બીજા જીવોને આ વાત બેસે તેમ નથી. આત્મસ્વભાવની આ વાત આત્માર્થી જીવોને માટે જ છે. આવા મનુષ્ય અવતારમાં આવ્યો અને પરમ દુર્લભ એવી સત્ય વાણી સાંભળવાનો જોગ મળ્યો; જો અત્યારે સ્વભાવની રુચિથી આ વાત નહિ સાંભળે અને નહિ સમજે તો ક્યારે સાંભળશે? અનંતકાળે પણ આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ છે માટે આત્માની દરકાર કરીને આ વાત સમજવા જેવી છે.

# ભવભ્રમણનો ભય

સાચું તત્ત્વ શું છે? તેની આ વાત છે. આત્મા પોતાના સ્વભાવને ભૂલીને અનંતકાળથી ચોરાશી લાખની યોનિમાં જન્મ ધારણ કરીને રખડે છે. આ શરીર તો નવું છે, ને તે મસાણમાં રાખ થવાનું છે. આત્માના ભાન વિના એવા અનંત શરીર થઈ ચૂક્યાં, અને આત્માનું ભાન નહિ કરે તેને હજી અનંત શરીર ધારણ કરવાં પડશે.

'અરેરે! ક્યાં સુધી મારે આ જન્મ-મરણ કરવાં? આ ભવભ્રમણનો ક્યાંય આરો છે કે નહિ?' એમ જ્યાં સુધી ચોરાશીના અવતારનો ભય ન થાય ત્યાં સુધી આત્માની પ્રીતિ થાય નહિ. 'ભય વિના પ્રીતિ નહિ' એટલે ભવભ્રમણનો ભય થયા વિના આત્માની પ્રીતિ થાય નહિ. સાચી સમજણ તે જ સાચો વિસામો છે, અનંતકાળથી સંસારમાં રઝળતાં ક્યાંય વિસામો મળ્યો નથી. સાચી સમજણ કરવી તે જ આત્માનો વિસામો છે.

એક સર્પને દેખતાં કેટલો બધો ભય પામે છે? કેમ કે શરીર ઉપર મમત્વ અને પ્રીતિ છે. અરે પ્રાણી! એક શરીર ઉપર સર્પના ડંશનો આટલો ભય છે, તો અનંત જન્મ-મરણનો ભય કેમ નથી? આત્માની સમજણ વગર અનંત અવતારના દુઃખ ઊભાં છે તેનો કેમ ભય નથી? આ ભવ પૂરો થયો ત્યાં જ બીજો ભવ તૈયાર છે—એમ એક ઉપર બીજો ભવ અનંતકાળથી કરી રહ્યો છે. આત્મા પોતે સાચી સમજણ ન કરે તો જન્મ-મરણ અટકે નહિ. અરેરે, ચોરાશીના અવતારનો જેને ડર નથી તે જીવ આત્મા સમજવાની પ્રીતિ કરતો નથી. અરે! મારે હવે ચોરાશીના અવતારમાં રખડવાનું કેમ અટકે—એમ અંદરમાં ભવભ્રમણનો ભય લાગે તો આત્માની દરકાર કરીને સાચી સમજણનો પ્રયત્ન કરે. આ જીવ કરોડો રૂપિયા પેદા કરે તેવો શેઠિયો અનંતવાર થયો, અને ઘરે ઘરે ભીખ માગીને પેટ ભરનારો ભિખારી

પણ અનંતવાર થયો. આત્માના ભાન વગર પુણ્ય કરીને મોટો દેવ અનંતવાર થયો ને પાપ કરીને નારકી પણ અનંતવાર થયો, પણ હજી ભવભ્રમણનો થાક લાગતો નથી. આચાર્યદેવ કહે છે કે ભાઈ! 'હવે મારે ભવ જોઈતા નથી'—એમ જો તને ભવભ્રમણનો થાક લાગ્યો હોય તો સત્સમાગમે આત્માની પ્રીતિ કરીને તેને સમજ. એ સિવાય કોઈ શરણ નથી.

સાચી સમજણ મુખ્યપણે મનુષ્યપણામાં જ મળે છે. એવો મનુષ્યભવ બહુ દુર્લભ છે. માનવપણું તો આત્માની સમજણ કરવાથી જ સાર્થક છે. લોકો કહે છે "ચાલો ભાઈ, મેળો જોવા, આ મનખો (મનુષ્ય ભવ) ફરીથી નહિ મળે માટે ચાલો મેળામાં." અરે ભાઈ! શું મેળા જોવા સારું આ માનવપણું મળ્યું છે? અહો! અજ્ઞાની જીવો આ મનુષ્યપણું પામીને વિષય-ભોગોમાં સુખ માનીને અટકી જાય છે. જેમ બાળક પેંડા ખાતર લાખેણો હાર આપી દે, તેમ અજ્ઞાની જીવ પુણ્ય -પાપ અને વિષયભોગના સ્વાદ પાસે ચૈતન્યરૂપી અમૂલ્ય હારને વેચી દે છે! મોંઘા મનુષ્યપણામાં આત્માની સમજણ કરવાને બદલે વિષય-ભોગમાં જીવન ગુમાવી દે છે.

આત્માની રુચિ અને મીઠાશ છોડીને જે જીવ પૈસા અને શરીર તથા ભોગની રુચિ અને મીઠાશ કરે છે તે જીવ આત્મસ્વભાવનું ખૂન અને ભાવમરણ કરે છે. એવા ભાવમરણને ટાળવા માટે કરુણા કરીને શ્રી આચાર્યદેવે આ રચના કરી છે. ક્ષણિક વિકારને પોતાનો માનીને આત્મસ્વભાવનો અનાદર કરવો તે ભાવમરણ છે—મૃત્યુ છે. અમર એવો આત્મસ્વભાવ છે, તેને ઓળખે તો ભાવમરણ ટળે. માટે હે ભાઈ, જો તને ભવનાં દુઃખોનો ડર હોય તો આત્માને સમજવાની પ્રીતિ કર. જન્મ-મરણના અંતની વાત અપૂર્વ છે, મોંઘી છે, સમજવાની ધગશ જાગે તેને સમજાય તેવી સહેલી છે.

જેમ કુંવારી દીકરી બાપના ઘરને પોતાનું ઘર માને અને તેની મૂડીને પોતાની કહે, પણ જ્યાં બીજે સગપણ કર્યું ત્યાં તરત જ

માન્યતા ફરી કે આ ઘર ને આ મૂડી મારી નહિ. જ્યાં સગાઈ કરી છે તે ઘર ને તે વર મારાં; જુઓ માન્યતા ફરતાં કેટલી વાર લાગી? તેમ અનાદિથી સંસારમાં રખડતો રખડતો જીવ શરીરને જ પોતાનું ઘર માની બેઠો છે, પણ જ્યાં જ્ઞાનીએ સમજાવ્યું કે 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય'—બધા આત્મા પોતાના સ્વભાવથી સિદ્ધ જેવા છે, —આવી રુચિ અને જ્ઞાન થયું ત્યાં ફડાક રુચિ ફરી ગઈ કે આ પુણ્ય-પાપ કે શરીર તે મારું નહિ, હું તો સિદ્ધ જેવો છું. સિદ્ધપણું તે મારું સ્વરૂપ છે.

જેમ સગપણ પછી અમુક વખત બાપના ઘરે રહે તોપણ લક્ષ તો સાસરે જ છે. તેમ જ્યાં આત્મસ્વભાવનું ભાન થયું ત્યાં સિદ્ધ સાથે સગપણ થયું, હવે થોડો વખત ત્રણ—ચાર ભવ સંસારમાં રહે તોપણ ધર્મીનું લક્ષ બદલી ગયું છે. સિદ્ધ જેવો સ્વભાવ તે હું છું ને આ હું નથી—એમ અંદર દૃષ્ટિ ફરી ગઈ છે. આ અંતરની અપૂર્વ વાત છે. તદ્દન સહેલી રીતે કહેવાય છે. બીજી વાત તો આખી જિંદગી સાંભળી હોય, પણ આ આત્માની અપૂર્વ વાત છે તે ભાગ્યે જ સાંભળવા મળે છે. પ્રભો, તેં તારા આત્માની વાત કદી પ્રીતિથી સાંભળી નથી.

અંતરમાં વિચાર કરો કે આત્માનો પ્રેમ કેટલો છે? અને બાયડી—છોકરાં ઉપર કેટલો પ્રેમ છે? અંદરમાં જે પુણ્ય-પાપની લાગણી થાય છે તે જ હું—એમ માનીને તેની પ્રીતિ કરે છે પણ આત્મા કોણ છે તેની સમજણ કરતો નથી. બહારમાં "આ ઠીક ને આ અઠીક" એમ કરીને રોકાય છે પણ આત્માને તો ઓળખતો નથી. ઠીક-અઠીક કરી કરીને અજ્ઞાની તો સંસારમાં રખડ્યા જ કરે છે, ને જ્ઞાની તો પરથી ભિન્ન આત્માને જાણીને નિર્મળ પર્યાય પ્રગટ કરીને સિદ્ધ થઈ જાય છે.

આત્મા પોતાના સ્વભાવથી પૂર્ણ છે, ને પરથી ખાલી છે, ભગવાન આત્મા જ્ઞાનથી ભરેલો છે ને રાગ-દ્વેષથી ખાલી છે. એવા આત્માનું ભાન કરવું તે સોયમાં દોરા પરોવવા જેવું છે. જેમ દોરો

પરોવેલી સોય ઉકરડે જાય તોપણ ખોવાતી નથી તેમ જેણે પોતાના આત્મામાં સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવ્યો છે, તેને કદાચિત્ એકાદ ભવ હોય તોપણ તેનું આત્મભાન ટળતું નથી, ને તે દીર્ઘ સંસારમાં રખડતો નથી. માટે જેને ભવભ્રમણનો ભય હોય તેણે આ મનુષ્યભવમાં સત્સમાગમ કરીને સાચી સમજણરૂપી દોરો આત્મામાં પરોવી લેવો.

## ❀ અહો, રત્નત્રય–મહિમા! ❀

'આ રત્નત્રય જ સિદ્ધાંતનું સર્વસ્વ છે તથા તે જ મુક્તિનું કારણ છે; વળી જીવોનું હિત તે જ છે અને પ્રધાનપદ તે જ છે.

જે સંયમી મુનિઓ પૂર્વે મોક્ષ ગયા છે, વર્તમાનમાં જાય છે અને ભવિષ્યમાં જશે તેઓ ખરેખર આ અખંડિત રત્નત્રયને સમ્યક્ પ્રકારે આરાધીને જ ગયા છે, જાય છે અને જશે.

આ સમ્યક્ રત્નત્રયને પ્રાપ્ત કર્યા વગર કરોડો-અબજો જન્મ ધારણ કરવા છતાં પણ કોઈ જીવ મોક્ષલક્ષ્મીના મુખકમળને સાક્ષાત્ દેખી શકતા નથી.'

*—શ્રી શુભચન્દ્રાચાર્યદેવ*

સત્ ચિદાનંદ.

# જ્ઞાનીનાં વચનો પુરુષાર્થ–ઉત્તેજક હોય છે

જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.

—આત્મસિદ્ધિ : ૧૩૦

આત્મા પુરુષાર્થ કરે તો શું ન થાય? મોટા પર્વતોના પર્વતો છેદી નાંખ્યા છે; અને કેવા કેવા વિચાર કરીને તેને રેલ્વેના કામમાં લીધા છે! આ તો બહારનાં કામ છે છતાં જય કર્યો છે. આત્માને વિચારવો એ કાંઈ બહારની વાત નથી. અજ્ઞાન છે તે મટે તો જ્ઞાન થાય.

અનુભવી વૈદ્ય તો દવા આપે, પણ દરદી જો ગળે ઉતારે તો રોગ મટે; તેમ સદ્‌ગુરુ અનુભવ કરીને જ્ઞાનરૂપ દવા આપે; પણ મુમુક્ષુ ગ્રહણ કરવારૂપ ગળે ઉતારે ત્યારે મિથ્યાત્વરૂપ રોગ ટળે.

બે ઘડી પુરુષાર્થ કરે તો કેવળજ્ઞાન થાય એમ કહ્યું. રેલ્વે આદિ ગમે તેવો પુરુષાર્થ કરે તોપણ બે ઘડીમાં તૈયાર થાય નહીં; તો પછી કેવળજ્ઞાન કેટલું સુલભ છે તે વિચારો.

જે વાતો જીવને મંદ કરી નાખે, પ્રમાદી કરી નાખે તેવી વાતો સાંભળવી નહીં. એથી જ જીવ અનાદિથી રખડ્યો છે. ભવસ્થિતિ, કાળ આદિના આલંબન લેવા નહીં. એ બધા બહાના છે.

જીવને સંસારી આલંબનો–વિટંબનાઓ મૂકવાં નથી; ને ખોટાં આલંબન લઈને કહે છે કે કર્મના દળિયાં છે એટલે મારાથી કાંઈ બની શકતું નથી. આવા આલંબન લઈ પુરુષાર્થ કરતો નથી. જો પુરુષાર્થ કરે, ને ભવસ્થિતિ ને કાળ નડે ત્યારે તેનો ઉપાય કરીશું. પણ પ્રથમ પુરુષાર્થ કરવો.

સાચા પુરુષની આજ્ઞા આરાધે તે પણ પરમાર્થરૂપ જ છે. તેમાં લાભ જ થાય. એ વેપાર લાભનો જ છે.

જે માણસે લાખો રૂપિયા સામું પાછું વાળીને જોયું નથી, તે હવે હજારના વેપારમાં બહાનાં કાઢે છે; તેનું કારણ અંતરથી આત્માર્થની ઈચ્છા નથી. જે આત્માર્થી થયા તે પાછું વળીને સામું જોતા નથી. પુરુષાર્થ કરી સામા આવી જાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે આવરણ, સ્વભાવ, ભવસ્થિતિ પાકે ક્યારે? તો કહે કે પુરુષાર્થ કરે ત્યારે.

પાંચ કારણો મળે ત્યારે મુક્ત થાય. તે પાંચે કારણો પુરુષાર્થમાં રહ્યાં છે. અનંતા ચોથા આરા મળે, પણ પોતે જો પુરુષાર્થ કરે તો મુક્તિ પ્રાપ્ત થાય. જીવે અનંતકાળથી પુરુષાર્થ જ કર્યો નથી. બધા ખોટાં આલંબનો લઈ માર્ગ આડા વિઘ્નો નાખ્યા છે. કલ્યાણવૃત્તિ ઊગે ત્યારે ભવસ્થિતિ પાકી જાણવી. શૂરાતન હોય તો વર્ષનું કામ બે ઘડીમાં કરી શકાય. (પૃ. ૪૩૨)

જ્ઞાનીનું વચન પુરુષાર્થ પ્રેરે તેવું હોય. અજ્ઞાની શિથિલ છે, તેથી એવા હીન પુરુષાર્થના વચનો કહે છે. પંચમકાળની ભવસ્થિતિ કે આયુષની વાત મનમાં લાવવી નહીં; અને એવી વાણી પણ સાંભળવી નહીં (પૃ. ૪૧૨)

ભવસ્થિતિ, પંચમ કાળમાં મોક્ષનો અભાવ આદિ શંકાઓથી જીવે બાહ્યવૃત્તિ કરી નાખી છે. પણ જો આવા જીવો પુરુષાર્થ કરે, ને પંચમ કાળ મોક્ષ થતાં હાથ ઝાલવા આવે ત્યારે તેનો ઉપાય અમે લઈશું. તે ઉપાય કાંઈ હાથી નથી. જળહળતો અગ્નિ નથી. મફતનો જીવને ભડકાવી દીધો છે. જીવને પુરુષાર્થ કરવો નથી; અને તેને લઈને બહાના કાઢવા છે. આ પોતાનો વાંક સમજવો. સમતાથી વૈરાગ્યની વાતો સાંભળવી, વિચારવી, બાહ્ય વાતો જેમ બને તેમ મૂકી દેવી. જીવ તરવાનો કામી હોય, ને સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તે, તો બધી વાસનાઓ જતી રહે. (પૃ. ૪૨૬-૨૭)

જીવોને એવો ભાવ રહે છે કે સમ્યક્ત્વ અનાયાસે આવતું હશે; પરંતુ તે તો પ્રયાસ-પુરુષાર્થ કર્યા વિના પ્રાપ્ત થતું નથી. (પૃ. ૪૯૨)

**સત્પુરુષની વાત પુરુષાર્થને મંદ કરવાની હોય નહીં. પુરુષાર્થને ઉત્તેજન આપવાની હોય. (પૃ. ૪૨૮)**

**પુરુષાર્થ કરે તો કર્મથી મુક્ત થાય. અનંતકાળના કર્મો હોય અને જો યથાર્થ પુરુષાર્થ કરે તો કર્મ એમ ન કહે કે હું નહીં જાઉં. બે ઘડીમાં અનંતા કર્મો નાશ પામે છે. આત્માની ઓળખાણ થાય તો કર્મો નાશ પામે. (પૃ. ૪૧૭)**

(—અહીં આપેલાં અવતરણો ''શ્રીમદ્ રાજચંદ્ર'' ગુજરાતી બીજી આવૃત્તિનાં છે.)

❁

## ❁ એક ખેડૂતની જિજ્ઞાસા ❁

જીવ અજ્ઞાનને લીધે અનાદિકાળથી અવતારમાં બળદની જેમ દુઃખી થઈ રહ્યો છે, છતાં તેનાથી છૂટવાની જિજ્ઞાસા પણ મૂઢ જીવને થતી નથી. નાના ગામડામાં એક ખેડૂત પૂછતો હતો કે 'મહારાજ! આત્મા અવતારમાં રઝડે છે, તેનો ક્યાંય આરો!! રઝડવાનો અંત આવે ને મુક્તિ થાય, એવું કંઈક બતાવો!' આવો જિજ્ઞાસાનો પ્રશ્ન પણ કોઈકને જ ઊઠે છે. આવાં મોંઘા ટાણાં ફરી ફરીને મળતાં નથી, માટે જિજ્ઞાસુ થઈ, અંતરમાં મેળવણી કરીને સાચું આત્મસ્વરૂપ શું છે તે સમજવું જોઈએ; કેમ કે જે શુદ્ધ આત્માને ઓળખે છે તે જ શુદ્ધાત્માની પ્રાપ્તિ કરે છે. *–પ્રવચનમાંથી*

# પરમાત્મભાવના

સૌરાષ્ટ્રના તીર્થરાજ ગિરનારજી ઉપર શ્રી નેમિનાથ પ્રભુના ત્રણ કલ્યાણક થયા છે. ગિરનારજીના સહસ્રામ્ર વનમાં ભગવાનનો દીક્ષા કલ્યાણક થયો, ગિરનાર ઉપર જ ભગવાન કેવળજ્ઞાન પામ્યા અને એ ગિરનારની પાંચમી ટૂંકેથી ભગવાને સિદ્ધિગમન કર્યું. આ રીતે ભગવાનના ત્રણ કલ્યાણકોથી પાવન થયેલા શ્રી ગિરનારજી તીર્થની યાત્રા માટે વીર સં. ૨૪૬૬માં પૂજ્ય ગુરુદેવશ્રી સંઘ સહિત પધાર્યા હતા. તે વખતે એ ગિરિરાજની પાંચમી ટૂંકે–નિર્વાણભૂમિસ્થાનમાં દોઢ કલાક સુધી ભક્તિ ચાલી હતી; તેમાં પૂ. ગુરુદેવશ્રીએ અધ્યાત્મભાવનામાં મસ્ત બનીને 'હું એક શુદ્ધ સદા અરૂપી...જ્ઞાનદર્શનમય ખરે' ઈત્યાદિ ધૂન ગવડાવી હતી, અને ભક્તો તે ઝીલતા હતા. અહો! એ ગિરિરાજની ટોચ ઉપર જામી ગયેલી ધૂન, અને તે વખતનું શાંત આધ્યાત્મિક વાતાવરણ...એનાં સ્મરણો હજી પણ ભક્ત જનોના હૈયામાં ગૂંજી રહ્યા છે.

બાર વર્ષ બાદ એક દિવસે સવારમાં એ પ્રસંગને યાદ કરીને એ ગાથાનું ફરી ફરી રટણ કરતાં પૂ. ગુરુદેવશ્રીએ કહ્યું હતું કે આ ગાથા ગિરનારની ટોચ ઉપર બોલાણી હતા. જ્યાંથી શ્રી નેમનાથ પ્રભુ પરમાત્મદશાને પામ્યા ત્યાં જ આ 'પરમાત્મભાવના'ની ધૂન ગવડાવી હતી. જુઓ તો ખરા....પરમાત્મ ભાવના....!

'હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન-દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુ માત્ર નથી અરે.'

'પરમાત્મામાં પરમાણુ નથી;

પરમાણુમાં પરમાત્મા નથી.

'હું'માં 'તું' નથી.....

'એક'માં અનેકતા નથી.....

'શુદ્ધ'માં અશુદ્ધતા નથી.

'સદા અરૂપી'માં કદી રૂપીપણું નથી....

'જ્ઞાનદર્શનમય'માં જરા પણ અચેતનપણું નથી.

'કંઈ અન્ય જરાપણ—પરમાણુ માત્ર મારું નથી' એટલે કે નિજ સ્વભાવથી જ મારી પૂર્ણતા છે. એક બાજુ પોતે ચૈતન્ય પરમ-આત્મા અને બીજી બાજુ અચેતન પરમ—અણુ.

અહો! આવા પરમાત્માને ઓળખીને તેની ભાવના કરવા જેવી છે.

❀

**❀ અવસર બાર બાર નહિ આવે ❀**

આ કાળે સમ્યક્ સમજણ બહુ દુર્લભ છે. પ્રભુ! તને અપૂર્વ સમજણના મોંઘા ટાણાં મળ્યા, તેમાં ચૂક્યો તો ફરી અનંતકાળે મનુષ્યભવ અને આવો જોગ મળવો મુશ્કેલ છે. અનંતવાર ધર્મના નામે કદાગ્રહમાં, બાહ્ય સાધનોમાં અટક્યો. હવે પરમ સત્ય શું તેની દરકાર નહિ કરે તો ફરી અનંતકાળે પત્તો નહિ ખાય, માટે સત્ય શું છે તેને જાતે, અંતર અનુભવથી નક્કી કર, એમ આચાર્ય મહારાજ કહે છે. અહીં અનુભવની મુખ્યતા છે, તેનાથી સ્વરૂપનો નિર્ણય કરો. બહારના તર્ક—વિતર્કનું કામ નથી.

# ધર્મની ધીકતી ધારા

## (ગુણસ્થાનવૃદ્ધિ અર્થાત્ ધર્મવૃદ્ધિની રીત)

અભેદ આત્મસ્વભાવના આશ્રયે જ વીતરાગી ધર્મ પ્રગટે છે, એના આશ્રયે જ ધર્મ વધે છે ને એના આશ્રયે જ પૂર્ણતા થાય છે; આ સિવાય શરીરાદિની કોઈ ક્રિયાથી કે વ્રત વગેરેના શુભ પરિણામથી ધર્મની શરૂઆત થતી નથી, તેનાથી ધર્મની વૃદ્ધિ પણ થતી નથી ને પૂર્ણતા પણ થતી નથી. ધર્મની શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધી પોતાના શુદ્ધ આત્મદ્રવ્ય સિવાય બીજા કોઈનું અવલંબન નથી. વચ્ચે સાધકદશામાં પરના અવલંબનનો ભાવ આવી જાય પણ તે ધર્મ નથી, એમ ધર્મી સમજે છે.

જ્યાં સુધી નિમિત્ત ઉપર, રાગ ઉપર કે ભેદ ઉપર દૃષ્ટિ રહે ત્યાં સુધી આત્માનું સમ્યગ્દર્શન થતું નથી. જ્યારે નિમિત્ત, રાગ અને ભેદ એ ત્રણેની ઉપેક્ષા કરીને અભેદ આત્મસ્વભાવની સન્મુખ થાય ત્યારે જ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન વગેરે પ્રગટે છે. ભેદ ઉપરની દૃષ્ટિથી નિર્વિકલ્પ દશા થતી નથી પણ રાગ થાય છે; તેથી જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરીને અભેદ આત્મસ્વરૂપનો નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. અભેદની મુખ્યતા ને ભેદની ગૌણતા કરીને સ્વભાવ તરફ ઢળતાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. ગુણસ્થાનની વૃદ્ધિ અભેદ સ્વભાવના આશ્રયે જ થાય છે. જો દૃષ્ટિમાંથી એક ક્ષણ પણ અભેદ સ્વભાવનો આશ્રય છૂટે તો ધર્મદશા ટકતી નથી.

પ્રથમ ચોથું ગુણસ્થાન અભેદ નિર્વિકલ્પ અનુભવથી જ પ્રગટે છે. ત્યાર પછી ચોથું પલટીને પાંચમું ગુણસ્થાન પણ અભેદસ્વભાવના જ વિશેષ અનુભવથી પ્રગટે છે. કોઈ વ્રતાદિના શુભ પરિણામથી પંચમ ગુણસ્થાન પ્રગટી જતું નથી, પણ અભેદ સ્વભાવના નિર્વિકલ્પ અનુભવથી જ ચોથું પલટીને પાંચમું ગુણસ્થાન પ્રગટી જાય છે. ત્યાર પછી આગળ વધતાં

સાતમું, આઠમું, નવમું, દસમું, બારમું વગેરે ગુણસ્થાનો પણ એવા જ અભેદ અનુભવથી પ્રગટે છે. આ રીતે અભેદ સ્વભાવના આશ્રયે જ ધર્મની ધારા ચાલી જાય છે ધર્મના નાનામાં નાના અંશથી માંડીને પૂર્ણતા સુધીના જેટલા પ્રકારો પડે તે બધાયમાં અભેદસ્વભાવનું એકનું જ અવલંબન છે, એ સિવાય ભેદનું-વિકારનું કે નિમિત્તોનું અવલંબન ધર્મમાં કદી છે જ નહિ.

સૌથી પહેલાં આત્મસ્વભાવનો જેવો અચિંત્ય મહિમા છે તેવો ઓળખીને, તે સ્વભાવના જ અવલંબને નિર્વિકલ્પ અનુભવથી સમ્યગ્દર્શનરૂપ ચોથું ગુણસ્થાન પ્રગટે છે, ત્યાંથી ધર્મની અપૂર્વ શરૂઆત થાય છે, એટલે કે સાધકભાવ શરૂ થાય છે. ત્યાર પછી આગળ-આગળની સાધકદશા પણ તે અભેદસ્વભાવના જ નિર્વિકલ્પ અનુભવથી પ્રગટે છે. ચોથા ગુણસ્થાને વ્રતાદિના ઘણા શુભ પરિણામ કરે તેથી પાંચમું ગુણસ્થાન પ્રગટી જાય—એમ નથી; પણ આત્માના અભેદ સ્વભાવનું ઉગ્ર અવલંબન લેવાથી જ ગુણસ્થાનની વૃદ્ધિ થાય છે. ગુણસ્થાનની વૃદ્ધિ કહો, ધર્મની વૃદ્ધિ કહો, સાધકભાવની વૃદ્ધિ કહો કે મોક્ષમાર્ગ કહો—તેની રીત એક જ છે કે અખંડ આત્મસ્વભાવનું અવલંબન કરવું, માટે શરૂઆતથી માંડીને જ્યાં સુધી રાગાદિક મટીને કેવળજ્ઞાન થાય ત્યાં સુધી તે અભેદસ્વભાવને મુખ્ય કરીને તેના જ નિર્વિકલ્પ અનુભવનો ઉપદેશ શ્રીગુરુઓએ કર્યો છે.

*(સમયસાર ગાથા ૭ ભાવાર્થ ઉપરના પ્રવચનમાંથી)*

# રત્નત્રયનો ભક્ત

વીર સં. ૨૪૭૮ના માહ સુદ પાંચમના રોજ સોનગઢમાં ‘‘શ્રી ગોગીદેવી દિ. જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ’’નું ઉદ્ઘાટન થયું, તે વખતે આશ્રમમાં પૂ. ગુરુદેવે કરેલું આ પ્રવચન છે. તેમાં રત્નત્રયની આરાધનાનું અદ્ભુત ભાવભીનું વર્ણન છે...જેના મનનથી આત્માર્થી જીવોને રત્નત્રયની આરાધનાનો ઉત્સાહ જાગે છે. જેના અંતરમાં રત્નત્રય પ્રગટ્યા હોય તેની દશા કેવી હોય, અને તે રત્નત્રયનો ભક્ત કેવો હોય–તે સંબંધી સુંદર વિવેચન આ પ્રવચનમાં છે.

આ નિયમસાર ભાગવતશાસ્ત્ર છે, તેનો પરમભક્તિ અધિકાર વંચાય છે. ભક્તિ કોને કહેવી? પોતાના જ્ઞાતા દ્રષ્ટા આત્મસ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા તે સાચી ભક્તિ છે; દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરની ભક્તિનો ભાવ તે શુભરાગ છે, તે ધર્મ નથી. ધર્મ તો પોતાના ચિદાનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ અને સ્વસંવેદન કરીને તેમાં લીન થવું તે જ છે, અને તેને જ ભગવાન પરમભક્તિ કહે છે.

એવી ભક્તિ કરનાર જીવ નિરંતર ભક્ત છે એમ ૨૨૦મા શ્લોકમાં કહે છે.

જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવછેદક અતુલ ભક્તિ નિરંતર કરે છે, તે કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ શ્રાવક હો કે સંયમી હો–નિરંતર ભક્ત છે...ભક્ત છે.

ભગવાન શ્રીકુંદકુંદાચાર્યદેવ અને પદ્મપ્રભમલધારિ મુનિરાજ મહા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અધ્યાત્મની મૂર્તિ હતા, અમૃતના કંદ હતા; તેઓ અત્યારે સ્વર્ગમાં બિરાજે છે, ત્યાંથી મનુષ્ય થઈ કેવળજ્ઞાન પ્રગટ કરીને મુક્ત થઈ જશે. તેઓ કહે છે કે અહો! શ્રમણ હો કે શ્રાવક હો, તેને શુભ કે અશુભ રાગ વખતે દ્રવ્યદૃષ્ટિની મુખ્યતા ખસતી નથી, ક્ષણે ક્ષણે સ્વભાવની દૃષ્ટિથી તેમને રત્નત્રયની ભક્તિ વર્તે છે તેથી તેઓ ભક્ત છે, ભક્ત છે. ધર્મી શ્રાવકને પણ નિરંતર રત્નત્રયની ભક્તિ હોય છે; રાજપાટ હો, ગૃહસ્થાશ્રમ હો, સ્ત્રીઓ હો, છતાં અંદરમાં તે ધર્મીને ભાન છે કે હું તો ચિદાનંદ મૂર્તિ છું; શુદ્ધ ચિદાનંદ સ્વરૂપની મુખ્યતા તેની દૃષ્ટિમાંથી એક સમય પણ છૂટતી નથી. આવો ધર્મી જીવ રત્નત્રયનો ભક્ત છે. દૃષ્ટિમાં શુદ્ધ દ્રવ્યની મુખ્યતા છૂટીને એક ક્ષણ પણ પર્યાયની કે નિમિત્તની મુખ્યતા થઈ જાય તો મિથ્યાત્વ થઈ જાય છે. શુદ્ધ આત્માની શ્રદ્ધા-જ્ઞાનરૂપ ભક્તિ ધર્મીને એક ક્ષણ પણ ખસતી નથી.

મારો જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેમાં ગુણગુણીના ભેદનો વિકલ્પ પણ મારો (સ્વભાવ) નથી—આમ શુદ્ધ આત્માનું ભાન કરવું તે પહેલી અપૂર્વ ભક્તિ છે. જે શ્રાવક એવું ભાન કરે છે તે જ ભક્ત છે. શુદ્ધ રત્નત્રયથી મુક્તિ થાય છે ને રાગથી તો બંધન થાય છે. નીચલી ભૂમિકામાં ભગવાનની ભક્તિ, ગુરુની ભક્તિ વગેરેનો શુભભાવ આવે છે પણ જ્ઞાની તેને આસ્રવ સમજે છે, તે નિશ્ચયથી પરમ ભક્તિ નથી; નિશ્ચયથી પરમ ભક્તિ તો પોતાના શુદ્ધ પરમાત્માનું ભજન કરવું તે જ છે. પરમાત્મતત્ત્વના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાય પ્રગટે તે ભવભયનો નાશ કરનારી ભક્તિ છે. આ સિવાય નિમિત્તથી કે રાગથી આત્માને લાભ માને તો તે મિથ્યાત્વ છે; ભેદનો વિકલ્પ ઊઠે તે પણ રાગ છે; ભેદનું પણ લક્ષ છોડીને અભેદ જ્ઞાન-આનંદ સ્વભાવની ભક્તિ કરવી એટલે કે તેનો આશ્રય કરીને તેમાં તન્મય થવું તે નિશ્ચય ભક્તિ છે. જ્યાં આવી ભક્તિ હોય ત્યાં દેવ ગુરુની ભક્તિના શુભ રાગને વ્યવહારભક્તિ કહેવાય છે. સર્વજ્ઞના માર્ગમાં જે શુદ્ધ રત્નત્રયને ભજે તેને ભક્ત કહ્યો છે. જે જીવ રત્નત્રયરૂપે પરિણમ્યો તે રત્નત્રયનો ભક્ત છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શુદ્ધ આત્માની શ્રદ્ધા કરીને રાગ રહિત સ્વસંવેદનથી પોતાના આત્માને જ સ્વજ્ઞેય બનાવીને જે જાણે છે તેને રત્નત્રયની ભક્તિ છે. ગૃહસ્થી હો કે મુનિ હો–જેને પોતાના શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની ભક્તિ છે તે જ સાચો ભક્ત છે. આ ભક્તિ કેવી છે? ભવની છેદક છે. આ સિવાય આત્માના ભાન વગર સાક્ષાત્ ભગવાન પાસે જઈને ભક્તિ કરે અને તેનાથી કલ્યાણ થઈ જશે એમ માને તેને ભક્ત કહેતા નથી, ને તેની ભક્તિથી ભવનો છેદ થતો નથી.

ચિદાનંદ ભગવાન આત્મામાં ભવ નથી, તેની ભક્તિ છે તે ભવછેદક છે. ચૈતન્ય સ્વભાવને ચૂકીને વિકાર જેટલો પોતાને માનવો તે મિથ્યાત્વનું ભજન છે, અને તે ભવનું કારણ છે. હું તો ત્રિકાળ જ્ઞાન-આનંદસ્વરૂપ છું, એક સમયનો ક્ષણિક વિકાર તે હું નથી–એવા શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ નિજ શુદ્ધ આત્માની જે ભક્તિ છે તે ભવનો નાશ કરનારી છે.

અંતરમાં આવી શુદ્ધ રત્નત્રય દશા પ્રગટે ત્યારે મુનિપણું હોય છે. મુનિપણું એ પરમેષ્ઠી પદ છે. જેઓ આત્માના પરમ આનંદમાં સ્થિર થયા છે તેઓ પરમેષ્ઠી છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ મહામુનિરાજ ભાવલિંગી સંત હતા; પોતાના અંતરના અનુભવમાં સિદ્ધ ભગવાન જેવા આનંદનો ઘણો અનુભવ તેઓ કરતા હતા; જેવું અનુભવમાં આવ્યું તેવું જ વસ્તુસ્વરૂપ તેમણે કહ્યું છે. સ્વભાવના આનંદની મસ્તીમાં ઝૂલતાં ઝૂલતાં વચ્ચે શુભ વિકલ્પ ઊઠતાં આ શાસ્ત્રની રચના થઈ ગઈ છે. સંત મુનિ તો શબ્દના કે રાગના પણ કર્તા નથી, ચિદાનંદ સ્વભાવના ભાનપૂર્વક તેની રમણતામાં ઝૂલતાં આ શાસ્ત્ર રચાઈ ગયું તેના તેઓ જ્ઞાતા છે. ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ પણ મહા ભાવલિંગી સંત હતા. અંતરમાં સચ્ચિદાનંદ પરમાત્માનો અનુભવ કરતાં કરતાં આ ટીકા રચાઈ ગઈ છે. તેમાં આ કળશમાં ભક્તિનું સ્વરૂપ કહ્યું, કે જે જીવ વિકારથી રહિત થઈને શુદ્ધ રત્નત્રયને નિરંતર ભજે છે–આરાધે છે તે જ ભક્ત છે.

ભગવાનની ભક્તિમાં કષાયની મંદતાનો ભાવ તે શુભભાવ છે, તેમાં ધર્મ નથી, પણ પુણ્ય છે; શબ્દો બોલાય કે હાથ જોડાય વગેરે દેહની ક્રિયા

છે તેનાથી તો પુણ્ય પણ નથી, તે તો જડ છે. દેહથી ભિન્ન અને રાગથી પાર ચિદાનંદસ્વભાવી આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે ધર્મ છે, અને તે જ પરમભક્તિ છે.

અહીં, શુદ્ધ રત્નત્રયની 'અતુલ ભક્તિની' વાત લીધી છે. 'અતુલ ભક્તિ' કહીને વ્યવહારને અને રાગનો નિષેધ બતાવ્યો છે. સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની જે ભક્તિ છે તે એવી અતુલ છે કે કોઈ સાથે તેની તુલના થઈ શકતી નથી, તેને કોઈ રાગની કે વ્યવહારની ઉપમા દઈ શકાતી નથી. વળી કહ્યું છે કે રત્નત્રયની અતુલ ભક્તિ 'નિરંતર' કરે છે એટલે કે સ્વભાવના આશ્રયની મુખ્યતા એક સમય પણ તૂટતી નથી, સ્વભાવનું જેટલું અવલંબન વર્તે છે તેટલી રત્નત્રયની ભક્તિ નિરંતર વર્તે છે. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને પણ નિશ્ચય સ્વભાવની મુખ્યતા ક્ષણમાત્ર કદી ખસતી નથી માટે તેને નિરંતર સમ્યગ્દર્શનાદિની ભક્તિ છે. મુનિરાજ કહે છે કે અહો! શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરનારા તે શ્રાવકો તેમજ શ્રમણો ભક્ત છે—ભક્ત છે. બે વાર 'ભક્ત છે' એમ કહીને પોતાનો પ્રમોદ જાહેર કર્યો છે.

ભગવાન! તારો આત્મા જ પરમાત્મા છે, પરમાત્મપદ તારી આત્મશક્તિમાં ભર્યું છે, તેની શ્રદ્ધા અને જ્ઞાન કરીને તેમાં લીન થા, તે જ પરમ ભક્તિ છે. આવી નિશ્ચય ભક્તિના ભાન સહિત સમ્યગ્દૃષ્ટિ શ્રાવકો પણ તીર્થંકર ભગવાનની ભક્તિ કરે છે, એકાવતારી ઈન્દ્રો અને ઈન્દ્રાણીઓ પણ ભગવાન પાસે ભક્તિથી થનગન કરતાં બાળકની જેમ નાચી ઊઠે છે, પરંતુ તે વખતે ય અંદરમાં શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિ ખસતી નથી. નંદીશ્વર દ્વીપમાં શાશ્વત જિનબિંબો છે, ત્યાં જઈને ઈન્દ્ર વગેરે સમકિતીઓ પણ ભક્તિથી નાચી ઊઠે છે, તે વ્યવહારભક્તિ છે, અને અંદરમાં શુદ્ધસ્વભાવની દૃષ્ટિ પડી છે તે નિશ્ચયભક્તિ છે.

લોકોમાં પણ કહે છે કે શક્તિમાનને ભજો. ધ્રુવ કારણપરમાત્મા તે જ પરમ શક્તિમાન છે, પરમાત્મપદ આપવાની શક્તિ તેનામાં જ પડી છે, એ સિવાય કોઈ પરમાં—નિમિત્તમાં, રાગમાં કે પર્યાયમાં એવી તાકાત નથી

કે તે પરમાત્મપદને આપે; માટે પોતાના ધ્રુવ ચિદાનંદ કારણપરમાત્માને જ ધ્યેયરૂપ કરીને તેના ઉપર દૃષ્ટિનું ત્રાટક લગાવવું તેનું નામ શક્તિમાનનું ભજન છે અને તે જ ખરી ભક્તિ છે. હું એક સમયમાં પરિપૂર્ણ પરમાત્મા છું–એવી દૃષ્ટિનું અંતર્‌પરિણમન થયું તેમાં ધર્મીને એક સમય પણ વિરહ નથી પડતો; બહારમાં વિષયાદિના અશુભ રાગ વખતે પણ તેવી દૃષ્ટિ નિરંતર રહે છે.—આવી દૃષ્ટિવાળો જીવ રત્નત્રયનો ભક્ત છે. જો એક ક્ષણ પણ આવી ભક્તિ કરે તો અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહે નહીં.

જે જીવ ચૈતન્ય મહિમામાં લીન થઈને શુદ્ધ રત્નત્રયની અતુલ ભક્તિ કરે છે, તે સમસ્ત વિષય-કષાયથી વિમુક્ત ચિત્તવાળો જીવ ભક્ત છે; તેના અંતરની રત્નત્રયની ભક્તિ ભવભવનો નાશ કરનારી છે. જેણે ચિદાનંદ પરમાત્મતત્ત્વની ભક્તિ કરી–તેની રુચિ કરીને આરાધના કરી–તેને વિષયોની કે વિકારની રુચિ રહે જ નહિ. પરિણતિ જ્યાં સ્વભાવમાં અંતર્મુખપણે પરિણમી ગઈ ત્યાં બહારના કામ-ક્રોધાદિથી વિમુખતા થઈ ગઈ.–આ રીતે વિષય-કષાયથી વિમુક્ત ચિત્તવાળો જે જીવ શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે તે જીવ નિરંતર ભક્ત છે...ભક્ત છે, –પછી ભલે તે શ્રાવક હો કે મુનિ હો.

શ્રી મુનિરાજ પ્રમોદ જાહેર કરે છે કે અહો! ચિદાનંદ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા કરીને તેને જે આરાધે છે તે જીવ નિરંતર ભક્ત છે–ભક્ત છે; તેને હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં નિરંતર ચૈતન્યનું ભજન વર્તે છે. શ્રાવકને કદાચિત્ લડાઈ વગેરેનો જરાક અશુભ ભાવ આવી જાય તો તે વખતે પણ દૃષ્ટિમાંથી શુદ્ધ ચૈતન્યતત્ત્વનું અવલંબન તેને ખસતું નથી, માટે કહ્યું કે તે નિરંતર ભક્ત છે, ભક્ત છે.

હવે, નિશ્ચય ભક્તિની સાથે ધર્મીને વ્યવહાર ભક્તિ પણ કેવી હોય તે બતાવે છે—

**વળી મોક્ષગત પુરુષોતણો, ગુણભેદ જાણી તેમની;**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.**

સિદ્ધ જેવા પોતાના શુદ્ધાત્માની અભેદ ભક્તિ તે નિશ્ચય ભક્તિ છે અને પોતાથી ભિન્ન એવા સિદ્ધપરમાત્માની ભક્તિ તે વ્યવહાર ભક્તિ છે.

જે જીવ મોક્ષગત પુરુષોનો ગુણભેદ જાણીને તેમની પણ પરમ ભક્તિ કરે છે તે જીવને વ્યવહાર નયે નિર્વાણ ભક્તિ છે. જેને શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન છે પણ હજી પૂર્ણ વીતરાગતા થઈ નથી તે જીવ શુભ રાગ વખતે સિદ્ધ ભગવાનના ગુણોને લક્ષમાં લઈને ભક્તિ કરે છે. પોતાનો આત્મા સિદ્ધ જેવો છે એવા ભાનપૂર્વક તેમાં લીનતા તે નિશ્ચયભક્તિ છે, અને ત્યાં સિદ્ધ ભગવાનની ભક્તિનો ભાવ તે વ્યવહારભક્તિ છે.

મોક્ષ એટલે આત્માની પરિપૂર્ણ જ્ઞાન—આનંદમય નિર્વિકારી પર્યાય; અને સંસાર એટલે એક સમય પૂરતો વિકારીભાવ. સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન -રમણતારૂપ શુદ્ધ રત્નત્રયથી જેઓ મુક્તિ પામ્યા એવા મોક્ષગત સિદ્ધ ભગવંતોના ગુણને ઓળખીને તેમની ભક્તિ પણ શ્રાવકો અને શ્રમણો કરે છે. શ્રાવકો અને શ્રમણો પોતે શુદ્ધ રત્નત્રયના આરાધક છે તેથી પૂર્વે શુદ્ધ રત્નત્રયને આરાધીને જેઓ મુક્તિ પામ્યા તેમનો પણ આદર-બહુમાન કરે છે. અહીં સિદ્ધ ભગવાનની વાત કરી છે તેની સાથે અરિહંત ભગવાન વગેરેની ભક્તિની વાત પણ સમજી લેવી.

અત્યારે શ્રી સીમંધર ભગવાન વગેરે તીર્થંકરો અને લાખો કેવળજ્ઞાની ભગવંતો મહાવિદેહક્ષેત્રમાં બિરાજી રહ્યા છે; અનંત સિદ્ધ ભગવંતો લોકના છેડે બિરાજી રહ્યા છે; તેઓ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખ વગેરે ગુણો સહિત છે, તેમને ઓળખીને તેમના બહુમાન વગેરેનો ભાવ તે વ્યવહારથી નિર્વાણભક્તિ છે.

જુઓ, આજે આ આશ્રમના માંગલિકમાં આત્માની ભક્તિ આવી, તેમજ સિદ્ધ ભગવાનની ભક્તિ પણ આવી. અહીં વ્યવહારની પ્રધાનતાથી સિદ્ધભક્તિનું કથન છે, પણ સિદ્ધ ભગવાનની ભક્તિને વ્યવહારથી નિર્વાણભક્તિ કહી તેથી એમ ન સમજવું કે તે મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ તો સ્વભાવના આશ્રયે જે નિશ્ચય રત્નત્રય પ્રગટે તે જ છે. વચ્ચે રાગ આવે તે ખરેખર મોક્ષમાર્ગ નથી. ધર્મીને શુદ્ધ સ્વભાવનું ભાન છે ને રાગ પણ

થાય છે, પણ ત્યાં તે સમજે છે કે આ રાગ મારો સ્વભાવ નથી, ને તેના આશ્રયે મારો મોક્ષમાર્ગ નથી; છતાં રાગ વખતે સિદ્ધ ભગવાન પ્રત્યેની ભક્તિનો ઉલ્લાસ પણ આવ્યા વિના રહેતો નથી. આ રીતે નિશ્ચય -વ્યવહારની સંધિ છે.

## સિદ્ધ ભગવંતો કઈ રીતે સિદ્ધિ પામ્યા?

અહીં, સિદ્ધ ભગવાનની ભક્તિની વાત કરતાં તે સિદ્ધ ભગવંતો કઈ રીતે સિદ્ધિ પામ્યા તે પણ ઓળખાવે છે. 'પુરાણ પુરુષો સમસ્ત કર્મક્ષયના ઉપાયના હેતુભૂત કારણપરમાત્માને અભેદ–અનુપચાર–રત્નત્રયપરિણતિથી સમ્યક્પણે આરાધીને સિદ્ધ થયા'....અનાદિ કાળથી આ રીતે જીવો સિદ્ધ થતાં જ આવે છે. આજ પહેલાં શુદ્ધ રત્નત્રય વડે પોતાના કારણપરમાત્માને આરાધી–આરાધીને અનંત તીર્થંકરો, કેવળી ભગવંતો તથા ગણધરાદિ મુનિવરો સિદ્ધ થઈ ગયા છે. મહાવિદેહક્ષેત્રમાં મોક્ષનો માર્ગ કદી બંધ પડતો નથી, ત્યાં સદાય જીવોનો મોક્ષ થયા જ કરે છે. કઈ રીતે? કે શુદ્ધ રત્નત્રય વડે કારણપરમાત્માની આરાધનાથી. કોઈ જીવો કુળપરંપરા વગેરેની પક્કડ કરીને વ્યવહારના આશ્રયથી ધર્મ માનતા હોય તો અહીં કહે છે કે અરે ભાઈ! તારી કુળપરંપરા સાચી કે અનંતા સિદ્ધ ભગવંતો થઈ ગયા તેમની પરંપરા સાચી? જે અનંતા પુરાણ પુરુષો મોક્ષ પામ્યા તેઓ કોઈ વ્યવહારના કે ભેદ રત્નત્રયના આશ્રયથી મોક્ષ નથી પામ્યા, પણ તેઓ તો અભેદ રત્નત્રય વડે શુદ્ધ આત્માને જ આરાધીને મુક્તિ પામ્યા છે; માટે તીર્થંકરોના કુળમાં તો તે જ એક મુક્તિમાર્ગ છે; તો તું બીજો ઉપાય ક્યાંથી લાવ્યો?

અનંતા સંતો સિદ્ધિ પામ્યા તે કઈ રીતે પામ્યા? કે શુદ્ધ કારણપરમાત્માને અભેદ રત્નત્રયપરિણતિથી આરાધીને તેઓ સિદ્ધિ પામ્યા છે. ત્રણે કાળે આ એક જ સિદ્ધિનો ઉપાય છે—'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આત્માની આરાધના, આત્માની પ્રસન્નતા, આત્માની કૃપા, આત્માની ભક્તિ, આત્માની સિદ્ધિ તે શુદ્ધ રત્નત્રય વડે જ થાય છે, રાગાદિ વડે થતી નથી. શુદ્ધ રત્નત્રયપરિણતિથી અંતર્સ્વરૂપમાં વળી ગયા–નમી

ગયા—ઝૂકી ગયા—પ્રણમી ગયા તે જ રીતથી બધા સિદ્ધ ભગવંતો સિદ્ધિને પામ્યા છે. અંદરમાં રાગરહિત શુદ્ધ રત્નત્રય વડે આત્મસ્વભાવની આરાધના કરવી તે એક જ ત્રણે કાળે મોક્ષમાર્ગ છે, અને સત્સમાગમે સ્વભાવનું બહુમાન વગેરેનો અભ્યાસ કરવો તે વ્યવહાર છે.

અહીં, રત્નત્રય પરિણતિ વડે શુદ્ધ કારણપરમાત્માની આરાધના કરવાનું કહ્યું છે. કારણપરમાત્મા એટલે શું? ત્રિકાળી શક્તિથી પરિપૂર્ણ દ્રવ્ય તે કારણપરમાત્મા છે, ને વર્તમાન કેવળજ્ઞાનાદિ પૂર્ણ પર્યાય પ્રગટે તે કાર્યપરમાત્મા છે. તે પૂર્ણ કાર્ય પ્રગટવાના કારણરૂપ સામર્થ્ય દ્રવ્યમાં ત્રિકાળ છે. એક સમયની પર્યાયને ગૌણ કરીને જે પૂર્ણ સામર્થ્યરૂપ વર્તમાન તત્ત્વ છે તેને જ કારણપરમાત્મા કહેવાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્વિકલ્પ પર્યાય કે પરમાત્મપર્યાય પ્રગટે તે કાર્ય છે, તે કાર્ય ધ્રુવ આત્મદ્રવ્યમાંથી આવે છે તેથી તે ધ્રુવ દ્રવ્યસ્વભાવને કારણપરમાત્મા કહ્યો છે; તે સદાકાળ એકરૂપ પરિપૂર્ણ છે. મોક્ષમાર્ગની પર્યાયને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહારથી છે. ખરેખર કાંઈ મોક્ષમાર્ગની પર્યાયમાંથી મોક્ષ પર્યાય નથી આવતી; મોક્ષપર્યાય તો આત્મદ્રવ્યમાંથી આવે છે; માટે ધ્રુવ આત્મા જ મોક્ષનું નિશ્ચય કારણ છે. તેને જ નિયમસારમાં 'કારણપરમાત્મા' કહીને ખૂબ ગાયો છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની બધી પર્યાયો તે ધ્રુવકારણપરમાત્માના અવલંબને પ્રગટે છે, તેનો પરમમહિમા કરીને તેનું અવલંબન લેવું તે જ પરમાર્થ ભક્તિ છે અને તે જ મોક્ષમાર્ગ છે.

જે 'શુદ્ધ કારણપરમાત્મા' કહેવાય છે તે સિદ્ધ ભગવાનની જ વાત નથી પણ બધાય આત્માઓ તેવા છે. સિદ્ધ ભગવાનનું ત્રિકાળી દ્રવ્ય તે તેમનો કારણપરમાત્મા છે. તથા તેના આશ્રયે તેમને જે પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટી તે તેમનો કાર્યપરમાત્મા છે; એ જ પ્રમાણે આ આત્માનો ધ્રુવ સ્વભાવ છે તે પોતાનો કારણપરમાત્મા છે અને તેનો આશ્રય કરતાં કેવળજ્ઞાનદશા પ્રગટી જાય તે પોતાનો કાર્યપરમાત્મા છે.—આ રીતે પોતાનો શુદ્ધ કારણપરમાત્મા તે જ પરમાત્મદશાનું પરમ કારણ છે, એ સિવાય બહારના કોઈ કારણથી પરમાત્મદશા પ્રગટતી નથી.

જગતમાં સિદ્ધભગવંતો અનાદિથી છે ને સિદ્ધિનો ઉપાય પણ અનાદિથી છે. છ માસ ને આઠ સમયમાં છસો ને આઠ જીવો મોક્ષમાં જાય છે, એવો ક્રમ નિરંતર ચાલ્યા જ કરે છે. અત્યારે આ ભરતક્ષેત્રમાં મોક્ષ નથી પણ મહાવિદેહમાંથી છ માસ ને આઠ સમયમાં ૬૦૮ જીવો મોક્ષમાં જાય છે. તેઓ પોતાના શુદ્ધ કારણપરમાત્માને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ અભેદ રત્નત્રયપરિણતિથી આરાધીને જ સિદ્ધ થાય છે. નિજ શુદ્ધ આત્માના અવલંબને જે શુદ્ધ રત્નત્રયપરિણતિ પ્રગટી તેના વડે કારણપરમાત્માની ભક્તિ કરી કરીને પુરાણ પુરુષો સિદ્ધિ પામ્યા છે, વર્તમાનમાં પણ એ જ ઉપાય છે અને ભવિષ્યમાં પણ સિદ્ધિનો એ જ ઉપાય છે. નિમિત્તથી, રાગથી કે ભેદ રત્નત્રયથી પણ ત્રણ કાળમાં મુક્તિ થતી નથી. ચૈતન્યસ્વરૂપની ભાવના કરતાં કરતાં તેમાં રાગ રહિત લીનતા થઈ જાય તેનું નામ અનુપચાર રત્નત્રય છે, ને તેનાથી જ મુક્તિ થાય છે. તીર્થંકરનામકર્મના કારણરૂપ જે સોળ કારણભાવનાનો ભાવ છે તે પણ ખરેખર આસ્રવ છે, –ધર્મ નથી. પ્રથમ તો દર્શનશુદ્ધિ વગર અજ્ઞાનીને સોળ કારણભાવના જ યથાર્થ હોતી નથી. સોળ કારણભાવના જ્ઞાનીને જ હોય છે, પણ જ્ઞાની તે ભાવને આદરણીય માનતા નથી; જ્ઞાની તો જાણે છે કે શુદ્ધ રત્નત્રય વડે નિજ કારણપરમાત્માને આરાધવો તે જ સિદ્ધિનો ઉપાય છે.

પરમાત્મદશા ક્યાંથી પ્રગટે છે? અંદરમાં દરેક આત્મા પરમાત્મશક્તિથી પૂરો છે, તેમાંથી જ પરમાત્મ દશા પ્રગટે છે. જેમ લીંડીપીપરને ઘસતાં ચોસઠપોરી તીખાશ પ્રગટે છે, તે ક્યાંથી પ્રગટે છે? ખરલમાંથી નથી પ્રગટતી, પણ તેનામાં જ ચોસઠપોરી તીખાશ શક્તિપણે હતી તે જ પ્રગટી છે; બહારથી નથી આવી તેમ જ એકથી માંડીને ત્રેસઠપોરી સુધીની તીખાશમાંથી પણ ચોસઠપોરી તીખાશ આવી નથી, તે અધૂરી તીખાશનો તો અભાવ થઈને પીપરના સામર્થ્યમાંથી જ પૂરી તીખાશ આવી છે. ઉંદરની લીંડી પણ લીંડીપીપર જેવી લાગે, પણ તેને ઘસતાં તેમાંથી તીખાશ નહિ પ્રગટે, કેમ કે તેનામાં તેવો સ્વભાવ નથી. લીંડીપીપરમાં સ્વભાવ છે તેમાંથી જ તીખાશ પ્રગટે છે, તે કોઈ સંયોગને

લીધે નથી. તેમ આત્મા પરિપૂર્ણ પરમાત્મશક્તિથી ભર્યો છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા વડે તેમાંથી પરમાત્મદશા પ્રગટે છે, પણ શરીરાદિને ઘસી નાંખવાથી પરમાત્મદશા પ્રગટતી નથી કેમ કે તેનામાં તેવો સ્વભાવ નથી; તેમ જ અધૂરી દશામાંથી પણ પૂર્ણદશા આવતી નથી. ધ્રુવસ્વભાવ ત્રિકાળ ભર્યો છે તેના જ અવલંબને અધૂરી દશાનો વ્યય થઈને પૂર્ણ પરમાત્મદશા પ્રગટી જાય છે. આ રીતે શુદ્ધ આત્માની આરાધના તે જ સિદ્ધિનો ઉપાય છે. આ ઉપાયથી જ ભૂતકાળમાં અનંત સિદ્ધો થયા, વર્તમાનમાં આ ઉપાયથી જ સિદ્ધ થાય છે, અને ભવિષ્યમાં આ ઉપાયથી જ સિદ્ધ થશે. સિદ્ધિનો બીજો ઉપાય નથી...નથી. મારી પરિપૂર્ણ પરમાત્મદશા મારા આત્મામાંથી જ પ્રગટવાની છે—એવી ઓળખાણ વિના ધર્મ થાય નહિ. લૂગડું લેવા જાય કે શાક વગેરે લેવા જાય તથા સોનું કે હીરા—માણેક લેવા જાય તો ત્યાં તેને પહેલાં ઓળખે છે, તેમ ધર્મ કરવા માટે પહેલાં ઓળખવું તો જોઈએ ને કે ધર્મ ક્યાંથી નીકળે છે? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ ચૈતન્યરત્ન વડે મોક્ષની પ્રાપ્તિ થાય છે. કારણ—પરમાત્મામાં દૃષ્ટિ, તેનું જ્ઞાન અને તેમાં એકાગ્રતા કરીને જે જીવ રત્નત્રયની ભક્તિ કરે છે તે નિર્વાણનો ભક્ત એટલે કે મોક્ષનો ઉપાસક છે, અને તે પરમાત્મદશાને પામે છે. આવા ઉપાયથી અનંત સિદ્ધ ભગવંતો મુક્ત થયા, તેમને ઓળખીને તેમની ભક્તિ કરવી તે નિર્વાણના પરંપરા હેતુભૂત વ્યવહારભક્તિ છે; પણ અંદરમાં નિજ પરમાત્મસ્વભાવની આરાધનારૂપ નિશ્ચય ભક્તિ વર્તે છે ત્યારે તેને વ્યવહારભક્તિ કહે છે. જે આસન્નભવ્ય જીવ પોતાના સ્વભાવમાં અંતર્મુખ થઈને શુદ્ધ રત્નત્રય પ્રગટ કરે છે તેને પરમાર્થભક્તિ છે અને તે ભક્તિ મુક્તિનું કારણ છે.

# મુમુક્ષુઓએ સેવવા યોગ્ય બે સાધનો

આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે–સત્શ્રુત અને સત્સમાગમ. પ્રત્યક્ષ સત્પુરુષોનો સમાગમ ક્વચિત્ જીવને પ્રાપ્ત થાય છે, પણ જો જીવ સત્ દ્રષ્ટિવાન હોય તો સત્શ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમથી બહુ અલ્પકાળમાં પ્રાપ્ત કરી શકે છે. કેમ કે પ્રત્યક્ષ ગુણાતિશયવાન્ નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિક્રિયા ચેષ્ટિતપણું છે. જીવને તેવો સમાગમ યોગ પ્રાપ્ત થાય એવો વિશેષ પ્રયત્ન કર્તવ્ય છે. તેવા યોગના અભાવે સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંત રસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવા શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

*(–શ્રીમદ્ રાજચંદ્ર)*

સહજ ચિદાનંદ.

હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાંખ...ને આત્મામાં ગમાડ! આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે એટલે ત્યાં જરૂર ગમશે...માટે આત્મામાં ગમાડ. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. *(એક વૈરાગ્ય પ્રસંગે, પૂ. બેનશ્રીબેન)*

# શ્રીમદ્ રાજચંદ્રનો એક પત્ર

અનંતકાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે; આ એક અવાચ્ય-અદ્ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?

નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું. સત્પુરુષોના ચરિત્રનું સ્મરણ કરવું, સત્પુરુષોના લક્ષણોનું ચિંતન કરવું, સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું, તેની મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાના અદ્ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વસમ્મત કરવું.

આ જ્ઞાનીઓનાં હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે—સમયે સમયે લીન થવા યોગ્ય પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતોના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહામાર્ગ છે. અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે. અધિક શું લખવું? આજે, ગમે તો તેથી મોડે અથવા વહેલે એ જ સૂજ્યે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ પ્રદેશે મને તો એ જ સમ્મત.

આવૃત્તિ બીજી, પત્ર ૧૦૦ મો; પૃષ્ઠ ૧૬૯

(શ્રીમદ્ રાજચંદ્રજીના આ પત્ર ઉપરનું ગુરુદેવનું વિવેચન સામે પાનેથી શરૂ થાય છે.)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## ‘જ્ઞાનીઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું’

*—શ્રીમદ્ રાજચંદ્ર*

‘આત્મસ્વભાવમાં અભેદદૃષ્ટિ તે જ જ્ઞાનીને સંમત છે.’

*—પૂજ્ય શ્રી કાનજીસ્વામી*

આ શ્રીમદ્ રાજચંદ્રનો એક પત્ર વંચાય છે. તેમાં તેઓ લખે છે કે જ્ઞાનીઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું. જ્ઞાનીઓને શું સંમત છે? આત્મસ્વભાવમાં અભેદદૃષ્ટિ તે જ સર્વે જ્ઞાનીઓને સંમત છે. એ સિવાય કોઈ રાગથી ધર્મ થાય કે શરીરની ક્રિયા આત્મા કરે–એ વાત કોઈ જ્ઞાનીને સંમત નથી.

‘અનંતકાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે’ શ્રીમદ્નું ૨૩મા વર્ષે આ લખાણ છે. આત્મા અનંતકાળથી છે, આ શરીરનો સંબંધ નવો થયો છે, પણ આત્મા નવો થતો નથી. આત્મા પોતે કોણ છે તેની તેને અનંતકાળથી ખબર નથી. હું કોણ છું ને મારું સ્વરૂપ શું છે?–તે વિષે જ ભ્રાંતિ રહી ગઈ છે. મારું સુખ જાણે કે બહારમાં હોય! એમ માને છે, એટલે પોતાને જ વિષે ભ્રાંતિ છે. દેવ-ગુરુ-શાસ્ત્રને વિષે ભ્રાંતિ રહી ગઈ છે–એમ ન કહ્યું, કેમ કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને તો માન્યા, પણ પોતાના આત્મા વિષે ભ્રાંતિ કદી ટાળી નથી. પરને વિષે ભ્રાંતિ રહી ગઈ છે–એમ ન કહ્યું, પણ સ્વ કોણ તે વિષે ભ્રાંતિ રહી ગઈ છે. આત્માને ભૂલીને પરથી લાભ માની રહ્યો છે, એટલે ઉપાદાન સ્વભાવમાં ભ્રાંતિ રહી ગઈ છે, પણ નિમિત્તમાં ભૂલ રહી ગઈ છે–એમ નથી. બીજી રીતે કહીએ તો વ્યવહાર સંબંધમાં ભૂલ તો ટાળી, પણ આત્માનો સ્વભાવ શું તે જાણ્યો નહિ એટલે નિશ્ચય સંબંધી ભૂલ કદી ટાળી નથી. પુણ્યને આત્માનું સ્વરૂપ માને તો તે પણ આત્મા વિષે ભ્રાંતિ છે. જીવે અનંતકાળમાં બીજું બધું કર્યું છે પણ આત્માનો સ્વભાવ શું–તે વિષે ભ્રાંતિ કદી ટાળી નથી–પોતા વિષે ભ્રાંતિ રહી ગઈ છે. પોતે એટલે કોણ? વિકારવાળો પોતાને માન્યો તે પણ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ભ્રાંતિ છે. આત્મા ક્ષણિક વિકાર જેટલો નથી, વિકાર રહિત તેનો સ્વભાવ છે, તે સ્વભાવથી ભ્રાંતિ રહી ગઈ છે. જીવે શુભભાવ અનંતવાર કર્યા છે, પણ ભ્રાંતિરહિત થઈને શુદ્ધાત્માને કદી જાણ્યો નથી.

આ એક અવાચ્ય—અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે. વાણીથી ન કહી શકાય એવું અદ્‌ભુત વિચારણાનું આ સ્થળ છે. અહીં આત્મસ્વભાવના વિચારની અપૂર્વતા બતાવે છે. એવું શું બાકી રહ્યું કે અનંત અનંતકાળ ગયો છતાં ભ્રાંતિ ટળી નહિ? અનંતકાળમાં ત્યાગ, વ્રત વગેરે કર્યું, પણ આત્મસ્વભાવની વિચારણાનું સ્થળ બાકી રહી ગયું છે. પોતાને વિષે શું ભ્રાંતિ રહી ગઈ? તે એક અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે. જીવે બીજા બધા વિચારોમાં ડહાપણ કર્યું છે, પણ આત્માની યથાર્થ વિચારણા કદી નથી કરી. પહેલાં આત્મસ્વભાવની વાત કરીને પછી તેનું નિમિત્ત પણ બતાવશે. અનંતકાળની ભ્રાંતિ કેમ ટળે તેનો ઉપાય બતાવશે.

‘જ્યાં મતિની ગતિ નથી ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?’ અહીં, મતિ એટલે પર તરફનું વળતું જ્ઞાન. પર તરફના વિકલ્પ દ્વારા પણ જે આત્માને પહોંચાતું નથી તે આત્માને વાણીથી તો કેમ કહી શકાય? મતિ એટલે પર તરફના જ્ઞાનનો ઉઘાડ. અથવા પર તરફના વલણવાળું જ્ઞાન —એમ અહીં અર્થ સમજવો. સમ્યક્ મતિજ્ઞાન વડે આત્મા જણાય છે, પણ પર તરફ વલણવાળા જ્ઞાનના ઉઘાડ વડે આત્મા જણાતો નથી.

આમ પહેલાં તો ઉપાદાન સ્વભાવ તરફની વાત કરી, હવે અનંતકાળથી રહી ગયેલી તે ભ્રાંતિ ટાળવા માટે અને અંતર્‌સ્વભાવમાં વળવા માટે શું કરવું તે કહે છે.

‘નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો’ ‘નિરંતર’ કહ્યું છે. જેમ બદામમાંથી તેલ કાઢવું હોય તો તેને સળંગપણે ઘસવી જોઈએ; થોડાક લીસોટા મારીને પાછો વચ્ચે કામમાં રોકાય, ને વળી પાછો લીસોટા મારે, —એમ કટકે કટકે ઘસે તો તેલ ન નીકળે. તેમ અહીં નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવાનું કહ્યું છે. પર પ્રત્યે રુચિ કંઈક ઘટે તો અંતરના વિચાર તરફ વળે ને? પર પ્રત્યે વૈરાગ્યદશા લાવીને અંતરની વિચારણામાં નિરંતર રોકાવું

જોઈએ. અહીં નિરંતર પર પ્રત્યે ઉદાસીનતા સેવવાનું કહ્યું; તો શું ખાવું -પીવું કંઈ ન કરવું? તેમ કોઈ પૂછે તો કહે છે કે જેમ વેપારનો લોલુપી સૂતો હોય કે ખાતો હોય, પણ સાથે તેને લોલુપતાનો ભાવ તો પડ્યો જ છે. તેમ ધર્મની રુચિવાળાને ઊંઘમાં પણ પર પ્રત્યેની ઉદાસીનતા ખસે નહિ; ધર્મની રુચિવાળો ઉદાસીનતાના ક્રમમાં આંતરો પડવા દેતો નથી. ખાવું –પીવું કે વેપાર વગેરેનો રાગ વર્તતો હોવા છતાં અંતરની રુચિમાં તે પ્રત્યેની ઉદાસીનતા એક ક્ષણ પણ ખસતી નથી.

વળી, ભ્રાંતિ ટાળવાનું નિમિત્ત ઓળખાવે છે કે 'સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું.' પહેલાં સત્પુરુષ કોણ તે ઓળખવા જોઈએ, ઓળખવાની જવાબદારી પોતાની છે. સત્પુરુષ કોને કહેવાય તે જાણવાનો પોતાનો ભાવ છે. બે પૈસાની તાવડી લેવા જાય ત્યાં પણ ટકોરા મારીને પરીક્ષા કરે છે, તો અનંતકાળની ભ્રાંતિ ટાળીને આત્માનું કલ્યાણ પ્રગટ કરવા માટે સત્પુરુષની પરીક્ષા કરીને ઓળખવા જોઈએ. સત્ એટલે આત્મસ્વભાવ, તેની જેને ઓળખાણ થઈ છે તે સત્પુરુષ છે. સંસાર પ્રત્યે નિરંતર ઉદાસ થવું અને સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું–એમ બે વાત કરી.

વળી વિશેષ કહે છે : 'સત્પુરુષોના ચરિત્રોનું સ્મરણ કરવું.' પહેલાં જેનું જ્ઞાન કર્યું હોય તેનું સ્મરણ કરી શકે. સત્પુરુષનું ચરિત્ર કોને કહેવાય તેના વિના તેનું સ્મરણ કઈ રીતે કરી શકે? સત્પુરુષનું ચરિત્ર ક્યાં રહેતું હશે? કોઈ બહારની ક્રિયામાં કે શુભાશુભ રાગમાં સત્પુરુષનું ચરિત્ર નથી. બહારમાં ફેરફાર ન દેખાય પણ ધર્મીને અંતરની દશામાં રુચિનું વલણ સ્વભાવ તરફ વળી ગયું છે. જેમ નાના હીરાની કિંમત લાખોની હોય, તે ઝવેરી જ જાણે. તેમ આત્માનું ચરિત્ર અંતર્‌દૃષ્ટિથી જ ઓળખાય. ધર્મી આત્માનું ચરિત્ર શું? તે શરીરની દશામાં કે વસ્ત્રમાં નથી, આહાર–શુદ્ધિમાં કે વસ્ત્રના ત્યાગમાં પણ ચરિત્ર નથી;–એ તો બધું અજ્ઞાનીને પણ હોય છે. સત્પુરુષને અંતરમાં શું ફેર પડ્યો છે તે જાણ્યા વિના તેમના ચરિત્રનું જ્ઞાન થાય નહીં. સત્પુરુષનું અંતરનું ચારિત્ર શું? 'અમુક ગામમાં રહેતા હતા ને ઝવેરાતનો વેપાર કરતા હતા, જિજ્ઞાસુઓને પત્ર લખતા હતા કે ઉપદેશ

દેતા હતા'—એમાં શું સત્પુરુષનું ચરિત્ર છે? એ તો બધી બાહ્ય વસ્તુ છે, તેમાં સત્પુરુષનું ચરિત્ર નથી. પણ અંતરના સ્વભાવને જાણીને ત્યાં ઠર્યા છે અને રાગાદિ ભાવોની રુચિ ટળી ગઈ છે, તે જ સત્પુરુષોનું ચરિત્ર છે; તેને ઓળખે તો તેનું ખરું સ્મરણ થાય.

વળી કહે છે કે 'સત્પુરુષોનાં લક્ષણોનું ચિંતન કરવું.' 'આવી ભાષા હતી અને આવું શરીર હતું'–શરીરના લક્ષણથી સત્પુરુષ ઓળખાય નહિ. અંતર્સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે સત્પુરુષનું લક્ષણ છે. બહારમાં ત્યાગ થયો તે શુભરાગ થયો તે સત્પુરુષનું ખરું લક્ષણ નથી. શરીર દેખાય છે તે દેવ-ગુરુ નથી, તે તો જડ છે; દેવ કે ગુરુ તો આત્મા છે, અને અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ છે, તે જ તેનું લક્ષણ છે. તે લક્ષણ વડે સત્પુરુષને ઓળખે તો પોતાનો આત્મા તેવો થાય.

લક્ષણ તેને કહેવાય કે જે વડે લક્ષ્યને ઓળખાય. સત્પુરુષમાં એવું શું લક્ષણ છે કે જે બીજામાં ન હોય ને તેનામાં જ હોય? સત્પુરુષની અંતરની શ્રદ્ધા-જ્ઞાન તે તેનું લક્ષણ છે; રાગાદિ થાય તે તેનું લક્ષણ નથી. —એમ લક્ષણ વડે સત્પુરુષને ઓળખીને તેનું ચિંતવન કરવું.

આ પ્રમાણે અંતરની વાત કરીને હવે બહારની વાત કરે છે : 'સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું. તેના મન-વચન-કાયાની પ્રત્યેક ચેષ્ટાના અદ્ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવા.' શરીર -મન-વાણીની ક્રિયા તો જડ છે પણ તેની પાછળ અનાકુળ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન છે તેનું અદ્ભુત રહસ્ય છે. મન-વચન-કાયાની જે પ્રવૃત્તિ થાય છે તેનું કર્તાપણું જ્ઞાનીને ઊડી ગયું છે, તેને તેમાં કદી સુખબુદ્ધિ થતી નથી અને ભેદજ્ઞાન ક્યારેય ખસતું નથી. આવું જ્ઞાનીનું અદ્ભુત રહસ્ય છે, તે વારંવાર વિચારવા યોગ્ય છે. સત્પુરુષની મુખાકૃતિનું હૃદયથી અવલોકન અને વારંવાર તેમના સમાગમની ભાવનામાં પોતાને સત્ સમજવાની રુચિ છે.

હવે કહે છે કે 'તેઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું.' જ્ઞાનીઓએ શું સંમત કર્યું છે? આત્માના સ્વાશ્રય સિવાય ત્રણકાળમાં

ધર્મ નથી એટલે સ્વાશ્રયભાવ તે જ જ્ઞાનીને સંમત છે. પરનો આશ્રય કરવો તે જ્ઞાનીને સંમત નથી. આત્માનો રાગરહિત જ્ઞાનસ્વભાવ છે તેની રુચિ, તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેનો આશ્રય કરવો તે જ જ્ઞાનીને સંમત છે. આ પ્રમાણે ઓળખીને તેઓએ સંમત કરેલું, સર્વ સંમત કરવું. શુભ કે અશુભ કોઈ પણ પરાશ્રિત ભાવથી આત્માને ધર્મ થાય–એવી માન્યતા જ્ઞાનીઓને સંમત નથી. આત્માને જે ભાવથી નુકશાન થાય તે એકપણ ભાવ જ્ઞાનીને સંમત થાય નહીં. જ્ઞાનીને આત્માનો વિકારરહિત સ્વભાવ જ સંમત છે. એક જ્ઞાની એક માર્ગ બતાવે અને બીજા જ્ઞાની બીજો માર્ગ બતાવે–એમ કદી બને નહિ, સર્વે સત્પુરુષોનો એક જ માર્ગ છે. આત્મસ્વભાવને ઓળખીને તેનો આશય કરવો–એ જ મુક્તિનો પંથ છે, અને એ જ માર્ગમાં સર્વે જ્ઞાનીઓની સંમતિ છે–એ પ્રમાણે ઓળખીને જ્ઞાનીઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું. જ્ઞાની પાસેથી શ્રવણ કરતાં પોતાને ગોઠે તેટલું માને અને બીજી વાત ન રુચે–તો તે જીવે જ્ઞાનીઓએ કહેલું સર્વ સંમત કર્યું નથી; પણ પોતાનો સ્વચ્છંદ પોષ્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયે જે પુણ્યભાવ થાય તેનો આશ્રય કરવાનું ધર્મીને માન્ય નથી, પણ તેનો આશ્રય છોડવાનું માન્ય છે. જ્ઞાનીઓએ માન્ય કરેલું, સર્વ માન્ય કરવું. તેમાં જો ક્યાંય પોતાની કલ્પનાનો સ્વચ્છંદ રાખ્યો તો તેણે જ્ઞાનીઓને ઓળખ્યા નથી, અને તેમનું કહેલું માન્યું નથી. અત્યાર સુધી જીવે પોતાની ભ્રાંતિથી જ જ્ઞાનીને દ્રષ્ટિએ કલ્પ્યા છે. જો જ્ઞાનીને જ્ઞાનીની રીતે ઓળખે તો તેને ભેદજ્ઞાન અને મુક્તિ થયા વિના રહે નહીં. જ્ઞાનીની ઓળખાણ કરવામાં પરની મહત્તા નથી પણ પોતાના આત્માની મહત્તા છે. પહેલાં તો અનંતકાળથી આત્માની ભ્રાન્તિ રહી ગઈ છે–એમ ઓળખે, અને પછી ઉપર કહ્યા પ્રમાણે પાત્ર થઈને સત્પુરુષને ઓળખે, તો અવશ્ય આત્માની ભ્રાંતિ ટળી જાય.

જ્ઞાની એમ કહેતા નથી કે તું મારો આશ્રય કરીને રોકાઈ જા. પણ તું તારા આત્માને સિદ્ધ જેવા પરિપૂર્ણ સ્વભાવે ઓળખીને તેનો આશ્રય કર–એમ જ્ઞાનીના હૃદયનું રહસ્ય છે. સર્વે ધર્માત્માઓએ આ

જ સંમત કર્યું છે, અને એ જ સંમત કરવા યોગ્ય છે—હોંસથી માન્ય કરવા યોગ્ય છે.

'આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું—નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે—સમયે સમયે લીન થવા યોગ્ય પરમ રહસ્ય છે, અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહામાર્ગ છે.' જુઓ તો ખરા, કેટલી દૃઢતાપૂર્વક વાત કરી છે. ધર્મી જીવોએ જે માન્ય કર્યું, તે જ માન્ય રાખવું તે પરમ રહસ્ય છે. ધર્મી જીવોએ શું માન્ય કર્યું—શું આદર્યું અને શું છોડ્યું, તે ઓળખ્યા વગર પોતે તેની શ્રદ્ધા કેવી રીતે કરે? અને તેનું ચિંતવન પણ કઈ રીતે કરે?

જ્ઞાનીઓને બરાબર ઓળખીને, તેમણે સંમત કર્યા પ્રમાણે આત્માના વીતરાગી સ્વભાવનો આશ્રય કરવો; સર્વ શાસ્ત્રનો અને સર્વ સંતોના હૃદયનો મર્મ પામવાનો એ એક જ માર્ગ છે. નિર્વાણને અર્થે એટલે આત્માની મુક્તિને અર્થે માન્ય કરવા યોગ્ય આ જ મહામાર્ગ છે. વળી ઈશ્વરના ઘરનો એટલે સર્વજ્ઞ ભગવાનના માર્ગનો અથવા આત્માના સ્વભાવનો મર્મ પામવાનો આ મહામાર્ગ છે. આત્માનું પરમ પદ પ્રગટે તેનો આ મહામાર્ગ છે.

હવે નિમિત્તકારણની વાત મૂકે છે : 'અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચલ શ્રદ્ધા એ છે. અધિક શું લખવું?' ત્રિકાળ આ એક જ માર્ગ છે એમ ભાર મૂકીને કહે છે કે 'આજે, ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સૂજ્યે—એ જ પ્રાપ્ત થયે છૂટકો છે.' ભાઈ, તને તારા સ્વરૂપની જ ભ્રાંતિ છે, તે ભ્રાંતિ ટાળ્યા વગર છૂટકો નથી. અને એ ભ્રાંતિને છેદવા માટે, જ્ઞાનીઓએ જે સંમત કર્યું; તે જ સંમત કરવું એ જ માર્ગ છે. એ માર્ગ સૂજ્યે જ સર્વ સંતોનાં હૃદયને પામી શકાય છે. વળી છેવટે વિદ્યમાન પુરુષની પ્રાપ્તિ થવાનું કહ્યું છે. પૂર્વે થઈ ગયેલા સત્પુરુષ નહિ પણ પોતાને સાક્ષાત્ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ થાય અને તેમના વચનનું

સીધું શ્રવણ કરતાં તેમના પ્રત્યે અવિચળ શ્રદ્ધા જાગે તો જીવનું હિત થાય. આમાં સમજ્યા વગર સત્પુરુષને માનવાની વાત નથી, પણ સત્પુરુષને ઓળખીને તે કહે છે તેવા નિરાલંબી પોતાના આત્મસ્વભાવની ઓળખાણ કરે તેણે સંતોએ માનેલું માન્યું કહેવાય. અને એ જ નિર્વાણનો માર્ગ છે.

છેવટે પોતે ભળીને કહે છે કે 'સર્વ પ્રદેશે મને તો એ જ સંમત!' આત્માના અસંખ્ય પ્રદેશે મને તો એ જ માન્ય છે.

જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે–પ્રસંગે એને ભેદજ્ઞાનને યાદ કરીને ગોખવું નથી પડતું....પણ એને તો ચૈતન્યના અસંખ્યપ્રદેશે એવું પરિણમન જ સહજ થઈ ગયું છે...આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે. સ્થૂળ દૃષ્ટિવાળા જીવોને જ્ઞાનીની સહજદશા ઓળખવી મુશ્કેલ પડે તેમ છે.

*

## ❀ સિદ્ધના સન્દેશ ❀

જેને સાચી શ્રદ્ધા પ્રગટે તેનું આખું અંતર ફરી જાય, હૃદયપલટો થઈ જાય, અંતરમાં ઉથલપાથલ થઈ જાય. આંધળામાંથી દેખતો થાય; અંતરની જ્યોત જાગે તેની દશાની દિશા આખી ફરી જાય; જેને અંતર પલટો થાય તેને કોઈને પૂછવા જવું ન પડે, તેનું અંતર બેધડક પડકાર મારતું સાક્ષી આપે કે અમે હવે પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ, સિદ્ધના સંદેશા આવી ચૂક્યા છે, હવે ટૂંકા કાળે સિદ્ધ થયે જ છૂટકો, તેમાં બીજું કાંઈ થાય નહિ, ફેર પડે નહિ.

*–પૂ. બેનશ્રી લિખિત સમયસાર–પ્રવચનોમાંથી.*

## વિકલ્પના અભાવરૂપ પરિણમન ક્યારે થાય?
એટલે કે
## નિર્વિકલ્પ શુદ્ધાત્મઅનુભવ ક્યારે થાય?

ઘણા જીવો વિકલ્પનો અભાવ કરવા માંગે છે અને સ્થૂળ વિકલ્પો ઓછા થતાં એમ માને છે કે વિકલ્પનો અભાવ થયો. પણ ખરેખર વિકલ્પનો અભાવ કરવા ઉપર જેનું લક્ષ છે તેને વિકલ્પનો અભાવ થતો નથી, પરંતુ જેનામાં વિકલ્પનો અભાવ જ છે એવા શુદ્ધ ચૈતન્યને લક્ષમાં લઈને એકાગ્ર થતાં વિકલ્પનો અભાવ થઈ જાય છે. હું આ વિકલ્પનો નિષેધ કરું—એમ વિકલ્પનો નિષેધ કરવા તરફ જેનું લક્ષ છે તેનું લક્ષ શુદ્ધ આત્મા તરફ વળ્યું નથી પણ વિકલ્પ તરફ વળ્યું છે, એટલે તેમાં તો વિકલ્પની ઉત્પત્તિ જ થાય છે. શુદ્ધ આત્મદ્રવ્ય તરફ વળવું તે જ વિકલ્પના અભાવની રીત છે. ઉપયોગનું વલણ અંતર્મુખ સ્વભાવ તરફ વળતાં વિકલ્પ તરફનું વલણ છૂટી જાય છે.

'વિકલ્પનો નિષેધ કરું' એવા લક્ષથી વિકલ્પનો નિષેધ થતો નથી, પણ વિકલ્પની ઉત્પત્તિ થાય છે. કેમ કે 'આ વિકલ્પ છે અને તેનો નિષેધ કરું' એવું લક્ષ કર્યું ત્યાં તો વિકલ્પના અસ્તિત્વ ઉપર જોર ગયું પણ વિકલ્પના અભાવરૂપ સ્વભાવ તો દૃષ્ટિમાં ન આવ્યો, એટલે ત્યાં માત્ર વિકલ્પનું ઉત્થાન જ થાય છે. 'આ વિકલ્પ છે અને તેનો નિષેધ કરું' એમ વિકલ્પના અસ્તિત્વ સામે જોતાં તેનો નિષેધ નહિ થાય. પણ 'હું જ્ઞાયક સ્વભાવ છું.' એમ સ્વભાવના અસ્તિત્વની સામે જોતાં વિકલ્પના અભાવરૂપ પરિણમન થઈ જાય છે. પહેલાં આત્મસ્વભાવનું શ્રવણ—મનન કરીને તેને લક્ષમાં લીધો હોય અને તેનો મહિમા જાણ્યો હોય તો તેમાં અંતર્મુખ થઈને વિકલ્પનો અભાવ કરે, પણ આત્મસ્વભાવનો મહિમા લક્ષમાં લીધા વિના કોના અસ્તિત્વમાં ઊભો રહીને વિકલ્પનો અભાવ કરશે? વિકલ્પનો અભાવ કરવો તે પણ ઉપચારનું કથન છે, ખરેખર વિકલ્પનો અભાવ કરવો નથી

પડતો; અંતર્‌સ્વભાવ સન્મુખ જે પરિણતિ થઈ તે પરિણતિ પોતે વિકલ્પના અભાવસ્વરૂપ છે, તેનામાં વિકલ્પ છે જ નહિ તો કોનો અભાવ કરવો? વિકલ્પની ઉત્પત્તિ ન થઈ તે અપેક્ષાએ વિકલ્પનો અભાવ કર્યો એમ કહેવાય; પણ તે સમયે વિકલ્પ હતો અને તેનો અભાવ કર્યો છે—એમ નથી.

એક તરફ ત્રિકાળી ધ્રુવ જ્ઞાનસ્વભાવનું અસ્તિત્વ છે ને બીજી તરફ ક્ષણિક વિકલ્પનું અસ્તિત્વ છે; ત્યાં ધ્રુવ જ્ઞાયકસ્વભાવમાં વિકલ્પનો અભાવ છે. તે જ્ઞાયકસ્વભાવને લક્ષમાં લઈને એકાગ્ર થતાં વિકારના અભાવરૂપ પરિણમન થઈ જાય છે. ત્યાં 'હું જ્ઞાયક છું ને વિકાર હું નથી' એમ બે પડખાં ઉપર લક્ષ હોતું નથી પણ 'હું જ્ઞાયક' એમ અસ્તિસ્વભાવને લક્ષમાં લઈને તેનું અવલંબન કરતાં વિકારનું અવલંબન છૂટી જાય છે. સ્વભાવની અસ્તિરૂપ પરિણમન થતાં વિકારની નાસ્તિરૂપ પરિણમન પણ થઈ જાય છે, સ્વભાવમાં પરિણમેલું જ્ઞાન પોતે વિકારના અભાવરૂપ પરિણમેલું છે. તેને સ્વભાવની અસ્તિ અપેક્ષાએ 'સમ્યક્ એકાંત' કહેવાય અને સ્વભાવની અસ્તિમાં વિકારની નાસ્તિ છે—એ અપેક્ષાએ તેને જ 'સમ્યક્ અનેકાંત' કહેવાય. સ્વભાવની અસ્તિને લક્ષમાં લીધા વગર (—સમ્યક્ એકાંત વગર) એકલી વિકારની નાસ્તિને લક્ષમાં લેવા જાય તો ત્યાં 'મિથ્યા એકાંત' થઈ જાય છે અર્થાત્ તેને પર્યાયબુદ્ધિથી વિકારના નિષેધરૂપ વિકલ્પમાં એકત્વબુદ્ધિ થઈ જાય છે પણ વિકલ્પના અભાવરૂપ પરિણમન થતું નથી. આથી આત્મસ્વભાવનું એકનું જ સારી રીતે અવલંબન કરવું તે જ વિકલ્પના અભાવરૂપ પરિણમનની રીત છે. *—ચર્ચા ઉપરથી.*

## શુદ્ધાત્માના નિર્વિકલ્પ અનુભવ માટે
# ઝંખતો શિષ્ય

શ્રી સમયસારની પહેલી જ ગાથામાં આચાર્યદેવે આત્મામાં સિદ્ધપણાની સ્થાપના કરી કે હું સિદ્ધ અને તું પણ સિદ્ધ. સિદ્ધ ભગવાનના આત્મામાં અને આ આત્મામાં સ્વભાવથી કાંઈ ફેર નથી. આ વાતનો ઘણી અપૂર્વ રુચિથી સ્વીકાર કરીને શિષ્યને પોતાનો શુદ્ધાત્મા સમજવાની ઝંખના થઈ, તેથી તે શુદ્ધાત્માનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસાથી તેણે પ્રશ્ન પૂછ્યો કે હે નાથ! એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? હે પ્રભો! જે શુદ્ધ આત્માને જાણ્યા વિના હું અત્યાર સુધીમાં રખડ્યો, તે શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે? તે કૃપા કરીને મને બતાવો.

આવા શિષ્યને શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવવા શ્રી આચાર્ય પ્રભુએ છઠ્ઠી ગાથામાં 'જ્ઞાયકભાવ'નું વર્ણન કર્યું; ત્યાં વિકારનો અને પર્યાયભેદનો તો નિષેધ કર્યો, પણ હજી ગુણભેદરૂપ વ્યવહારના નિષેધની વાત ત્યાં આવી ન હતી. તેથી સાતમી ગાથાની શરૂઆતમાં શ્રી આચાર્યદેવે શિષ્યના મુખમાં પ્રશ્ન મુકાવ્યો છે કે પ્રભો! દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી પણ આ આત્માને અશુદ્ધપણું આવે છે, અર્થાત્ 'આત્મા જ્ઞાન છે—દર્શન છે—ચારિત્ર છે' એમ લક્ષમાં લેવા જતાં પણ ભગવાન શુદ્ધ આત્માનો અનુભવ થતો નથી, માત્ર વિકલ્પની ઉત્પત્તિ થઈને અશુદ્ધતાનો અનુભવ થાય છે, તો તેનું શું કરવું?

જુઓ, શિષ્યના પ્રશ્નમાં સૂક્ષ્મતા! કોઈ બહારની વાતને તો યાદ નથી કરતો, શરીરની ક્રિયા કે પુણ્ય-પાપની વાત પણ નથી પૂછતો; અંદરમાં ગુણગુણી ભેદનો વિકલ્પ ઊઠે છે તે પણ તેને ખટકે છે એટલે તેનાથી આગળ વધીને શુદ્ધ આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવા માટે તેને આ પ્રશ્ન ઊઠ્યો છે. છઠ્ઠી ગાથામાં શ્રી ગુરુજી પાસેથી મહાવિનય અને પાત્રતાપૂર્વક જ્ઞાયકસ્વરૂપનું શ્રવણ કરીને તેવો અનુભવ કરવા માટે અંતરમંથન કરતાં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કરતાં 'હું જ્ઞાયક છું' એમ લક્ષમાં લેવા માંડ્યું; પરંતુ તેમાં ગુણગુણીભેદનો વિકલ્પ ઊઠ્યો. ત્યાં પોતાની શુદ્ધાત્માની રુચિના જોરે શિષ્યે એટલું તો નક્કી કરી લીધું કે હજી જે આ ગુણગુણીભેદનો વિકલ્પ ઊઠે છે તે પણ શુદ્ધાત્માના અનુભવને રોકનાર છે, આ વિકલ્પ છે તે અશુદ્ધતા છે તેથી તે પણ નિષેધ કરવા જેવો છે. શિષ્યને રુચિ અને જ્ઞાનમાં એટલી તો સૂક્ષ્મતા થઈ ગઈ છે કે ગુણગુણીભેદના વિકલ્પથી પણ શુદ્ધ આત્માનો અનુભવ પાર છે—એમ નક્કી કરીને તે ગુણગુણીભેદના વિકલ્પથી પણ છૂટો પડવા માગે છે; ગુણગુણીભેદના વિકલ્પથી પણ આગળ કાંઈક અભેદ વસ્તુ છે તેને લક્ષમાં લઈને તેનો અનુભવ કરવા માટે અંતરમાં ઊંડો ઊંડો ઊતરતો જાય છે. અને તે વાત શ્રીગુરુના મુખથી સાંભળવા માટે વિનયથી પૂછે છે કે પ્રભો! જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદથી આત્માને લક્ષમાં લેવા જતાં ગુણગુણીભેદનો વિકલ્પ ઊઠે છે ને અશુદ્ધતાનો અનુભવ થાય છે, તો શું કરવું?

શ્રી આચાર્યભગવાન પણ શિષ્યની અત્યંત નિકટ પાત્રતા દેખીને તેને શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવે છે; શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપતાં સાતમી ગાથામાં કહે છે કે આ ભગવાન જ્ઞાયક એક આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર એવા ગુણભેદ વ્યવહારથી જ કહેવામાં આવ્યા છે, પરમાર્થથી તો ભગવાન આત્મા એક અભેદ છે, માટે 'એક અભેદ જ્ઞાયક આત્મા'ને લક્ષમાં લઈને અનુભવ કરતાં, 'હું જ્ઞાન છું' ઈત્યાદિ ગુણગુણીભેદના વિકલ્પોનો પણ નિષેધ થઈ જાય છે ને શુદ્ધ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય છે.

*—સમયસાર ગાથા ૭ ઉપરના પ્રવચનમાંથી*

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આત્માર્થી જીવનો

# ઉત્સાહ અને આત્મલગની

[૧]

(શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૦૩ ઉપરના પ્રવચનો)

આત્માર્થી જીવની ધગશ કેવી હોય, તેની આત્મલગની કેવી હોય, પોતાનું સમ્યક્ત્વકાર્ય સાધવા માટે તેનો ઉત્સાહ અને ઉદ્યમ કેવો હોય, તેનું ઘણું સુંદર અને પ્રેરણાદાયી વિવેચન પૂજ્ય ગુરુદેવે આ પ્રવચનોમાં કર્યું છે.

જીવાદિ છ દ્રવ્યો અને પાંચ અસ્તિકાયોનું વર્ણન કરીને ઉપસંહારમાં તેના જ્ઞાનનું ફળ દર્શાવતાં આચાર્યદેવ કહે છે કે—

**એ રીત પ્રવચનસારરૂપ, 'પંચાસ્તિસંગ્રહ' જાણીને,**
**જે જીવ છોડે રાગદ્વેષ, લહે સકળ દુઃખમોક્ષને. ૧૦૩.**

એ પ્રમાણે પ્રવચનના સારભૂત 'પંચાસ્તિકાય–સંગ્રહ'ને જાણીને જે રાગ-દ્વેષને છોડે છે, તે દુઃખથી પરિમુક્ત થાય છે.

પ્રવચન એટલે ભગવાન સર્વજ્ઞદેવનો ઉપદેશ; તેમાં કાળ સહિત પાંચ અસ્તિકાય, એટલે કે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યો કહેવામાં આવ્યા છે; ભગવાન સર્વજ્ઞદેવના પ્રવચનમાં એ છ દ્રવ્યોનો જ બધો વિસ્તાર છે, તેનાથી અન્ય કાંઈ કહેવામાં નથી આવતું. જડ-ચેતન, સુખ-દુઃખ, પુણ્ય-પાપ, બંધ-મોક્ષ વગેરે બધું છ દ્રવ્યનો જ વિસ્તાર છે. તેથી છ દ્રવ્યો જ તે પ્રવચનનો સાર છે. જે કાળસહિત પંચાસ્તિકાયને એટલે કે છ દ્રવ્યોને, ન સ્વીકારે તે ભગવાન સર્વજ્ઞદેવના પ્રવચનને જાણતો નથી.

છ દ્રવ્યો તે ભગવાન સર્વજ્ઞદેવના પ્રવચનનો સાર છે; આવા

પ્રવચનના સારને જે જીવ...જાણે છે તે દુઃખથી પરિમુક્ત થાય છે–પણ કઈ રીતે જાણે છે? કે–"અર્થતઃ અર્થીપણે" જાણે છે.

"અર્થતઃ અર્થી" એમ કહીને આચાર્યદેવે પાત્ર શ્રોતાની ખાસ લાયકાત બતાવી છે. પાત્ર શ્રોતા કેવો છે? આત્માનો અર્થી છે. આત્માના હિતનો જે ગરજું છે, કોઈ પણ રીતે મારા આત્માનું હિત થાય–એમ અંતરમાં ગરજવાન થયો છે, યાચક થયો છે, એટલે કે હિતને માટે વિનયથી દીનપણે અર્પાઈ ગયો છે, સેવક થયો છે, જેમની પાસેથી આત્મપ્રાપ્તિ થાય એવા સંતો પ્રત્યે સેવકપણે વર્તે છે, અને શાસ્ત્ર જાણવામાં તેને બીજો કોઈ હેતુ નથી, માત્ર આત્મહિતની પ્રાપ્તિનો જ હેતુ છે. શાસ્ત્ર ભણીને હું બીજાથી અધિક થાઉં કે માન–મોટાઈ પામું, અથવા બીજાને સમજાવું–એવા આશયથી જે નથી ભણતો, પણ શાસ્ત્ર ભણીને–છ દ્રવ્યોનું સ્વરૂપ સમજીને હું મારા આત્માનું હિત કેમ સાધું, ને મારો આત્મા દુઃખથી કેમ છૂટે, –એમ આત્માનો શોધક થઈને ભણે છે.

આવો આત્માનો અર્થી જીવ શાસ્ત્રને કઈ રીતે જાણે છે? કે–'અર્થતઃ જાણે છે.' એટલે કે એકલા શબ્દથી નથી જાણતો, પણ તેના વાચ્યભૂત પદાર્થને અનુલક્ષીને જાણે છે, ભાવશ્રુતપૂર્વક જાણે છે. એકલા શાબ્દિક જ્ઞાનમાં નથી સંતોષાતો, પણ અંતરમાં શોધક થઈને વાચ્યભૂત વસ્તુને શોધે છે; સુખનો શોધક થઈને પદાર્થોનું સ્વરૂપ જાણે છે.

અહા! અર્થીપણે જાણવાનું કહીને આચાર્યદેવે શ્રોતાની કેટલી ધગશ બતાવી છે! પોતે અર્થી થઈને–શોધક થઈને સાંભળવા જાય છે; પરંતુ એમ નથી કે જ્યારે સહેજે સાંભળવાનો યોગ બની જાય ત્યારે સાંભળી લ્યે ને પછી તેની દરકાર ન કરે. આ તો શિષ્ય પોતે અભિલાષી થઈને–ગરજુ થઈને, કોઈ પણ રીતે મને મારું સ્વરૂપ સમજાય એમ અંદરમાં ઝૂરણા કરીને, સમજવાની ગરજથી સાંભળે છે.

સમ્યક્ત્વની તૈયારીવાળા જીવને પોતાનું કાર્ય સાધવાનો ઘણો ઉત્સાહ હોય છે; તે જીવ સમ્યક્ત્વ માટે ઉત્સાહપૂર્વક કેવો પ્રયત્ન કરે છે તેનું વર્ણન કરતાં 'મોક્ષમાર્ગપ્રકાશકમાં કહે છે કે–જીવાદિ તત્ત્વોને જાણવા માટે કોઈ

વખત પોતે જ વિચાર કરે છે, કોઈ વખત શાસ્ત્ર વાંચે છે, કોઈ વખત સાંભળે છે, કોઈ વખત અભ્યાસ કરે છે તથા કોઈ વખત પ્રશ્નોત્તર કરે છે, ઈત્યાદિરૂપ પ્રવર્તે છે અને તેને પોતાનું કાર્ય કરવાનો ઘણો હર્ષ હોવાથી અંતરંગ પ્રીતિથી તેનું સમાધાન કરે છે. એ પ્રમાણે સાધન કરતાં જ્યાં સુધી સાચું તત્ત્વાર્થશ્રદ્ધાન ન થાય—'આ આમ જ છે' એવી પ્રતીતિપૂર્વક જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ પોતાને ન ભાસે, જેવી પર્યાયમાં (શરીરમાં) અહંબુદ્ધિ છે તેવી કેવળ આત્મામાં અહંબુદ્ધિ ન થાય અને હિત—અહિતરૂપ પોતાના ભાવ છે તેને ન ઓળખે ત્યાં સુધી તે જીવ ઉદ્યમ કર્યા જ કરે છે; એવો જીવ થોડા જ કાળમાં સમ્યક્ત્વને પામે છે.

આત્માર્થી જીવ ઉલ્લાસિત વીર્યવાન છે, તેના પરિણામ ઉલ્લાસરૂપ હોય છે, પોતાના સ્વભાવને સાધવા માટે તેનું વીર્ય ઉત્સાહિત હોય છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે 'ઉલ્લાસિત વીર્યવાન પરમતત્ત્વ ઉપાસવાનો મુખ્ય અધિકારી છે.'

આત્માર્થી જીવ પોતાના આત્માના હિત માટે ઉલ્લાસપૂર્વક શ્રવણ-મનન કરે છે. કુળપ્રવૃત્તિપૂર્વક કે સાંભળવાનો સહેજે યોગ બની જાય તો સાંભળી લ્યે, પણ સમજવાનો પ્રયત્ન ન કરે તો તેને આત્માની ગરજ નથી, માટે અહીં આત્માનો અર્થી થઈને શાસ્ત્ર જાણવાનું કહ્યું છે.

'કામ એક આત્માર્થનું,
બીજો નહિ મન રોગ.'

જેના અંતરમાં એક આત્માર્થ સાધવાનું જ લક્ષ છે, મારા અનાદિના ભવરોગનું દુઃખ કેમ મટે—એ સિવાય બીજો કોઈ રોગ એટલે કે માનાદિની ભાવના જેના અંતરમાં નથી;—આ રીતે આત્માનો અર્થી થઈને જે શિષ્ય પંચાસ્તિકાયસંગ્રહને જાણે છે....તે સર્વ દુઃખથી પરિમુક્ત થાય છે.

જેમ કોઈ માણસ ઘણા દિવસનો ક્ષુધાતુર હોય, અને ક્ષુધા મટાડવા માટે યાચકપણે—માન મૂકીને ભોજન માંગે, તે પોતાના માટે માંગે છે, બીજાને દેવા માટે નહીં; મારું ભૂખનું દુઃખ મટે એવું કાંઈ ભોજન મને

આપો–એમ યાચક થઈને માંગે છે. એવા ક્ષુધાતુરને ભોજન મળે તો કેવું મીઠું લાગે? સૂકો રોટલો મળે તોપણ મીઠો લાગે....ને હર્ષથી પોતાની ક્ષુધા મટાડે.

તેમ જે જીવને આત્માની લગની લાગી છે–ભૂખ લાગી છે, અરે, અનાદિકાળથી સંસારમાં ભ્રમણ કરતો મારો આત્મા ક્યાંય સુખ ન પામ્યો, એકાંત દુઃખ જ પામ્યો, હવે દુઃખથી છૂટીને મારો આત્મા સુખ કેમ પામે–એમ સુખના ઉપાયને ઝંખે છે, તે જીવ જ્ઞાની સંત પાસે જઈને દીનપણે–ભીખારીની જેમ–યાચક થઈને વિનયથી માંગે છે કે પ્રભો! મારા આત્માના સુખનો માર્ગ મને સમજાવો, આ ભવદુઃખથી છૂટવાનો માર્ગ મને બતાવો.—આમ જે આત્માનો ગરજુ થઈને આવ્યો ને તેને આત્માના આનંદની વાત સાંભળવા મળે તો કેવી મીઠી લાગે!–એ વખતે તે બીજા લક્ષમાં ન રોકાય, પણ એક જ લક્ષે આત્માનું સ્વરૂપ સમજીને પોતાનું દુઃખ મટાડે. આત્માનો ખરેખરો અર્થી થઈને જે સાંભળે છે તેને શ્રવણ થતાં જ અંતરમાં પરિણમી જાય છે. જેમ ખરી–કડકડતી ભૂખ લાગી હોય તેને ભોજન પેટમાં પડતાં જ પરિણમી જાય છે, તેમ જેને ચૈતન્યની ખરી અભિલાષા જાગી છે તેને વાણી કાને પડતાં જ આત્મામાં તે પરિણમી જાય છે.

જેમ તૃષાતુરને શીતળ પાણી મળતાં પ્રેમપૂર્વક પીએ છે તેમ આત્માના અર્થીને ચૈતન્યના શાંતરસનું પાન મળતાં અત્યંત રુચિપૂર્વક ઝીલીને અંતરમાં પરિણમાવી દે છે. ધોમ તડકામાં રેતીના રણ વચ્ચે આવી પડ્યો હોય, તરસથી તરફડતાં કંઠગતપ્રાણ થઈ ગયો હોય, પાણી–પાણીનો પુકાર કરતો હોય, ને એવા ટાણે શીતળ–મધુર પાણી મળે તો કેવી તલપથી પીએ!! તેમ વિકારની આકુળતારૂપ ધોમ તડકામાં, ભવરણની વચ્ચે ભમતો જીવ સેકાઈ રહ્યો છે, ત્યાં આત્માર્થી જીવને આત્માની તૃષા લાગી છે–લગની લાગી છે, આત્માની શાંતિ માટે ઝંખે છે; એવા જીવને સંતોની મધુરી વાણી દ્વારા ચૈતન્યના શાંતરસનું પાન મળતાં જ અંતરમાં પરિણમી જાય છે. કોરા ઘડા ઉપર પાણીનું ટીપું પડે, ને જેમ ચૂસી લ્યે તેમ

આત્માર્થી જીવ આત્માના હિતની વાતને ચૂસી લ્યે છે—અંતરમાં પરિણમાવી દે છે.

આત્માર્થી જીવને પોતાનું આત્મસ્વરૂપ સમજવા માટે અંતરમાં એટલી ગરજ છે કે બીજા લોકો માન-અપમાન કરે તેની સામે જોતો નથી; 'મારે તો મારા આત્માને રીઝવવો છે, —મારે જગતને નથી રીઝવવું, જગત કરતાં આત્મા વહાલો લાગ્યો છે, આત્મા કરતાં જગત વહાલું નથી, (જગત ઈષ્ટ નહિ આત્મથી)' આવી આત્માની લગનીને લીધે જગતના માન—અપમાનને ગણકારતો નથી. મારે સમજીને મારા આત્માનું હિત સાધવું છે, એવું જ લક્ષ છે; પણ હું સમજીને બીજાથી અધિક થાઉં, કે હું સમજીને બીજાને સમજાવું—એવી વૃત્તિ ઊઠતી નથી.—જુઓ, આ આત્માર્થી જીવની પાત્રતા!

જેમ થાકેલાને વિશ્રામ મળતાં (અગર વાહન મળતાં) હર્ષિત થાય, ને રોગથી પીડાતા મનુષ્યને વૈદ્ય મળતાં ઉત્સાહિત થાય, તેમ ભવભ્રમણ કરી કરીને થાકેલા અને આત્મભ્રાંતિના રાગથી પીડાતા જીવને, તે થાક ઉતારનારી ને રોગ મટાડનારી ચૈતન્યસ્વરૂપની વાત કાને પડતાં જ ઉત્સાહપૂર્વક તે તેનું સેવન કરે છે. સાચા સદ્‌ગુરુવૈદે જે પ્રકારે કહ્યું તે ચૈતન્યનું સેવન કરે છે; સંત પાસે દીન થઈને ભીખારીની જેમ 'આત્મા' માંગે છે કે પ્રભો! મને આત્મા સમજાવો.

મધદરિયામાં ડુબકાં ખાતો હોય તેને એક જ લક્ષ છે કે હું દરિયામાં ડૂબતાં કેમ બચું? ત્યાં કોઈ સજ્જન આવીને તેને બચાવે તો કેવી ઉપકારબુદ્ધિ થાય?—અહા! મને દરિયામાં ડૂબતો આણે બચાવ્યો, આણે મને જીવન આપ્યું—એમ મહાઉપકાર માને; તેમ ભવસમુદ્રમાં ગોથાં ખાઈખાઈને થાકેલા જીવને એક જ લક્ષ છે કે મારો આત્મા આ સંસારસમુદ્રથી કેમ બચે! ત્યાં કોઈ જ્ઞાની પુરુષ તેને તરવાનો ઉપાય બતાવે તો તે પ્રમાદ વગર, ઉલ્લસતા ભાવથી તે ઉપાયને અંગીકાર કરે છે. જેમ ડૂબતા પુરુષને કોઈ વહાણમાં બેસવાનું કહે તો શું તે જરાય પ્રમાદ કરે?—ન જ કરે. તેમ સંસારથી તરવાના કામી આત્માર્થી જીવને જ્ઞાની સંતો ભેદજ્ઞાનરૂપી વહાણમાં બેસવાનું કહે છે, ત્યાં તે આત્માર્થી જીવ ભેદજ્ઞાનમાં

પ્રમાદ કરતો નથી; અને ભેદજ્ઞાનનો ઉપાય દર્શાવનારા સંતો પ્રત્યે તેને મહાન ઉપકારબુદ્ધિ થાય છે કે હે નાથ! અનંત જન્મ-મરણના સમુદ્રમાંથી આપે અમને બહાર કાઢ્યા, ભવસમુદ્રમાં ડૂબતા અમને આપે બચાવ્યા; સંસારમાં જેનો કોઈ બદલો નથી એવો પરમ ઉપકાર આપે અમારા ઉપર કર્યો.

આ રીતે, અર્થતઃ અર્થીપણે આ પંચાસ્તિકાય જાણવાનું આચાર્યદેવે કહ્યું; અર્થતઃ અર્થીપણે એટલે કે ભાવ સમજવાની લગનીથી, ખરેખરી દરકારથી, શોખથી, રુચિથી, ઉત્સાહથી, જિજ્ઞાસાથી, ગરજવાન થઈને, યાચક થઈને, શોધક થઈને, આત્માનો અર્થી થઈને પંચાસ્તિકાયને જાણવા. એ રીતે પંચાસ્તિકાયને જાણીને શું કરવું? હવે કહે છે.

## આત્માને અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવવાળો નિશ્ચિત કરવો

...પંચાસ્તિકાયસંગ્રહને અર્થતઃ અર્થીપણે જાણીને, એમાં જ કહેલા જીવાસ્તિકાયને વિષે અંતર્ગત રહેલા પોતાને (નિજ આત્માને) સ્વરૂપે અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવવાળો નિશ્ચિત કરવો.

જુઓ, આ શાસ્ત્રને જાણવાની રીત, અથવા શાસ્ત્રને જાણવાનું તાત્પર્ય.

આત્માનો અર્થી જીવ પંચાસ્તિકાયને જાણીને અંતરમાં એમ નિશ્ચય કરે છે કે હું સુવિશુદ્ધ જ્ઞાન દર્શનમય છું. આ રીતે, અંતર્મુખ થઈને સુવિશુદ્ધ જ્ઞાન સ્વભાવપણે પોતાના આત્માનો જે નિશ્ચય કરે છે તેને જ પંચાસ્તિકાયનું જ્ઞાન યથાર્થ છે.

પંચાસ્તિકાયને જાણીને પ્રાપ્ત કરવાનું શું છે?—કે શુદ્ધ જીવાસ્તિકાય તે પ્રાપ્ત કરવા યોગ્ય છે. પંચાસ્તિકાયના સમૂહરૂપ અનંત દ્રવ્યો આ જગતમાં છે; તેમાંથી અનંતા અચેતનદ્રવ્યો તો મારાથી ભિન્ન વિજાતીય છે, તેઓ હું નથી; અને ચૈતન્યસ્વભાવવાળા અનંતા જીવો ભિન્નભિન્ન છે, તે બધાય 'જીવાસ્તિકાય'માં આવી જાય છે. આ રીતે જીવાસ્તિકાયમાં અંતર્ગત હોવા છતાં, બીજા અનંતા જીવોથી જુદો હું એક ચૈતન્યસ્વભાવી જીવ છું.

—આમ સ્વસન્મુખ થઈને, અનંતકાળે નહિ કરેલ એવા અપૂર્વભાવે આત્માનો નિર્ણય કરે છે. નિર્ણયની આવી નકોર ભૂમિકા વગર ધર્મનું ચણતર થાય નહીં.

## આવા નિર્ણયનું સાધન શું?

મંદ રાગ તે સાધન નથી, પણ જ્ઞાન અને વીર્યનો અંતર્મુખી ઉત્સાહ જ તેનું સાધન છે. જ્ઞાન અને રુચિના અંતર્મુખ થવાના ઉત્સાહના બળે મિથ્યાત્વાદિ ક્ષણે ક્ષણે તૂટતા જાય છે.

'નિર્ણય' તે ધર્મની નક્કર ભૂમિકા છે; પણ આ નિર્ણય કેવો? —એકલા શ્રવણથી થયેલો નહિ પણ અંતરમાં આત્માને સ્પર્શીને થયેલો અપૂર્વ નિર્ણય; તે નિર્ણય એવો કે કદાચ દેહનું નામ તો ભૂલી જાય, પણ નિજસ્વરૂપને ન ભૂલે; દેહનો પ્રેમી મટીને 'આત્મપ્રેમી' થયો, તે કદાચ દેહનું નામ તો ભૂલશે પણ આત્માને નહિ ભૂલે. પોતાના જ્ઞાનની નિર્મળતામાં પોતાનો ફોટો એવો પડી ગયો કે જે કદી ન ભૂંસાય. જેણે આવો નિર્ણય કર્યો તે રાગ-દ્વેષનો ક્ષય કરીને અલ્પકાળમાં મુક્તિ પામ્યા વગર રહે નહિ.

અર્થીપણે પંચાસ્તિકાય જાણીને શું કરવું? કે પોતાના આત્માને અત્યંત શુદ્ધ જ્ઞાનસ્વરૂપે નક્કી કરવો. જુઓ, પાંચમાંથી જીવને જુદો પાડીને એકમાં લાવ્યા, સ્વમાં લાવ્યા. પંચાસ્તિકાયનું શ્રવણ કરતી વખતે પણ જિજ્ઞાસુ જીવનું લક્ષ તો 'મારો આત્મા જ્ઞાનસ્વરૂપ છે' એવો નિર્ણય કરવા તરફ જ હતું, મારો આત્મા શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે, —એમ અંતરમાં લક્ષગત કરીને સાંભળ્યું, અને તેવો નિર્ણય કર્યો.

પંચાસ્તિકાય એટલે કે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ ને આકાશ તેને જાણીને તેના વિચારમાં અટકવાનું નથી, પણ 'મારો આત્મા અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવી છે' એમ નક્કી કરવાનું છે. પાંચ દ્રવ્યોને અર્થપણે જાણતાં તેમાં આવા જીવાસ્તિકાયનું જ્ઞાન આવી જાય છે. ભગવાનનાં પ્રવચન છ દ્રવ્યનું સ્વરૂપ કહેનારાં છે; તે છ દ્રવ્યોનું સ્વરૂપ જાણીને

પોતાના આત્માને શુદ્ધ જ્ઞાનસ્વભાવે નક્કી કરવો તે ભગવાનનાં પ્રવચનનો સાર છે. ભગવાનનાં પ્રવચન કોણે જાણ્યા કહેવાય? કે પોતાના આત્માને શુદ્ધ જ્ઞાનસ્વભાવપણે જે નક્કી કરે તેણે જ ખરેખર ભગવાનના પ્રવચનને યથાર્થ જાણ્યા છે. નિજતત્ત્વના નિર્ણય વગર પરતત્ત્વનું યથાર્થ જ્ઞાન કદી થાય જ નહીં. માટે નિજતત્ત્વનો નિર્ણય કરીને તેમાં એકાગ્ર થવું તે ભગવાનના સર્વ પ્રવચનનું તાત્પર્ય છે, –જેના સેવનથી દુઃખ ટળે છે ને સુખ મળે છે.

જગતનાં તત્ત્વોને જાણીને, અંતરમાં વળીને પોતાના આત્માને જગતથી જુદો, શુદ્ધ ચૈતન્યસ્વરૂપે નક્કી કરવો; માત્ર વિકાર જેટલો નક્કી ન કરવો પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપે નક્કી કરવો; નિર્ણયના કાળે વિકાર પણ વર્તતો હોવા છતાં, તે વિકાર તરફ ન ઝૂકતાં શુદ્ધ ચૈતન્યસ્વભાવ તરફ ઝૂકવું. જેના સેવનથી દુઃખ ટળે ને આનંદ મળે એવો વિશુદ્ધચૈતન્યસ્વરૂપ હું છું, એમ નક્કી કરવું.

આત્માર્થી જીવનાં લક્ષણ શ્રવણ કરતાં જ જણાઈ આવે; આત્માના આનંદની વાત કાને પડતાં જ આત્માર્થીનો ઉત્સાહ છાનો ન રહે. જેમ 'પુત્રના લક્ષણ પારણેથી જણાય' તેમ આત્માર્થીના લક્ષણ આત્માનું શ્રવણ કરતાં જ જણાઈ આવે.

સાંભળીને નિર્ણય કરવા ઉપર જોર છે. શું નિર્ણય કરવો? મારો આત્મા વિશુદ્ધ જ્ઞાન–આનંદસ્વરૂપ છે–એમ નિર્ણય કરવો. એવો દૃઢ નિર્ણય કરવો કે વીર્યનો વેગ તે તરફ વળ્યા વગર રહે નહીં. આવો નિર્ણય કર્યા પછી વારંવાર તે તરફના પ્રયત્નથી અનુભવ થાય છે. નિર્ણય વગર પુરુષાર્થની દિશા ખુલે નહિ.

જુઓ, ભાઈ! આ વાત પોતે પોતાના હિત માટે સમજવાની છે; પોતે સમજીને પોતાનું હિત કરી લેવું, બીજા જીવો શું કરે છે તે જોવા અટકવાનું નથી. આ વસ્તુ જ એવી છે કે જગતના બધા જીવો ન પામી શકે, કોઈક વિરલા જ તે પામે છે; તેથી સમયસારમાં આચાર્યદેવ કહે છે કે–

બહુ લોક જ્ઞાનગુણે રહિત, આ પદ નહિ પામી શકે;
રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મ મોક્ષેચ્છા તને. ૨૦૫.

જ્ઞાનગુણથી રહિત ઘણાય લોકો આ જ્ઞાનસ્વરૂપ પદને પામતા નથી; માટે હે ભવ્ય! જો તું કર્મથી સર્વથા મુક્ત થવા ઈચ્છતો હો તો નિયત– એકરૂપ એવા આ જ્ઞાનસ્વભાવને ગ્રહણ કર, જ્ઞાનસ્વભાવનું જ અવલંબન કર.

પહેલાં અફર નિર્ણય કરવો જોઈએ કે હું જ્ઞાનસ્વભાવ છું, ને તેનું જ મારે અવલંબન કરવા જેવું છે. બીજું ઓછું–અદકું આવડે તેનું કાંઈ નહિ, કદાચ ઓછું આવડે તો તેનો ખેદ નહિ ને અધિક આવડે તો તેનું અભિમાન નહિ, જેને આત્માનો સ્વભાવ આવડ્યો તેને બધું આવડ્યું, ને તેણે ભગવાનના સકલ પ્રવચનનો સાર જાણી લીધો.

આત્માના અનુભવ માટે પહેલાં નક્કર ભૂમિકા જોઈએ; તે નક્કર ભૂમિકા કઈ? કે 'હું શુદ્ધજ્ઞાનસ્વરૂપ છું' એવો નિર્ણય. જેમ બેઠેલા પંખીને ગગનમાં ઊડવા માટે નીચે કઠણ ભૂમિકા જોઈએ, તેમ ચૈતન્યના ચારિત્રમાં ગગનવિહાર કરવા માટે પહેલાં નિર્ણયરૂપ નક્કર ભૂમિકા જોઈએ. આત્માર્થી થઈને, અનંતકાળમાં નહિ કરેલ એવી અપૂર્વ રીતે, અપૂર્વ પુરુષાર્થથી, આત્માનો અપૂર્વ નિર્ણય કરવો તે પ્રથમ ભૂમિકા છે, તે જ ધર્મનગરીમાં પ્રવેશવાનો દરવાજો છે; તે નિર્ણયમાં રાગની હોંશ નથી પણ ચૈતન્યનો ઉત્સાહ છે; તે જીવ રાગના ભરોસે રોકાતો નથી પણ ચૈતન્યસ્વભાવના ભરોસે અંતરમાં આગળ વધતો જાય છે, ને રાગ-દ્વેષને તોડતો જાય છે; આ મુક્તિનો ઉપાય છે.

આત્માર્થી જીવનો

# ઉત્સાહ અને આત્મલગની

[૨]

(શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૦૩ ઉપરના પ્રવચનો)

**આત્માર્થી જીવ કેવો હોય, તેની આત્મલગની કેવી હોય, અને ભગવાનનાં પ્રવચનમાં કહેલાં પાંચ અસ્તિકાયોને જાણીને તે પોતાના આત્મસ્વરૂપનો કેવો નિર્ણય કરે, તેનું વિસ્તૃત સુંદર વિવેચન આ પ્રવચનોમાં ગુરુદેવે કર્યું છે.**

સર્વજ્ઞ ભગવાને કહેલા પંચાસ્તિકાયને 'અર્થતઃ અર્થીપણે' જાણવાનું કહ્યું તેમાં આચાર્યદેવે શ્રોતાની ખાસ પાત્રતા બતાવી છે. પોતાનું આત્મહિત સાધવા માટે શ્રોતાને અંતરમાં ઘણો ઉત્સાહ અને ધગશ છે. એક આત્માર્થ સાધવા સિવાય બીજી કોઈ ડખલ (શલ્ય) તેના હૃદયમાં નથી. એવા આત્માર્થી જીવને જ્ઞાની સંતો પાસેથી ભેદજ્ઞાનનો ઉપાય મળતાં જ મહાન ઉપકારબુદ્ધિ થાય છે કે હે નાથ! અનંતદુઃખમાંથી આપે અમને બહાર કાઢ્યા, ભવસમુદ્રમાં ડૂબતાં અમને આપે ઉગાર્યા; સંસારમાં જેનો કોઈ બદલો નથી એવો પરમ ઉપકાર આપે અમારા ઉપર કર્યો.

જેમ ક્ષુધાતૂર કે તૃષાતૂર જીવ દીનપણે આહાર–પાણી માંગે તેમ સંસારથી થાકેલો આત્મશાંતિને ઝંખતો જીવ સંતો પાસે જઈને દીનપણે (અતિ વિનયથી) માંગે છે કે હે નાથ! જીવને શાંતિનો ઉપાય બતાવો.

આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! હે જિજ્ઞાસુ! પ્રથમ તો આત્માનો અર્થી થઈને સર્વજ્ઞ ભગવાને કહેલાં છ દ્રવ્યોને તું જાણ; છ દ્રવ્યોને જાણીને એમ નિર્ણય કર કે મારો આત્મા અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. આત્માનો પ્રેમી થઈને એમ નિર્ણય કર કે જગતના પદાર્થોમાં શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ

આત્મા તે જ હું છું, એકલા શ્રવણથી કે વિકલ્પથી નહિ પણ અંતર્લક્ષે—આત્માને સ્પર્શીને અપૂર્વ નિર્ણય કર. આત્મસ્વરૂપનો આવો નિર્ણય તે ધર્મની નક્કર ભૂમિકા છે.

હું અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવી છું—એમ નિજતત્ત્વનો નિશ્ચય કરીને પછી તે મોક્ષાર્થી જીવ શું કરે છે?—કે જે સ્વભાવનો નિશ્ચય કર્યો તેને જ અનુસરે છે, ને રાગાદિ ભાવો તે કાળે વર્તતા હોવા છતાં તેને અનુસરતો નથી પણ તેને છોડે છે. જેણે પોતાના શુદ્ધ સ્વભાવનો નિશ્ચય કર્યો એવો ધર્મી જાણે છે કે મારામાં જે આ રાગદ્વેષાદિ વિકાર દેખાય છે તે મારા સ્વભાવભૂત નથી પણ મારામાં આરોપાયેલા છે. જે ક્ષણે રાગ-દ્વેષ વર્તે છે તે ક્ષણે જ વિવેકજ્યોતિને લીધે ધર્મી જાણે છે કે મારો સ્વભાવ તો શુદ્ધચૈતન્યમાત્ર છે, આ રાગ-દ્વેષ તો ઉપાધિરૂપ છે; આ રાગ-દ્વેષની પરંપરા મારા સ્વભાવના આશ્રયે નથી થઈ, પણ કર્મબંધના આશ્રયે થયેલી છે; પણ હવે હું મારા સ્વભાવના આશ્રયે નિર્મળ પર્યાયની પરંપરા પ્રગટ કરીને આ રાગ-દ્વેષની પરંપરાને છેદી નાંખું છું. આ પ્રમાણે પોતાના સ્વભાવનો નિશ્ચય કરીને તેને જ અનુસરનાર જીવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે.

પોતાના સ્વભાવને ભૂલીને, કર્મ તરફના ઝુકાવથી જીવને અનાદિથી રાગ-દ્વેષની પરંપરા ચાલી રહી છે, ને તે રાગ-દ્વેષથી કર્મબંધ થાય છે; આ રીતે રાગ-દ્વેષ અને કર્મબંધની પરંપરા અનાદિથી ચાલતી હોવા છતાં તે સ્વભાવભૂત નથી પણ વિભાવરૂપ ઉપાધિ છે. ધર્મીજીવ પોતામાં તે ઉપાધિને અવલોકીને, એટલે કે પોતાની પર્યાયમાં તે વિકારીભાવો છે એમ જાણીને, તે જ કાળે પોતાના નિરુપાધિક શુદ્ધ સ્વભાવનો નિશ્ચય પણ પ્રગટ વર્તતો હોવાથી તે સ્વભાવ તરફ ઝુકતો જાય છે ને રાગ-દ્વેષની પરંપરાને તોડતો જાય છે. રાગ-દ્વેષની પરંપરા તૂટતાં કર્મબંધ પણ છૂટતા જાય છે; ને આ ક્રમથી તે જીવ મુક્તિ પામે છે. પરમાણુનું દૃષ્ટાંત આપીને આચાર્યદેવ સમજાવે છે કે, સ્કંધમાં રહેલો પરમાણુ જ્યારે જઘન્ય ચીકાશરૂપે પરિણમવાની સન્મુખ થાય છે ત્યારે સ્કંધ સાથેના બંધનથી તે છૂટો પડી જાય છે, તેમ શુદ્ધસ્વભાવ તરફ ઝૂકેલા જીવને રાગાદિ ચીકાશભાવો અત્યંત ક્ષીણ

થતા જતા હોવાથી તે પૂર્વબંધનથી છૂટતો જાય છે, તેને નવું બંધન થતું નથી, એટલે ફદફદતા પાણી જેવા અશાંત દુઃખોથી તે પરિમુક્ત થાય છે.

જુઓ, આત્માના અર્થીપણે પંચાસ્તિકાયને જાણવાનું આ ફળ! જે જીવ ખરેખરો આત્માનો અર્થી થયો તેને આત્માની પ્રાપ્તિ થયા વગર રહે જ નહીં. પંચાસ્તિકાયને જાણીને, તેમાંથી પોતાના શુદ્ધ આત્માને જુદો તારવીને (એટલે કે નિર્ણયમાં લઈને, શ્રદ્ધા-જ્ઞાન કરીને) તેમાં લીન થવું તે મોક્ષનો ઉપાય છે.

આચાર્ય ભગવાન કહે છે કે, કાળ સહિત પાંચ અસ્તિકાયનું પ્રતિપાદન કરનારું આ 'પંચાસ્તિકાય' તે જિનપ્રવચનનો સાર છે, કેમ કે જિનપ્રવચનમાં છ દ્રવ્યનો જ બધો વિસ્તાર છે. છ દ્રવ્યો અને તેના ગુણ-પર્યાયોમાં બધું સમાઈ જાય છે; બંધમાર્ગ, મોક્ષમાર્ગ, હિત-અહિત, સુખ-દુઃખ, જીવ-અજીવ, સંસાર-મોક્ષ, ધર્મ-અધર્મ,—એ બધું છ દ્રવ્યના વિસ્તારમાં આવી જાય છે.

છ દ્રવ્યોમાં, જીવાસ્તિકાય અનંતા છે, પુદ્‌ગલાસ્તિકાય પણ અનંતા છે, ધર્મ-અધર્મ અને આકાશ એ ત્રણે એકએક છે, અને કાળદ્રવ્ય અસંખ્ય છે. આ દ્રવ્યોમાંથી પ્રત્યેક દ્રવ્યનું અસ્તિત્વ પોતપોતામાં જ પરિપૂર્ણતા પામે છે, એકેક જીવ કે એકેક પરમાણુ તે દરેક પોતપોતાના સ્વતંત્ર અસ્તિત્વથી પરિપૂર્ણ છે; કોઈના અસ્તિત્વનો અંશ બીજામાં નથી. પોતપોતાના ગુણ-પર્યાયોસ્વરૂપ જેટલું અસ્તિત્વ છે તેટલી જ દરેક દ્રવ્યની સીમા છે, તેટલું જ તેનું કાર્યક્ષેત્ર છે; કોઈ પણ દ્રવ્ય પોતાના અસ્તિત્વની સીમાથી બહાર કાંઈ કાર્ય કરી શકે નહીં, અને બીજાના કાર્યને પોતાના અસ્તિત્વની સીમામાં આવવા દે નહીં; આવો જ વસ્તુનો સ્વભાવ છે, ને સર્વજ્ઞ ભગવાન અર્હંતદેવે તે પ્રસિદ્ધ કર્યો છે.

હે જીવ! તારા હિત-અહિતનું કર્તવ્ય તારામાં જ છે; તારાથી ભિન્ન એવા પાંચ અજીવ દ્રવ્યોમાં કે અન્ય જીવોમાં ક્યાંય તારું હિત-અહિત નથી; તું જ પોતે તારા હિત-અહિતરૂપ કાર્યનો કર્તા છે, કોઈ બીજો તારા હિત-અહિતનો કર્તા નથી—તો હવે તારે પોતે પોતાનું અહિત ક્યાં સુધી કરવું

છે!! અત્યાર સુધી તો અજ્ઞાનથી પરને હિત-અહિતના કર્તા માનીને તેં તારું અહિત જ કર્યું. પણ હવે તો, 'મારા હિત-અહિતનો કર્તા હું પોતે જ છું, મારું અહિત ટાળીને હિત કરવાની તાકાત મારામાં જ છે' એમ સમજીને તારું હિત કરવા માટે તું જાગૃત થા. પરના અસ્તિત્વથી તારા અસ્તિત્વની અત્યંત પૃથકતા જાણીને, પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ તરફ વળ.—આ જ જિનપ્રવચનનો અને સંતોનો ઉપદેશ છે, ને આ જ મોક્ષનો ઉપાય છે.

હે જીવ! તારું અસ્તિત્વ તારામાં, ને બીજાનું અસ્તિત્વ બીજામાં; તારા હિતને માટે તારે બીજાની સામે જોવું પડે કે બીજાની ખાતર તારે રોકાવું પડે એમ નથી.

**પ્રશ્ન :**—બીજાનું તો ઠીક, પણ આ દેહની સંભાળ ખાતર તો રોકાવું પડે ને?

**ઉત્તર :**—ભાઈ, દેહનું અસ્તિત્વ પુદ્‌ગલમાં, ને તારું અસ્તિત્વ તારામાં; તું સંભાળ રાખ તો દેહનું અસ્તિત્વ ટકે એમ નથી. જીવનું અસ્તિત્વ પોતાના જ્ઞાનાદિ ગુણોમાં છે, દેહમાં નહિ; અને દેહનું અસ્તિત્વ અજીવ પરમાણુઓમાં છે, જીવમાં નહિ. કોઈને લીધે કોઈનું અસ્તિત્વ નથી, તો પછી બીજાને ખાતર રોકાવું પડે એ વાત ક્યાં રહી?

અરે, કર્મને લીધે રોકાવું પડે એમ પણ નથી...કર્મનું અસ્તિત્વ પુદ્‌ગલમાં છે, ને જીવનું અસ્તિત્વ જીવમાં છે; રાગનું અસ્તિત્વ પણ જીવમાં છે. જીવ અને કર્મ બંનેનું અસ્તિત્વ જ ભિન્ન છે, કોઈને કારણે કોઈનું અસ્તિત્વ નથી.

આ રીતે પંચાસ્તિકાયને ભિન્નભિન્ન જાણીને, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવો નિજ આત્માને જુદો તારવવો; તેની મુખ્યતા—પ્રધાનતા કરીને, તેનો મહિમા ચિંતવીને, તેના તરફ ઝૂકવું. આ જગતના અનંત દ્રવ્યોમાં શુદ્ધ જ્ઞાનરૂપ નિજઆત્મા તે જ હું છું, એના સિવાય બીજું કાંઈ મારું નથી —એમ નિશ્ચય કરીને તેવો અનુભવ કરવો. જગતના બધા સત્ પદાર્થોની સત્તા સ્વીકારીને સ્વકીય ચૈતન્યસત્તાનું શરણું લેવાની આ વાત છે. જગતના

પદાર્થોને જાણી-જાણીને શું કરવું?–કે પોતાના ચૈતન્યસ્વભાવનું શરણ કરવું, તેનો આશ્રય કરવો.

જગતમાં છ પ્રકારનાં દ્રવ્યો;
તેમાં એક જીવ, પાંચ અજીવ;
જીવો અનંત, તે દરેક જ્ઞાનસ્વરૂપ;
તેમાં પોતાનો આત્મા ભિન્ન, જ્ઞાનસ્વરૂપ.

આ પ્રમાણે પોતાના આત્માને જગતથી જુદો નક્કી કરવો; કેવા સ્વરૂપે નક્કી કરવો?–કે વિશુદ્ધ ચૈતન્યસ્વભાવસ્વરૂપે નક્કી કરવો.

જીવના અસ્તિત્વના બે પડખાં : દ્રવ્ય અને પર્યાય; તેમાં દ્રવ્ય તો શુદ્ધ એકરૂપ છે, પર્યાયમાં શુદ્ધતા–અશુદ્ધતા બંને હોય છે. પ્રથમ શુદ્ધ દ્રવ્યસ્વભાવનો નિર્ણય કરાવ્યો કે વિશુદ્ધ ચૈતન્યસ્વરૂપે પોતાના આત્માને નક્કી કરવો; શુદ્ધ દ્રવ્યસ્વરૂપનો નિર્ણય કરાવ્યા પછી, પર્યાયમાં જે વિકાર છે તેનું પણ જ્ઞાન કરાવે છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તે તો અનારોપિત–અસલી સ્વભાવ છે, ને વિકાર તો આરોપિત વિભાવ છે. શુદ્ધ દ્રવ્યના નિર્ણય વગર આરોપિત એવા વિકારનું જ્ઞાન થતું નથી.

જો શુદ્ધ સ્વરૂપના જ્ઞાન વગર એકલા વિકારને જાણવા જાય તો તે વિકારને જ નિજ અસલી સ્વરૂપ માની લ્યે, એટલે સાચું જ્ઞાન થાય નહી. જેમ નિજ જીવને જાણ્યા વગર છ દ્રવ્યો જણાતા નથી, જેમ ઉપાદાનને જાણ્યા વગર નિમિત્તનું યથાર્થ જ્ઞાન થતું નથી, જેમ નિશ્ચય વગર ખરો વ્યવહાર હોતો નથી, તેમ શુદ્ધ સ્વરૂપને જાણ્યા વગર એકલા વિકારનું યથાર્થ જ્ઞાન થતું નથી, આ મોટો સિદ્ધાંત છે.

જેમ ઉષ્ણતા વખતે પણ પાણીમાં ઠંડો સ્વભાવ છે, તેમ પર્યાયમાં વિકાર વખતે પણ આત્મામાં શુદ્ધ નિર્વિકારી ચૈતન્યસ્વભાવ છે, એમ સર્વજ્ઞદેવે કહ્યું છે.

**પ્રશ્ન** :–તે સ્વભાવનો નિર્ણય કઈ રીતે થાય?

**ઉત્તર** :–તે સ્વભાવ તરફના જ્ઞાનથી જ તેનો નિર્ણય થાય છે. જેમ

ઉષ્ણતા વખતે પાણીમાં ઠંડો સ્વભાવ છે તે સ્વભાવ હાથ-પગ કે આંખ -કાન-નાક-જીભ વગેરે ઈન્દ્રિયોથી જણાતો નથી, તેમ જ આકુળતા-રાગ-દ્વેષ -સંકલ્પ-વિકલ્પ વડે પણ તેનો નિર્ણય થતો નથી, પણ પાણીના સ્વભાવ —સંબંધી જ્ઞાન વડે જ તેનો નિર્ણય થાય છે. તેમ આત્માની પર્યાયમાં વિકાર વર્તતો હોવા છતાં, સર્વજ્ઞદેવે આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વભાવી કહ્યું છે, ને જ્ઞાનીઓએ તેવું અનુભવ્યું છે, તે શુદ્ધસ્વભાવનો નિર્ણય કોઈ ઈન્દ્રિયોથી કે મનના સંકલ્પ-વિકલ્પોથી થતો નથી, પણ જ્ઞાનને અંતરમાં લંબાવીને તે સ્વભાવનો નિર્ણય થાય છે. જ્ઞાનને અંતરમાં વાળતાં જ સ્વભાવને સ્પર્શીને એવો નિર્ણય થાય છે કે અહા! મારો સ્વભાવ આકુળતા અને આતાપ વિનાનો પરમ શાંત છે, ક્ષણિક આકુળતા તે મારું પરમસ્વરૂપ નથી, મારું પરમસ્વરૂપ તો આનંદથી ઉલ્લસતું છે.

[અહીં પાણીના દૃષ્ટાંતમાં ને આત્માના સિદ્ધાંતમાં એટલો ફેર છે કે ઉષ્ણ પાણીના ઠંડા સ્વભાવનો નિર્ણય કરતાં તે જ ક્ષણે તેની ઠંડાશનું વેદન તો થાય કે ન પણ થાય; જ્યારે આત્માના શુદ્ધ સ્વભાવનો નિર્ણય કરતાં તે જ ક્ષણે અંતરમાં તેની શુદ્ધતાના અંશનું આનંદ સહિત વેદન જરૂર થાય જ છે. જ્યાં સુધી એવું વેદન ન થાય ત્યાં સુધી સ્વભાવનો સમ્યક્ નિર્ણય ન કહેવાય.]

અરે, જીવોનું લક્ષ બહારમાં જ દોડે છે પણ અંતરમાં પોતાના તરફ લક્ષ વળતું નથી, તેથી પોતાની મહત્તા ભાસતી નથી ને પરની જ મહત્તા ભાસે છે. સિદ્ધભગવંતો આવા મહાન, અર્હંતભગવંતો મહાન, સંત-મુનિવરો ને ધર્માત્માઓ મહાન!—એમ તેઓની મહત્તા ગાય છે, પણ હે ભાઈ! જેની મહત્તા તું રાત-દિન ગાય છે તે તું પોતે જ છે, કેમ કે સંતો કહે છે કે—જેવો અમારો આત્મા તેવો જ તારો આત્મા; માટે હે જીવ! તું તારા સ્વભાવની મહત્તાને લક્ષમાં લે. વળી, અર્હન્ત-સિદ્ધ કે સંત-ધર્માત્માઓની પણ ખરી મહત્તા ત્યારે જ સમજાય છે કે જ્યારે પોતાના સ્વભાવની મહત્તાને સમજે. સર્વજ્ઞો અને સંતો જે માર્ગે અંતરમાં પેઠા તે માર્ગ તારો તારામાં જ છે; અંતરના ચિદાનંદસ્વરૂપમાંથી સહજ શીતળ આનંદ પ્રગટ કરીને આતાપનો તેમણે નાશ કર્યો છે, તું પણ

આતાપનો નાશ કરીને સહજ શીતળ-આનંદ પ્રગટ કરવા માટે તારા ચિદાનંદસ્વરૂપ તરફ વળ.

હે જીવ! તારા આનંદનું અસ્તિત્વ તારા સ્વભાવમાં છે, બહાર નથી. જગતના બાહ્ય પદાર્થોની જે કાંઈ પરિણતિ થતી હોય તેની સાથે તારે કાંઈ લેવાદેવા નથી. તારા દુ:ખમાંય તું એકલો ને તારી શાંતિમાંય તું એકલો. સર્વજ્ઞો તારી સમીપ બેઠા હોય તોપણ તેઓ તારી પરિણતિને સુધારી દ્યે એમ નથી, અને અનેક દુશ્મનો તને ઘેરી વળ્યા હોય તોપણ તેઓ તારી શાંતિને બગાડી શકે એમ નથી. તારા અંતર્સ્વભાવના અવલંબન વિના બીજેથી તારી શાંતિ આવવાની નથી, અને તારા સ્વભાવના અવલંબને જે શાંતિ પ્રગટી તે બીજા કોઈથી બગડવાની નથી. અહા! કેટલી સ્પષ્ટ વસ્તુસ્થિતિ છે! છતાં, બહારથી મારી શાંતિ આવે ને બીજો મારી શાંતિ લૂંટી લ્યે–એવી અજ્ઞાની જીવની ભ્રમણા મટતી નથી. જો આ વસ્તુસ્થિતિ સમજે તો અંતર્મુખ થઈને પોતાની શાંતિ પોતાના અંતરમાં જ શોધે, અને અંતર્શોધનથી શાંતિ મળ્યા વગર રહે નહિ. ભગવાનને અને સંતોને શાંતરસ પ્રગટ્યો તે ક્યાંથી પ્રગટ્યો? અંતર્સ્વભાવમાં શાંતરસનો સમુદ્ર ભરેલો હતો તે જ ઉલ્લસીને પ્રગટ્યો છે. હે જીવ! સમ્યગ્જ્ઞાન દ્વારા તું પણ તારી સ્વભાવશક્તિને ઊછાળ. અહો! મારા ચિદાનંદ સ્વભાવમાં જ શાંતરસનો સમુદ્ર ભર્યો છે–એમ વિશ્વાસ કરીને તેમાં એકાગ્રતા કરવી તે જ શાંતિનો ઉપાય છે.

મારી શાંતિ અને તે શાંતિનો ઉપાય, બાહ્ય ઈન્દ્રિય-વિષયોમાં ક્યાંય નથી પણ અંતરમાં મારા અતીન્દ્રિયસ્વરૂપમાં જ છે;–આમ પહેલાં પોતાના અતીન્દ્રિય ચૈતન્યસ્વભાવનો જ્ઞાન વડે નિર્ણય કર. 'હું કોણ છું' એમ નિજસ્વરૂપને જાણવા માટે તારા અંતરમાં અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવ સિવાય બીજા કોઈનો સહારો નથી. ભલે તારી ચારે બાજુ સંતમુનિઓના ટોળા બેઠાં હોય તોપણ, તારા અંતર્સ્વભાવના આશ્રય વગર તને શાંતિ આપવા બીજું કોઈ સમર્થ નથી; અને જો તેં તારા સ્વભાવનો આશ્રય કર્યો છે તો પછી, ભલે દુનિયા આખી ડૂબી જાય કે બ્રહ્માંડ આખું ગડગડી ઊઠે તો પણ તારી શાંતિને ફેરવવા કોઈ સમર્થ નથી. આ રીતે, જગતથી ભિન્ન

પોતાના અસ્તિત્વને જાણીને, અને મારી શાંતિનું પરિણમન મારા અંતરના સાધનને આધીન છે—આવું ભાવ કરીને, જે જીવ પોતાના અંતરમાં ઠરે છે તે પરમશાંતરસ પ્રગટ કરીને સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

જેમ ઊકળતું પાણી ફદફદતું હોય, તે જરાય શાંત ન રહે, તેમ આ સંસારમાં ઘોર દુઃખોથી જીવ ફદફદી રહ્યો છે. તેને જરાય શાંતિ નથી;—આવા સંસારદુઃખનો જેના અંતરમાં ત્રાસ લાગતો હોય ને કોઈ પણ પ્રકારે તેનાથી છૂટીને શાંતિ મેળવવા ચાહતો હોય તે જીવ ખરેખરો આત્માર્થી થઈને શાંતિનો ઉપાય શોધે છે. આત્માની શાંતિ માટે ગરજવાન થયેલો જીવ, પ્રથમ તો જગતમાં કેવા કેવા તત્ત્વો છે તેને જાણે છે, અને તેમાં પોતે કોણ છે તે પણ જાણે છે. પછી, પોતાનો વાસ્તવિક શુદ્ધ સ્વભાવ શું છે તે નક્કી કરીને અંતર્સ્વભાવ તરફ વળે છે, ને આ રીતે જીવ શાંતિ પ્રાપ્ત કરે છે.

જુઓ, પોતાના અંતર્સ્વભાવ તરફ વળીને તેની અતીન્દ્રિય શાંતિના અંશનું જ્યારે વેદન થયું ત્યારે તે જીવ જાણે છે કે અહા! આવી શાંતિસ્વરૂપ જ મારો આત્મા છે, આ જે શાંતિનું વેદન થયું તે મારા સ્વભાવમાંથી જ આવેલી છે, ને મારો આખોય સ્વભાવ આવી શાંતિથી ભરેલો છે. આ જે રાગ-દ્વેષાદિ વિકારી ભાવો વેદાય છે તે વેદન મારા સ્વભાવમાંથી આવેલું નથી, તે તો મારામાં આરોપાયેલું છે; વિકાર મારા સ્વભાવભૂત નથી પણ ઉપાધિરૂપ છે. આ રીતે વેદનના સ્વાદની ભિન્નતાથી વિકારી ભાવો તેને પોતાના સ્વભાવથી સ્પષ્ટપણે જુદા જણાય છે. આથી, જ્ઞાનીને તે ક્ષણે વિકાર વર્તતો હોવા છતાં, સમ્યગ્જ્ઞાનરૂપ વિવેકજ્યોતિ પણ સાથેસાથે વર્તી જ રહી છે. એક તરફ શાંતરસના સમુદ્રસમાન શુદ્ધ સ્વભાવને જાણે છે, ને બીજી તરફ મેલા પાણીનાં ખાબોચિયા જેવા વિકારને જાણે છે; આમ બંનેને જાણતો થકો, વિકારની તુચ્છતા જાણીને તેને તો છોડતો જાય છે, ને શુદ્ધ સ્વભાવની મહત્તા જાણીને તેમાં ઝૂકતો જાય છે.—આ ઉપાયથી અલ્પકાળમાં જ સમસ્ત દુઃખોનો નાશ કરીને તે જીવ પરમ આનંદસ્વરૂપ મુક્તિ પામે છે.

❁

આત્માર્થી જીવનો

# ઉત્સાહ અને આત્મલગની

[૩]

(શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૦૩ ઉપરનાં પ્રવચનો)

**ચૈતન્યના આનંદમાં ઝૂલતી દશામાં સંતોએ આ શાસ્ત્રો રચ્યાં છે. અંતરના આનંદની ઝલક બતાવીને જગતને પડકાર કર્યો છે કે અરે જીવો! થંભી જાવ...બહારમાં તમારો આનંદ નથી, તમારો આનંદ તમારા અંતરમાં છે. અહા! બાહ્યવેગે દોડતા જગતને પડકાર કરીને સંતોએ થંભાવી દીધું છે. અને આ વાત ઝીલનાર જીવ કેવો છે?—એ તો આ પ્રવચન જ સ્વયં કહેશે.**

આત્મામાં મોક્ષની ઝલક લઈને સંતોએ આ શાસ્ત્રો રચ્યાં છે. આત્માર્થી જીવોને હિતનો માર્ગ દર્શાવવા માટે આ શાસ્ત્રો રચ્યાં છે. ઘડીકમાં અંતરમાં ઠરે ત્યાં આનંદમાં તરબોળ થઈ જાય, ને જરાક બહાર આવતાં વૃત્તિ ઉઠે ત્યારે શાસ્ત્ર લખાય....આવી રીતે ચૈતન્યના આનંદમાં ઝૂલતી દશામાં સંતોએ આ શાસ્ત્ર રચ્યાં છે. અંતરના આનંદની ઝલક બતાવીને જગતને પડકાર કર્યો છે કે અરે જીવો! થંભી જાવ...બહારમાં તમારો આનંદ નથી, તમારો આનંદ તમારા અંતરમાં છે. અહા! બાહ્યવેગે દોડતા જગતને પડકાર કરીને સંતોએ થંભાવી દીધું છે.

અને, આ વાત ઝીલનાર જીવ કેવો છે?—આત્માર્થી છે, આત્માર્થ ખાતર મરી પડવા તૈયાર છે, 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ' પોતાનો આત્માર્થ સાધવા સિવાય જેના અંતરમાં બીજું કોઈ શલ્ય (માનાદિનું) નથી; દુનિયા પોતાને ગણે કે ન ગણે તેની એને દરકાર નથી, જગતમાં બીજાનો સંબંધ રહે કે ન રહે તેની સામે પણ જોતો નથી, એકાકી

થઈને પણ પોતાના આત્માને જ સાધવા માંગે છે; આવો આત્માર્થી જીવ જ્ઞાની સંતોના ચરણની અતિશય ભક્તિપૂર્વક આ વાત ઝીલે છે. જેને આવી આત્માર્થીતા હોય તેને આત્મા સમજાવનાર પ્રત્યે અંતરમાં કેટલો પ્રમોદ, ભક્તિ, બહુમાન, ઉલ્લાસ અને અર્પણતાનો ભાવ હોય! આત્મા સમજાવનાર પ્રત્યે વિનયથી અર્પાઈ જાય...અહો નાથ! આપને માટે હું શું —શું કરું! આ પામર ઉપર આપે અનંતો ઉપકાર કર્યો...આપના ઉપકારનો બદલો મારાથી કોઈ રીતે વળી શકે તેમ નથી.

જેમ કોઈને ફૂંફાડા મારતો ભયંકર સર્પ ફેણ ઊંચી કરીને ડંખ મારે, ને ઝેર ચડવાથી આલસ-વિલસ થઈને તે જીવ તરફડતો હોય, ત્યાં ગારુડીમંત્ર વડે કોઈ સજ્જન તેનું ઝેર ઉતારી નાંખે તો તે જીવ તેના પ્રત્યે કેવો ઉપકાર બતાવે? અહા, આપે મારું જીવન બચાવ્યું, દુઃખમાં તરફડતો મને આપે ઉગાર્યો, —એમ ઉપકાર માને.

તેમ બાહ્ય વિષયોથી અને રાગાદિ કષાયોથી લાભ માનનાર જીવને અનંતાનુબંધી ક્રોધ વડે ફૂંફાડા મારતો મિથ્યાત્વરૂપી મોટો ફણીધર કરડ્યો છે, ને તે જીવ ફદફદતા પાણીની જેમ દુઃખમાં ફદફદી રહ્યો છે, સંસારભ્રમણના દુઃખોમાં શેકાતો થકો આલસ-વિલસ થઈને તરફડીયાં મારે છે; ત્યાં ધર્માત્મા સંતો જ્ઞાનરૂપી ગારુડીમંત્ર વડે તેનું ઝેર ઊતારી નાંખે છે, ને તેને દુઃખથી છૂટકારાનો ઉપાય બતાવે છે. તે ઉપાય પામીને તે જીવને સંતો પ્રત્યે કેટલો ઉપકાર આવે?—અહા નાથ! આપે મને જીવન આપ્યું...અનંત દુઃખમાં તરફડતો મને આપે ઊગાર્યો...સર્પના ઝેરથી બચાવનારે તો મને એક વાર બચાવ્યો, પરંતુ આપે તો હે ભગવાન! અનંત જન્મ-મરણના દુઃખોથી બચાવ્યો.

—પણ આ પ્રમાણે ખરો ઉપકારનો ભાવ ક્યારે જાગે? કે જ્યારે સંતોએ બતાવેલો માર્ગ પોતાના આત્મામાં પ્રગટ કરે ત્યારે.

મોક્ષના સાધક વીતરાગી સંતોએ મોક્ષનો ઉપાય બતાવ્યો છે તે મોક્ષાર્થી જીવને જ પરિણમે તેવો છે. જે જીવ વિષય-કષાયનો ને માનાદિનો અર્થી હોય તેને અંતરમાં મોક્ષનો ઉપાય પરિણમતો નથી. જે

જીવ મોક્ષાર્થી છે તેને માટે જ સંતોનો ઉપદેશ છે. સમયસારમાં આચાર્યદેવ કહે છે કે—

**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે;**
**એનું જ કરવું અનુચરણ, પછી યત્નથી મોક્ષાર્થીએ.**

—મોક્ષાર્થી જીવે શું કરવું તે એમાં બતાવ્યું છે. એ જ રીતે કળશ ૧૮૫માં પણ મોક્ષાર્થી જીવને માટે કહે છે કે—

"મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતને સેવન કરો કે હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના રાગાદિભાવો પ્રગટ થાય છે તે હું નથી."

આ રીતે શાસ્ત્રોમાં મોક્ષાર્થી જીવને માટે જ સંતોનો ઉપદેશ છે.

અહીં પણ (આ પંચાસ્તિકાયની ૧૦૩ ગાથામાં) એ જ કહે છે કે અર્થતઃ અર્થી થઈને આ શાસ્ત્ર જાણવું, અને તેમાં કહેલા પદાર્થોમાંથી 'અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ તે હું છું' એમ નિશ્ચય કરવો. (આ નિશ્ચય કરવા બાબત વિસ્તારથી સુંદર વિવેચન આ લેખના પહેલા ભાગમાં આવી ગયું છે.)

જગતમાં બધા પદાર્થોનું અસ્તિત્વ હોવા છતાં, કોઈ એકની સત્તા બીજામાં નથી. બધાય દ્રવ્યો પોતપોતાની સ્વરૂપ–મર્યાદામાં વર્તી રહ્યા છે; પોતાના સ્વરૂપની મર્યાદાને ઉલ્લંઘીને પરમાં કોઈ પણ પરદ્રવ્યમાં જતું નથી. જીવ પોતાના સ્વરૂપની (અવિકારની કે વિકારની) મર્યાદા છોડીને પરમાં જતો નથી, અને જીવની સ્વરૂપ મર્યાદામાં પરદ્રવ્યો આવતા નથી. હવે આ ઉપરાંત, જીવના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં વિકારનો પણ પ્રવેશ નથી, વિકાર તો બહિર્લક્ષી ઉપાધિરૂપ ભાવ છે, શુદ્ધ ચૈતન્યભાવ સાથે તેની એકતા થઈ શકતી નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે નિર્મળભાવ પ્રગટે તે તો જીવના સ્વરૂપમાં અભેદ થઈ જાય છે, એટલે તેને તો જીવ કહ્યો, પણ વિકારભાવોને જીવના શુદ્ધસ્વરૂપ સાથે અભેદતા થતી નથી, તેથી શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિથી તેઓ જીવ નથી પણ અજીવ છે. પર્યાય અપેક્ષાએ જોતાં

વિકાર નિશ્ચયથી (અશુદ્ધ નિશ્ચયથી) પોતાનો જ છે, તે પોતાનો જ અપરાધભાવ છે; અને શુદ્ધ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ જોતાં (એટલે કે શુદ્ધનિશ્ચયનયથી) વિકાર જીવમાં દેખાતો જ નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ જીવ દેખાય છે. આમ બંને પડખાંનું જ્ઞાન કરાવીને આચાર્યદેવ કહે છે કે તારા શુદ્ધસ્વભાવને મુખ્યપણે લઈને તેની આરાધના કર...અને અશુદ્ધતાને ગૌણ કરીને તેનો આશ્રય છોડ.

વ્યવહારને તે કાળે—એટલે કે જ્યારે પર્યાયને જાણે છે તે કાળે જાણેલો પ્રયોજનવાન કહ્યો છે પણ તેનો આશ્રય કરવાનું નથી કહ્યું. જ્યારે પર્યાયને જુએ છે તે કાળે સાધકને વિકાર પોતામાં આરોપાયેલો અનુભવાય છે, પરંતુ—વિકાર અનુભવાતો હોવા છતાં તે જ કાળે સાથે શુદ્ધચિદાનંદ-સ્વભાવનું ભાન પણ વર્તતું હોવાથી, તે સાધક વિકારથી વિમુખ થઈને શુદ્ધસ્વરૂપમાં વળતો જાય છે, એટલે કે સ્વભાવ અને વિભાવ વચ્ચે નિરંતર ભેદજ્ઞાન વર્તતું હોવાથી તે સાધક રાગાદિપરિણતિને શુદ્ધસ્વરૂપપણે કદી અંગીકાર નથી કરતો પણ તેને પરભાવભૂત ઉપાધિ જાણીને છોડતો જાય છે. રાગપરિણતિ છૂટતાં કર્મબંધની અનાદિની પરંપરા તૂટી જાય છે. રાગપરિણતિથી કર્મનું બંધન, તેના ઉદય વખતે ફરીને રાગપરિણતિ ને ફરીને કર્મનું બંધન—આવી પરંપરા અનાદિથી અતૂટ હતી, પણ હવે સ્વભાવ તરફ જેની પરિણતિ વળી ગઈ છે એવા જીવને રાગાદિ પરિણતિ છૂટી જતાં કર્મબંધની પરંપરા પણ તૂટી જાય છે, તેને નવા કર્મનું સંવારણ થતું જાય છે ને જૂનાં કર્મો ઝરતાં જાય છે; એ રીતે સમસ્ત કર્મોથી વિમુક્ત થયો થકો દુઃખથી તે પરિમુક્ત થાય છે. દુઃખ કેવું છે? કે ફદફદતા પાણી જેવું અશાંત છે.

અંતર્મુખસ્વભાવમાં સુખ છે, ને બાહ્ય વિષયોમાં ફદફદતા પાણી જેવું દુઃખ છે...પરંતુ ભ્રાંતિના વેગે ભૂલેલા જીવો સ્વભાવની શાંતિથી તો દૂર ભાગે છે ને બાહ્ય વિષયોના દુઃખમાં દોડીને ઝંપલાવે છે. જેમ ભ્રાંતિના વેગે ચડેલા મૃગલાં ઊંધી દિશામાં દોડે છે; એક દિશામાં મૃગલાંને પકડવા માટે કોઈ પારધીએ જાળ બીછાવી હોય, અને તેને દેખીને કોઈ દયાળુ

મહાજન તે મૃગલાંને બચાવવાના હેતુથી તેને બીજી દિશામાં વાળવાં માટે હાકોટા કરે, ત્યાં ભ્રાંતિના વેગે ચડેલા તે મૃગલાં તે બચાવનારને જ મારનાર સમજીને, તેનાથી ડરીને ઊંધી દિશામાં (જે દિશામાં જાળ પાથરેલી છે તે દિશામાં જ) ઝંપલાવે છે ને અંતે જાળમાં ફસાય છે. તેમ મોહરૂપી ભ્રાંતિના વેગે ચડેલા, મૃગલાં જેવા અજ્ઞાની પ્રાણીઓ પણ અનાદિથી ઊંધી દોટ મૂકી રહ્યા છે, ને બાહ્યવિષયોમાં–રાગમાં સુખ માનીમાનીને તેમાં જ ઝંપલાવી રહ્યા છે. જ્ઞાનીમહાજન કરુણાપૂર્વક તેને વિષયોથી પાછા વાળીને સ્વભાવ તરફ આવવાની હાકલ કરે છે : અરે પ્રાણીઓ! બાહ્યવિષયો તરફની વૃત્તિમાં સુખ નથી, એમાં તો આકુળતાનો ખદબદાટ છે, વ્યવહારની શુભવૃત્તિમાં પણ સુખ નથી, તેમાં પણ આકુળતાનો ખદબદાટ છે; માટે એ બાહ્યવૃત્તિથી પાછા વળો...પાછા વળો...ને અંતરના ચિદાનંદ સ્વભાવમાં સુખ છે, તેમાં અંતર્મુખ થાઓ...અંતર્મુખ થાઓ. ત્યાં જે જીવ જિજ્ઞાસુ છે, આત્માર્થી છે તે તો જ્ઞાની સંતોની આવી હાકલ સાંભળીને થંભી જાય છે ને અંતરમાં વિચાર કરીને તેનો વિવેક કરે છે...કે અહા! આ વાત પરમ સત્ય છે, આ વાત મારા હિતની છે. પરંતુ જે જીવ ભ્રાંતિના વેગે ચડેલો છે, જેની વિચારશક્તિ તીવ્રમોહથી ઘેરાઈ ગઈ છે એવા જીવો તો, હિતોપદેશકને પણ અહિતરૂપ સમજી, 'આ તો અમારો વ્યવહાર પણ છોડાવે છે'–એમ ઊલ્ટો ભય પામીને ઊંધી દિશામાં જ (રાગાદિમાં અને બાહ્ય વિષયોમાં) ઝંપલાવે છે ને ભવભ્રમણની જાળમાં ફસાઈને દુઃખી થાય છે. પોતાના હિતનો વિચાર કરીને જે જીવ સ્વભાવ તરફ વળે છે ને પરભાવની પરિણતિથી પાછો વળે છે તે જીવ દુઃખથી છૂટીને પરમ આનંદને પામે છે.

* * *

આ એક ગાથામાં આચાર્યદેવે ઘણી વાત બતાવી છે, આત્માર્થીતાથી માંડીને ઠેઠ મોક્ષ સુધીની વાત આમાં સમજાવી છે. પ્રથમ તો જેમાં કાળ સહિત પાંચ અસ્તિકાયનું વર્ણન હોય તે જ જિનપ્રવચન છે; મોક્ષાર્થી જીવ તે જિનપ્રવચનમાં કહેલા દ્રવ્યોને જાણે છે; 'અર્થી થઈને

જાણે છે.' એટલે કે આત્માનું હિત પ્રાપ્ત કરવાની ખેરખરી દરકાર કરીને જાણે છે; 'અર્થતઃ જાણે છે' એટલે કે માત્ર શબ્દોની ધારણથી નહિ પણ તેના ભાવભાસનપૂર્વક જાણે છે. બધા પદાર્થોને જાણીને તેમાં રહેલા પોતાના આત્માને જુદો તારવીને એમ નિશ્ચય કરે છે કે આ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સ્વવસ્તુ છે તે જ હું છું. આવો નિશ્ચય કરીને પોતાના આત્મા તરફ ઢળે છે. પોતાના આત્મામાં પણ રાગાદિ અશુદ્ધ પડખાંને ન આદરતાં, શુદ્ધસ્વરૂપને આદરે છે. પર્યાયમાં વિકાર હોવા છતાં, તે જ વખતે વિવેકજ્યોતિના બળે શુદ્ધસ્વરૂપમાં ઢળે છે ને રાગાદિ પરિણતિને છોડે છે; નિજ સ્વભાવને છોડતો નથી ને પરભાવોને ગ્રહતો નથી. રાગના કાળે ભેદજ્ઞાન વર્તે છે, પણ કાંઈ રાગને લીધે તે ભેદજ્ઞાન નથી. રાગની સાથે જ વર્તતા ભેદજ્ઞાનને લીધે સાધકજીવ તે રાગમાં અભેદતા ન કરતાં, શુદ્ધ સ્વભાવમાં અભેદતા કરતો જાય છે ને રાગને છોડતો જાય છે. રાગરૂપી ચીકાશ છૂટતાં કર્મો પણ છૂટી જાય છે. જેમ પરમાણુમાં સ્પર્શની ચીકાશ વગેરે જઘન્ય થઈ જતાં તે પરમાણુ સ્કંધમાંથી છૂટો પડી જાય છે, તેમ સ્વભાવ તરફ ઝૂકેલા જીવને રાગાદિ ચીકાશ છૂટી જતાં તે જીવ કર્મબંધનથી છૂટી જાય છે.

શ્રોતા શા માટે સાંભળે છે?—કે સાંભળીને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવાના હેતુથી સાંભળે છે, જેવું આત્મસ્વરૂપ સાંભળે છે તેવું જ શ્રદ્ધા-જ્ઞાન-અનુભવમાં લેવાનો ઉદ્યમ કરે છે; ઉદ્યમપૂર્વક અંતર્સ્વરૂપમાં જોડાણ કરીને કર્મ સાથેનું જોડાણ તોડી નાંખે છે. રાગ-દ્વેષ પરિણતિ વડે કર્મબંધની પરંપરા ચાલતી હતી પણ જ્યાં અંતર્મુખ થઈને રાગ-દ્વેષ પરિણતિને તોડી નાંખી ત્યાં જૂનાં અને નવા કર્મ વચ્ચેની સંધિ તૂટી ગઈ એટલે કે કર્મની પરંપરા અટકી ગઈ, ને તે જીવ ફદફદતા પાણી જેવા દુઃખથી પરિમુક્ત થઈ ગયો.

સ્વભાવ સાથેના સંબંધથી કર્મ સાથેનું જોડાણ તોડીને તેની પરંપરાને જીવ છેદી નાંખે છે; એમ નથી કે જૂનાં કર્મો નવા બંધનું કારણ થયા જ કરે. જીવ જો રાગ-દ્વેષ પરિણતિ વડે કર્મ સાથે જોડાય તો જ કર્મની

પરંપરા ચાલુ રહે છે, પણ જો પોતાની પરિણતિને સ્વભાવ સાથે જોડીને રાગ-દ્વેષને છોડે તો કર્મની પરંપરા તૂટી જાય છે. જેમ પરમાણુ પોતાના સ્વરૂપમાં એકાકીપણે વર્તે છે તેમ સ્વરૂપમાં એકત્વપણે જોડાયેલો જીવ પણ રાગ-દ્વેષરહિત થયો થકો કર્મબંધરહિત એકાકીપણે–મુક્તપણે પરિણમે છે.

નિયમસારમાં કહે છે કે : જડસ્વરૂપ પુદ્ગલની સ્થિતિ પુદ્ગલમાં જ છે એમ જાણીને તે સિદ્ધભગવંતો પોતાના ચૈતન્યાત્મક સ્વરૂપમાં કેમ ન રહે? (વળી કહે છે કે–) જો પરમાણુ એક વર્ણાદિરૂપ પ્રકાશતા નિજગુણસમૂહમાં છે તો તેમાં મારી કાંઈ કાર્યસિદ્ધિ નથી; આમ નિજહૃદયમાં માનીને પરમ સુખપદનો અર્થી ભવ્યસમૂહ શુદ્ધ આત્માને એકને ભાવે. જેમ પરમાણુ જઘન્યસ્નેહરૂપ પરિણમે ત્યારે સ્કંધરૂપ બંધનથી તે છૂટો પડી જાય છે, તેમ આત્મા પરમાત્મભાવનાની ઉગ્રતા વડે એકત્વસ્વરૂપમાં પરિણમતો થકો કર્મ બંધનથી છૂટો પડી જાય છે. આ રીતે એક પરમાણુ અને સિદ્ધ પરમાત્માની જેમ જે જીવ પોતાના એકત્વસ્વરૂપમાં વર્તે છે તેને નવું બંધન થતું નથી અને જૂનાં બંધાયેલા કર્મો પણ છૂટી જાય છે, એટલે અશાંત—ફદફદતા દુઃખોથી તે મુક્ત થઈ જાય છે. જેમ ઠંડું જળ તો શાંત હોય પણ તે ઊકળતાં તેમાં ફદફદીયા પડીને તે અશાંત થાય છે; તેમ શાંતજળથી ભરેલું આ ચૈતન્યસરોવર, તેમાં રાગ-દ્વેષનો ઊકળાટ થતાં દુઃખનાં ફદફદીયા ઊપડે છે, અશાંતિ થાય છે; ચૈતન્યસ્વભાવની ભાવના વડે રાગ-દ્વેષ ઉપશમી જતાં તે ફદફદતા અશાંત દુઃખોથી જીવ મુક્ત થાય છે ને અતીન્દ્રિય શાંતિને–આનંદને અનુભવે છે.

—આ પંચાસ્તિકાયના અવબોધનું ફળ છે.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મસ્વભાવનો નિર્ણય કરીને તેની સન્મુખ જે વર્તે છે તે જીવ બંધન રહિત થઈને, દુઃખથી મુક્ત થઈને, પરમ આનંદને પામે છે. સ્વરૂપની સન્મુખતા વગર અનાદિથી જીવો મહાદુઃખમાં શેકાઈ રહ્યા છે, કળકળતા તેલમાં સકરકંદ શેકાય તેમ ઘોર દુઃખના ખાડામાં રાગ -દ્વેષ-મોહથી જીવો ખદબદી રહ્યા છે, તે દુઃખથી મુક્ત થવાની રીત આચાર્યદેવે આ ૧૦૩મી ગાથામાં બતાવી.

જેઓ વનજંગલમાં વસનારા મહાન સંત છે, જેઓ વિદેહક્ષેત્રે જઈને સીમંધર પરમાત્માની વાણી સાંભળી આવ્યા છે, જેમના ચારિત્રના પાવર ફાટી ગયા છે અને જેઓ ચૈતન્યના આનંદના ઝૂલણે ઝૂલી રહ્યા છે, એવા ભગવાન કુંદકુંદાચાર્યદેવનું આ કથન છે; જે જીવ આત્માર્થી થઈને સમજશે તે દુઃખથી પરિમુક્ત થઈને પરમાનંદને પામશે.

**સમાપ્ત**

સહજ ચિદાનંદ.